પ. પૂ. અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી મહારાજા વિરચિત

# આનંદઘન ચોવીશી

શબ્દશઃ વિવેચન



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# આનંદઘન ચોવીશી

## શબ્દશઃ વિવેચન

✦ આશીર્વાદદાતા ✦

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

✤ વિવેચનકાર ✤

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✪ સંપાદિકા ✪

અંકિતાબેન હેતલભાઈ શાહ

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# આનંદઘન ચોવીશી

## શબ્દશઃ વિવેચન


❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા



વીર સં. ૨૫૩૫ ❖ વિ. સં. ૨૦૬૫

આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૯૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી પાઠશાળા

૯, 'સિદ્ધાચલ વાટિકા', સ્મૃતિમંદિર પાસે, રામનગર, સાબરમતી, અમદાવાદ-૫.

(શાંતિલાલ ગમનાજી ચેરીટેબલ ટ્રસ્ટ)

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૨૪

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

❊ મુદ્રક ❊

નવરંગ પ્રિન્ટર્સ

આસ્ટોડીયા, અમદાવાદ-૧. ફોન : (મો.) ૯૪૨૮૫૦૦૪૦૧ (ઘર) ૨૬૬૧૪૬૦૩

## 卐 : પ્રાપ્તિસ્થાન : 卐

*** અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧

*** મુંબઈ :**

**શ્રી નિકુંજભાઈ આર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
☎ (૦૨૨) ૨૨૮૧૪૦૪૮

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરુ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર,
જૈન દેરાસર પાછળ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર, મલાડ (ઈ.),
મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

*** BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. NEMKUMAR & COMPANY
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-53.
☎ (080) (O) 22875262, (R) 22259925

*** વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન' ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬

*** સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુ નિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

*** જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્કસ
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩

*** રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થભૂત તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાય મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણાં સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, અનેક શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યાં છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. આ સંદર્ભે 'ગંગોત્રી ગ્રંથમાળા' હેઠળ ધર્મતીર્થ ભાગ-૧ અને ભાગ-૨ બહાર પડી ચૂક્યા છે, ભાગ-૩નું સંકલન થઈ રહ્યું છે તથા તે હેઠળ દ્વિતીય વિષય 'પર્ષદા' પર થયેલાં પ્રવચનોનું કામ ચાલી રહ્યું છે. દરમ્યાન શ્રી સંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબનાં તથા પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં જુદા જુદા વિષયો પરનાં અપાયેલાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મુખ્ય લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત –

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા

**સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.**

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. યોગદૃષ્ટિસમુચ્ચય
૩. કર્મવાદ કર્ણિકા
૪. સદ્ગતિ તમારા હાથમાં !
૫. દર્શનાચાર
૬. શાસન સ્થાપના
૭. અનેકાંતવાદ
૮. પ્રશ્નોત્તરી
૯. ચિત્તવૃત્તિ
૧૦. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૩. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૪. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૫. जैनशासन स्थापना
૧૬. चित्तवृत्ति
૧૭. श्रावक के बारह व्रत एवं विकल्प
૧૮. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૯. प्रश्नोत्तरी

૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?
૨૪. Is Jaina Order Independent Religion or Denomination ?
૨૫. Status of religion in modern Nation State theory
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૮. સેવો પાસ સંખેસરો (ગુજ.) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૯. सेवो पास संखेसरो (હિન્દી) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વિવેચનનાં ગ્રંથો

**વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન

૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન

૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

# વિષયાનુક્રમ


| ક્રમ | ચોવીશ તીર્થંકરોના સ્તવનો | પા.નં. |
|---|---|---|
| ૧. | શ્રી ઋષભદેવ જિન સ્તવન | ૧-૯ |
| ૨. | શ્રી અજિતનાથ જિન સ્તવન | ૧૦-૧૮ |
| ૩. | શ્રી સંભવનાથ જિન સ્તવન | ૧૯-૨૭ |
| ૪. | શ્રી અભિનંદન જિન સ્તવન | ૨૮-૩૫ |
| ૫. | શ્રી સુમતિનાથ જિન સ્તવન | ૩૬-૪૨ |
| ૬. | શ્રી પદ્મપ્રભ જિન સ્તવન | ૪૩-૪૯ |
| ૭. | શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન | ૫૦-૫૯ |
| ૮. | શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન | ૬૦-૬૫ |
| ૯. | શ્રી સુવિધિનાથ જિન સ્તવન | ૬૬-૭૨ |
| ૧૦. | શ્રી શીતલનાથ જિન સ્તવન | ૭૩-૮૦ |
| ૧૧. | શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન | ૮૧-૮૭ |
| ૧૨. | શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન | ૮૮-૯૨ |
| ૧૩. | શ્રી વિમલનાથ જિન સ્તવન | ૯૩-૯૯ |
| ૧૪. | શ્રી અનંતનાથ જિન સ્તવન | ૧૦૦-૧૦૮ |
| ૧૫. | શ્રી ધર્મનાથ જિન સ્તવન | ૧૦૯-૧૧૭ |
| ૧૬. | શ્રી શાંતિનાથ જિન સ્તવન | ૧૧૮-૧૩૦ |
| ૧૭. | શ્રી કુંથુનાથ જિન સ્તવન | ૧૩૧-૧૪૧ |
| ૧૮. | શ્રી અરનાથ જિન સ્તવન | ૧૪૨-૧૫૧ |
| ૧૯. | શ્રી મલ્લિનાથ જિન સ્તવન | ૧૫૨-૧૬૦ |
| ૨૦. | શ્રી મુનિસુવ્રત જિન સ્તવન | ૧૬૧-૧૭૧ |
| ૨૧. | શ્રી નમિનાથ જિન સ્તવન | ૧૭૨-૧૮૨ |
| ૨૨. | શ્રી નેમિનાથ જિન સ્તવન | ૧૮૩-૧૮૯ |
| ૨૩. | શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન-૧ | ૧૯૦-૧૯૮ |
| ૨૩. | શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન-૨ | ૧૯૯-૨૦૬ |
| ૨૩. | શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન-૩ | ૨૦૭-૨૧૪ |
| ૨૪. | શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન-૧ | ૨૧૫-૨૨૩ |
| ૨૪. | શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન-૨ | ૨૨૪-૨૩૧ |
| ૨૪. | શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન-૩ | ૨૩૨-૨૩૯ |

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

પ.પૂ. અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી મહારાજા વિરચિત

# આનંદઘન ચોવીશી

## ૧. શ્રી ઋષભદેવ જિન સ્તવન

(રાગ : મારુ કરમ પરીક્ષાકરણ કુમર ચાલ્યો-એ દેશી)

**અવતરણિકા :-**

સ્ત્રીઓની પતિ પ્રત્યેની પ્રીતિને સન્મુખ રાખીને વીતરાગભાવ પ્રત્યે પોતાની પ્રીતિ વૃદ્ધિ પામે તેને માટે સ્તવનકારશ્રી પ્રથમ તીર્થંકરની સ્તુતિ કરે છે –

**ગાથા :-**

**ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;**
**રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત.**
**ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે. ૧**

**ગાથાર્થ :-**

ઋષભ જિનેશ્વર મારા પ્રીતમ છે. હું અન્યને કંત=સ્વામી તરીકે ઇચ્છતો નથી. રીઝાયેલા એવા સાહેબ=ભગવાન, સાદિઅનંત ભાંગે સંગનો પરિહાર કરતા નથી. ॥૧॥

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીને રાગ-દ્વેષને જીતનારા એવા જિનોમાં, ઈશ્વર=શ્રેષ્ઠ એવા ઋષભદેવ ભગવાન પ્રત્યે અત્યંત પ્રીતિ છે. તે પ્રીતિને અભિવ્યક્ત કરીને વૃદ્ધિ કરવા અર્થે કહે છે --

તમે મારા પ્રીતમ છો. તમારા સિવાય અન્ય કોઈ સ્વામીને હું ઇચ્છતો નથી. આ પ્રકારનાં વચન દ્વારા વીતરાગભાવ પ્રત્યેની પોતાની પ્રીતિની વૃદ્ધિ કરવા માટે સ્તવનકારશ્રી યત્ન કરે છે અને કહે છે કે ભગવાન મારી પ્રીતિથી રીઝે તો સાદિઅનંત ભાંગાથી મારો સંગ ત્યાગ કરે નહીં. તેથી એ પ્રાપ્ત થાય કે, ભગવાન વીતરાગ છે અને ભગવાન આપણા ઉપર રીઝે તો આપણે પણ ભગવાનની જેમ વીતરાગ થઈ વીતરાગભાવરૂપે પરમાત્મા સાથેનો આપણો સંગ સિદ્ધ અવસ્થામાં સાદિઅનંત ભાંગે રહે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે, સ્તવન દ્વારા=ભગવાનની ભક્તિ દ્વારા, જેમને વીતરાગતા પ્રત્યે પ્રીતિ થાય છે, તે પ્રીતિ પોતાના આત્મામાં રહેલ વીતરાગભાવને પ્રગટ કરવાનું કારણ બને છે અને વીતરાગભાવની વૃદ્ધિના સંસ્કારો, સંસારની પ્રીતિનો નાશ કરીને જીવને વીતરાગ બનાવે છે; કેમ કે ભગવાને સર્વ જીવોને સ્વતુલ્ય બનાવવા યોગમાર્ગ બતાવ્યો છે તે યોગમાર્ગનું સમ્યગ્ સેવન ભગવાન પ્રત્યેની પ્રીતિને કારણે થાય છે. તેથી વીતરાગની ઉપાસના કરતો જીવ પણ વીતરાગ બને છે અને વીતરાગની ઉપાસનાથી જીવ વીતરાગ બને તે ભગવાન આપણા ઉપર ખુશ થયા છે, એ પ્રકારનો ઉપચાર કરવામાં આવે છે. વીતરાગ ઉપાસક પ્રત્યે પ્રસન્ન થાય તો ઉપાસના કરનાર પણ વીતરાગ બને છે અને વીતરાગ બન્યા પછી સિદ્ધ અવસ્થામાં વીતરાગભાવરૂપે ઉપાસકનો આત્મા વીતરાગ સાથે એકત્વભાવને પામે છે. તેથી વીતરાગ થવાના કાળથી માંડીને અનંતકાળ સુધી આપણને વીતરાગનો સંગ રહેશે, અને પછી ક્યારે પણ વીતરાગના સંગનો પરિહાર થશે નહીં. **॥૧॥**

**અવતરણિકા :-**

**પ્રથમ ગાથામાં વીતરાગની સાથે પ્રીતિ કરવા અર્થે સ્તવનકારશ્રીએ પ્રયત્ન કર્યો અને પ્રીતિ વધારવા માટે કહ્યું કે, ભગવાનની પ્રીતિ વધે અને**

ભગવાન પ્રસન્ન થાય તો શાશ્વત ભાવનો સંગ પ્રાપ્ત થાય. હવે, ભગવાન સાથેની પ્રીતિ સિવાય અન્ય સાથે પ્રીતિ નિરર્થક છે. તે બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

**પ્રીત-સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત-સગાઈ ન કોય;**
**પ્રીત-સગાઈ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય.**

**ઋષભ૦ ૨**

ગાથાર્થ :-

**પ્રીતિની સગાઈ જગતમાં બધાં કરે છે. પરંતુ પ્રીતિની સગાઈ કોઈની પણ શાશ્વત ભાવે રહેતી નથી. પ્રીતિની સગાઈ નિરુપાધિક કહી છે=નિરુપાધિક ભાવોની પ્રીતિની સગાઈ પારમાર્થિક પ્રીતિની સગાઈ કહી છે. સોપાધિક એવી પ્રીતિ ધનને ગુમાવે છે=પોતાના આત્મગુણોની સંપત્તિને ગુમાવે છે. ॥૨॥**

ભાવાર્થ :-

જગતમાં બધા જીવો કોઈક ને કોઈકની સાથે પ્રીતિની સગાઈ કરે છે. અર્થાત્ પ્રીતિની સગાઈ બાંધે છે; કેમ કે જગતના જીવો કોઈની પણ સાથે પ્રીતિ કર્યા વગર એકલા રહી શકે તેવી તેમની પ્રકૃતિ નથી. આમ છતાં પરમાર્થથી કોઈની પણ સાથે પ્રીતસગાઈ નથી; કેમ કે તે પ્રીતિ ગમે તેટલી હોય તોપણ શાશ્વત રહેતી નથી અને આ ભવમાં પણ કોઈની સાથે પ્રીતિની સગાઈ હોય તોપણ તે પ્રીતિપાત્રનાં દુઃખોનો પરિહાર કરી શકે તેવો એકાંત નિયમ નથી. તેથી તે પ્રીતિની સગાઈ પારમાર્થિક નથી. તો પારમાર્થિક પ્રીતિની સગાઈ કઈ હોઈ શકે, તે બતાવતાં કહે છે –

નિરુપાધિક એવી પ્રીતિની સગાઈ પારમાર્થિક પ્રીતિ કહી છે. આશય એ છે કે કર્મકૃત ઉપાધિથી જે રૂપ-રંગ કે અન્ય બાહ્ય પુણ્ય પ્રકૃતિઓ, તેને આશ્રયીને જે પ્રીતિની સગાઈ છે તે સોપાધિક પ્રીતિની સગાઈ છે. અને કર્મની ઉપાધિથી

રહિત એવા શુદ્ધ આત્મા પ્રત્યે પ્રીતિની સગાઈ છે તે નિરુપાધિક પ્રીતિની સગાઈ છે. ભગવાન કર્મથી રહિત છે અને આત્માના શુદ્ધ સ્વરૂપને પામેલા છે. અને તેવા શુદ્ધ આત્મા પ્રત્યેની પ્રીતિની સગાઈ તે નિરુપાધિક સગાઈ છે અને તેવી નિરુપાધિકની સગાઈ જેને બંધાય છે તે જીવોનો વીતરાગભાવનો રાગ દરેક ભવોમાં સાથે આવે છે. તે વીતરાગભાવનો રાગ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને જીવને વીતરાગ બનાવે છે, ત્યારે તે પરમાત્મા સાથેનો સંગ સિદ્ધ અવસ્થામાં શાશ્વત રહે છે. તેથી કર્મની ઉપાધિથી રહિત એવી પરમાત્માની પ્રીતિની સગાઈ તે સાચી પ્રીતિની સગાઈ છે અને જેઓને કર્મની ઉપાધિથી પ્રાપ્ત થયેલા સુંદર દેહ અને અન્ય પુણ્યપ્રકૃતિને કારણે પ્રીતિની સગાઈ થાય છે, તે સોપાધિક પ્રીતિની સગાઈ છે. તેવી પ્રીતિની સગાઈ આત્માના વીતરાગભાવ પ્રત્યેના રાગભૂત ગુણોનો નાશ કરનાર હોવાથી આત્માની સંપત્તિને ગુમાવનાર છે. માટે સોપાધિક પ્રીતિ પારમાર્થિક નથી પરંતુ વિનાશનું કારણ છે. નિરુપાધિક પ્રીતિ આત્માના ગુણોની વૃદ્ધિ દ્વારા કલ્યાણની પરંપરાનું કારણ હોવાથી નિરુપાધિક ભાવોની પ્રીતિની સગાઈ કરવા જેવી છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**સંસારમાં કેટલીક સ્ત્રીઓને પતિ પ્રત્યે અત્યંત રાગ હોય છે. તેથી જન્માંતરમાં પણ તેનો સંગ થાય તેવા આશયથી મરેલા પતિની સાથે અગ્નિમાં પ્રવેશ કરે છે અને વિચારે છે કે, જન્માંતરમાં અમારી પ્રીતિની સગાઈ પ્રાપ્ત થશે. તે પ્રીતિની સગાઈ પારમાર્થિક નથી. તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**કોઈ કંત કારણ કાષ્ઠ-ભક્ષણ કરે રે, મિલશું કંતને ધાય;**
**એ મેળો નવિ કહીંયે સંભવે રે, મેળો ઠામ ન ઠાય. ઋષભ૦ ૩**

**ગાથાર્થ :-**

**કોઈ સ્ત્રી કંતને કારણે=પતિની પ્રાપ્તિના કારણે, કાષ્ઠભક્ષણ કરે છે=પતિના મૃતદેહ સાથે પોતે અગ્નિમાં પડીને મરે છે અને કહે છે કે,**

**કંતને જઈને મળશું. એ મેળો=અગ્નિમાં પડીને મરવાથી કંતની સાથેનો મેળો, ક્યારેય સંભવે નહીં. કદાચ કોઈક રીતે મેળો થાય તોપણ મેળો સ્થાનમાં સ્થિર રહેતો નથી=દરેક ભવોમાં કાયમ રહેતો નથી. ॥૩॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોની પ્રીતિ પારમાર્થિક પ્રીતિ નથી, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે. કોઈક સ્ત્રીને પતિ પ્રત્યે અત્યંત પ્રીતિ હોય અને પતિ મૃત્યુ પામેલ હોય તો તેના વિરહને કારણે આ ભવમાં જીવવાની ઇચ્છા રહેતી નથી. અને તેની સાથે બળી મરવું તે તેની સાથેના સંગની પ્રાપ્તિનો ઉપાય છે, તેવો ભ્રમ તે સ્ત્રીને થાય તો પતિના મૃતદેહ સાથે અગ્નિમાં પ્રવેશ કરે છે અને પ્રીતિથી વિચારે કે, પતિને જઈને મળશું. પરંતુ આ પ્રકારની પતિ પ્રત્યેની પ્રીતિથી પતિ સાથેનો જન્માંતરનો મેળ ક્યારેય સંભવે નહીં. કદાચ કોઈક તેવા નિમિત્તથી સમાન પ્રકારનાં કર્મો બાંધીને તે જીવો જન્માંતરમાં ફરી ભેગા થાય તોપણ તે મેળો કાયમ માટે સ્થિર થતો નથી.

વળી, પરમાત્માની સાથેની પ્રીતિ સંસારી જીવોની પ્રીતિથી વિલક્ષણ છે. તેથી પરમાત્મા પ્રત્યે કરાયેલી પ્રીતિથી પરમાત્માના સંગની પ્રાપ્તિ થાય તો તે પ્રાપ્તિ સદા જળવાઈ રહે છે; કેમ કે સિદ્ધ અવસ્થામાં પરમાત્મા સાથેનો સંગ સદા રહે છે. માટે પરમાત્માની પ્રીતિ જ પારમાર્થિક પ્રીતિ છે. સંસારની પ્રીતિ પારમાર્થિક પ્રીતિ નથી. ॥૩॥

**અવતરણિકા :-**

**વળી, કેટલીક સ્ત્રીઓ પતિને પોતાના પ્રત્યે આ ભવમાં રાગ વધે તે માટે ઘણી તપાદિ ક્રિયાઓ કરે છે. તે પણ ઉચિત નથી. પરંતુ પરમાત્માનો જ રાગ ઉચિત છે, તે બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**કોઈ પતિરંજન અતિ ઘણો તપ કરે રે, પતિરંજન તનતાપ;**
**એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ. ઋષભ૦ ૪**

**ગાથાર્થ :-**

**કોઈ સ્ત્રી પતિરંજન માટે અતિઘણું તપ કરે છે અને પતિરંજન માટે તપ કરીને દેહને તાપ આપે છે. તે પ્રકારનું પતિનું રંજન મેં ચિત્તમાં ધારણ કર્યું નથી; કેમ કે 'રંજન' શબ્દમાં રહેલી 'રંજ' ધાતુ 'મિલાપ' અર્થમાં છે. તેથી પરમાત્મા સાથે મિલાપ કરે તેને જ મેં ચિત્તમાં ધારણ કર્યું છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

સામાન્યથી પતિને પોતાના પ્રત્યે પ્રીતિ ઉત્પન્ન થાય, તેના અર્થે કેટલીક સ્ત્રીઓ અનેક પ્રકારનાં તપો કરે છે અને વિચારે છે કે, આ પ્રકારનું તપ કરીશ તો પતિની મારા પ્રત્યે પ્રીતિ વધશે. એ પ્રકારના પતિરંજન અર્થે કરાયેલું તે તપ કેવલ શરીરની પીડારૂપ છે. તેનાથી પતિ પોતાના પ્રત્યે પ્રીતિવાળો થાય તેવો એકાંત નિયમ નથી. કદાચ પતિ તેના પ્રત્યે પ્રીતિવાળો થાય તોપણ તેનું ખાસ ફળ નથી. તેવા પ્રકારના પતિરંજનને ચિત્તમાં ધારણ કરીને પોતાના સ્વામી એવા ઋષભદેવ ભગવાનને રંજન કરવા અર્થે સ્તવનકારશ્રી તપ કરતા નથી. પરંતુ તપ દ્વારા નિર્જરા કરીને પરમાત્માની સાથે એકત્વભાવની પ્રાપ્તિ અર્થે તપ કરે છે; કેમ કે 'રંજન' શબ્દમાં રહેલી રંજ ધાતુ મેળાપ અર્થમાં છે. તેથી પરમાત્માને રંજન કરીને પરમાત્માની સાથે મેળાપ કરાવે, તે ખરેખર પરમાત્માને રંજન કરવાની ક્રિયા છે.

વસ્તુતઃ પરમાત્મા વીતરાગ છે. તેમની પ્રીતિ પોતાના પર થવાની નથી. તેથી જેમ સ્ત્રી પતિની પોતાના પ્રત્યે પ્રીતિ થાય તદર્થે તપ કરે છે તેમ સ્તવનકારશ્રી ભગવાનની પોતાના પ્રત્યે પ્રીતિ થાય તદર્થે તપ કરતા નથી. પરંતુ વીતરાગ થવા અર્થે તપ કરે છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**વળી, કેટલાક કહે છે કે, અલખ એવા ઈશ્વરની=જેનું સ્વરૂપ જાણી ન શકાય એવા અલક્ષ્ય એવા ઈશ્વરની લીલા છે. અને તેવા ઈશ્વર મનની**

**લાખો આશાઓ પૂરે છે. તેને સ્તવનકારશ્રી કહે છે, દોષરહિત એવા ઈશ્વરને લીલા ઘટે નહીં. લીલા દોષનો વિલાસ છે –**

**ગાથા :-**

**કોઈ કહે લીલા રે અલખ-અલખ તણી રે, લખ પૂરે મન આસ;**
**દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ-વિલાસ. ઋષભ૦ ૫**

**ગાથાર્થ :-**

**કોઈક કહે છે – અલખ-અલખ એવા ભગવાનની આ લીલા છે=સંસારનું સર્જન છે.**

તે ઈશ્વર મનની લાખો આશા પૂરે છે તેને સ્તવનકારશ્રી કહે છે –

**દોષરહિત એવા ઈશ્વરને લીલા ઘટે નહીં; કેમ કે સંસારના સર્જનરૂપ લીલા દોષનો વિલાસ છે. ।।૫।।**

**ભાવાર્થ :-**

કેટલાક કહે છે કે, ઈશ્વર કેવા છે ? ઈશ્વર અલખ છે. અર્થાત્ ઈશ્વરનું સ્વરૂપ જાણી શકાય તેવું નથી અને તે લીલા કરીને આ સંસારનું સર્જન કરે છે. અને તેવા ઈશ્વરની ઉપાસના કરવાથી તે પ્રસન્ન થઈને મનની લાખો આશાઓ પૂરે છે. આ પ્રકારે માનીને તેઓ ઈશ્વરની ભક્તિ કરે છે અને સ્તવનકારશ્રી પણ ઈશ્વરની ઉપાસના કરે છે. સ્તવનકારશ્રીને અભિમત ઈશ્વર પણ અલખ જ છે; કેમ કે ઈશ્વરનું સ્વરૂપ છદ્મસ્થ જીવો જાણી શકતા નથી. આથી જ વીતરાગના પારમાર્થિક સ્વરૂપને જાણવા માટે સર્વ શાસ્ત્રનો વિસ્તાર છે. આમ છતાં ૧૪ પૂર્વધરો પણ ઈશ્વરના પારમાર્થિક સ્વરૂપને પૂર્ણ જોઈ શકતા નથી; કેમ કે વીતરાગતા ચક્ષુથી દેખાતો પદાર્થ નથી. વીતરાગતાના વિરોધી ભાવો સંસારી જીવોને અનુભૂત છે. સર્વ રાગોથી રહિત એવી આત્માની દશા પ્રાપ્ત કરવા અર્થે ૧૪ પૂર્વધરો પણ સદા વીતરાગ થવા ઉદ્યમ કરે છે. તોપણ પ્રાતિભજ્ઞાન થયા પૂર્વે તેનું પારમાર્થિક સ્વરૂપ પૂર્ણ દેખાતું નથી. પરંતુ પ્રાતિભજ્ઞાનથી જીવને કેવલજ્ઞાન પ્રગટે છે ત્યારે જ પૂર્ણ વીતરાગનું સ્વરૂપ દેખાય છે. માટે વીતરાગ અલખ છે અને અલખ એવા પણ વીતરાગ દોષરહિત

છે અને દોષરહિત પુરુષ જગતની સર્જનરૂપ લીલા કરે નહીં. માટે જેઓ કહે છે કે, જગતનું સર્જન ઈશ્વરની લીલા છે અને ઈશ્વરની ભક્તિ કરવાથી તે મનની બધી આશા પૂરશે તે વચન સંગત નથી; કેમ કે આવી લીલા એ દોષનો વિલાસ છે. અને જેઓ આવી લીલા કરે છે, તેઓ દોષવાળા હોવાથી ઉપાસના કરવા યોગ્ય નથી. પરંતુ દોષરહિત પુરુષ જ ઉપાસના કરવા યોગ્ય છે. દોષરહિત પુરુષની ઉપાસનાથી ઉપાસક એવો આપણો આત્મા પણ તેમના જેવો થાય છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**સ્તવનકારશ્રીએ અત્યાર સુધી ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરી. ભગવાનની સ્તુતિ એ ભગવાનનું પૂજન છે અને ભગવાનનું તેવા પ્રકારનું પૂજન વાસ્તવિક ફળવાળું છે, તે બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**ચિત્ત પ્રસન્ને રે પૂજનફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;**
**કપટ રહિત થઈ આતમઅરપણા રે, આનંદઘન પદ રેહ.**

**ઋષભ૦ ૬**

**ગાથાર્થ :-**

**ચિત્તની પ્રસન્નતાથી પૂજનનું ફળ કહ્યું છે અને એ=ચિત્તને પ્રસન્ન કરે તેવી પૂજા અખંડિત પૂજા છે=પૂજાકાળમાં ચિત્ત સ્ખલના વગર વીતરાગના ગુણોને અવલંબીને પ્રવર્તે તે અખંડિત પૂજા છે. અને આવી અખંડિત પૂજા કરવા માટે કપટરહિત થઈને પોતાના આત્માની અર્પણા=પોતાના આત્માને વીતરાગભાવને સમર્પિત થવું એ આનંદઘનનું પદ છે=પૂર્ણ આત્માના આનંદથી ઘન એવા મોક્ષની પ્રાપ્તિનું સ્થાન છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

ભગવાનની પૂજા ચિત્તની પ્રસન્નતાપૂર્વક થાય એ જ પૂજાનું ફળ છે. અને આવી ચિત્તપ્રસન્નતા પૂજાના પ્રારંભથી પૂજાની નિષ્ઠા સુધી અખંડિત પૂજા

કરવાથી થાય છે. આશય એ છે કે, વિવેકસંપન્ન શ્રાવક વીતરાગને વીતરાગરૂપે જાણે છે અને વીતરાગની કર્મકાય અવસ્થા અને તત્ત્વકાય અવસ્થા પ્રત્યે ભક્તિવાળા છે. ભગવાન કર્મકાય અવસ્થામાં પ્રકૃષ્ટ રૂપવાળા, પ્રકૃષ્ટ પુણ્યવાળા અને ગુણના પણ પ્રકર્ષવાળા છે, તે રીતે ઉપસ્થિત કરીને તેઓની પૂજા કરે છે. વિવેકસંપન્ન સાધુ પણ તેવા ગુણવાળા પરમાત્માને સ્મૃતિમાં લાવીને તેઓની સ્તુતિ કરવા દ્વારા સ્તોત્રપૂજા કરે છે અને આ પૂજાકાળમાં તે મહાત્માઓનું ચિત્ત વીતરાગની કર્મકાય અવસ્થા અને સિદ્ધ અવસ્થા રૂપ તત્ત્વકાય અવસ્થાને સ્મૃતિમાં રાખીને પ્રવર્તતું હોય તો ચિત્તની પ્રસન્નતા થાય છે. વળી, તેમાં પણ તે પૂજાની ક્રિયા સ્ખલના વગર થાય તો વિશેષ પ્રકારના ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. તે પૂજાનું તત્કાળ પ્રાપ્ત થતું ફળ છે. અને તે પૂજાની ક્રિયાથી પુણ્યાનુબંધીપુણ્ય અને નિર્જરારૂપ ફળ મળે છે. જેનાથી જન્માંતરમાં યોગમાર્ગની પ્રાપ્તિનું કારણ એવો ભવ મળે છે, તે ભાવિનું ફળ છે. વળી, આ રીતે પૂજા કરીને જે મહાત્માઓ કપટરહિત થઈને પોતાનો આત્મા વીતરાગને સમર્પણ કરે છે, તેઓ વીતરાગના વચનના સ્મરણપૂર્વક પૂજા કરીને અંતે સંયમની શક્તિનો સંચય કરે છે અને સંયમ ગ્રહણ કરીને વીતરાગ થવા માટે ઉદ્યમ કરનારા બને છે. આ ઉદ્યમ આનંદઘનના પદ રૂપ મોક્ષનું અનન્ય કારણ હોવાથી કપટરહિત આત્માની અર્પણાને આનંદઘન પદ જ કહેલ છે.

વળી, કપટરહિત કહેવાથી એ પ્રાપ્ત થાય કે, જે મહાત્માઓ પોતાનું જીવન ભગવાનને સમર્પિત કરે છે, તેથી ભગવાને બતાવેલો સંયમમાર્ગ સ્વીકારે છે. આમ છતાં પ્રસંગે પ્રસંગે વીતરાગના વચનના અવલંબન વગર અન્ય અન્ય ભાવો પણ કરે છે, તેઓ પરમાર્થથી ભગવાનને સમર્પિત થઈ શકતા નથી. પરંતુ જેઓ લેશ પણ આત્મવંચના કર્યા વગર ભગવાનને સમર્પિત થાય છે, તેઓ કપટરહિત પોતાના આત્માની ભગવાનને અર્પણા કરે છે અને ભગવાનની પૂજાનું ફળ જેમ ચિત્ત-પ્રસન્નતા છે, તેમ અંતે કપટરહિત આત્માનું અર્પણ છે. જેના ફળરૂપે તે મહાત્માઓ આનંદઘન પદને પામે છે. **॥૬॥**

# ૨. શ્રી અજિતનાથ જિન સ્તવન

(રાગ : આશાવરી, મારું મન મોહ્યું રે શ્રી વિમલાચલે રે-એ દેશી)

**અવતરણિકા :-**

અજિતનાથ ભગવાન કર્મથી જિતાયા નથી, તેથી અજિત કહેવાય છે. કર્મને જીતવા માટે જે માર્ગ તેમણે અપનાવ્યો તે માર્ગને સામે રાખીને સ્તવનકારશ્રી કહે છે –

**ગાથા :-**

**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે, અજિત અજિત ગુણધામ;**
**જે તેં જીત્યા રે તેણે હું જીતિયો રે, પુરુષ કિસ્યું મુજ નામ.**
**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે. ૧**

**ગાથાર્થ :-**

**અજિત=અજિતનાથ ભગવાન અજિત ગુણના ધામ છે=મોહથી નહીં જિતાયેલા એવા ગુણના ધામ છે. તેવા બીજા જિનનો પંથડો અમે નિહાળશું=જે પંથ ઉપર ચાલીને બીજા જિને મોહને જીત્યો છે તે પંથને ભગવાનનાં દર્શન દ્વારા અમે જોઈશું. જે કર્મોને અથવા જે મોહના સંસ્કારોને તેં જીત્યા તેનાથી હું જિતાયો. તેથી મારું પુરુષ એ પ્રકારનું નામ કેવા પ્રકારનું છે ? અર્થાત્ પુરુષ એ પ્રકારનું મારું નામ નિષ્ફળ છે. ||૧||**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી અજિતનાથ ભગવાનના અજિત ગુણને સ્મૃતિમાં રાખીને કહે છે કે, અજિતનાથ ભગવાન તમે કર્મોને જીતવામાં અથવા અનાદિના આત્મામાં પડેલા મોહના સંસ્કારોને જીતવામાં 'જિતાઓ નહીં' તેવા ગુણના સ્થાન છો. અને એવા બીજા ભગવાન મોહનો નાશ કરવા માટે જે પંથ ઉપર ચાલીને વીતરાગ, સર્વજ્ઞ બન્યા છે, તે પંથ ભગવાનનાં દર્શનથી, ભગવાનના ગુણધામના સ્મરણથી=ગુણના સમૂહના સ્મરણથી કે ભગવાન પ્રત્યેની ભક્તિથી અમે

નિહાળશું. આ પ્રકારે ભગવાનને કહીને, ભગવાનની સ્તુતિ દ્વારા, ભગવાનના પંથને જોવા માટેની માર્ગાનુસારી પોતાની બુદ્ધિને, ભગવાનના માર્ગને જોવા માટે સ્તવનકારશ્રી વ્યાપારવાળી કરે છે. જેથી સ્વભૂમિકાનુસાર મોહને જીતવાના માર્ગનું તેમને અધિક-અધિક દર્શન થાય છે.

વળી, ભગવાનને જોઈને સ્તવનકારશ્રી કહે છે કે, તમારા બતાવેલા પંથમાં ચાલવા માટે મને યત્ન કરવામાં બાધક એવા કુસંસ્કારો અને કર્મો પડ્યા છે. જેમને તમે જીત્યા છે તેનાથી હું જિતાયો છું. તેથી જ તમારી જેમ આ યોગમાર્ગના પંથમાં ગમન કરી શકતો નથી. જે પુરુષ શત્રુને જીતવા માટે અસમર્થ હોય તેને પુરુષ કઈ રીતે કહી શકાય ? તેથી મારું પુરુષ એ પ્રકારનું નામ કહેવા પૂરતું છે, ખરું નથી. આ પ્રકારે કહીને યોગમાર્ગની પ્રવૃત્તિમાં પોતે જે કાંઈ સ્ખલના પામે છે, તેનો સંતાપ સ્તવનકારશ્રી પ્રભુ આગળ વ્યક્ત કરે છે. ॥૧॥

**અવતરણિકા :-**

**પૂર્વ ગાથામાં કહ્યું કે, ભગવાને જેમને જીત્યા તેનાથી પોતે જિતાયા છે. કેમ જિતાયા છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**ચરમ નયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર;**
**જેણે નયણે કરી મારગ જોઈએ રે, નયણ તે દિવ્ય વિચાર.**

**પંથડો૦ ૨**

**ગાથાર્થ :-**

**ચામડાના ચક્ષુ વડે કરીને મારગ જોતાં આખો સંસાર ભૂલ્યો. અર્થાત્ સંસારમાં વર્તતા સર્વ જીવો માર્ગને જોવામાં ભૂલ્યા. જે નયનથી માર્ગને જોવાનો છે તે નયન દિવ્ય વિચાર છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવો ચામડાની આંખોરૂપ દૃષ્ટિથી વસ્તુને જોઈને પોતાને જે ઇષ્ટ

લાગે તેમાં પ્રવૃત્તિ કરે છે અને જે અનિષ્ટ લાગે તેમાંથી નિવૃત્તિ કરે છે, તે રીતે ધર્મના ક્ષેત્રમાં પણ જેઓ ચામડાની આંખથી દેખાતી બાહ્ય ક્રિયામાત્રને માર્ગરૂપે=મોક્ષમાર્ગરૂપે જુએ છે અને પ્રવૃત્તિ કરીને માને છે કે પોતે મોક્ષમાર્ગમાં પ્રયત્ન કરે છે, તેવા જીવો માર્ગને જોવામાં ભૂલેલા છે; કેમ કે જે બાહ્ય ક્રિયા મોહને જીતવા માટે કારણ ન બને તેવી બાહ્ય આચરણાથી ક્યારેય સંસારનો અંત થાય નહીં, માટે તેવી ક્રિયા મોક્ષમાર્ગ નથી.

પૂર્વમાં કહ્યું કે, ચામડાની આંખથી દેખાતો માર્ગ, માર્ગ નથી. તો કઈ રીતે માર્ગ દેખાય તે બતાવવા માટે ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

જે નયનથી માર્ગ જોવામાં આવે તો તે માર્ગની પ્રાપ્તિ થાય તે નયન દિવ્ય વિચાર છે.

આશય એ છે કે, અજિતનાથ ભગવાને મોહને જીત્યો છે અને તીર્થંકરો મોહને જીતવાનો જ માર્ગ બતાવનારા છે. તેથી ધર્મની સર્વ ક્રિયા અંતરંગ રીતે મોહને જીતવાનું કારણ કઈ રીતે બને છે, તે જોવાની જે દિવ્યચક્ષુ છે, તે ચક્ષુથી જેઓ ભગવાને બતાવેલી ક્રિયાને જાણવા યત્ન કરે, તેઓને ધર્મનાં સર્વ અનુષ્ઠાનોમાં વીતરાગતાને અનુકૂળ એવા ભાવોને જોવાની દિવ્યદૃષ્ટિ પ્રગટે છે અને તે દિવ્યદૃષ્ટિથી જેઓ ભગવાનના માર્ગને જોવા યત્ન કરે છે, તેઓ જ અજિતનાથ ભગવાનની જેમ મોહને જીતીને વીતરાગસર્વજ્ઞ બનશે.

જેમ ચર્મચક્ષુથી ભગવાનની પૂજા જોવામાં આવે તો, બાહ્ય દ્રવ્યોથી ભગવાનની પૂજાની ક્રિયામાત્ર દેખાય છે. અને દિવ્યદૃષ્ટિથી ભગવાનની પૂજાને જોવામાં આવે તો, જિનપ્રતિમાની મુદ્રા સિદ્ધમુદ્રા છે, તેથી યોગનિરોધકાળમાં ભગવાન સર્વ સંવરને પામીને મોક્ષને પામ્યા તેવી ઉપસ્થિતિ થાય છે અને તે ભગવાનની અવસ્થા આત્મા માટે પ્રાપ્ત કરવા જેવી છે તેવી બુદ્ધિ થાય છે. ભગવાને તે યોગનિરોધની અવસ્થા પામીને પોતાનું હિત સાધ્યું છે, તે પ્રકારના ભગવાનના ગુણના સ્મરણપૂર્વક જેઓને ભગવાન પ્રત્યે ભક્તિ પ્રગટે છે તેઓ વિચારે છે કે, ભગવાને પોતાના આત્માનું હિત સાધ્યું અને સંસારી જીવોને પણ તેમના જેવા થવાનો માર્ગ બતાવ્યો. આથી ભગવાન સંસારથી તરેલા છે અને સંસારી જીવોને તારનારા છે તેથી તેવા ભગવાનની ભક્તિ કરીને હું પણ તેમની જેમ

યોગનિરોધની અવસ્થાને પામું અને તે અવસ્થાની શક્તિનો સંચય સર્વ વિરતિથી થાય છે એ સર્વવિરતિની પોતાનામાં શક્તિ નથી, માટે ચારિત્રની પરાકાષ્ઠાને પામેલા એવા ભગવાનની ભક્તિ કરીને હું પણ ચારિત્રની શક્તિવાળો થાઉં. તેવા દિવ્યવિચારપૂર્વક કરાયેલી ભગવાનની ભક્તિ મોહને જીતવાનો માર્ગ દેખાડનાર છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે, ચામડાની દૃષ્ટિથી માર્ગને જોવાથી માર્ગ દેખાતો નથી. પરંતુ દિવ્યવિચારથી માર્ગ દેખાય છે. તે પદાર્થને સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**પુરુષપરંપર અનુભવ જોવતાં રે, અંધો અંધ પુલાય;**
**વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહીં ઠાય.**

**પંથડો૦ ૩**

**ગાથાર્થ :-**

**પુરુષની પરંપરાના અનુભવને જોતાં માર્ગ દેખાતો નથી; કેમ કે અંધો અંધ પાછળ પુલાય છે=છદ્મસ્થ પુરુષ રૂપ એક અંધ પાછળ અન્ય અંધરૂપ છદ્મસ્થ અનુસરણ કરે છે. જો આગમે કરીને વસ્તુનો વિચાર કરવામાં આવે=દિવ્ય નયણ શું છે તે વસ્તુનો વિચાર કરવામાં આવે તો ચરણ ધરતી ઉપર સ્થિર થતા નથી. અર્થાત્ આગમ અતિ ગંભીર છે. તેથી તેના અર્થ જાણવા માટેના વ્યાપારમાંથી પોતે ચોક્કસ નિર્ણય કરી શકતા નથી. તેથી સદા આગમ દ્વારા દિવ્ય નયનનો વિચાર કરવામાં જ અટવાયેલા રહે છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

અજિતનાથ ભગવાનનો બતાવાયેલો યોગમાર્ગરૂપ પંથ જોવાનો સંકલ્પ સ્તવનકારશ્રીએ કરેલ છે. અને તે પંથ જોવાનો ઉપાય તે દિવ્ય નયન છે એમ

પૂર્વની ગાથામાં કહેલ, તેથી તે દિવ્ય નયનની પ્રાપ્તિ કઈ રીતે થઈ શકે તેની વિચારણા પ્રસ્તુત ગાથામાં કરતાં કહે છે.

લોકો ધર્મની પ્રવૃત્તિ કરે છે. તે લોકોની પરંપરાના અનુભવને જોઈને માર્ગને જોવા માટે યત્ન કરવામાં આવે તો માર્ગ દેખાતો નથી. કેમ માર્ગ દેખાતો નથી ? તેથી કહે છે –

છદ્મસ્થ જીવો અતીન્દ્રિય એવા મોક્ષમાર્ગને જોવા માટે અંધતુલ્ય છે. તેથી અંધ બીજા અંધ પાછળ ચાલતો હોય તેના જેવી પુરુષની પરંપરાનો અનુભવ છે. તેથી જેમ આંધળો પુરુષ માર્ગ જોઈ શકતો નથી. તેમ છદ્મસ્થ પુરુષ પણ માર્ગ જોઈ શકતો નથી. માટે તેવા પુરુષોના પરંપરાના અનુભવથી બીજા ભગવાને બતાવેલો યોગમાર્ગ દેખાય નહીં.

અહીં પ્રશ્ન થાય કે, જો પુરુષપરંપરાના અનુભવથી માર્ગ ન દેખાય તો સર્વજ્ઞએ કહેલા આગમના બળથી માર્ગ જોઈ શકાશે ? તેથી સ્તવનકારશ્રી કહે છે –

આગમે કરીને માર્ગને જોવાનો પ્રયત્ન કરવામાં આવે તો આગમ અતિગંભીર છે. તેથી તેનાં રહસ્યોની પ્રાપ્તિ અતિદુષ્કર છે. માટે આગમનું અવલંબન લઈને માર્ગ જોવા માટે પ્રયત્ન કરવામાં આવે તો પોતાના ચરણ ધરતી ઉપર રહેતા નથી. અર્થાત્ આગમથી વસ્તુનો નિર્ણય કરવા માટે સદા યત્ન ચાલુ રહે છે. પરંતુ નિર્ણય થઈ શકતો નથી; કેમ કે પોતાની તેવી મહાપ્રજ્ઞા નથી. **॥૩॥**

**અવતરણિકા :-**

**પૂર્વ ગાથામાં કહ્યું કે, બીજા જિનનો બતાવાયેલો માર્ગ જોવા માટે આગમ સમર્થ છે, છતાં તેના દ્વારા નિર્ણય કરવો અતિદુષ્કર છે. તેથી આગમ દ્વારા પંથ જોવા માટેની પ્રવૃત્તિનો અંત આવતો નથી. તો પ્રશ્ન થાય કે, કઈ રીતે તે પંથને જોવા માટે પ્રયત્ન કરી શકાય ? તેથી કહે છે -**

**ગાથા :-**

**તર્કવિચારે રે વાદપરંપરા રે, પાર ન પહોંચે રે કોય;**
**અભિમત વસ્તુ રે વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય. પંથડો૦ ૪**

**ગાથાર્થ :-**

**તર્કના વિચારથી કે વાદપરંપરાથી કોઈ પાર પહોંચતું નથી=બીજા જિનનો પંથ જોવા માટે સમર્થ બનતું નથી. અને અભિમત=ઈચ્છિત વસ્તુગત વસ્તુને કહે તેવા જગતમાં વિરલા હોય છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

સામાન્ય રીતે અતીન્દ્રિય એવો ભગવાને બતાવેલો યોગમાર્ગ આગમથી જાણી શકાય છે. અને આગમથી જાણ્યા પછી તર્કથી તેનો વિચાર કરીને તેના પરમાર્થનો વિચાર કરવામાં આવે છે. અને ક્વચિત્ સ્થિર નિર્ણય ન થયો હોય તો યોગ્ય જાણનારાઓ સાથે વાદ કરીને આગમવચનના પરમાર્થનો નિર્ણય કરવામાં આવે છે. પરંતુ જેઓ આગમથી વસ્તુનો વિચાર કરે અને કોઈ નિર્ણય ન કરી શકે તેવા જીવો તર્કથી બીજા ભગવાને બતાવેલો માર્ગ જોવા નિર્ણય કરે તો કોઈ પાર પહોંચી શકે નહીં. વળી, તર્કથી જેમ બીજા જિનનો પંથ દેખાતો નથી, તેમ જેઓ આગમ દ્વારા કંઈ જાણી શક્યા નથી, તેવા જીવો તે પંથનો નિર્ણય કરવા માટે વાદ કરવા બેસે તો તે વાદની પરંપરાથી કોઈવાર પહોંચી શકતું નથી. અર્થાત્ તે માર્ગને જોઈ શકતું નથી. તો પ્રશ્ન થાય કે, કઈ રીતે બીજા જિનનો પંથ જોઈ શકાય ? તો સ્તવનકારશ્રીને એક ઉપાય દેખાય છે -

અભિમત એવી વસ્તુગત=માર્ગ જોવા રૂપ અભિમત એવી વસ્તુ વિષયક માર્ગને બતાવવા રૂપ વસ્તુ જો કોઈ કહે તો માર્ગ દેખાય. પરંતુ તેવો માર્ગ દેખાડવા માટે જગતમાં વિરલા પુરુષો દેખાય છે. તેથી બીજા ભગવાનનો બતાવેલો માર્ગ તેવા પુરુષોના વિરહને કારણે પ્રાપ્ત થવો અતિદુષ્કર છે. માટે કઈ રીતે બીજા ભગવાને બતાવેલો માર્ગ જોઈ શકાય ? **॥૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વ ગાથામાં કહ્યું કે, અભિમત વસ્તુગત યથાર્થ વસ્તુ કહેનારા જગતમાં વિરલા છે. માટે તેવા પુરુષોથી માર્ગ પ્રાપ્ત થવો વર્તમાનમાં દુષ્કર છે. કેમ દુષ્કર છે ? તેથી કહે છે –**

ગાથા :-

**વસ્તુવિચારે રે દિવ્ય નયન તણો રે, વિરહ પડ્યો નિરધાર;**
**તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. પંથડો૦ ૫**

ગાથાર્થ :-

**વસ્તુના વિચારથી દિવ્યનયનનો નક્કી વિરહ પડ્યો છે.**

તો વર્તમાનમાં જે લોકો માર્ગ કહે છે તે કેવો છે ? તેથી કહે છે –

**તરતમના યોગથી=તરતમવાળા બોધના યોગથી તરતમની વાસના છે અને તેનાથી વાસિત એવા બોધના આધારે તેઓ માર્ગ કહે છે. ॥૫॥**

ભાવાર્થ :-

અતિશય જ્ઞાનવાળા પૂર્વધરો આદિના વિરહને કારણે વર્તમાનકાળમાં અજિતનાથ ભગવાને કહેલ યોગનો માર્ગ જોવાના દિવ્યનયનનો નક્કી વિરહ પડ્યો છે. તેથી તેમના વચનના બળથી પૂર્વમાં જે રીતે મહાત્માઓ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરતા હતા. તે રીતે વર્તમાનમાં યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવી અશક્ય છે. આમ છતાં વર્તમાનમાં પણ ભગવાનનાં શાસ્ત્રોને ભણીને જે જીવોને તરતમથી બોધ થયો છે, તે બોધ અનુસાર ભગવાનના માર્ગના તરતમના બોધની વાસનાવાળા તે યોગીઓ છે. તેથી પોતાના બોધ અનુસાર વાસિત બોધના આધારથી કંઈક માર્ગ દેખાડે છે. પરંતુ દિવ્યનયનના વિરહને કારણે બીજા જિનનો માર્ગ સ્પષ્ટ પ્રાપ્ત કરવો દુર્લભ છે. ॥૫॥

અવતરણિકા :-

**પૂર્વ ગાથામાં કહ્યું કે, વર્તમાનમાં દિવ્યનયનતણો વિરહ પડ્યો છે. તેથી બીજા જિનનો પંથ જોઈ શકાતો નથી. ફક્ત તરતમ વાસનાના બોધના આધારથી કંઈક માર્ગ નિહાળીને અમે માર્ગમાં ચાલીએ છીએ. તો હવે કઈ રીતે બીજા જિનનો માર્ગ જોઈને તે માર્ગના સેવનના ફળરૂપ આનંદઘનરૂપ મોક્ષને પોતે પ્રાપ્ત કરશે ? તે બતાવવા કહે છે –**

ગાથા :-

**કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;**
**એ જન જીવે રે જિનજી ! જાણજો રે, 'આનંદઘન' મત અંબ.**
**પંથડો૦ ૬**

ગાથાર્થ :-

**કાળલબ્ધિ લહી=પોતાને માર્ગ જોવાને અનુકૂળ કાળના પરિપાકને પ્રાપ્ત કરીને અમે પંથડો નિહાળશું. એ આશા અમારા માટે અવલંબન છે. એ જન=મારો આત્મા, હે જિનજી ! એ અવલંબનથી જીવે છે એમ જાણજો. અને તેના બળથી આનંદઘન મતને અંબશે=આનંદઘન એવા મોક્ષસ્થાનને પ્રાપ્ત કરશે. ॥૬॥**

ભાવાર્થ :-

સ્તવનકારશ્રી કહે છે કે, જો દિવ્યનયન પ્રાપ્ત થાય તો તે નયનના બળથી ભગવાનનો માર્ગ જોઈને પોતાને ઇષ્ટ એવા આનંદઘનરૂપ મોક્ષને પોતે સુખપૂર્વક પ્રાપ્ત કરી શકે. પરંતુ વર્તમાનમાં દિવ્યનયનનો વિરહ પડ્યો છે. તેવા દિવ્યનયનવાળા જેમ તે માર્ગ ઉપર ચાલીને મોક્ષને પ્રાપ્ત કરી શકે છે, તેમ મોક્ષની અત્યંત ઇચ્છાવાળા પણ પોતે તે પંથમાં ચાલી શકતા નથી. આમ છતાં વિચારે છે કે, પોતે બીજા જિનનો પંથ જોવા માટેનો પ્રયત્ન શરૂ કરેલો છે. તેથી જ્યારે કાળ પાકશે તે વખતે પોતે પણ તે પંથને જોશે. તે પ્રકારની પોતાને આશા છે. અને તે આશાના અવલંબનથી પોતે જીવે છે. એ પ્રમાણે ભગવાનને કહે છે અને તે આશાના બળથી એક દિવસ અવશ્ય પોતે આનંદઘન અર્થાત્ મોક્ષપદને અંબશે=પ્રાપ્ત કરશે.

અહીં વિશેષ એ છે કે, કોઈપણ કાર્યનો અર્થી પુરુષ તે કાર્ય માટે ઉચિત પ્રયત્ન કરે. આમ છતાં જ્યાં સુધી સ્પષ્ટ દિશા પ્રાપ્ત થાય નહીં, ત્યાં સુધી તે કાર્ય કરી શકે નહીં. છતાં પોતે તે કાર્યને અનુકૂળ દિશા પ્રાપ્ત કરવા માટે ઉદ્યમ કરે છે, તેના ઉપરથી તે વિચારી શકે છે કે, આ મારા ઉદ્યમથી એક

દિવસ કાળ પાકશે. તેથી મને તે કાર્ય કરવાને અનુકૂળ દિશા મળશે અને તે દિશાએ ચાલીને અવશ્ય તે કાર્ય હું પ્રાપ્ત કરીશ. તે આશાથી તે પ્રયત્ન કરે છે. તેમ સ્તવનકારશ્રી પણ મોક્ષપ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરે છે. **॥૬॥**

# 3. શ્રી સંભવનાથ જિન સ્તવન

(રાગ : રામગિરિ; રાતલડી રમીને કિંહાથી આવીઆ રે-એ દેશી)

**ગાથા :-**

**સંભવદેવ તે ધુર સેવો સવે રે, લહી પ્રભુ-સેવન ભેદ;**
**સેવન કારણ પહિલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ.**
**સંભવદેવ તે ધૂર સેવો સવે રે. ૧**

**ગાથાર્થ :-**

**સંભવનાથ ભગવાન તે સર્વ જીવ મુખ્ય રૂપે સેવો. કઈ રીતે સેવો ? તેથી કહે છે – પ્રભુના સેવનના ભેદને લઈને પ્રભુને સેવો. ભગવાનના સેવનનું કારણ પહેલી ભૂમિકા અભય, અદ્વેષ અને અખેદરૂપ છે. ॥૧॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીને આ મનુષ્યભવને પામ્યા પછી ભગવાનની સેવા જેવી મુખ્ય જણાય છે તેવું અન્ય કાંઈ કરવા જેવું જણાતું નથી. તેથી કહે છે – સર્વ જીવો સંભવનાથ ભગવાનને મુખ્યરૂપે સેવો.

અહીં પ્રશ્ન થાય કે, કઈ રીતે ભગવાનની સેવા થઈ શકે ? તેથી કહે છે - ભગવાનના સેવનના ભેદ તરતમતાની ભૂમિકાથી અનેક પ્રકારના છે. તેને જાણીને ભગવાનની સેવા કરો. આનાથી એ પ્રાપ્ત થાય કે, ભગવાન વીતરાગ છે અને આત્માની સર્વ કર્મરહિત અવસ્થાને પામેલા છે. તે અવસ્થાની પ્રાપ્તિના ઉપાય રૂપ એવી સાધનાની જેટલી અવસ્થા છે, તે સર્વ પ્રભુના સેવનના ભેદો છે. જેમ કોઈ નગરનો માર્ગ સ્વસ્થાનથી જેટલો દૂર હોય તે સ્થાનની પ્રાપ્તિમાં વચલો જે માર્ગ છે, તે આસન્ન દૂર આદિ ભેદથી તે સ્થાન પર પહોંચવાનો માર્ગ છે. તેમ સંસારમાર્ગથી વિપરીત વીતરાગગામી માર્ગ યોગની પહેલી ભૂમિકાથી માંડીને યોગનિરોધ સુધીની ભૂમિકા સુધીનો તરતમતાથી અનેક ભેદવાળો માર્ગ છે અને તે સર્વ ભેદો ભગવાનની સેવારૂપ છે. અને તેનો બોધ કરીને તે

સર્વ અવસ્થા પ્રત્યે રાગ કરીને સ્વભૂમિકાનુસાર વીતરાગ થવાની અવસ્થામાં ઉદ્યમ કરવામાં આવે તે પ્રભુની સેવા છે.

આ રીતે પ્રભુની સેવાનું સ્વરૂપ બતાવ્યા પછી તે સેવાનું કારણ **પહેલી ભૂમિકા** કેવી છે તે બતાવતા કહે છે – તે **પહેલી ભૂમિકા** અભય, અદ્વેષ અને અખેદરૂપ છે.

**(૧) અભય :-** કોઈ વિચારક પુરુષ સંસારનું વાસ્તવિક સ્વરૂપ વિચારે તો સંસારમાં પોતાનો આત્મા આ ચાર ગતિઓમાં અનેક પ્રકારની કદર્થના પામે છે. તે પ્રત્યક્ષથી વિચારકને દેખાય છે અને તે સ્થિતિ જોવાથી તેને સંસારના પરિભ્રમણનો ભય પેદા થાય છે. સંસારના પરિભ્રમણનો ભય પામેલ જીવને પણ આ સંસારમાંથી છૂટવાનો કોઈક ઉપાય છે, તેવો સામાન્ય બોધ થવાથી હેત ભયરહિત બને છે. અને ભયરહિત થઈને છૂટવાના ઉપાય વિષયક માર્ગાનુસારી ઊહાપોહ કરે છે. તે યોગમાર્ગની પ્રથમ અભયરૂપ ભૂમિકા છે. તેને આશ્રયીને 'નમુત્થુણં' સૂત્રમાં ભગવાનને 'અભયદયાણં' વિશેષણથી સંબોધેલ છે.

**(૨) અદ્વેષ :-** વળી, સંસારી જીવોને ભોગ પ્રત્યેનો ઉત્કટરાગ હોય છે. તેથી ભોગના સંક્લેશ વગરની મુક્ત અવસ્થા પ્રત્યે દ્વેષ હોય છે. જે જીવોને ભોગ પ્રત્યેનો રાગ હોવા છતાં ઉત્કટ રાગ શિથિલ થયેલો છે, તેથી ભોગરહિત અવસ્થા જે મુક્ત અવસ્થા છે અને તે જીવની પરમ સ્વસ્થ અવસ્થા છે, તેવું યોગીઓ પાસેથી સાંભળીને તેમને મોક્ષ પ્રત્યે દ્વેષ થતો નથી. જે **અદ્વેષરૂપ** યોગમાર્ગની પ્રથમ ભૂમિકા છે.

**(૩) અખેદ :-** વળી, યોગમાર્ગની પ્રથમ ભૂમિકાને પામેલા જીવો યોગમાર્ગને સેવવામાં ખેદદોષ વગરના હોય છે. તેથી અખેદવાળા હોય છે. સામાન્યથી જે જીવોને ભોગ પ્રત્યેનો ઉત્કટ રાગ હોય તેઓને ભોગના ઉપાયોમાં જ રાગ વર્તે છે, ભોગના ત્યાગમાં ક્યારેય પ્રીતિ થતી નથી. તેથી યોગમાર્ગનાં અનુષ્ઠાનો સેવવા માટે તેઓને ઉત્સાહ હોતો નથી. કોઈક કારણે તે યોગમાર્ગની બાહ્ય પ્રવૃત્તિ કરે તોપણ તે પ્રવૃત્તિમાં તેઓને પ્રીતિ થતી નથી. તેથી તે પ્રવૃત્તિમાં તેઓને ખેદદોષ વર્તે છે. અને જે જીવોને સંસારથી છૂટવાની ઇચ્છા છે તે

જીવોને સંસારથી છૂટવાના ઉપાયમાં ખેદ થતો નથી. તે અખેદરૂપ યોગની પ્રથમ ભૂમિકા છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**હવે અભય, અદ્વેષ અને અખેદને બતાવવા અર્થે તેના વિરુદ્ધ ભય, દ્વેષ અને ખેદનું સ્વરૂપ બતાવે છે –**

**ગાથા :-**

**ભય ચંચળતા હો જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ;**
**ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીએ રે, દોષ અબોધ લખાવ. સંભવ૦ ૨**

**ગાથાર્થ :-**

**જે પરિણામની ચંચળતા તે ભય છે. જે દ્વેષ તે અરોચક ભાવ છે. ખેદ પ્રવૃત્તિ કરતાં થાકીએ=પ્રવૃત્તિ કરવામાં અનુત્સાહ છે. આ ત્રણેય દોષો અબોધ=યોગમાર્ગના અબોધમાં લખાવ=અબોધ સમજો. ॥૨॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને મૃત્યુ આદિના સાત ભયો વર્તે છે. તેથી તે ભયોના નિવારણ માટે સતત પ્રયત્નવાળા હોય છે. આથી જ પોતાની આજીવિકાનો નાશ ન થાય તેના માટે ધનાર્જન આદિ કૃત્યોમાં પ્રયત્નવાળા હોય છે. તે ચંચળતાનો પરિણામ જીવોમાં અત્યંત છે. તેથી તેઓ સ્વસ્થતાથી ચાર ગતિઓની વિડંબણાનો વિચાર કરતા નથી. પરંતુ સાત પ્રકારના ભયોના જ પરિહારમાં મૂઢની જેમ યત્નવાળા છે તેથી તેના પરિહાર માટે વર્તતી ચંચળતા તે 'ભય' નામનો દોષ છે. જેઓને સંસારનો ગાઢ રાગ કંઈક ઓછો થયો છે તેઓ સ્વસ્થતાથી ભગવાનની મુદ્રા જોઈને સંસારના સાત ભયોથી છૂટવાનો ઉપાય કંઈક છે તેમ ભગવાનની શાંત મુદ્રાથી જાણે છે. તેથી તેઓ સ્વસ્થતાથી ચાર ગતિના પરિભ્રમણનો વિચાર કરીને તેનાથી છૂટવા માટેનો ઉચિત ઉપાય વિચારે છે. તે ચંચળતાના પરિણામથી વિરોધી 'અભય'ની ભૂમિકા છે.

વળી, દ્વેષ અરોચક ભાવ છે. જેઓને યોગમાર્ગ અને યોગમાર્ગના ફળરૂપ

મોક્ષ પ્રત્યે અરોચક ભાવ છે, તેઓમાં દ્વેષ વર્તે છે; કેમ કે ભવના ઉત્કટ રાગી જીવોને ભોગમાર્ગ પ્રત્યે રુચિ હોય છે અને ભોગના ત્યાગરૂપ યોગમાર્ગ અને ભોગના સર્વથા અભાવરૂપ મોક્ષ પ્રત્યે અરોચકભાવ હોય છે. અને જે જીવોને ભોગનો ઉત્કટ રાગ નથી, તે જીવોને ભોગના ત્યાગરૂપ યોગમાર્ગ પ્રત્યે અરોચકભાવ નથી અને ભોગરહિત એવા મોક્ષ પ્રત્યે અરોચકભાવ નથી. આથી જ સંસારના ભોગો આરંભસમારંભ રૂપ છે અને તે ભોગો માટે કરાયેલા આરંભસમારંભથી દુર્ગતિ મળે છે, તેમ સાંભળીને દુર્ગતિથી આત્માનું રક્ષણ કરવા અર્થે તેઓને ત્યાગમાર્ગ પ્રત્યે રુચિ થાય છે.

વળી, જેઓને ભોગાદિનો ઉત્કટ રાગ છે, તેઓને ભોગાદિના ત્યાગરૂપ ધર્મની પ્રવૃત્તિમાં ઉત્સાહ થતો નથી. કોઈક સંયોગથી ધર્મ કરે તોપણ ખેદને કારણે તે પ્રવૃત્તિ કરતાં તેઓને થાક લાગે છે. તેથી ખેદપૂર્વક પ્રવૃત્તિ કરે છે. જ્યારે યોગની પ્રથમ ભૂમિકાવાળા જીવો તો સંસારના પરિભ્રમણની કદર્થનાથી ઉદ્વેગ પામેલા છે. તેથી સંસારના પરિભ્રમણથી છૂટવાના ઉપાયભૂત યોગમાર્ગને પ્રીતિપૂર્વક, સ્વભૂમિકાનુસાર સેવે છે. તેઓને યોગમાર્ગની પ્રવૃત્તિમાં અખેદ વર્તે છે. ભય, દ્વેષ અને ખેદ આ ત્રણેય દોષો અબોધ=જીવનું અજ્ઞાન કહેવાય છે. આથી અજ્ઞાનને વશ જીવો સંસારની સર્વ કદર્થના પામે છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**બીજી ગાથામાં ભગવાનની સેવાની પહેલી ભૂમિકાનું સ્વરૂપ વ્યતિરેકથી બતાવ્યું. હવે તે ભગવાનની સેવાની પહેલી ભૂમિકા ક્યારે પ્રગટ થાય છે તે સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**ચરમાવર્તે હો ચરમકરણ તથા રે, ભવપરિણતિ પરિપાક;**
**દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી રે, પ્રાપ્તિ પ્રવચનવાક્. સંભવ૦ ૩**

**ગાથાર્થ :-**

**ચર્માવર્તમાં ચરણકરણથી=ચરમયથાપ્રવૃત્તિકરણથી પહેલી ભૂમિકા મળે છે, એમ અન્વય છે. વળી તે અવસ્થા ભવપરિણતિના પરિપાકરૂપ**

**છે અર્થાત્ ભવપરિણતિ નાશ થવાને સન્મુખ છે. વળી દોષ ટળે છે અને ભલી દૃષ્ટિ ખૂલે છે તે ભગવાનની સેવાની પહેલી ભૂમિકાની પ્રાપ્તિ છે, એ પ્રમાણે પ્રવચનની વાણી છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવો અનંતકાળથી સંસારમાં ભટકે છે અને મિથ્યાત્વની પ્રચુરતાને કારણે સંસારી જીવોને અત્યંત વિપર્યાસ વર્તે છે. તેથી માત્ર ભોગાદિમાં જ તેઓને રતિ હોય છે. ભોગમાર્ગથી પર એવા યોગમાર્ગનો સન્મુખભાવ પણ તે જીવોને થતો નથી અને જ્યારે કંઈક મિથ્યાત્વ મંદ થાય છે ત્યારે તેઓ મિથ્યાત્વની મંદ અવસ્થારૂપ ચરમાવર્તને પામે છે અને ચરમાવર્તમાં રહેલા એવા તે જીવો ચરમયથાપ્રવૃત્તિકરણ રૂપ યોગની પહેલી ભૂમિકાને પ્રાપ્ત કરે છે. તે વખતે તેઓમાં અભય, અદ્વેષ અને અખેદરૂપ ભગવાનની સેવાની પહેલી ભૂમિકા પ્રાપ્ત થાય છે અને આ પહેલી ભૂમિકા ભવની પરિણતિના પરિપાકરૂપ છે; કેમ કે આ ભૂમિકામાં જીવો ભવના પરિભ્રમણથી કંઈક વિમુખ થઈને યોગમાર્ગને સન્મુખ થયા છે. તેથી ભવની પરિણતિ હવે નાશ થવાને અનુકૂળ પરિપાકને પામેલ છે.

વળી, આ પહેલી ભૂમિકામાં આત્મામાં સંસાર પરિભ્રમણના કારણભૂત એવા દોષો કંઈક ટળે છે. અને આત્માના હિતને જોવાનું કારણ એવી ભલી યોગની દૃષ્ટિ ખૂલે છે. તે વખતે ભગવાનની સેવાની પહેલી ભૂમિકાની પ્રાપ્તિ થાય છે એ પ્રમાણે પ્રવચનની વાણી છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**વળી, પહેલી ભૂમિકાવાળા જીવો અન્ય શું કરે છે, જેથી ઉત્તર-ઉત્તરની ભૂમિકાઓ તેઓમાં પ્રગટ થાય છે, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**પરિચય પાતકઘાતક સાધુ શું રે, અકુશલ અપચય ચેત;**
**ગ્રંથ અધ્યાતમ શ્રવણ-મનન કરી રે, પરિશીલન નય-હેત.**
**સંભવ૦ ૪**

**ગાથાર્થ :-**

**પાતકના ઘાતક=પાપોનો નાશ કરનાર એવા સાધુ શું=એવા સાધુ સાથે પરિચય કરે છે. જે સાધુનો પરિચય અકુશળના અપચયને કરનાર છે. વળી, અધ્યાત્મ ગ્રંથનું શ્રવણ, મનન અને પરિશીલન નયના હેતુથી કરે છે=બોધના હેતુથી કરે છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

યોગની પહેલી ભૂમિકાને પામેલા ભગવાનની સેવા કરે છે અને તે સેવા કેવા પ્રકારની છે તે બતાવવા કહે છે –

યોગની ભૂમિકાને પામેલા જીવોને પાપના નાશને કરનારા એવા ઉત્તમ પુરુષો સાથે પરિચય કરવાનું મન થાય છે. જે તેઓમાં પ્રગટ થયેલ યોગાવંચકનું કાર્ય છે. અર્થાત્ ઉત્તમ પુરુષોનો યોગ અવંચક પ્રાપ્ત થાય તેવી નિર્મલતા તેઓમાં પ્રગટી છે તેનું કાર્ય છે. વળી, આવા જીવો ઉત્તમ પુરુષોનો પરિચય કરે છે. તે ઉત્તમ પુરુષોનો પરિચય પોતાનામાં વર્તતાં સંસારના ભોગાદિના રાગ રૂપ અકુશળ ભાવ તેના અપચયનો હેતુ છે. અર્થાત્ તે મહાત્માઓ સાધુના પરિચય દ્વારા પોતાના અકુશળ ભાવોને ઘટાડે છે અને આત્મકલ્યાણને અભિમુખ અધિક અધિક ઉદ્યમ કરે છે. વળી તેવા જીવો સાધુઓ પાસેથી અધ્યાત્મગ્રંથનું શ્રવણ કરે છે. તે શ્રવણ કર્યા પછી તે શાસ્ત્રના પદાર્થોનું સ્વબુદ્ધિઅનુસાર મનન કરે છે. જેથી યુક્તિ અને અનુભવથી તે અધ્યાત્મના પદાર્થો પોતાનામાં સ્થિર થાય છે. અને મનન કરીને તેનો નિર્ણય કર્યા પછી પોતાનામાં તે ભાવોને નિષ્પન્ન કરવા માટે ફરી ફરી પરિશીલન કરે છે. જે શ્રવણ, મનન અને પરિશીલન યથાર્થ બોધનો હેતુ બને છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**આ રીતે યોગની પ્રથમ ભૂમિકા પામ્યા પછી જીવો સાધુનો પરિચય કરીને શ્રવણ-મનન આદિ દ્વારા ઉત્તરોત્તરની ભૂમિકાને પામે છે તેમ અત્યાર સુધી સ્થાપન કર્યું. અને તેમ કરવાથી ભગવાનની સેવાની ઉપર ઉપરની ભૂમિકાઓ પણ અવશ્ય પ્રગટ થાય છે. તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**કારણ જોગે હો કારજ નીપજે રે, એહમાં કોઈ ન વાદ;**
**પણ કારણ વિણ કારજ સાધીએ રે, એ નિજ મત ઉન્માદ.**
**સંભવ૦ ૫**

**ગાથાર્થ :-**

**કારણના યોગે કાર્ય નીપજે છે. એમાં કોઈ વાદ નથી=વિવાદ નથી. પણ કારણ વગર=કારણના સેવ્યા વગર કાર્યને સાધીએ તે પોતાના મતનો ઉન્માદ છે. ।।૫।।**

**ભાવાર્થ :-**

સંસારમાં સર્વત્ર દેખાય છે કે જે કાર્યની પ્રાપ્તિ કરવી હોય તે કાર્યને અનુરૂપ કારણનો યોગ થાય તો તે કાર્ય અવશ્ય નિષ્પન્ન થાય છે. એમાં કોઈ વાદવિવાદ નથી. તેમ જેઓ યોગમાર્ગની પ્રથમ ભૂમિકાને પામીને સાધુઓનો યોગ કરે છે અને અધ્યાત્માદિ ગ્રંથોનું શ્રવણ કરે છે અને શ્રવણ પછી મનન કરીને તેનું પરિશીલન કરે છે. તેઓ યોગમાર્ગની ઉપરની ભૂમિકામાં જવાનાં કારણોનું સેવન કરે છે. તેના દ્વારા ઉત્તર-ઉત્તરની યોગમાર્ગની ભૂમિકાની પ્રાપ્તિરૂપ કાર્યો નિષ્પન્ન થાય છે તેમાં કોઈ વિવાદ નથી. પરંતુ જેઓ અધ્યાત્માદિ ગ્રંથોનું શ્રવણ આદિ કરતા નથી અને ઉત્તર ઉત્તરની ભૂમિકાને મેળવવાની નિષ્પત્તિની ચિંતા કરે છે, તેઓ કારણને સેવ્યા વગર કાર્યને સાધવાનો ઉલ્લાસ કરે છે. તે પોતાના મતનો ઉન્માદ છે=પોતાની રુચિનો ઉન્માદ છે.

તેથી એ ફલિત થાય કે, ભગવાનની સેવાની પ્રથમ ભૂમિકાને પામ્યા પછી જીવે પોતાની શક્તિ અનુસાર ઉત્તમ પુરુષોનો યોગ કરવો જોઈએ અને તેઓ પાસેથી અધ્યાત્માદિ ગ્રંથોનું શ્રવણ કરવું જોઈએ, શ્રવણ કર્યા પછી સ્વબુદ્ધિ અનુસાર તે પદાર્થોનું મનન કરવું જોઈએ, અને મનન કર્યા પછી તે પ્રકારના ભાવો પોતાનામાં પ્રગટ થાય તેવું પરિશીલન કરવું જોઈએ. જેથી ઉત્તર ઉત્તરની યોગની ભૂમિકા અવશ્ય પ્રાપ્ત થાય છે. ।।૫।।

**અવતરણિકા :-**

કારણનું સેવન કર્યા વગર ફળના અર્થી જીવોમાં વર્તતો ઉન્માદ કેવો છે તે બતાવીને પોતાને સમ્યગ્માર્ગ સેવવાની શક્તિ પ્રાપ્ત થાય તેની યાચના કરતાં કહે છે –

**ગાથા :-**

**મુગધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનુપ;**
**દેજો કદાચિત્ સેવક-યાચના રે, 'આનંદઘન' રસ રૂપ. સંભવ૦ ૬**

**ગાથાર્થ :-**

**મુગ્ધ જીવો સુગમ કરી ભગવાનની સેવા સ્વીકારે છે=માત્ર સુગમ એવી બાહ્ય ક્રિયા કરીને પોતે ભગવાનની સેવા કરે છે તેમ માને છે. સેવન=ભગવાનની સેવા ખરેખર અગમ છે=મુગ્ધ જીવોથી જણાય નહીં તેવી અનુપમ છે=સંસારના સર્વ ભાવો કરતાં વિલક્ષણ હોવાથી ઉપમા ન આપી શકાય તેવી છે. ક્યારેક સેવકની યાચનાને=સ્તવનકારશ્રી કહે છે કે, ભગવાનના સેવક એવા મારી યાચનાને ભગવાન તમે આપજો, જે યાચના આનંદઘનના રસ સ્વરૂપ છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહેલ કે, કેટલાક જીવો કારણને સેવ્યા વગર કાર્યને સાધવામાં ઉન્માદવાળા છે. તે સ્પષ્ટ કરતાં કહે છે –

સંસારમાં મુગ્ધ જીવો માત્ર બાહ્ય ક્રિયા કરીને ભગવાનની સેવા કરવામાં આદરવાળા છે તેમ કહેવાય; કેમ કે સુગમ સેવાની પ્રવૃત્તિ અંતરંગ યત્ન વગર માત્ર બાહ્ય આચરણારૂપ છે. પરંતુ તેવી સેવા વીતરાગતાનું કારણ નહીં હોવાથી મોક્ષનું કારણ નથી. માટે મુગ્ધ જીવોની તે સુગમ ઉપાયરૂપ સેવા કારણ વગર કાર્યને સાધવા માટેના ઉન્માદરૂપ છે. તો ખરેખર ભગવાનની સેવા કેવી છે ? તે બતાવતાં કહે છે –

ભગવાનની સેવા ભગવાન તુલ્ય થવાને અનુકૂળ અંતરંગ ઉદ્યમરૂપ છે.

તેથી મુગ્ધ જીવોથી અગમ છે=મુગ્ધ જીવો તેને જાણી શકે નહીં તેવી છે. વળી, ભગવાનની સેવા અનુપમ છે અર્થાત્ સંસારની કોઈપણ પ્રવૃત્તિમાંથી જે આનંદ ઉત્પન્ન ન થઈ શકે તેવો પ્રભુની સેવામાંથી શાંતરસનો આનંદ ઉત્પન્ન થાય છે. માટે અનુપમ છે; કેમ કે જે જીવો ભગવાને બતાવેલાં અધ્યાત્મશાસ્ત્રોનું શ્રવણ, મનન કરે છે અને ભગવાનના ગુણો પ્રત્યેના આકર્ષણને કારણે ભગવાનની ભક્તિ કરે છે, તેઓને ભગવાનની ભક્તિકાળમાં ભગવાનના ગુણોથી વાસિત થયેલા ચિત્તમાં અનુપમ આનંદ ઉત્પન્ન થાય છે, અર્થાત્ અનુપમ રસાસ્વાદ આવે છે.

વળી, સ્તવનકારશ્રી કહે છે કે, "હે ભગવન્ ! સેવકની યાચના ક્યારેક આપજો" અર્થાત્ આ સેવક યાચના કરે છે કે કારણથી જ કાર્ય થાય છે તે નિયમ અનુસાર અગમને અનુપમ એવી તમારી સેવા મને પ્રાપ્ત થાય તેવું કરજો. જે તમારી સેવા આનંદઘનના રસ સ્વરૂપ છે. તેવી સેવા મને આપજો. પરંતુ મુગ્ધજનો જેવી સુગમ સેવા કરે છે, તેવી સેવાથી મને સંતોષ નથી. ॥૬॥

## ૪. શ્રી અભિનંદન જિન સ્તવન

(રાગ : ધન્યાસિરિ; સિંધુઓ; આજ નિહેજો રે દીસે નાઈલો રે-એ દેશી)

**અવતરણિકા :-**

**સ્તવનકારશ્રી અભિનંદન સ્વામીને સન્મુખ રાખીને તેમનામાં વર્તતા વીતરાગભાવના દર્શનના અભિલાષને અભિવ્યક્ત કરતાં કહે છે –**

**ગાથા :-**

**અભિનંદન જિન ! દરિસણ તરસીએ, દરિસણ દુરલભ દેવ;**
**મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ.**
**અભિનંદન જિન ! દરિસણ તરસીએ. ૧**

**ગાથાર્થ :-**

**હે અભિનંદન જિન ! તમારું દર્શન કરવા માટે અમે તરસીએ છીએ. અર્થાત્ અત્યંત અભિલાષ કરીએ છીએ. પરંતુ હે દેવ ! તમારું દર્શન દુર્લભ છે. કેમ તમારું દર્શન દુર્લભ છે ? તેથી કહે છે –**

**જુદા-જુદા મતોના ભેદમાં જઈને પરમાત્માનું સ્વરૂપ પૂછીએ છીએ તો બધા દર્શનકારો પોતાનો જ મત સ્થાપે છે. તેથી દર્શન દુર્લભ છે. ॥૧॥**

**ભાવાર્થ :-**

અભિનંદન સ્વામીને સંબોધીને સ્તવનકારશ્રી કહે છે કે, ભગવાન તમારું પારમાર્થિક સ્વરૂપે દર્શન કરવા માટે અમે તલસી રહ્યાં છીએ. પરંતુ તમારું પારમાર્થિક સ્વરૂપે દર્શન અતિદુર્લભ છે. તેથી પ્રાપ્ત થતું નથી. કેમ ભગવાનનું દર્શન અતિદુર્લભ છે. તેથી કહે છે – ભગવાનના સ્વરૂપને જાણવા માટે જુદા-જુદા દર્શનકારો પાસે જઈને તેનું સ્વરૂપ પૂછીએ છીએ. તો સર્વ દર્શનકારો પોતપોતાની માન્યતા સ્થાપે છે. જે માન્યતામાં પરસ્પર વિરોધ દેખાવાથી ભગવાનના પારમાર્થિક સ્વરૂપનો નિર્ણય થઈ શકતો નથી. તેથી ભગવાનના પારમાર્થિક સ્વરૂપે ભગવાનનું દર્શન દુર્લભ છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**ભગવાનનું દર્શન દુર્લભ કેમ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**સામાન્યે કરી દરિસણ દોહિલું, નિરણય સકલ વિશેષ;**
**મદમેં ઘેર્યો રે અંધો કિમ કરે, રવિ-શશિ-રૂપ વિલેખ.**

**અભિનંદન૦ ૨**

**ગાથાર્થ :-**

**સામાન્ય કરીને ભગવાનનું દર્શન દુર્લભ છે. અને સકલ વિશેષ અશક્ય છે. કેમ ભગવાનના સ્વરૂપનો સકલ વિશેષનો નિર્ણય અશક્ય છે ? તેથી કહે છે – મદમાં ઘેરાયેલો એવો આંધળો પુરુષ સૂર્ય અને ચંદ્રના રૂપનું વિલેખન=વિશ્લેષણ કઈ રીતે કરી શકે ? અર્થાત્ કરી શકે નહીં. ॥૨॥**

**ભાવાર્થ :-**

વીતરાગનું વીતરાગરૂપે સામાન્યે કરીને દર્શન થવું દુર્લભ છે. સંપૂર્ણ વિશેષનો નિર્ણય અશક્ય છે. આમ છતાં તે-તે દર્શનવાળા એકાંતવાદના મદમાં ઘેરાયેલા એવા અંધ કેવી રીતે વિશેષનો નિર્ણય કરી શકે ? જેમ અંધ પુરુષ સૂર્ય અને ચંદ્રના રૂપનું વિલેખન=વિશ્લેષણ કરી શકે નહીં.

આશય એ છે કે, અનંતકાળથી જીવ સંસારમાં ભટકે છે. પરંતુ મોક્ષને અનુકૂળ એવા ગુણો પ્રત્યેનો પક્ષપાત જીવને થતો નથી. અને તેથી જ ઉપાસ્ય એવા વીતરાગને સામાન્યથી પણ વીતરાગરૂપે જાણીને ઉપાસના કરતો નથી. ક્યારેક સંસારના આલોક અને પરલોક આદિના આશયથી વીતરાગની ઉપાસના કરે, સંયમ ગ્રહણ કરે તોપણ સંસાર અવસ્થાથી પર અવસ્થાને પામેલા વીતરાગના ગુણોને જાણવાની જિજ્ઞાસા પણ થતી નથી. તેથી સામાન્યથી ભગવાનનું દર્શન દુર્લભ છે.

કોઈક રીતે કર્મોની અલ્પતા થવાને કારણે યોગમાર્ગની પહેલી દૃષ્ટિ પ્રાપ્ત

થાય છે ત્યારે અભય, અદ્વેષ અને અખેદગુણ આવે છે. ત્યારે આદ્યભૂમિકામાં સામાન્યથી ભગવાનનું દર્શન થાય છે અને તે સામાન્ય બોધ થયા પછી, સંભવનાથ ભગવાનના સ્તવનમાં કહ્યું તેમ કોઈ મહાત્મા સાધુઓનો પરિચય કરે, અધ્યાત્મનું શ્રવણ-મનન-પરિશીલન કરે તેમ તેમ સામાન્ય દર્શન કંઈક વિશેષથી પ્રાપ્ત થાય છે. પરંતુ ભગવાનના સ્વરૂપના સર્વ વિશેષનો નિર્ણય છદ્મસ્થને થઈ શકતો નથી. આમ છતાં સ્વ-સ્વ દર્શનના અભિનિવેશવાળા કેટલાક દર્શનકારો ઉપાસ્ય એવા ભગવાનના વિષયમાં વિશેષ વિશેષ કહે છે. અને કહે છે કે, જે અનાદિશુદ્ધ હોય તે જ ઉપાસ્ય, પાછળથી સાધના કરીને સિદ્ધ થયા હોય તે ઉપાસ્ય બની શકે નહીં. ઇત્યાદિરૂપ અનેક પ્રકારની વિશેષતાઓ કહે છે, તે છદ્મસ્થને દેખાતો પદાર્થ નથી; કેમ કે છદ્મસ્થ અતીન્દ્રિય પદાર્થને જોઈ શકતા નથી. તેથી છદ્મસ્થ સામાન્યથી એ નિર્ણય કરી શકે 'જે ગુણથી પૂર્ણ હોય તે ઉપાસ્ય હોય.' ગુણથી પૂર્ણ હોવા છતાં જે અનાદિશુદ્ધ નથી તે ઉપાસ્ય નથી તેવો વિશેષ નિર્ણય જેઓ કરે છે, તેઓ સ્વમતિના આગ્રહથી સર્વજ્ઞના વિશેષ સ્વરૂપનો ઉલ્લેખ કરવા પ્રયત્ન કરે છે. વાસ્તવિક રીતે આંધળો પુરુષ જેમ આ સૂર્ય અને ચંદ્રનું સ્વરૂપ ચોરસ છે, લાંબું છે ઇત્યાદિ ઉલ્લેખ કરે તે મદથી કરી શકે છે, પદાર્થના અવલોકનથી કરી શકતા નથી. તેમ છદ્મસ્થજીવો સ્વ-સ્વ દર્શનના ઉન્માદથી અનાદિશુદ્ધ જ ઉપાસ્ય છે, અન્ય નહીં ઇત્યાદિ ઉલ્લેખ કરે છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે, ભગવાનનું સામાન્યથી દર્શન થાય છે. સંપૂર્ણ વિશેષનો નિર્ણય અશક્ય છે અને તે સામાન્ય દર્શન પણ અતિદુર્લભ છે. તેથી પ્રશ્ન થાય કે, સામાન્યથી પણ ભગવાનનું દર્શન કરવા માટે શું કરવું જોઈએ અને તે દુર્લભ કેમ છે, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**હેતુ-વિવાદે હો ચિત્ત ધરી જોઈએ, અતિ દુરગમ નયવાદ;**
**આગમવાદે હો ગુરુગમ કો નહીં, એ સબળો વિખવાદ.**

**અભિનંદન૦ ૩**

**ગાથાર્થ :-**

**હેતુના વિવાદને કારણે ચિત્તમાં ધરીને જોવા માટે પ્રયત્ન કરીએ તો અતિદુર્ગમ નયવાદ છે=ભગવાનને જાણવાનો ઉપાય જે નયવાદ છે તેને પ્રાપ્ત કરવો અતિદુષ્કર છે.**

ત્યાં પ્રશ્ન થાય કે, આગમ દ્વારા નયવાદનો બોધ થશે. તેથી કહે છે –

**આગમવાદમાં કોઈ ગુરુગમ નથી. અર્થાત્ કાળદોષને કારણે તેવા ગુરુઓ નથી કે આગમના નયવાદને ઉચિત સ્થાને યોજીને ભગવાનનું દર્શન કરાવે. એ સબલો વિખવાદ છે અર્થાત્ ગુરુગમના અભાવને કારણે આગમના વિષયક એ મોટો વિખવાદ છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

ભગવાનનું દર્શન કરવા અર્થે ક્યું દર્શન સર્વજ્ઞકથિત છે અને સર્વજ્ઞના પારમાર્થિક સ્વરૂપનો બોધ કરાવનાર છે, તેનો વિવાદ ચિત્તમાં ધારણ કરીએ તો એ નિર્ણય કરવો પડે કે નયવાદનો જો માર્ગાનુસારી બોધ થાય, તો તે-તે નયના યથાર્થ બોધથી પરમાત્માના સ્વરૂપનો કંઈક બોધ થાય. પરંતુ ભગવાનના શાસનમાં કહેલો નયવાદ અતિદુર્ગમ છે. તેથી તેના રહસ્યને પામીને ભગવાનનું દર્શન કરવું અતિ દુષ્કર છે. કોઈક પ્રાજ્ઞ પુરુષ દુર્ગમ પણ એવા નયવાદને યથાર્થ જાણીને તેના દ્વારા ભગવાનના સ્વરૂપનો કંઈક બોધ કરી શકે તોપણ પોતાના માટે તે સ્વરૂપનો બોધ અશક્ય છે. તેથી ભગવાનને સ્તવન કરતાં કહે છે કે, તમારું સ્વરૂપ જાણવાના ઉપાયભૂત નયવાદ અમારા માટે અતિદુર્લભ છે.

અહીં પ્રશ્ન થાય કે, આગમના અધ્યયનથી દુર્ગમ એવો પણ નયવાદનો બોધ થશે. માટે આગમનું અધ્યયન કરીને દુર્ગમ એવા નયવાદનો બોધ યથાર્થ થવાથી ભગવાનનું વિશેષ દર્શન થશે. તેથી સ્તવનકારશ્રી કહે છે. આગમના વાદમાં તેવો ગુરુગમ નથી કે જેથી તેવા ગુરુના બળથી દુર્ગમ એવા નયવાદના પરમાર્થને અમે પામી શકીએ. તે સબળો વિખવાદ પ્રાપ્ત થયો છે=તે બલવાન વિપરીત સ્થિતિ વર્તમાનમાં પ્રાપ્ત થઈ છે. તેથી ભગવાનનું દર્શન નયવાદ દ્વારા પ્રાપ્ત કરવું અતિદુષ્કર છે. ॥૩॥

**અવતરણિકા :-**

ભગવાનનાં પારમાર્થિક દર્શન કરવા માટે નયવાદનો બોધ આવશ્યક છે અને તે બોધ પોતાને કેમ થઈ શકતો નથી, તે બતાવવા અર્થે કહે છે –

**ગાથા :-**

**ઘાતી ડુંગર આડા અતિઘણા, તુજ દરિસણ જગનાથ;**
**ધીઠાઈ કરી મારગ સંચરું, સેંગુ કોઈ ન સાથ. અભિનંદન૦ ૪**

**ગાથાર્થ :-**

**હે ભગવાન ! જગન્નાથ ! તમારાં દર્શન કરવામાં ઘાતી કર્મના ડુંગર અતિઘણા આડા આવે છે. ધીઠ્ઠાઈ કરીને માર્ગમાં જવા પ્રયત્ન કરું છું, પરંતુ સેંગુ=સ્થાને પહોંચાડે એવા સંગીનો, કોઈ સાથ નથી, તેથી કેવી રીતે તમારું દર્શન થાય ? અર્થાત્ થઈ શકે નહીં. ॥૪॥**

**ભાવાર્થ :-**

ભગવાનના સ્વરૂપને જાણવા માટે આગમનાં વચનો જ ઉપાય છે. પરંતુ આગમના વચનથી ભગવાનના સ્વરૂપનો બોધ પોતાને કેમ થતો નથી ? તેથી સ્તવનકારશ્રી કહે છે –

હે જગન્નાથ ! તમારાં દર્શન કરવામાં ચાર ઘાતી કર્મના ડુંગરો ઘણા આડા આવે છે. તેઓ ખસે તો સુખપૂર્વક પરમાત્માનું દર્શન થાય. પરંતુ તે ઘાતી કર્મરૂપી ડુંગરાઓ ઓળંગવા અતિદુષ્કર છે. આમ છતાં વિચાર્યા વગર ધીઠ્ઠાઈ કરીને તે ડુંગરાઓ ઓળંગવા માટે શાસ્ત્રના અધ્યયનરૂપ માર્ગમાં હું સંચરું, એટલામાત્રથી તે ડુંગરાઓ ઓળંગી શકાય નહીં અને હું કોઈનો સાથ લઉં નહીં તે મારી અવિચારકતા છે. માટે ઘાતી કર્મોના ડુંગરા ઓળંગવા હોય તો ઉત્તમ જ્ઞાની પુરુષોના સાથને ગ્રહણ કરીને, તેમના અવલંબનથી શાસ્ત્રોના અર્થને યથાર્થ જાણવા માટે ઉદ્યમ કરવામાં આવે તો કંઈક ઘાતી કર્મોના નિર્ગમનથી ભગવાનનું દર્શન પ્રાપ્ત થાય. ॥૪॥

**અવતરણિકા :-**

**યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરીને ભગવાનનાં દર્શનની પ્રાપ્તિના અર્થી સ્તવનકારશ્રી ભગવાનનાં દર્શનના ઉલ્લાસથી સત્શાસ્ત્રોમાં યત્ન કરે છે. તોપણ વિશેષ સંતોષ કેમ થતો નથી. તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**દરિસણ દરિસણ રટતો જો ફિરું, તો રણરોઝ સમાન;**
**જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષપાન.**

**અભિનંદન૦ ૫**

**ગાથાર્થ :-**

**તો=કોઈનો સાથ સ્વીકાર્યા વગર ધીટ્ટાઈ કરીને માર્ગમાં સંચરું તો રણરોઝની જેમ=રણના પ્રાણીની જેમ દર્શન-દર્શન રટતો હું ફરું છું. અર્થાત્ રણનું પ્રાણી જલ-જલ કરતું જેમ ફરે છે તેમ દર્શન-દર્શન રટતો હું ફરું છું. જેને અમૃતપાનની પિપાસા છે=અમૃતતુલ્ય પરમાત્માના સ્વરૂપની પ્રાપ્તિની પિપાસા છે, તેને વિષપાનથી=માત્ર બાહ્ય પ્રવૃત્તિથી તે પિપાસા કઈ રીતે ભાગે !? ||૫||**

**ભાવાર્થ :-**

જેમ રણમાં રોઝ પ્રાણી પાણીના અર્થે આમતેમ ફર્યા કરે છે અને પાણીનું રટણ કરે છે. પરંતુ રણભૂમિમાં પાણી મળે નહીં, તેમ ભગવાનનું દર્શન પ્રાપ્ત કરવું છે, તે પ્રમાણે રટણ કરતો, જ્યાં ત્યાં ફરું તો રણભૂમિ જેવાં યથાતથા વચનોથી ભગવાનના સ્વરૂપનું દર્શન થાય નહીં. જેને ભગવાનના પારમાર્થિક સ્વરૂપને જાણવાની પિપાસા થઈ છે, તેઓને અમૃતપાનની પિપાસા વર્તે છે. તેવા યોગીઓને વિષપાન જેવાં યથાતથા તે-તે દર્શનનાં વચનો અને વિષપાન જેવી તે-તે દર્શનની ક્રિયાઓ કઈ રીતે પિપાસાને શાંત કરે ! અર્થાત્ પિપાસા શાંત થાય નહીં. **||૫||**

**અવતરણિકા :-**

**ભગવાનના સ્વરૂપનું પારમાર્થિક દર્શન થાય તો આ સંસારનો અંત થાય છે અને તે દર્શન ભગવાનની કૃપાથી થાય છે તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**તરસ ન આવે હો મરણજીવન તણો, સીઝે જો દરિસણ કાજ;**
**દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી, 'આનંદઘન' મહારાજ.**

**અભિનંદન૦ ૬**

**ગાથાર્થ :-**

**જો દર્શનનું કાર્ય સીજે=સરે=પ્રાપ્ત થાય, તો મરણ અને જીવન તણી તરસ=ત્રાસ પ્રાપ્ત થાય નહીં. અને ભગવાનનું દર્શન દુર્લભ હોવા છતાં આનંદઘન મહારાજની કૃપાથી સુલભ છે. ।।૬।।**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી ભગવાનના દર્શનના અત્યંત અભિલાષી છે અને તેથી ભગવાનના દર્શનના અર્થે સર્વયત્ન કરી રહ્યા છે. છતાં ભગવાનનું દર્શન તેમને દુર્લભ જણાય છે. આવું દુર્લભ એવું ભગવાનનું દર્શન હોવા છતાં પોતે કેમ તેનામાં પ્રયત્ન કરે છે ? તેથી કહે છે –

જો ભગવાનનું દર્શન પ્રાપ્ત થાય તો સંસારમાં મરણ અને જન્મનો ત્રાસ ક્યારેય પ્રાપ્ત થાય નહીં; કેમ કે જે યોગીઓને પરમાત્માનું દર્શન પરમાત્મારૂપે થાય છે તે યોગીઓ પરમાત્માની ઉપાસના કરીને શીઘ્ર વીતરાગસર્વજ્ઞ બને છે. તેથી મૃત્યુ પછી ફરી જન્મતા નથી અને સંસારી જીવોને જે જન્મ-મરણનો ત્રાસ છે, તે જન્મ-મરણનો ત્રાસ ભગવાનના દર્શનથી યોગીઓને ક્યારેય આવતો નથી. માટે દુર્લભ એવા પણ ભગવાનના દર્શન માટે સ્તવનકારશ્રી સતત યત્ન કરી રહ્યા છે. ત્યાં પ્રશ્ન થાય કે, પૂર્વમાં કહ્યું તે રીતે ભગવાનનું દર્શન અતિદુર્લભ છે. તેથી અતિદુર્લભ એવું ભગવાનનું દર્શન કઈ રીતે પ્રાપ્ત થઈ શકે માટે ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

ભગવાનનો આત્મા આનંદઘન છે અને આનંદઘન મહારાજની કૃપા થકી દુર્લભ એવું દર્શન પણ સુલભ બને છે.

આશય એ છે કે, ભગવાન આનંદઘન છે અને તેઓ કોઈના પ્રત્યે, કોપવાળા કે કોઈના પ્રત્યે કૃપાવાળા થતા નથી. આમ છતાં સંસાર અવસ્થામાં જ્યારે તીર્થંકરો વિદ્યમાન હોય છે, ત્યારે જગતના જીવોને પોતાના તુલ્ય થવા માટે સન્માર્ગ બતાવે છે અને તે સન્માર્ગ જે જીવોને જેટલો-જેટલો પરિણમન પામે છે તે સર્વ ભગવાનની કૃપાથી મળ્યો તેમ વ્યવહારમાં કહેવાય છે. જેમ શાસ્ત્ર-અધ્યયનની ક્રિયા કોઈક પાસેથી કરવામાં આવે તો કહે, આ પુરુષની પાસેથી ભણીને મને પરમાત્મબોધ થયો. વસ્તુતઃ તે જીવે પોતાનામાંથી પોતાનું જ્ઞાન શ્રોતાને આપ્યું નથી. પરંતુ તે ઉપદેશકના વચનથી શ્રોતાને તે પ્રકારનો બોધ થયો. તેથી કહેવાય છે કે, આની કૃપાથી મને બોધ થયો. તેમ જિનવચનના અવલંબનથી કે જિનપ્રતિમાના અવલંબનથી જે અંશમાં માર્ગાનુસારી ઊહ જેને પ્રગટે છે, તે જીવને આનંદઘન એવા પરમાત્માની કૃપાથી ભગવાનનું દર્શન સુલભ બને છે. આમ છતાં ભગવાનનું દર્શન અતિદુર્લભ છે. માટે જ અનંતકાળથી દર્શન પોતાને પ્રાપ્ત થયું નહીં અને ભગવાનની કૃપાથી જો ભગવાનનું દર્શન સુલભ બને તો ક્રમે કરીને મરણ અને જન્મનો ત્રાસ દૂર થાય. માટે ભગવાનની કૃપા મેળવવા અર્થે સ્તવનકારશ્રી સતત ભગવાનની સ્તુતિ કરે છે. **॥૬॥**

## ૫. શ્રી સુમતિનાથ જિન સ્તવન

(રાગ : વસંત તથા કેદારો; ભવિલોકા તુજ દરશન હોઈ-એ દેશી)

**ગાથા :-**

**સુમતિ-ચરણ-કજ આતમ અરપણા,**
**દરપણ જિમ અવિકાર, સુજ્ઞાની;**
**મતિ તરપણ બહુસમ્મત જાણીએ,**
**પરિસરપણ સુવિચાર, સુજ્ઞાની.**
**સુમતિ-ચરણ-કજ આતમ અરપણા. ૧**

**ગાથાર્થ :-**

**હે સુજ્ઞાની ! એવા આત્મા, તું અવિકારવાળા દર્પણ જેવા સુમતિનાથ ભગવાનના ચરણકમળમાં આત્માનું અર્પણ કર.**

કેમ સુમતિનાથ ભગવાનના ચરણકમળમાં આત્માનું અર્પણ કરવું જોઈએ ? તેથી કહે છે –

**હે સુજ્ઞાની ! બહુ સંમત એવી મતિતર્પણ જાણીએ. અર્થાત્ અત્યંત સંમત એવી મતિની તૃપ્તિ જાણીએ.**

શું અતિસંમત મતિની તૃપ્તિ જાણીએ ? તેથી કહે છે –

**પરિસરપણનો સુવિચાર=પરમાત્મા સન્મુખગમનનો સુવિચાર અત્યંત સંમત મતિતૃપ્તિ જાણીએ તેમ સંબંધ છે. ॥૧॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી પોતાના આત્માને ઉદ્દેશીને કહે છે – તને ભગવાનની ભક્તિ કરવાનો પરિણામ થયો છે. માટે તું સુજ્ઞાની છે; કેમ કે આત્મા માટે પરમાત્માની ભક્તિ કરવી એ જ સમ્યગ્જ્ઞાન છે. અને સુજ્ઞાની એવો તું અવિકારવાળા દર્પણ જેવા સુમતિનાથ ભગવાનના ચરણકમળમાં આત્માનું અર્પણ કર.

આશય એ છે કે, કોઈ દર્પણ લેશ પણ બાહ્ય પદાર્થોના ડાઘાથી રહિત હોય તો તે દર્પણ વિકાર વગરનું સ્વચ્છ છે તેમ સુમતિનાથ ભગવાન પણ કર્મોના વિકાર વગરના હોવાથી સ્વચ્છ દર્પણ જેવા છે અને સ્વચ્છ દર્પણમાં જોનારને પોતાનું સ્વરૂપ દેખાય છે, તેમ સ્વચ્છ દર્પણ જેવા સુમતિનાથ ભગવાનને જોવાથી સંસારી જીવોને પોતાના આત્માનું પરમાત્મતુલ્ય સ્વરૂપ દેખાય છે. આવા સ્વચ્છ દર્પણ જેવા સુમતિનાથ ભગવાનના ચરમકમળમાં પોતાના આત્માનું અર્પણ કરવું એ જ સુજ્ઞાની એવા તારા આત્મા માટે ઉચિત છે. આ રીતે ગાથાના પૂર્વાર્ધમાં કહીને હવે પરમાત્માને પોતાનો આત્મા અર્પણ કરવાનો પોતાને થયેલો સુવિચાર કેવો છે તે સ્પષ્ટ કરે છે –

ભગવાનના ચરણકમળમાં પોતાના આત્માના અર્પણનો જે સુવિચાર છે તે પરમાત્મભાવ પ્રત્યે પરિસરપણરૂપ છે. અર્થાત્ પરમાત્મભાવને અભિમુખ જવા તુલ્ય છે. માટે તે પરિસરપણ બહુસંમત એવી મતિતૃપ્તિરૂપ જાણવું જોઈએ.

આશય એ છે કે, સંસારી જીવોને કોઈક ઇચ્છા થાય છે અને તે ઇચ્છાને અનુરૂપ ભોગાદિ કરીને મતિની તૃપ્તિ કરે છે. તે મતિની તૃપ્તિ બહુસંમત નથી; કેમ કે તેવી મતિની તૃપ્તિ ક્ષણિક સુખ આપીને તે તૃપ્તિથી બંધાયેલાં પાપને કારણે અનર્થોની પરંપરાને કરનારી છે. માટે તેવી મતિની તૃપ્તિ અત્યંત સંમત નથી. પરંતુ પરમાત્મા પ્રત્યે પરિસરપણનો વિચાર થવાથી જે મતિની તૃપ્તિ થાય છે, તે અત્યંત સંમત છે; કેમ કે તેનાથી થયેલી તૃપ્તિ શાંતરસને પ્રાપ્ત કરાવીને સંસારના પરિભ્રમણની કદર્થનાથી આત્માનું રક્ષણ કરે છે. અને જે યોગીને પરમાત્મા પ્રત્યે પરિસરપણનો વિચાર આવ્યો છે તે યોગી પરમાત્માને અવલંબીને પરમાત્મભાવ પ્રત્યે પરિસરપણ કરવા દ્વારા ક્રમે કરીને પરમાત્માને પોતાનો આત્મા અર્પણ કરે છે. જેથી પરમાત્મતુલ્ય થઈને સંસારસમુદ્રથી પારને પામે છે. અહીં પરમાત્માને આત્માનું અર્પણ કરવું એટલે ભગવાનના વચનને પરતંત્ર થઈને, સર્વ ઉદ્યમથી, વીતરાગ બનવા માટે યત્ન કરવો. તેવું અર્પણ, અપ્રમાદભાવથી સંયમમાં યત્ન કરનારા મુનિઓ કરે છે. ॥૧॥

**અવતરણિકા :-**

પૂર્વ ગાથામાં કહ્યું કે, સુમતિનાથ ભગવાનના ચરણકમળમાં આત્માનું અર્પણ કરવું જોઈએ. અને તે આત્માના અર્પણ માટે ત્રણ પ્રકારના આત્માનું જ્ઞાન આવશ્યક છે. તેથી તે ત્રણ પ્રકારના આત્મા બતાવે છે –

**ગાથા :-**

**ત્રિવિધ સકલ તનુધરગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ, સુજ્ઞાની;**
**બીજો અંતર આતમા તીસરો, પરમાતમ અવિચ્છેદ, સુજ્ઞાની.**
**સુમતિ૦ ૨**

**ગાથાર્થ :-**

**બધા શરીરને ધારણ કરનારા ગત આત્મા ત્રણ પ્રકારના છે. તેમાં હે સુજ્ઞાની ! બહિરાતમ ધુરિ ભેદ છે=પ્રથમ ભેદ છે. બીજો અંતરાત્મા છે. હે સુજ્ઞાની ! ત્રીજો અવિચ્છેદ એવો પરમાત્મા છે. અર્થાત્ સંસાર અવસ્થામાં જે પરમાત્મભાવ પ્રગટ થયો તે મોક્ષ અવસ્થામાં પણ વિચ્છેદ ન પામે તેવો પરમાત્મા છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

શરીરને ધારણ કરનારા જેટલા સંસારી જીવો છે, તે સર્વ સંસારી જીવોગત આત્મા ત્રણ પ્રકારના છે. તે ત્રણ પ્રકારમાંથી બહિરાત્મા તે પ્રથમ ભેદ છે. અંતરાત્મા તે બીજો ભેદ છે. આ બંને ભેદો ઉત્તર-ઉત્તરની પ્રાપ્તિમાં વિચ્છેદ પામે છે. આથી પ્રથમ બહિરાત્મા હતો, તે જ્યારે અંતરાત્મા બને છે, ત્યારે તેનો બહિરાત્મભાવ વિચ્છેદ પામે છે અને અંતરાત્મા જ્યારે પરમાત્મા બને છે ત્યારે અંતરાત્માંનો વિચ્છેદ થાય છે અને પરમાત્મભાવ ત્રીજો ભેદ છે. આ ત્રીજો ભેદ શરીરધારી અવસ્થામાં પ્રગટ થયેલો અને જ્યારે તે પરમાત્મા મોક્ષમાં જાય છે ત્યારે દેહ વગરના થાય છે, ત્યારે પણ તે પરમાત્મભાવનો વિચ્છેદ થતો નથી. **॥૨॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથામાં ત્રણ પ્રકારના આત્મા બતાવ્યા. તે ત્રણ પ્રકારના આત્માનું સ્વરૂપ બે ગાથાથી સ્પષ્ટ કરે છે –

**ગાથા :-**

**આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ, સુજ્ઞાની;**
**કાયાદિકનો સાખીધર રહ્યો, અંતર આતમરૂપ, સુજ્ઞાની. સુમતિ૦ ૩**
**જ્ઞાનાનંદે પૂરણ પાવનો, વર્જિત સકલ ઉપાધ, સુજ્ઞાની;**
**અતીંદ્રિય ગુણગણમણિઆગરુ, ઇમ પરમાતમ સાધ, સુજ્ઞાની.**
**સુમતિ૦ ૪**

**ગાથાર્થ :-**

**હે સુજ્ઞાની ! જે કાયાદિને આત્મબુદ્ધિથી ગ્રહણ કરે તે બહિરાત્મા અઘરૂપ છે=પાપરૂપ છે. હે સુજ્ઞાની ! કાયાદિકનો સાક્ષીને ધરનારો રહ્યો તે અંતરાત્મા રૂપ છે.**

**હે સુજ્ઞાની ! જ્ઞાનના આનંદમાં પૂર્ણ પવિત્ર, સકલ ઉપાધિથી વર્જિત=રાગાદિરૂપ સકલ ઉપાધિથી રહિત, અતીન્દ્રિય એવા ગુણના ગણ=સમુદાયરૂપ મણિઓની ખાણ સમા પરમાત્મા સાધ=એને પરમાત્મા જાણ. ।।૩-૪।।**

**ભાવાર્થ :-**

જેઓને કાયાદિમાં જ આત્મબુદ્ધિ છે. અર્થાત્ કાયારૂપ જ હું છું અને ધનધાન્યાદિ બાહ્ય સંપત્તિ મારી છે, એવી બુદ્ધિ છે તેઓ બહિરાત્મા છે અને આ બહિરાત્મભાવ જીવને માટે અઘરૂપ છે=પાપરૂપ છે; કેમ કે આ પ્રકારની દેહાદિમાં આત્મબુદ્ધિથી જ સંસારી જીવો સર્વ પાપો કરે છે અને જેઓને અંતરંગ વિવેકચક્ષુ ખૂલ્યાં છે. તેઓ કાયાદિરૂપ પોતાના આત્માને માનતા નથી. પરંતુ કાયામાં અધિષ્ઠાન કરનાર અને કાયાથી ભિન્ન એવા આત્માને માને છે. તેઓ હંમેશાં કાયામાં રહેનારા એવા આત્માના પારમાર્થિક સ્વરૂપને

જાણીને તેના હિત માટે પ્રયત્ન કરનારા છે અને તેવા સમ્યગ્દૃષ્ટિ જીવો અંતરાત્મારૂપ છે અને તેઓ માને છે કે કાયાદિ જે કૃત્યો કરે છે તે કૃત્યોની સાક્ષીને ધરનારો હું કાયામાં રહેલો આત્મા છું.

વળી, પરમાત્મા જ્ઞાનના આનંદથી પૂર્ણ છે, પવિત્ર છે, અને સકલ રાગાદિભાવો રૂપ ઉપાધિથી વર્જિત છે. અને ઇન્દ્રિયોથી જે ગુણોનું ગ્રહણ ન થાય તેવા વીતરાગતા, અસંગતા આદિ ગુણોના સમૂહરૂપી મણિઓની ખાણ સમા છે. જે કેવલજ્ઞાન અવસ્થામાં રહેલા તેરમા અને ચોદમા ગુણસ્થાનકવાળા પરમાત્મા છે, એમ તું જાણ. **॥૩-૪॥**

**અવતરણિકા :-**

**આત્માની ત્રણ અવસ્થા બતાવ્યા પછી સુમતિનાથ ભગવાનના ચરણકમળમાં આત્માની અર્પણા કરવા માટે શું કરવું જોઈએ, તે બતાવે છે –**

**ગાથા :-**

**બહિરાતમ તજ અંતર આતમા-રૂપ થઈ થિર ભાવ, સુજ્ઞાની;**
**પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અરપણ દાવ, સુજ્ઞાની.**
**સુમતિ૦ ૫**

**ગાથાર્થ :-**

**અંતરાત્મારૂપ સ્થિર ભાવ થઈ બહિરાત્માનો હે સુજ્ઞાની ! તું ત્યાગ કર-પરમાત્માનું આત્મામાં ભાવન કરવું તે આત્માને અર્પણ કરવાનો દાવ છે=પ્રયત્ન છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

ત્રણ પ્રકારના આત્માનું સ્વરૂપ બતાવ્યા પછી ભગવાનના ચરણકમળમાં આત્માની અર્પણા કઈ રીતે શકાય તે બતાવતાં કહે છે –

દેહથી ભિન્ન અને દેહમાં રહેનાર એવા અંતરાત્મા રૂપ પોતાના આત્મામાં સ્થિર ભાવવાળા થઈને તું બહિરાત્મભાવને છોડ.

આનાથી એ પ્રાપ્ત થાય કે, "બાહ્ય દેહમાં રહેનારો પોતાનો આત્મા છે, પરંતુ બાહ્ય દેહરૂપ નથી અને બાહ્ય દેહમાં રહેનારો આત્મા આ ભવમાંથી પરભવમાં જનારો છે. માટે મારે મારા આત્માનું હિત સાધવું જોઈએ. મારા આત્માનું હિત માત્ર દેહની આળપંપાળમાં નથી. પરંતુ તેમાં રહેલો મારો આત્મા પરમાત્માના સ્વરૂપનું ભાવન કરીને પોતાના આત્માને પરમાત્માને અર્પણ કરે તેમાં જ પોતાનું હિત છે; કેમ કે પરમાત્માના સ્વરૂપના ભાવનથી આત્માને ભાવિત કરવાના કારણે દેહમાં રહેલો આત્મા ક્રમસર પરમાત્મા બને છે. જેનાથી સંસારના પરિભ્રમણની વિડંબણા દૂર થાય છે. અને જો દેહમાં રહેલો મારો આત્મા, પરમાત્માને ભાવન કરવાનું છોડીને દેહની જ સારસંભાળમાં પ્રયત્નવાળો રહેશે તો બહિરાત્મ દશાને પામશે. તેથી સંસારના પરિભ્રમણનો અંત થશે નહીં." આ પ્રમાણે વિચારીને જેઓ પ્રસંગે-પ્રસંગે પરમાત્માના સ્વરૂપથી આત્માને વાસિત કરે છે. તેઓ અંતરાત્મારૂપ પોતાના આત્માને પરમાત્માના ચરણકમળમાં અર્પણ કરે છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વ ગાથામાં કહ્યું કે, પરમાત્મભાવનું ભાવન એ આત્માનું અર્પણ છે. તેથી હવે આત્માના અર્પણથી શું ફળ મળે છે, તે બતાવે છે –**

**ગાથા :-**

**આતમ-અરપણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિદોષ, સુજ્ઞાની;**
**પરમ પદારથ સંપત્તિ સંપજે, 'આનંદઘન' રસપોષ, સુજ્ઞાની.**

**સુમતિ૦ ૬**

**ગાથાર્થ :-**

**'આતમ-અર્પણ' રૂપ વસ્તુનો વિચાર કરતાં ભ્રમરૂપ મતિદોષ ટળે છે=પોતાના પારમાર્થિક સ્વરૂપના વિષયમાં જે અનાદિનો ભ્રમ વર્તે છે તે રૂપ મતિદોષ ટળે છે અને અંતે આનંદરસને પોષણ કરનાર એવા તેનાથી પરમાત્મપદની સંપત્તિ પ્રાપ્ત થાય છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

જે યોગીઓ દેહમાં અધિષ્ઠાન કરનાર એવો હું છું અને પરમાત્મતુલ્ય મારું સ્વરૂપ છે, તેથી પરમાત્માની ભક્તિ કરીને હું પરમાત્મતુલ્ય થાઉં તે પ્રકારનું ભાવન કરે છે, તે પરમાત્માને આત્માના અર્પણરૂપ વસ્તુ છે. અને યોગીઓ જેમ-જેમ પરમાત્માને પોતાના આત્માનું અર્પણ કરે છે, તેમ-તેમ અનાદિકાળથી પોતાના પારમાર્થિક સ્વરૂપમાં જે ભ્રમ વર્તતો હતો તે મતિદોષ ટળે છે. અર્થાત્ અનાદિકાળથી જીવને ભ્રમ છે કે, "દેહાદિ બાહ્ય અનુકૂળ પદાર્થોના સંયોગથી હું સુખી છું અને દેહાદિ બાહ્ય પ્રતિકૂળ પદાર્થોથી હું દુઃખી છું" તેવો ભ્રમ ટળે છે. અને જણાય છે કે, દેહાદિ પ્રત્યેના મમત્વભાવથી હું દુઃખી છું અને દેહાદિ પ્રત્યેના અસંગના પરિણામથી જ હું સુખી છું. તેથી સાધનાકાળમાં યોગીઓ દેહાદિનો સંગ હોવા છતાં દેહાદિ પ્રત્યેના ભાવથી સંગ ક્રમસર છૂટે અને પરમાત્મભાવ સાથે પોતાનો સંગ પ્રગટ થાય તે અર્થે પરમાત્માના સ્વરૂપનું ભાવન કરે છે અને જેમ-જેમ અનાદિનો ભ્રમ ટળે છે, તેમ-તેમ બાહ્ય પદાર્થો પ્રત્યે નિર્મમ થઈને યોગી પરમાત્મા સાથે લીન થવા પ્રયત્ન કરે છે. જેના ફળરૂપે આનંદઘનના રસનું પોષણ કરે તેવું પરમાત્મપદ તે યોગીને પ્રાપ્ત થાય છે. **॥૬॥**

# ૬. શ્રી પદ્મપ્રભ જિન સ્તવન

(રાગ : મારુ તથા સિંધુઓ; ચાંદલીઆ, સંદેશો કહેજે મારા કંતને રે-એ દેશી)

**ગાથા :-**

**પદ્મપ્રભ જિન ! તુજ મુજ આંતરું રે, કિમ ભાંજે ભગવંત ?**
**કરમ વિપાકે કારણ જોઇને રે, કોઈ કહે મતિમંત. પદ્મપ્રભ૦ ૧**

**ગાથાર્થ :-**

**હે પદ્મપ્રભ જિન ! તમારું અને મારું જે આંતરું છે=તમે પૂર્ણ આત્મસ્વરૂપવાળા છો અને હું પૂર્ણ આત્મસ્વરૂપથી અતિદૂર છું આ પ્રકારનું જે આંતરું છે, તે હે ભગવન્ ! કેમ ભાંગે ? અર્થાત્ કેમ દૂર થાય ? કોઈ મતિમંત પુરુષ આંતરાના કારણને જોઈને કહે છે, કર્મના વિપાકે તમારું, મારું આંતરું છે. ॥૧॥**

**ભાવાર્થ :-**

ભગવાનની સ્તવના કરતાં સ્તવનકારશ્રી કહે છે કે, હે પદ્મપ્રભ જિન ! તમારું અને મારું જે સ્વરૂપમાં પરસ્પર અંતર વર્તે છે, તે કઈ રીતે ભાંગે ? જેથી હું તમારા તુલ્ય બનું ! આ પ્રમાણે કહીને સ્તવનકારશ્રી ભગવાનના સ્વરૂપને અવલંબીને ભગવાનતુલ્ય થવા માટે અત્યંત ઉત્કંઠાવાળા બને છે; કેમ કે ભગવાનનું સ્વરૂપ જ તેમને રમ્ય જણાય છે. પોતાનું સ્વરૂપ રમ્ય જણાતું નથી.

અહીં પ્રશ્ન થાય કે, ભગવાનના અને પોતાના સ્વરૂપમાં કેમ આંતરું છે ? વસ્તુતઃ જેવો ભગવાનનો આત્મા છે, તેવો જ પોતાનો આત્મા છે. તેથી તેમાં આંતરું હોવું જોઈએ નહીં. તેથી કહે છે –

કોઈ મતિમંત પુરુષ ભગવાનથી પોતાના આંતરાના કારણને જોઈને કહે છે કે, કર્મના વિપાકને કારણે પોતાનું ભગવાનથી આંતરું છે. આ પ્રમાણે સ્તુતિ કરીને સ્તવનકારશ્રી પોતાનામાં વર્તતાં કર્મના વિપાકને દૂર કરવા અર્થે અને ભગવાનતુલ્ય થવા માટે યત્ન કરવા તત્પર થાય છે. **॥૧॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથામાં કહ્યું કે, કર્મના વિપાકને કારણે, ભગવાન સાથે પોતાનું આંતરું વર્તે છે. તેથી હવે ભગવાન સાથે આંતરાના કારણભૂત કર્મનું સ્વરૂપ બતાવે છે –

**ગાથા :-**

**પયઈ ઠિઈ અણુભાગ પ્રદેશથી રે, મૂળ-ઉત્તર બહુ ભેદ;**
**ઘાતી-અઘાતી હો બંધોદય-ઉદીરણા રે, સત્તા કર્મ-વિચ્છેદ.**

**પદ્મપ્રભ૦ ૨**

**ગાથાર્થ :-**

**પ્રકૃતિ, સ્થિતિ, અણુભાગ અને પ્રદેશથી મૂળપ્રકૃતિ અને ઉત્તરપ્રકૃતિના બહુ ભેદો છે. વળી, તે કર્મ ઘાતી-અઘાતીના બંધ, ઉદય, ઉદીરણા અને સત્તારૂપ છે. અને તે કર્મનો વિચ્છેદ ભગવાનની સાથે આંતરાને દૂર કરવાનું કારણ છે. ।।૨।।**

**ભાવાર્થ :-**

ભગવાન સાથે પોતાનું આંતરું કરવામાં કારણભૂત એવાં કર્મો ચાર પ્રકારનાં છે. (૧) પ્રકૃતિ રૂપ (૨) સ્થિતિ રૂપ (૩) અણુભાગ રૂપ (૪) પ્રદેશ રૂપ. એમ ચાર પ્રકારનાં છે. વળી, તે કર્મની મૂળ પ્રકૃતિ આઠ છે અને ઉત્તર પ્રકૃતિ અનેક પ્રકારની છે. વળી, આ બંધાયેલાં કર્મોમાંથી કેટલાંક ઘાતીકર્મો છે, જે જ્ઞાનાવરણીયાદિ ગુણોનો ઘાત કરે છે. કેટલાંક અઘાતી કર્મો છે, જે જ્ઞાનાદિ ગુણોનો ઘાત કરતાં નથી, તોપણ સંસારી જીવને દેહાદિ સાથે સંયોગ કરવાનું કામ કરે છે.

વળી, આ સર્વ કર્મો પ્રથમ બંધાય છે, પછી ઉદયમાં આવે છે, જ્યારે કેટલાંક કર્મોની ઉદીરણા થાય છે અને ઉદય-ઉદીરણા ન હોય તેવાં બંધાયેલાં કર્મો સત્તામાં વર્તે છે. આ સર્વ કર્મોનો વિચ્છેદ થાય તો ભગવાનની સાથે પોતાનું આંતરું દૂર થાય. આ પ્રમાણે કહીને સ્તવનકારશ્રી આ સર્વ કર્મોની પ્રાપ્તિનું મૂળ બીજ, જે મોહનીય કર્મ છે અને મોહનીય કર્મના ઉદયને કારણે

જ જીવમાં જે અવીતરાગભાવ વર્તે છે, તેને દૂર કરવાનો અભિલાષ કરે છે; કેમ કે આત્મામાં વર્તતા અવીતરાગભાવથી જ કર્મ બંધાય છે અને અવીતરાગભાવના નાશ અર્થે સ્તવનકારશ્રી વીતરાગના ગુણોનું સ્મરણ કરીને, વીતરાગ ભાવનાથી આત્માને ભાવિત કરે છે. જેથી ક્રમે કરીને અનાદિના અવીતરાગભાવના સંસ્કારો નાશ પામે છે. અને અવીતરાગભાવના સંસ્કારો નાશ પામવાથી કર્મબંધ શિથિલ-શિથિલતર થાય છે અને જ્યારે અવીતરાગભાવ સર્વથા નાશ પામે છે ત્યારે સર્વથા સંગ વગરનો જીવનો અંતરંગ પરિણામ સ્ફુરાયમાન થાય છે. જેથી સંગના પરિણામથી બંધાતાં કર્મો અસંગના પરિણામથી નાશ પામે છે. અને જીવ વીતરાગતુલ્ય બને છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વ ગાથામાં કહ્યું કે, કર્મવિપાકને કારણે જીવમાં પરમાત્મા સાથે આંતરું છે. અને તે કર્મ પ્રકૃતિ આદિ અનેક ભેદવાળું છે. હવે તે પ્રકૃતિને કારણે આપણે 'સંસારી' કહેવાઈએ છીએ, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**કનકોપલવત્ પયડી પુરુષ તણી રે, જોડી અનાદિ સ્વભાવ;**
**અન્ય સંયોગી જિહાં લગી આતમા રે, સંસારી કહેવાય. પદ્મપ્રભ૦ ૩**

**ગાથાર્થ :-**

**કનકઉપલની જેમ=માટીમાં એકમેક થયેલા સુવર્ણની જેમ, પ્રકૃતિ અને પુરુષ તણી જોડી=કર્મપ્રકૃતિ અને પુરુષનો એકમેક ભાવ અનાદિનો સ્વભાવ છે=જીવનો અનાદિનો સ્વભાવ છે. અન્યસંયોગી=કર્મપ્રકૃતિની સાથે સંયોગી જ્યાં સુધી આત્મા છે, ત્યાં સુધી સંસારી કહેવાય. ॥૩॥**

**ભાવાર્થ :-**

સુવર્ણ માટી સાથે એકમેક અવસ્થા રૂપે જ પ્રાપ્ત થાય છે, તેમ કર્મની પ્રકૃતિ અને પુરુષ એકમેક રૂપે અનાદિ સ્વભાવથી પ્રાપ્ત થાય છે અને જ્યાં સુધી પ્રકૃતિ સાથે એકમેક એવા અનાદિ સ્વભાવને કારણે પુરુષ અન્યસંયોગી છે, ત્યાં સુધી તે પુરુષ સંસારી કહેવાય છે. અને સંસારી જીવ કર્મ સાથે

સંયોગવાળા છે અને ભગવાન્ કર્મના સંયોગ વગરના છે. તેથી પોતાનામાં વર્તતા કર્મના વિપાકને કારણે ભગવાન અને પોતાના વચ્ચે આંતરું છે. આમ, ગાથા-૧ સાથે સંબંધ છે. ॥૩॥

**અવતરણિકા :-**

**સંસારી જીવ અન્ય સાથે સંયોગી કેમ છે અને કઈ રીતે અન્યના સંયોગનો ત્યાગ કરીને પરમાત્મા સાથેના આંતરાને ભાંગી શકે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**કારણ જોગે હો બાંધે બંધને રે, કારણ મુગતિ મુકાય;**
**આશ્રવ-સંવર નામ અનુક્રમે રે, હેય-ઉપાદેય સુણાય. પદ્મપ્રભ૦ ૪**

**ગાથાર્થ :-**

**કારણના યોગે=કર્મબંધના કારણના યોગે, બાંધે બંધને=જીવ કર્મબંધને બાંધે છે. કારણની મુક્તિથી=બંધના કારણના ત્યાગથી મુકાય છે=બંધથી મુકાય છે.**

અહીં પ્રશ્ન થાય કે, બંધનું કારણ અને બંધની મુક્તિ શું છે, તેથી ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

**આશ્રવ અને સંવર નામ અનુક્રમે=બંધનું કારણ આશ્રવ અને બંધના કારણની મુક્તિ સંવર છે અને તે હેય-ઉપાદેય સુણાય=આશ્રવ હેય રૂપે સંભળાય છે અને સંવર ઉપાદેય રૂપે સંભળાય છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવો બંધના કારણના યોગથી કર્મને બાંધે છે અને બંધના કારણની મુક્તિથી=બંધના કારણના ત્યાગથી કર્મથી મુકાય છે. અને બંધનું કારણ આશ્રવ છે તથા બંધના કારણની મુક્તિ એ સંવર છે. જે આત્માને વીતરાગતુલ્ય થવા માટે બાધક એવો આશ્રવ હેય છે અને વીતરાગતુલ્ય થવામાં સહાયક એવો સંવર ઉપાદેય છે. તેથી જે યોગી વીતરાગના વચનનું અવલંબન લઈને કે

વીતરાગના સ્વરૂપનું અવલંબન લઈને, વીતરાગના ગુણોને અભિમુખ આત્માનું પરિસરપણ થાય તે પ્રકારે ઉદ્યમ કરે છે, તે વખતે તે યોગી બંધના કારણભૂત આશ્રવનો ત્યાગ કરે છે અને મોક્ષના કારણભૂત સંવરનો સ્વીકાર કરે છે. આમ છતાં પૂર્ણ આશ્રવનો ત્યાગ અને પૂર્ણ સંવરનો સ્વીકાર સાધનાકાળમાં નથી. પરંતુ જ્યારે તે યોગી સાધનાની ચરમભૂમિકામાં આવે છે ત્યારે ૧૪મા ગુણસ્થાનકે સંપૂર્ણ આશ્રવભાવનો ત્યાગ કરી સંપૂર્ણ સંવરભાવને પામે છે. તેના પૂર્વની ભૂમિકામાં આશ્રવના ત્યાગનો ઉદ્યમ અને સંવરના સેવનનો ઉદ્યમ જે-જે અંશથી તે યોગી કરે છે, તે-તે અંશથી તે યોગી ૧૪મા ગુણસ્થાનકને અભિમુખ-અભિમુખતર બને છે. અને ૧૪મા ગુણસ્થાનકને પામીને સર્વકર્મનો ત્યાગ કરે છે, ત્યારે ભગવાન સાથેનું આંતરું ભાગે છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**ભગવાનની વચ્ચે આંતરું કેમ પડ્યું છે ? અને તે આંતરાનો ભંગ કઈ રીતે થઈ શકે ? તે શાસ્ત્રવચનથી સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**યુંજનકરણે હો અંતર તુજ પડ્યો રે, ગુણકરણે કરી ભંગ;**
**ગ્રંથ ઉક્તે કરી પંડિત જન કહ્યો રે, અંતરભંગ સુઅંગ. પદ્મપ્રભ૦ ૫**

**ગાથાર્થ :-**

**યુંજનકરણથી તમારો આંતરો પડ્યો છે અને ગુણકરણથી કરીને તે આંતરાનો ભંગ થાય છે. ગ્રંથની યુક્તિથી પંડિતપુરુષે કહ્યો છે=યુંજનકરણ અને ગુણકરણ કહ્યો છે. શું કહ્યો છે ? અંતરના ભંગનો સુઅંગ કહ્યો છે=ભગવાનની સાથે પોતાનું જે અંતર છે તેનું અંગ યુંજનકરણ કહ્યું છે અને તેના ભંગનું કારણ ગુણકરણ કહ્યું છે. આ સુઅંગ છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

મન-વચન-કાયાના યોગરૂપ યુંજનકરણ કેવલીને હોય છે અને તે યુંજનકરણમાં નામકર્મની અપેક્ષા હોય છે. તેથી કર્મની અપેક્ષાવાળું યુંજનકરણ છે. અને

સિદ્ધ ભગવંતોને યુંજનકરણ નથી. તેથી સિદ્ધ એવા પદ્મપ્રભ સ્વામી સાથે યુંજનકરણથી પોતાનું આંતરું પડ્યું છે અને તે અંતરનો ભંગ કરવા માટે ગુણકરણમાં યત્ન કરવો જોઈએ. ગુણકરણ એટલે આત્માની ગુણનિષ્પત્તિને અનુકૂળ વ્યાપાર અને તે ગુણકરણના બે ભેદો છે :- (૧) શ્રુતગુણકરણ, (૨) નોશ્રુતગુણકરણ.

શ્રુતગુણકરણના વ્યાપારથી જિનવચનાનુસાર સમ્યક્ શ્રુતના બોધનો વ્યાપાર થાય છે અને સમ્યક્ શ્રુતનો બોધ થયા પછી તે શ્રુતથી નિયંત્રિત મહાત્માઓ જે તપ-સંયમમાં ઉદ્યમ કરે છે તે નોશ્રુતકરણનો વ્યાપાર છે. શ્રુતકરણ અને નોશ્રુતકરણના વ્યાપારથી આત્મા વીતરાગભાવને અનુકૂળ ભાવોથી આત્માને વાસિત કરે છે. તેથી ભગવાનની સાથે જે પોતાનું અંતર છે તે ક્રમસર ઘટે છે. તેથી ગુણકરણ દ્વારા આંતરાનો ભંગ થાય છે અને આ કથન સ્તવનકારશ્રીએ "આવશ્યકનિર્યુક્તિ" નામના ગ્રંથની યુક્તિથી કર્યું છે અને ભગવાનની વચ્ચે પોતાનું યુંજનકરણને કારણે જે અંતર છે, તેના ભંગનું આ ગુણકરણ સુઅંગ છે=સુંદર અંગ છે=સુંદર કારણ છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં કહ્યું કે, ભગવાન સાથે આંતરું ભાંગવા માટે ગુણકરણમાં યત્ન કરવો જોઈએ. તેથી હવે જે યોગી ગુણકરણમાં યત્ન કરે, તેનાથી ભગવાન સાથે વચ્ચેનું આંતરું ઘટતાં-ઘટતાં ભાંગે છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે તે કહે છે –**

**ગાથા :-**

**તુજ મુજ અંતર અંતર ભાંજસે રે, વાજસે મંગળ તૂર;**
**જીવ સરોવર અતિશય વાધશે રે, 'આનંદઘન' રસપૂર. પદ્મપ્રભ૦ ૬**

**ગાથાર્થ :-**

**તમારા અને મારા વચ્ચે અંતર અંતર=અત્યંત અંતર છે તે ભાંગશે= ગુણકરણમાં યત્ન કરવાથી ક્રમસર ભાંગશે. અને મંગલના તૂર**

**વાગશે=જીવની મંગલની પરંપરા પ્રાપ્ત થશે. જેનાથી આનંદઘનના રસથી પૂર એવું જીવસરોવર અતિશય વાધશે. ॥૬॥**

**ભાવાર્થ :-**

જે યોગીઓ પોતાની શક્તિ અનુસાર અપ્રમાદભાવથી ગુણકરણમાં યત્ન કરે છે, તેનાથી ભગવાનનું અને પોતાનું જે અત્યંત અંતર છે તે ભાંગે છે; કેમ કે જિનનું વચન જિનતુલ્ય થવા માટે યોગીને દિશા બતાવે છે અને તે વચનથી ભાવિત થઈને યોગી ગુણકરણની ક્રિયાકાળમાં ભગવાનની નજીક-નજીકતર થાય છે. તેથી તે યોગીના મંગલ તૂર વાગે છે=કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે. અર્થાત્ આ ભવમાં તે યોગી વીતરાગતુલ્ય ન થાય તોપણ તે ગુણકરણની પ્રવૃત્તિ દ્વારા બંધાયેલા પુણ્યના બળથી જન્માંતરમાં ફરી યોગમાર્ગને સેવે એવા કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે. જે મંગલ તૂર વાગવાતુલ્ય છે. અને જેના ફળરૂપે તે યોગીઓના આત્મારૂપી સરોવર આનંદઘનના રસથી પૂર્ણ એવા જલના અતિશયથી વધે છે. અર્થાત્ તે યોગીને દરેક ભવોમાં મોહની અનાકુળતારૂપ આનંદઘનનો રસ વધે તેવી ભૂમિકાઓ પ્રાપ્ત થાય છે. ॥૬॥

## ૭. શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન

(રાગ : સારંગ, મલ્હાર; લલનાની દેશી)

ગાથા :-

**શ્રી સુપાસ જિન વંદીએ, સુખ-સંપત્તિનો હેતુ, લલના;**
**શાંતસુધારસ જલનિધિ, ભવસાગરમાં સેતુ, લલના.**
**શ્રી સુપાસ જિન વંદીએ. (ટેક) ૧**

ગાથાર્થ :-

**સુપાર્શ્વનાથ જિનને વંદન કરીએ.**

કેમ વંદન કરીએ ? તેથી કહે છે -

**સુખની સંપત્તિનો હેતુ છે. વળી, સુપાર્શ્વનાથ ભગવાન શાંતસુધારસરૂપી સમુદ્ર છે અને ભવરૂપી સાગરમાં સેતુતુલ્ય છે. ।।૧।।**

ભાવાર્થ :-

સ્તવનકારશ્રી સુપાર્શ્વનાથ ભગવાનને વંદન કરે છે. કેમ વંદન કરે છે ? તેથી કહે છે –

સુપાર્શ્વનાથ ભગવાન કલ્યાણની પરંપરા દ્વારા મોક્ષની પ્રાપ્તિરૂપ સુખસંપત્તિના હેતુ છે. માટે તેમને વંદન કરે છે. વળી, સુપાર્શ્વનાથ ભગવાન સંપૂર્ણ મોહ વગરના હોવાથી શાંતરસના પરિણામવાળા છે અને તે શાંતરસ અમૃતના રસ જેવો છે. અને આ અમૃતનો રસ યોગીઓને પણ કંઈક અંશે પ્રાપ્ત થયેલો છે. પરંતુ સુપાર્શ્વનાથ ભગવાન તો શાંતરસના સમુદ્ર છે. અર્થાત્ અત્યંત શાંતરસને પામેલા છે. વળી, સંસારી જીવો ભવસમુદ્રમાં પડેલા છે. તેઓને ભવસમુદ્રમાંથી બહાર કાઢવા માટે સેતુ છે. તેથી ભગવાનને વંદન કરીએ છીએ. **।।૧।।**

ગાથા :-

**સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ, લલના;**
**સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ, લલના. શ્રી સુપાસ૦ ૨**

**ગાથાર્થ :-**

**સાત મહાભયને ટાળતા સાતમા જિનેશ્વર દેવ છે. સાવધાન મન કરીને=અત્યંત ઉપયોગવાળા થઈને જિનપદની સેવાને ધારણ કરો. જેથી સંસારવર્તી બધા ભયો ટળે. ॥૨॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને મૃત્યુ, આજીવિકા આદિ સર્વભયો સદા વર્તે છે. અને તેને ટાળવા માટે જ સતત ધનાર્જનાદિ માટે યત્ન કરે છે. પરંતુ તે પ્રવૃત્તિથી પુણ્યનો સહકાર હોય તો કદાચ ભય ટળે, તોપણ તે ભયોથી સંસારી જીવ મુકાતો નથી; કેમ કે તે ભયોને ટાળવા માટે આરંભ-સમારંભ કરે અને તેનાથી પાપ બંધાય ત્યારે દુર્ગતિઓની પ્રાપ્તિ થાય છે અને નરકાદિમાં તે ભયો અત્યંત પ્રાપ્ત થાય છે. તેથી પરમાર્થથી બાહ્ય ભય ટાળવાની પ્રવૃત્તિઓ તે ભય ટાળવાનો ઉપાય નથી. અને જેઓ સાતમા જિનવર એવા સુપાર્શ્વનાથ ભગવાનને ભક્તિથી પૂજે છે, તેઓના તે ભયો ભગવાન ટાળે છે; કેમ કે ભગવાનની ભક્તિથી બંધાયેલા પુણ્યના બળથી તે જીવો સદ્ગતિઓની પરંપરાને પામે છે. અને જ્યારે તે જીવો સર્વ કર્મથી મુક્ત થાય છે, ત્યારે સદા માટે સાત ભયો દૂર થાય છે. આ રીતે સંસારમાં વર્તતા સાત ભયોને ટાળનાર ભગવાન છે. માટે સ્તવનકારશ્રી કહે છે કે, સાવધાન મનવાળા થઈને અર્થાત્ ભગવાનના ગુણોમાં અત્યંત ઉપયોગવાળા થઈને ભગવાનના ચરણની સેવાને ધારણ કરો. જેથી સાત ભયોને ટાળનારા ભગવાનના બળથી તમારા ભયો પણ દૂર થાય અને અંતે સર્વભયરહિત મુક્ત અવસ્થા પ્રાપ્ત થાય. **॥૨॥**

**અવતરણિકા :-**

**ભગવાનની સેવા કરવા માટે ભગવાનને કેવા સ્વરૂપે ઉપસ્થિત કરીને સેવા કરવી જોઈએ, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**શિવ શંકર જગદીશ્વરુ, ચિદાનંદ ભગવાન, લલના;**
**જિન અરિહા તિત્થંકરુ, જ્યોતિ સ્વરૂપ અસમાન, લલના.**

**શ્રી સુપાસ૦ ૩**

**ગાથાર્થ :-**

**ભગવાન શિવ છે=સુખરૂપ છે. શંકર છે=કલ્યાણને કરનારા છે. જગદીશ્વર છે=જગતમાં પરમ ઐશ્વર્યવાળા છે. ચિદાનંદ છે=આત્માના આનંદવાળા છે. જિન છે=રાગ-દ્વેષને જિતેલા છે. અરિહા છે=પૂજાને યોગ્ય છે. તીર્થંકર છે=તીર્થને કરનારા છે. જ્યોતિસ્વરૂપ છે=જ્ઞાનની જ્યોતિસ્વરૂપ છે. અસમાન છે=સંસારી જીવો સાથે સમાન નથી, પરંતુ અસમાન છે=અસાધારણ છે. ।।૩।।**

**ભાવાર્થ :-**

સંસારી જીવો કરતાં ભગવાન કેવી વિશેષતાવાળા છે, તેનું સ્વરૂપ બતાવનારા જુદા-જુદા શબ્દોથી સ્તવનકારશ્રી સ્તુતિ કરે છે --

**(૧) ભગવાન શિવ છે :-**

અશિવ એટલે ઉપદ્રવવાળી અવસ્થા અને સર્વથા ઉપદ્રવવાળી અવસ્થાથી રહિત હોવાથી ભગવાન શિવ છે. આ પ્રકારે ઉપસ્થિત કરવાથી સર્વકર્મરહિત સિદ્ધ અવસ્થા ઉપસ્થિત થાય છે અને તેના પ્રત્યેની ભક્તિથી તે અવસ્થાની પ્રાપ્તિનાં બાધક કર્મોનો ક્રમસર નાશ થાય છે.

**(૨) ભગવાન શંકર છે :-**

શં=કલ્યાણ અને તેને કરનાર તે શંકર કહેવાય. ભગવાનનું અવલંબન લેનારા જીવોને ભગવાન કલ્યાણના કારણ બને છે. તેથી ભગવાન શંકર છે. આ પ્રકારે ઉપસ્થિતિ થવાથી આત્મા માટે કલ્યાણના કારણ ભગવાન છે. અને તે સ્વરૂપે ભગવાન પ્રત્યે ભક્તિ થવાથી કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય છે.

**(૩) ભગવાન જગદીશ્વર છે :-**

ભગવાન જગદીશ્વર છે=ભગવાન જગતમાં તીર્થંકર અવસ્થામાં મહાઐશ્વર્યવાળા છે. આ રીતે ઉપસ્થિતિ કરવાથી ભગવાનની લોકોને ઉપકાર કરનાર, બાહ્ય સંપત્તિવાળી, આઠ પ્રાતિહાર્યવાળી અવસ્થાની ઉપસ્થિતિ થાય છે. તેના પ્રત્યે ભક્તિથી સર્વ કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે.

**(૪) ભગવાન ચિદાનંદ છે :-**

ભગવાન ચિદાનંદ છે=ભગવાન ચૈતન્યના આનંદવાળા છે. સંસારી જીવો પુદ્ગલના આનંદવાળા છે. ભગવાન પુદ્ગલમાંથી આનંદ લેનારા નથી, પરંતુ આત્માના ચૈતન્યભાવના આનંદને લેનારા છે. આ રીતે ઉપસ્થિત કરવાથી ભગવાન નિર્વિકારી આનંદવાળા છે અને સંસારી જીવો વિકારી આનંદવાળા છે તેની ઉપસ્થિતિ થાય છે. અને નિર્વિકારી આનંદ પ્રત્યેની ભક્તિ તદ્દતુલ્ય થવામાં કારણ બને છે. જેથી વિકારી આનંદથી થતી સંસારની જન્મ-મરણ આદિની કદર્થના દૂર થાય છે.

**(૫) ભગવાન જિન-અરિહા-તીર્થંકર છે, જ્યોતિસ્વરૂપ છે :-**

જિન છે=રાગાદિને જિત્યા છે તેથી જિન છે. અરિહા છે=દેવતાઓ આદિથી પૂજાને યોગ્ય છે. તીર્થંકરુ=તીર્થને કરનારા છે=જગતના જીવોને "તારે તે તીર્થ" તેવા તીર્થને કરનારા છે. જ્યોતિસ્વરૂપ છે=કેવલજ્ઞાનની જ્યોતિસ્વરૂપ છે.

આ રીતે ઉપસ્થિતિ કરવાથી અપાયાપગમાદિ ચાર અતિશયોથી યુક્ત ભગવાનની ઉપસ્થિતિ થાય છે; કેમ કે 'જિન' કહેવાથી રાગાદિ અપાયોનો અપગમ થયો છે તેમ જણાય છે. 'અરિહા' ભગવાન દેવોથી પૂજ્ય છે માટે પૂજાતિશયવાળા છે તેમ જણાય છે. 'તીર્થંકર' કહેવાથી ભગવાન વચનાતિશયવાળા છે તેમ જણાય છે; કેમ કે વચનાતિશયને કારણે ભગવાન જગતના જીવોને મહા-ઉપકાર કરે છે અને 'જ્યોતિસ્વરૂપ' કહેવાથી જ્ઞાનાતિશયવાળા છે.

**(૬) ભગવાન અસામાન્ય છે :-**

ભગવાન સર્વ સંસારી જીવો કરતાં અસામાન્ય છે. તેથી સંસાર અવસ્થાથી વિલક્ષણ અવસ્થાવાળા એવા સિદ્ધ સ્વરૂપે ભગવાનની ઉપસ્થિતિ થાય છે. **||૩||**

**અવતરણિકા :-**

**વળી, નવા ગુણોથી ભગવાનની સ્તુતિ કરે છે –**

**ગાથા :-**

**અલખ નિરંજન વચ્છલુ, સકળ જંતુ વિસરામ, લલના;**
**અભયદાન-દાતા સદા, પૂરણ આતમરામ, લલના. શ્રી સુપાસ૦ ૪**

**ગાથાર્થ :-**

**ભગવાન અલખ છે=ભગવાનનું સ્વરૂપ છદ્મસ્થ જીવોથી જણાય નહીં તેવું છે. ભગવાન નિરંજન છે=રાગાદિ ભાવોથી અંજન વગરના છે. ભગવાન વચ્છલુ છે=જગતના જીવો પ્રત્યે વાત્સલ્યવાળા છે. સકલ જંતુને માટે વિશ્રામનું સ્થાન છે=સંસારના તાપથી તપેલા જીવોને માટે આરામનું સ્થાન છે. સદા અભયદાન-દાતા છે=જીવોને અભયદાન આપનારા છે. પૂર્ણ આતમરામ છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

ભગવાનનું અરૂપી સ્વરૂપ છદ્મસ્થોથી જણાય નહીં તેવું અલખ છે. છતાં યોગીઓ શાસ્ત્રવચનોથી કંઈક જાણીને ભગવાનની ઉપાસના કરે છે.

વળી, ભગવાન સંસારના સર્વભાવો પ્રત્યે સંશ્લેષ વગરના હોવાથી નિરંજન છે. અને તે રીતે ઉપસ્થિત થવાથી આત્માનો નિરંજન ભાવ પ્રગટ કરવામાં ભગવાન આલંબન બને છે.

વળી, ભગવાન જગતના જીવમાત્રનું હિત થાય તે અર્થે સન્માર્ગ બતાવે છે. તેથી જગતના જીવમાત્ર પ્રત્યે વાત્સલ્યવાળા છે.

વળી, કોઈ મુસાફર ગરમીથી તપ્ત થયેલો હોય તે વખતે શીતળ વૃક્ષની છાયા તેનું વિશ્રામસ્થાન બને છે તેમ સંસારના મોહના ભાવોથી સંતપ્ત થયેલા જીવો માટે ભગવાન વિશ્રામનું સ્થાન છે. આ રીતે ઉપસ્થિત કરીને ભક્તિ કરવાથી મોહથી અનાકુળ એવી શાંતરસની પ્રાપ્તિમાં ભગવાન નિમિત્ત બને છે.

સંસારી જીવો સદા કર્મથી વિડંબિત છે. તેથી ભય અવસ્થામાં છે. છતાં તે ભયમાંથી મુક્ત થવાનો ઉપાય બતાવીને ભગવાન સદા અભયદાનના દાતા છે. વળી, ભગવાન પૂર્ણ આત્મસ્વરૂપમાં રમનારા છે. અર્થાત્ કર્મોના ભાવોથી કોઈ પ્રકારની વિડંબણા વગરના, પૂર્ણ આત્મસ્વરૂપમાં વર્તનારા છે. આ રીતે ઉપસ્થિત કરીને ભગવાનની ભક્તિ કરવાથી આત્મસ્વરૂપમાં રમવા પ્રત્યેનો પક્ષપાત વધે છે. જેથી પુદ્ગલના ભાવોમાં વર્તવાની વૃત્તિ ક્ષીણ થાય છે. **॥૪॥**

**અવતરણિકા :-**

અન્ય સ્વરૂપે ભગવાનની સ્તુતિ કરે છે –

**ગાથા :-**

**વીતરાગમદકલ્પના, રતિ અરતિ ભય સોગ, લલના;**
**નિદ્રા તંદ્રા દુરંદશા, રહિત અબાધિત યોગ, લલના. શ્રી સુપાસ૦ ૫**

**ગાથાર્થ :-**

**વળી, ભગવાન વીતરાગ છે=રાગ વગરના છે. વીતમદ છે=મદ વગરના છે. વીતકલ્પના છે=બાહ્ય પદાર્થોને આશ્રયીને સુખ-દુઃખની કલ્પના સંસારી જીવો કરે છે તેવી કલ્પના વગરના છે. વીતરતિ છે=પૌદ્‌ગલિક ભાવોમાંથી રતિ લેનારા નથી. વીત-અરતિ છે=અરતિની વિહ્વળતા વગરના છે. વીતભય છે=સર્વથા ભય વગરના છે. વીતશોક છે=ભગવાન શોક વગરના છે.**

**વળી, ભગવાન નિદ્રા, તંદ્રા, દુરંદશાથી રહિત એવા અબાધિત યોગવાળા છે. ।।૫।।**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને જે જે ભાવો છે, તે સર્વ ભાવોથી ભગવાન રહિત છે. તે બતાવીને સંસારી જીવોથી ભગવાન શ્રેષ્ઠ છે, તે બતાવતાં કહે છે –

સંસારી જીવો રાગવાળા છે, ભગવાન વીતરાગ છે=વિશેષથી ચાલ્યો ગયો છે રાગ જેને તેવા છે.

વીતમદવાળા છે=વિશેષથી ચાલ્યો ગયો છે મદ તેવા છે અર્થાત્ મદરહિત છે.

વળી, સંસારી જીવોને બાહ્ય પદાર્થોમાં કલ્પનાઓ થાય છે કે આ મને ઇષ્ટ છે અને આ મને અનિષ્ટ છે. આ કલ્પના પણ સ્થિર નથી. તેથી પૂર્વે જેમાં ઇષ્ટની કલ્પના હોય છે, તેમાં જ અનિષ્ટની પણ કલ્પના થાય છે અને પૂર્વે જેમાં અનિષ્ટની કલ્પના હોય છે તેમાં જ પાછળથી ઇષ્ટની કલ્પના થાય છે.

અને તે-તે પ્રકારની કલ્પના કરીને બાહ્ય પદાર્થો પ્રત્યે સંસારી જીવો રાગ-દ્વેષવાળા થાય છે. જ્યારે ભગવાન તો પૂર્ણ જ્ઞાનસ્વરૂપમાં વિશ્રાંત છે. તેથી જ્ઞેય એવા જગતના પદાર્થો તેમના જ્ઞાનનો વિષય બને છે. પરંતુ તે પદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પના થતી નથી. તેથી ભગવાન વીતકલ્પનાવાળા છે=વિશેષથી ચાલી ગયેલી કલ્પનાવાળા છે.

વળી, સંસારી જીવોને ઇષ્ટ પદાર્થોની પ્રાપ્તિમાં રતિ, અનિષ્ટ પદાર્થોની પ્રાપ્તિમાં અરતિ, અનિષ્ટ પદાર્થોની પ્રાપ્તિનો ભય અને ઇષ્ટ પદાર્થોનો વિયોગ થાય ત્યારે શોક થાય છે. જ્યારે ભગવાન તો બાહ્ય પદાર્થો પ્રત્યેના સર્વથા સંગ વગરના હોવાથી ભગવાનને રતિ-અરતિ-ભય-શોક સર્વથા થતાં નથી. તેથી સંસારી જીવોથી અત્યંત સુખી છે. વળી, સંસારી જીવોમાં ક્યારેક નિદ્રાવાળી અવસ્થા હોય છે, ક્યારેક તંદ્રાવાળી અવસ્થા હોય છે. ક્યારેક જાગૃત અવસ્થામાં સંસારી જીવો ભોગાદિ ભાવો પ્રત્યે રાગાદિ કરીને દુરંદશાવાળા હોય છે=ખરાબ દશાવાળા હોય છે. તે સર્વ દશાથી રહિત એવા અબાધિત યોગવાળા ભગવાન છે.

આ રીતે ભગવાન સર્વ ખરાબ અવસ્થાથી પર છે, તેવો બોધ થાય છે, તેથી તેમના પ્રત્યે ભક્તિનો અતિશય થાય છે. અને તેના બળથી તેમના તુલ્ય થવાનો ઉદ્યમ થાય છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**વળી, અન્ય સ્વરૂપે ભગવાનની સ્તુતિ કરે છે –**

**ગાથા :-**

**પરમ પુરુષ પરમાતમા, પરમેશ્વર પરધાન, લલના;**
**પરમ પદારથ પરમેષ્ઠિ, પરમ દેવ પરમાન, લલના. શ્રી સુપાસ૦ ૬**

**ગાથાર્થ :-**

**ભગવાન પરમ પુરુષ છે અર્થાત્ શ્રેષ્ઠ પુરુષ છે. ભગવાન પરમ આત્મા છે અર્થાત્ કર્મોથી અનાવૃત હોવાથી પ્રકૃષ્ટ આત્મા છે. ભગવાન પરમેશ્વર છે=પ્રકૃષ્ટ ઐશ્વર્યવાળા છે. ભગવાન પરધાન છે=સર્વ જીવોમાં શ્રેષ્ઠ છે. પરમપદાર્થ છે=જગતવર્તી સર્વ પદાર્થોમાં શ્રેષ્ઠ પદાર્થ છે.**

**પરમેષ્ઠિ છે, પરમ દેવ છે=શ્રેષ્ઠ દેવ છે. પ્રમાણ છે=આત્મા માટે ઉપાસ્યરૂપે ભગવાન પ્રમાણભૂત છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

જગતવર્તી સર્વ જીવો સ્વરૂપથી સરખા હોવા છતાં કર્મોની વિડંબણાથી હીન-અધિક અવસ્થાઓ પ્રાપ્ત કરે છે. જ્યારે ભગવાન સર્વ કર્મથી મુક્ત હોવાથી પરમપુરુષ છે.

સંસારી જીવોનો આત્મા કર્મોથી યુક્ત હોવાથી પ્રકૃષ્ટ આત્મા નથી. કંઈક ચેતનામાત્ર જીવે છે. જ્યારે ભગવાન કર્મથી અનાવૃત હોવાથી પ્રકૃષ્ટ આત્મારૂપ છે.

વળી, ભગવાન પરમ ઐશ્વર્યવાળા છે. આત્માનું ઐશ્વર્ય જ્ઞાનાદિ ગુણો છે. અને તે જ્ઞાનાદિ ગુણો કર્મોથી આવૃત હોવાથી સંસારી જીવોમાં પ્રકૃષ્ટ નથી. પરંતુ દરેકના કર્મના ભેદથી કંઈક જ્ઞાનાદિ ઐશ્વર્ય સંસારી જીવોને છે. અને તે ભગવાને સર્વ કર્મો નાશ કર્યાં હોવાથી આત્માના જ્ઞાનાદિરૂપ ઐશ્વર્યથી પૂર્ણ છે. માટે પરમેશ્વર છે.

વળી, સંસારી જીવોમાં ભગવાન પ્રધાન છે; કેમ કે સર્વ જીવો કરતાં શ્રેષ્ઠ છે.

વળી, જગતમાં જે કોઈ પદાર્થો છે તેમાં ચેતન પદાર્થ પરમ છે; કેમ કે તે જ્ઞાનમય છે અને ચેતન એવો સંસારી જીવોનો આત્મા પણ કર્મોથી હણાયેલો હોવાથી પરમપદાર્થ નથી. પરંતુ ભગવાન તો કર્મોથી મુક્ત હોવાથી પરમપદાર્થ છે=શ્રેષ્ઠ પદાર્થ છે.

વળી, ભગવાન પરમેષ્ઠિ છે=અંતરંગ શ્રેષ્ઠ સમૃદ્ધિવાળા છે. વળી, ઉપાસ્યરૂપે સેવવા માટે પરમ દેવ છે.

વળી, જગતના જીવો માટે પ્રમાણરૂપ છે; કેમ કે પરમાત્માની ઉપાસનાથી જ સર્વ હિતની પ્રાપ્તિ છે માટે જગતના જીવો માટે પરમાત્મા પ્રમાણ છે, અન્ય કોઈ પ્રમાણ નથી. **॥૬॥**

**અવતરણિકા :-**

**વળી, અન્ય રીતે ભગવાનની સ્તુતિ કરે છે –**

**ગાથા :-**

**વિધિ વિરંચિ વિશ્વંભરુ, ઋષિકેશ જગનાથ, લલના;**
**અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ, લલના.**
**શ્રી સુપાસ૦ ૭**

**ગાથાર્થ :-**

**ભગવાન વિધિ છે, વિરંચિ છે, વિશ્વંભરુ છે, ઋષિકેશ છે, જગનાથ છે, અઘને હરનારા છે=પાપને હરનારા છે. અઘમોચન છે=પાપથી મુકાવનારા છે. ધણી છે=સ્વામી છે. મુક્તિ છે. મોક્ષને પામેલા છે. પરમપદના સાથ છે=જીવોને પરમપદની પ્રાપ્તિમાં સાથ આપનારા છે. ॥૭॥**

**ભાવાર્થ :-**

(૧) **ભગવાન વિધિ છે**=ભગવાન જીવોનું ઉત્તમ ભાવિ નિર્માણ કરનાર હોવાથી ભગવાન જ વિધિ છે અર્થાત્ વિધાતા છે. આ પ્રકારે સ્મરણ કરવાથી આત્માના સર્વકલ્યાણના વિધાતા ભગવાન છે, તે પ્રકારે ઉપસ્થિતિ થાય છે.

(૨) **ભગવાન વિરંચિ છે**=આત્માના વિશેષ ગુણો નિષ્પન્ન કરનારા છે અને વિદ્યમાન ગુણોનું રક્ષણ કરનારા છે તેથી વિરંચિ છે.

(૩) **ભગવાન વિશ્વંભરુ છે**=વિશ્વના શ્રેષ્ઠ કલ્યાણને આપનારા હોવાથી વિશ્વંભરુ છે.

(૪) **ભગવાન ઋષિકેશ છે**=સર્વ ઋષિઓમાં કેશ=શ્રેષ્ઠ હોવાથી ઋષિકેશ છે.

(૫) **ભગવાન જગતના નાથ છે**=કેમ કે સંસારવર્તી જીવોને રક્ષણ કરનારા છે.

(૬) **ભગવાન અઘહર છે**=સંસારી જીવોએ અનાદિકાળથી જે પાપો કર્યાં છે, તે પાપો ભગવાનના આલંબનથી નાશ પામે છે. તેથી ભગવાન અઘને હરનારા છે.

(૭) **ભગવાન અઘમોચન છે**=વળી, સંસારી જીવોને પાપથી મુક્ત કરનારા છે; કેમ કે ભગવાનનું આલંબન લેનારા જીવો પૂર્વનાં પાપોથી મુક્ત થાય છે.

**(૮) ભગવાન ધણી છે**=જગતના જીવોનું રક્ષણ કરનારા હોવાથી જગતના જીવોના સ્વામી છે.

**(૯) ભગવાન મુક્તિ છે**=સંસારથી મુક્ત થયેલા હોવાથી મુક્તિ છે.

**(૧૦) ભગવાન પરમપદમાં સાથ છે**; કેમ કે ભગવાનના વચનનું અવલંબન લઈને જે જીવો યત્ન કરે છે, તેઓ પરમપદને પ્રાપ્ત કરે છે. તેથી પરમપદની પ્રાપ્તિમાં ભગવાનનો સાથ છે. **॥૭॥**

**ગાથા :-**

**એમ અનેક અભિધા ધરે, અનુભવગમ્ય વિચાર, લલના;**
**જે જાણે તેહને કરે, 'આનંદઘન' અવતાર, લલના. શ્રી સુપાસ૦ ૮**

**ગાથાર્થ :-**

**એમ અનેક પ્રકારના અભિધાને=નામોને ભગવાન ધારણ કરે છે અને અનુભવગમ્ય એવા વિચારથી=પોતાના અનુભવથી જણાય તેવા વિચારથી જે જાણે=ભગવાનના સ્વરૂપને અનેક નામોથી જાણે તેહને ભગવાન આનંદઘન અવતાર કરે=આનંદઘનની પ્રાપ્તિ કરાવે. ॥૮॥**

**ભાવાર્થ :-**

ગાથા ૩થી ૭ સુધી ભગવાનનાં અનેક નામો દ્વારા ભગવાનની સ્તુતિ કરી. એ પ્રકારે ભગવાન અનેક નામોને ધારણ કરનારા છે. અને જે યોગી પોતાના અનુભવગમ્ય એવા વિચારથી ભગવાનના તે સ્વરૂપને જાણે તે યોગી ભગવાનના તે-તે શબ્દો દ્વારા ભગવાનનું પારમાર્થિક સ્વરૂપ ઉપસ્થિત કરી શકે છે અને ભગવાનના પારમાર્થિક સ્વરૂપ પ્રત્યે, જેને ભક્તિ થાય છે તે મહાત્મા શીઘ્ર 'આનંદઘન' સ્વરૂપમાં અવતાર પામે છે.

તેથી શ્રી સુપાર્શ્વનાથ ભગવાનને શિવ, શંકર આદિ નામો દ્વારા જાણીને તેમની ભક્તિ કરવાથી આત્માનું આનંદઘન સ્વરૂપ પ્રાપ્ત થાય છે અને તેમાં ભગવાન બલવાન કારણ છે. **॥૮॥**

# ૮. શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન

(રાગ : કેદારો તથા ગોડી; કુમરી રોવે, આક્રંદ કરે, મુને કોઈ મુકાવે-એ દેશી)

**ગાથા :-**

**દેખણ દે રે, સખી ! મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ; સખી૦**
**ઉપશમરસનો કંદ, સખી૦ ગત કલિ-મલ-દુઃખદ્વંદ. સખી૦ ૧**

**ગાથાર્થ :-**

**ભગવાનની સ્તુતિ કરતાં સ્તવનકારશ્રી કહે છે કે, હે સખી != ક્ષયોપશમ ભાવની પરિણતિરૂપ હે સખી ! તું મને ભગવાનને જોવા દે. ચંદ્ર પ્રભુ ભગવાનના મુખચંદ્રને હે સખી ! મને જોવા દે. હે સખી ! મને ઉપશમરસનો કંદ જોવા દે. ગત કલિમલ દુઃખદ્વંદ=ગયો છે કલિમલ= ક્લેશ કરાવનાર કર્મરૂપી મલ અને દુઃખનો દ્વંદ, એવા ભગવાનને જોવા દે. ।।૧।।**

**ભાવાર્થ :-**

ચંદ્ર પ્રભુ સ્વામી પ્રત્યે અત્યંત ભક્તિ થવાથી સ્તવનકારશ્રી પોતાના ક્ષયોપશમ ભાવની પરિણતિરૂપ સખીને સંબોધીને કહે છે -- હે સખી ! તું મને ચંદ્ર પ્રભુ સ્વામીનું મુખરૂપી ચંદ્ર જોવા દે. એનાથી એ પ્રાપ્ત થાય કે, ભગવાનનું મુખ વીતરાગભાવની પરિણતિરૂપ છે અને તે ભાવ સ્વરૂપે આત્માને જોવામાં બાધક જ્ઞાનાવરણીય, મોહનીય આદિ કર્મો છે. તેથી અત્યાર સુધી ભગવાનને કોઈક ભવમાં જોયા હોય તોપણ વીતરાગભાવરૂપે ક્યારેય જોયા નહીં. હવે તે ભાવ સ્વરૂપે ભગવાનને જોવાની ઉત્કટ ઇચ્છાથી પોતાના ક્ષયોપશમ ભાવની પરિણતિને ઉલ્લસિત કરવા કહે છે કે, હે સખી ! તું મને ભગવાનનું પારમાર્થિક સ્વરૂપ જોવામાં સહાયક થા. જેથી ભગવાનના સ્વરૂપને જોઈને આનંદને પ્રાપ્ત કરું. વળી, સખીને કહે છે કે,

ભગવાન ઉપશમરસની પરાકાષ્ઠાને પામેલા છે. તેથી ઉપશમરસના કંદ છે અને તે.સ્વરૂપે ભગવાનને જોવામાં હે સખી ! તું મને સહાયક થા. વળી,

ભગવાન કલિ કરાવનાર=ક્લેશ કરાવનાર એવા મલ અને દુઃખ આપનારા એવા રતિ-અરતિ, રાગ-દ્વેષ આદિ દ્વંદથી રહિત છે. તે સ્વરૂપે હે સખી ! તું મને ભગવાનને જોવા દે. આ રીતે ભગવાનના પારમાર્થિક સ્વરૂપને જોવાની ઉત્કટ ઇચ્છાવાળા સ્તવનકારશ્રી સ્તવન કરીને ભગવાનના પારમાર્થિક સ્વરૂપને જોવા માટેનું સ્વવીર્ય ઉલ્લસિત કરે છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**વળી, ક્ષયોપશમ ભાવરૂપ પોતાની પરિણતિને સખીરૂપે સંબોધન કરીને સ્તવનકારશ્રી કહે છે કે, હે સખી ! અત્યાર સુધી મેં ભગવાનને સ્તવનમાં બતાવશે એ સર્વ ભવોમાં જોયા નથી. તેથી હવે ભગવાનને જોવાની ઉત્કટ ઇચ્છા છે, તેમ બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**સુહુમ નિગોદે ન દેખીઓ, સખી૦ બાદર અતિહિ વિસેસ; સખી૦**
**પુઢવી આઉ ન લેખિયો, સખી૦ તેઉ-વાઉ ન લેસ. સખી૦ ૨**
**વનસ્પતિ અતિ ઘણ દિહા, સખી૦ દીઠો નહીં ય દીદાર; સખી૦**
**બિ-તિ-ચઉરિંદી જલ લીહા, સખી૦ ગતસન્નિ પણ ધાર. સખી૦ ૩**
**સુર તિરી નિરય નિવાસમાં, સખી૦ મનુજ અનારજ સાથ; સખી૦**
**અપજ્જત્તા પ્રતિભાસમાં, સખી૦ ચતુર ન ચઢીઓ હાથ. સખી૦ ૪**
**ઇમ અનેક થળ જાણીએ, સખી૦ દરિસણ વિણુ જિનદેવ; સખી૦**
**આગમથી મત જાણીએ, સખી૦ કીજે નિરમળ સેવ. સખી૦ ૫**

**ગાથાર્થ :-**

**હે સખી ! સૂક્ષ્મ નિગોદમાં મેં ભગવાનને દેખ્યા નહીં, માટે મને જોવા દે. બાદરમાં અતિવિશેષ મેં જોયા નહીં. વળી, પૃથ્વીકાય-અપ્કાયમાં મેં ભગવાનને જોયા નહીં. માટે મને જોવા દે. તેઉકાય અને વાઉકાયમાં લેશ પણ ભગવાનને ગણ્યા નહીં.**

**વનસ્પતિમાં ઘણો વખત હે સખી ! ભગવાનનો ચહેરો દીઠો નહીં. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, જલચર પ્રાણીઓમાં હે સખી ! મેં**

**ભગવાનને જોયા નહીં. માટે મને જોવા દે. વળી, હે સખી ! સંજ્ઞી ગતિમાં પણ મેં ભગવાનને જોયા નહીં. માટે જોવા દે.**

**વળી, દેવ-તિર્યંચ-નરક નિવાસમાં હે સખી ! મેં ભગવાનને જોયા નહીં. વળી, અનાર્ય એવા મનુષ્યના સમૂહમાં મેં ભગવાનને જોયા નહીં. માટે મને જોવા દે. અપર્યાપ્તા અવસ્થામાં અને પ્રતિભાસમાં=પર્યાપ્તા અવસ્થામાં હે સખી ! મેં ભગવાનને જોયા નહીં; કેમ કે ચતુર એવા ભગવાન હાથમાં આવ્યા નહીં. માટે મને જોવા દે.**

**આ પ્રમાણે અનેક સ્થળમાં જાણીને=ભગવાનને જોયા નહીં તેમ જાણીને હે સખી ! મને જોવા દે. જિનદેવના દર્શન વગર જીવન અસાર છે. આગમથી મત જાણીએ=આગમથી ભગવાનનું સ્વરૂપ જાણીએ અને ભગવાનના નિર્મલ સ્વરૂપની સેવા કરીએ માટે સખી મને જોવા દે. ॥૨-૩-૪-૫॥**

**ભાવાર્થ :-**

અનાદિકાળથી પોતાને, ભગવાનનો પારમાર્થિક સ્વરૂપે બોધ થયો નહીં. તેથી જ પોતાનો આત્મા સંસારના સૂક્ષ્મ નિગોદ આદિ ભવોમાં અનંતકાળથી ભટક્યો. કોઈક રીતે પંચેન્દ્રિય આદિ ભવો પામ્યો તોપણ ભગવાનને પારમાર્થિક ભાવથી જાણ્યા નહીં. તેથી ફરી-ફરી નિગોદાદિ ભવોમાં અનંતકાળ પસાર કર્યો. માટે હવે એ પરિભ્રમણના નિવારણના ઉપાયરૂપે ભગવાનના દર્શન સિવાય કોઈ આલંબન નથી. માટે હે સખી ! તું મને ભગવાનના સ્વરૂપને દેખાડ અને શાસ્ત્રવચનથી ભગવાનના સ્વરૂપને જાણીને હે સખી ! મને ભગવાનનું નિર્મળ સ્વરૂપ જોવા દે. તેથી હું ભગવાનની નિર્મળ ભાવથી સેવા કરું. **॥૨-૩-૪-૫॥**

**અવતરણિકા :-**

**કઈ રીતે ભગવાનનું પારમાર્થિક સ્વરૂપ પોતાને પ્રાપ્ત થાય તે માટે કહે છે –**

**ગાથા :-**

**નિરમળ સાધુ ભગતિ લહી, સખી૦ યોગ-અવંચક હોય; સખી૦**
**ક્રિયા-અવંચક તિમ સહી, સખી૦ ફળ-અવંચક જોય. સખી૦ ૬**

**ગાથાર્થ :-**

**નિર્મળ સાધુ=સુંદર, ભક્તિ થાય તે રીતે હે સખી ! મને જોવા દે. જેથી યોગાવંચક થાય, ક્રિયા અવંચક પ્રાપ્ત થાય તેમ હે સખી ! મને જોવા દે. જેનાથી ફલઅવંચકનો યોગ થાય. ॥૬॥**

**ભાવાર્થ :-**

ભગવાનની પ્રાપ્તિમાં પ્રથમ ભૂમિકામાં યોગઅવંચક પ્રાપ્ત થાય છે. પછી ક્રિયાઅવંચક થાય છે અને અંતે ફલઅવંચક થાય છે.

જેઓ ગુણવાનને ગુણવાનરૂપે જાણીને, ગુણવાન પુરુષ પ્રત્યે ભક્તિવાળા થાય છે, તેઓને ગુણવાનનો યોગ અવંચકરૂપે પ્રાપ્ત થાય છે.

ગુણવાનને ગુણવાનરૂપે જાણ્યા પછી અત્યંત બહુમાનપૂર્વક તેઓની વંદનની ક્રિયા કરવામાં આવે ત્યારે ક્રિયાઅવંચકની પ્રાપ્તિ થાય છે.

અને ગુણવાન પુરુષના યોગનું ફળ તેઓ પાસેથી યોગમાર્ગની પ્રાપ્તિ છે. અને જેઓને ગુણવાન પુરુષોના યોગ પછી તેઓનો ઉપદેશ સમ્યક્ પરિણમન પામે છે તે ફલાવંચક યોગની પ્રાપ્તિ છે. સ્તવનકારશ્રી પોતાના ક્ષયોપશમ ભાવના પરિણામરૂપ સખીને ઉદ્દેશીને કહે છે. નિર્મળ એવી સુંદર ભક્તિને પ્રાપ્ત કરીને યોગનું અવંચક થાય તે રીતે મને ભગવાનને જોવા દે. તેથી એ પ્રાપ્ત થાય કે, સમ્યગ્ દૃષ્ટિ જીવ ભગવાનના પારમાર્થિક સ્વરૂપને જોનારા હોય છે અને તેઓ નિર્મળ સુંદર ભક્તિને પ્રાપ્ત કરીને ભગવાનને જોનારા હોય છે, તેમ મને પણ નિર્મળ એવી સુંદર ભક્તિને પ્રાપ્ત કરાવે તેવો યોગાવંચક થાય તે રીતે ભગવાનને જોવા દે.

વળી, સખીને કહે છે કે, ભગવાનને પારમાર્થિક સ્વરૂપે જાણ્યા પછી ભગવાનને વંદન આદિની ક્રિયાઅવંચક કરી શકું તે રીતે જોવા દે.

અને જેના ફલરૂપે અંતે ભગવાનનું વચન યથાર્થ પરિણમન પામે, જેથી અસ્ખલિત ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરીને હું સંસારનો ઉચ્છેદ કરી શકું, તે પ્રકારના ફલાવંચકથી મને ભગવાનને જોવા દે. ॥૬॥

**અવતરણિકા :-**

**પૂર્વમાં ત્રણ અવંચક યોગથી ભગવાનને જોવાનો અભિલાષ સ્તવનકારશ્રીએ બતાવ્યો. હવે ભગવાનની સતત પ્રેરણા મળે જેથી પોતાનો મોહનો ક્ષય થાય તે રીતે ભગવાનને જોવાનો અભિલાષ કરતાં સ્તવનકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**પ્રેરક અવસર જિનવરુ, સખી૦ મોહનીય ક્ષય જાય; સખી૦**
**કામિતપૂરણ સુરતરુ, સખી૦ 'આનંદઘન' પ્રભુ પાય. સખી૦ ૭**

**ગાથાર્થ :-**

**પ્રેરક અવસર=ભગવાનની કર્મકાય અવસ્થા અને તત્ત્વકાય અવસ્થા પ્રેરક બને તેવા અવસરવાળા જિનવરને હે સખી ! મને જોવા દે. જેના કારણે મારા મોહનીય કર્મનો ક્ષય થાય. વળી, ભગવાન કામિતને પૂરણ કરવા માટે=ભગવાનની તત્ત્વકાય અવસ્થા અને કર્મકાય અવસ્થા પોતાને પ્રેરક બને તે પ્રકારના કામિતને પૂરણ કરવા માટે, સુરતરુ જેવા છે. તે સ્વરૂપે મને જોવા દે. જેથી આનંદઘન એવા મારા આત્મારૂપ પ્રભુને હું પ્રાપ્ત કરું. ॥૭॥**

**ભાવાર્થ :-**

ભગવાન કર્મકાય અવસ્થાવાળા અને અંતે મોક્ષમાં જાય છે ત્યારે તત્ત્વકાય અવસ્થાવાળા છે. ભગવાનની કર્મકાય અવસ્થાકાળમાં ભગવાન મોહનો સંપૂર્ણ નાશ કરેલો હોવાથી અપાયઅપગમ અતિશયવાળા છે. ભગવાન સર્વજ્ઞ છે માટે જ્ઞાનાતિશયવાળા છે. ભગવાનને તીર્થંકર નામકર્મનો ઉદય છે. તેથી વચનાતિશયવાળા છે અને દેવોથી પૂજાય છે માટે ભગવાન પૂજાતિશયવાળા

છે. અને સિદ્ધ અવસ્થામાં જાય છે, ત્યારે સંસારનાં સર્વ દુઃખોનો અંત કરે છે. તેથી જીવની પારમાર્થિક અવસ્થારૂપ જે તત્ત્વકાય અવસ્થા છે તેને પામેલા છે. માટે ભગવાનનું આ સ્વરૂપ પોતાને પ્રેરક બને તેવા અવસરની પ્રાપ્તિ થાય તે પ્રકારે હે સખી ! મને ભગવાનને જોવા દે. જેથી ભગવાનની તે અવસ્થા સાથે તન્મયતાને પ્રાપ્ત કરીને હું મારા મોહનીય કર્મનો ક્ષય કરું.

આ રીતે ભગવાનને જોવાના અભિલાષપૂર્વક સ્તવનકારશ્રી કહે છે કે, ભગવાન કામિત પુરુષોની કામનાને પૂર્ણ કરવા માટે કલ્પવૃક્ષ જેવા છે અને ભગવાનનું પારમાર્થિક સ્વરૂપ મને પ્રેરણા કરનાર બને તે મારી કામનાનો વિષય છે. તેથી ભગવાન મારા કામિતને પૂરવા માટે સુરતરુ બને તે રીતે મને જોવા દે.

તેથી એ પ્રાપ્ત થાય કે, ભગવાનના પારમાર્થિક સ્વરૂપને જોવાને અનુકૂળ ક્ષયોપશમ ભાવની પરિણતિ રૂપ 'સખી' જો ઉલ્લસિત બને તો ભગવાન પોતાના માટે, કામિતને પૂરવા માટે સુરતરુ બને અને જેના ફળરૂપે પોતે આનંદઘનરૂપ પોતાની શુદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે. **॥૭॥**

# ૯. શ્રી સુવિધિનાથ જિન સ્તવન

(રાગ : કેદારો; એમ ધન્નો ધણીને પરચાવે-એ દેશી)

**ગાથા :-**

**સુવિધિ જિનેસર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે;**
**અતિ ઘણો ઊલટ અંગ ધરીને, પ્રહ ઊઠી પૂજીજે રે. સુવિધિ૦ ૧**

**ગાથાર્થ :-**

**સુવિધિનાથ જિનેશ્વરના ચરણકમળને વંદીને એ પ્રમાણે શુભ કરણી કરીએ. અતિ ઘણો ઊલટ=ઉત્સાહ અંગમાં ધારણ કરીને, પ્રહ ઊઠી= પ્રભાતમાં ઊઠીને ભગવાનની પૂજા કરીએ. ॥૧॥**

**ભાવાર્થ :-**

સુવિધિનાથ જિનેશ્વરને સંબોધીને કહે છે કે, હે સુવિધિનાથ જિનેશ્વર ! તમારા પગને નમીને અમે શુભ કરણી કરીએ, જેથી અમારો મનુષ્યભવ સફળ થાય. કઈ રીતે શુભ કરણી કરીએ ? તેથી કહે છે –

અતિ ઘણો ઉત્સાહ અંગમાં ધારણ કરીને=ભગવાનની ભક્તિ કરીને હું મારા મનુષ્યભવને સફળ કરું. એ પ્રમાણે અતિ ઘણો ઉત્સાહ હૈયામાં ધારણ કરીને, પ્રભાતમાં ઊઠીને ભગવાનની પૂજા કરીએ. **॥૧॥**

**અવતરણિકા :-**

**કઈ રીતે ભગવાનની પૂજા કરીએ તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને, હરખે દેરે જઈએ રે;**
**દહ તિગ પણ અભિગમ સાચવતાં, એકમના ધુરિ થઈએ રે.**
**સુવિધિ૦ ૨**

**ગાથાર્થ :-**

**દ્રવ્ય અને ભાવથી પવિત્ર ભાવ ધારણ કરીએ, હરખપૂર્વક દેહરામાં**

**જઈએ અને ત્યાં દસ ત્રિક અને પણ=પાંચ અભિગમ સાચવતાં, એકમના અત્યંત થઈને ભગવાનની ભક્તિ કરીએ. ॥૨॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી, શ્રાવક કઈ રીતે ઉત્તમ ભક્તિ કરીને પોતાનો મનુષ્યભવ સફળ કરે છે, તેને સામે રાખીને કહે છે –

સર્વવિરતિના અત્યંત અભિલાષવાળા શ્રાવકો ભગવાનની ભક્તિ કરવા અર્થે જિનાલયમાં જાય છે, ત્યારે દેહાદિની શુદ્ધિ કરે છે. તે દ્રવ્યશુદ્ધિ છે. અને દ્રવ્યથી શુદ્ધ થઈને, ઉત્તમ દ્રવ્યો ગ્રહણ કરીને ભગવાનમાં રહેલા વીતરાગતા આદિ ભાવો પ્રત્યે ભક્તિ ઉલ્લસિત થાય તે પ્રકારે ભાવથી, શુદ્ધિના ભાવને ધારણ કરીને, રસપૂર્વક દેરાસરમાં જાય છે.

અને તે વખતે ૧૦ પ્રકારની ત્રિક, જે "ચૈત્યવંદનભાષ્ય" આદિમાં સિદ્ધ છે, તેનું શ્રાવક ઉચિત સ્થાને યોજન કરીને પાલન કરે છે અને પાંચ અભિગમને સાચવે છે. જેથી ભગવાન પ્રત્યેની ભક્તિ વધે છે. અને જિનમંદિરમાં પ્રવેશની સાથે અત્યંત એક મનવાળા થઈને ભગવાનની પૂજા કરે છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**વળી, શ્રાવક કઈ રીતે ભગવાનની ભક્તિ કરે છે, તે બતાવે છે –**

**ગાથા :-**

**જળ-ચંદન-ફૂલવાસ સુગંધી, ધૂપ દીપ મન સાખી રે;**
**અંગપૂજા પણ ભેદ સુણી ઇમ, ગુરુમુખ આગમભાખી રે.**

**સુવિધિ૦ ૩**

**ગાથાર્થ :-**

**જળ-ચંદન-ફૂલવાસ સુગંધી=સુગંધી ફૂલોનો સમૂહ-ધૂપ-દીપ મન સાખી રે=મનના ઉપયોગપૂર્વક આ બધાથી ભગવાનની ભક્તિ કરે. આ પ્રમાણે ગુરુમુખથી અને આગમમાં કહેલા અંગપૂજાના ભેદ સાંભળીને તે પ્રમાણે શ્રાવક પૂજા કરે. ॥૩॥**

**ભાવાર્થ :-**

શ્રાવક, ભગવાનની ભક્તિ ઉત્તમદ્રવ્યોથી કરે છે. તેમાં નિર્મળ જળ-ચંદન-કેસર-કસ્તૂરી આદિ અને સુગંધી પુષ્પો હોય છે. અને ધૂપ-દીપથી ભગવાનની ભક્તિ કરે છે. અને આ સર્વ પૂજાકાળમાં ભગવાન પ્રત્યેના ભક્તિભાવમાં મન ઉપયુક્ત રહે તે રીતે પ્રયત્ન કરે છે. અને ગુરુમુખની તથા આગમથી અંગપૂજાના ભેદ સાંભળીને તે પ્રમાણે શ્રાવક ભગવાનની સુંદર ભક્તિ કરે છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં શ્રાવકો ભગવાનની કઈ રીતે પૂજા કરે છે તેનું સ્વરૂપ બતાવ્યું. હવે તેનું અનંતર અને પરંપર ફળ બતાવે છે –**

**ગાથા :-**

**એહનું ફળ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપર રે;**
**આણાપાલણ ચિત્તપ્રસન્ની, મુગતિ સુગતિ સુરમંદિર રે. સુવિધિ૦ ૪**

**ગાથાર્થ :-**

**એહનું ફળ દોય=શ્રાવકની ભગવાનની પૂજાનું ફળ, દોય ભેદ=અનંતર અને પરંપર એ બે ભેદ સાંભળો. આજ્ઞાપાલન, ચિત્તપ્રસન્ન, મુગતિ=મોક્ષ, સુગતિરૂપ સુરમંદિર. ॥૪॥**

**ભાવાર્થ :-**

ગાથા-૩માં બતાવેલ વચનાનુસાર કોઈ શ્રાવક ભગવાનની પૂજા કરે તેનું શું ફળ મળે તે બતાવતાં કહે છે – તેનું (A) અનંતર અને (B) પરંપર એમ બે ફળ છે. જે સાંભળો.

**(A) અનંતર ફળ** શું છે તે બતાવતાં કહે છે –

(૧) ભગવાનની આજ્ઞાનું પાલન અને (૨) ચિત્તની પ્રસન્નતા એ બે અનંતર ફળ છે.

**(૧) આજ્ઞાપાલન :-** આશય એ છે કે, જે શ્રાવકને ભગવાનના વચનાનુસાર સંસારના વાસ્તવિક સ્વરૂપનો બોધ છે, તે શ્રાવકને વિષમ એવા આ સંસારથી

પાર ઊતરવાનો ઉપાય ભગવાનની આજ્ઞા જણાય છે. અને તે તે જીવોને આશ્રયીને, શક્તિના પ્રકર્ષથી તે-તે પ્રકારના યત્ન દ્વારા સંસારનો ઉચ્છેદ કરવો તે ભગવાનની આજ્ઞા છે. તેથી સંસારના ઉચ્છેદના અર્થી એવા શ્રાવકો સર્વવિરતિના શક્તિના સંચયના ઉપાયરૂપે, ભગવાનની ભક્તિ, સ્વશક્તિને ગોપવ્યા વગર, ઉત્તમ દ્રવ્યોથી અને ઉત્તમ પ્રણિધાનથી દૃઢ યત્નપૂર્વક કરે છે. જેથી ઉત્તમ દ્રવ્યોના આલંબન દ્વારા, વીતરાગના ગુણો પ્રત્યેનું વધતું જતું બહુમાન, સર્વવિરતિની પ્રાપ્તિમાં પ્રતિબંધક કર્મોના નાશનું કારણ બને છે. જે ભગવાનની આજ્ઞાના પાલન સ્વરૂપ છે.

(૨) **ચિત્તપ્રસન્ન :-** વળી, ભગવાનની પૂજાકાળમાં, ભગવાનના અનુયોગથી વાસિત થયેલું ચિત્ત, સંસારના ભાવોથી અતિવિમુખ થયેલું હોવાથી પ્રસન્નતાને અનુભવે છે. આ બંને ફળો પૂજા કરનારને તત્કાળ પ્રાપ્ત થાય છે.

**(B) પરંપર ફળ :-** પૂજાકાળમાં ભગવાનના ગુણોના રાગથી બંધાયેલા ઉત્તમ પુણ્યને કારણે તે શ્રાવકને સુગતિરૂપ સુરમંદિરની પ્રાપ્તિ થાય છે. અને ત્યાં અધિક-અધિક ભગવાનની ભક્તિ કરીને, સંચિત વીર્યવાળા તે મહાત્મા, ક્રમે કરીને, ભાવસ્તવરૂપ ચારિત્રને પ્રાપ્ત કરીને, મોક્ષને પ્રાપ્ત કરે છે. માટે પૂજાનાં પરંપર ફળ (૧) સુગતિ અને (૨) મોક્ષ છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં શ્રાવકની પાંચ ભેદવાળી પૂજા બતાવી. હવે આઠ ભેદવાળી પૂજા બતાવે છે –**

**ગાથા :-**

**જળ-ચંદન-ફૂલ-ધૂપ ને દીપ, અક્ષત-નૈવેદ્ય-ફળ ધરી રે;**
**અંગ-અગ્રપૂજા મીલી અડવિધ, ભાવે ભવિક શુભ ગતિ વરી રે.**
**સુવિધિ૦ ૫**

**ગાથાર્થ :-**

**જળ-ચંદન-ફૂલ-ધૂપ-દીપ-અક્ષત-નૈવેદ્ય-ફળ ધરીને શ્રાવક અંગ અને**

**અગ્રપૂજા મળી આઠ પ્રકારની પૂજા કરે છે અને ભાવથી ભાવિક એવો શ્રાવક શુભગતિને વરે છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

શ્રાવક સ્વભૂમિકાનુસાર, જળાદિ આઠ ઉત્તમ દ્રવ્યોને લઈને ભગવાનની અંગપૂજા અને ધૂપ-દીપાદિ દ્વારા ભગવાનની અગ્રપૂજા કરે છે. અને ઉત્તમ દ્રવ્યો દ્વારા ભગવાનના ગુણોથી ભાવિત થયેલો શ્રાવક શુભગતિને વરે છે. અર્થાત્ સંસારના ઉચ્છેદનું કારણ બને તેવી શુભગતિને વરે છે. ॥૫॥

**અવતરણિકા :-**

**વળી, અન્ય પ્રકારે પણ શાસ્ત્રમાં કહેલ પૂજાના ભેદો કહે છે –**

**ગાથા :-**

**સત્તર ભેદ એકવીસ પ્રકારે, અઠ્ઠોત્તર સત ભેદે રે;**
**ભાવપૂજા બહુવિધ નિરધારી, દોહગ દુરગતિ છેદે રે. સુવિધિ૦ ૬**

**ગાથાર્થ :-**

**સત્તરભેદથી અથવા ૨૧ પ્રકારથી અથવા ૧૦૮ પ્રકારથી ભગવાનની પૂજા છે. વળી બહુ પ્રકારની ભાવપૂજા નિરધારી છે=કહી છે. જે દુર્ભાગ્ય અને દુર્ગતિને છેદે છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

શાસ્ત્રમાં ભગવાનની ભક્તિ અર્થે પૂજાના અનેક ભેદો બતાવાયા છે. તેથી શક્તિસંપન્ન શ્રાવક સત્તર ભેદથી પણ ભગવાનની પૂજા કરે છે, એકવીસ ભેદથી પણ પૂજા કરે છે. અને એકસો ને આઠ ભેદથી પણ પૂજા કરે છે.

વળી, સાધુ ભાવપૂજા કરે છે અને તે ભાવપૂજા ઘણા પ્રકારની છે; કેમ કે સાધુ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા થઈને સંયમનાં જે-જે ઉચિત અનુષ્ઠાનો, અપ્રમાદથી કરે છે, તે સર્વ સમભાવની વૃદ્ધિના ઉપાયરૂપ હોવાથી ભાવપૂજારૂપ છે. અને તે ભાવપૂજાને અનુકૂળ સંયમનાં અનુષ્ઠાનો ઘણા પ્રકારનાં છે. માટે ભાવપૂજા અનેક પ્રકારની છે.

આ ભાવપૂજા દુર્ભાગ્ય અને દુર્ગતિનો ઉચ્છેદ કરે છે; કેમ કે સમભાવના પરિણામના કાળમાં વર્તતા શુભ ભાવોથી, દુર્ભાગ્યના કારણરૂપ કર્મોનો નાશ થાય છે. અને દુર્ગતિને અનુકૂળ ભાવોનો નાશ થાય છે. **॥૬॥**

**અવતરણિકા :-**

**અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજારૂપ, ત્રણ પૂજા બતાવ્યા પછી ચોથી પ્રતિપત્તિ પૂજા બતાવે છે –**

**ગાથા :-**

**તુરીય ભેદ પડિવત્તિપૂજા, ઉપશમ ખીણ સયોગી રે;**
**ચઉહા પૂજા ઇમ ઉત્તરાધ્યયને, ભાખી કેવળભોગી રે. સુવિધિ૦ ૭**

**ગાથાર્થ :-**

**તુરીય ભેદ=ચોથો ભેદ પ્રતિપત્તિપૂજા ઉપશમ ક્ષીણ સયોગીને છે. એમ ચાર પ્રકારની પૂજા ઉત્તરાધ્યયનમાં ભાખી જેનું ફળ કેવલભોગી છે=કેવળજ્ઞાનની પ્રાપ્તિ છે. ॥૭॥**

**ભાવાર્થ :-**

ચોથી પ્રતિપત્તિ પૂજા=ભગવાને જે કરવાનું કહ્યું છે તે શક્તિના પ્રકર્ષથી કરવાના સ્વીકારરૂપ પ્રતિપત્તિ પૂજા છે. અને જે યોગી શક્તિના પ્રકર્ષથી વીતરાગ થવા માટે ઉદ્યમ કરીને ઉપશમ શ્રેણીમાં ચઢે છે કે ક્ષપકશ્રેણીમાં ચઢે છે, તેઓ પ્રતિપત્તિ પૂજાને કરનારા છે અને આ પ્રતિપત્તિ પૂજાને કરવા માટે નિર્વિકલ્પ ઉપયોગ આવશ્યક છે.

તેથી ઉપશમ શ્રેણીમાં ચઢેલાં યોગી નિર્વિકલ્પ ઉપયોગ દ્વારા પ્રતિપત્તિ પૂજા કરીને ૧૧મા ગુણસ્થાનકે ઉપશાંત-વીતરાગ બને છે અને ક્ષપકશ્રેણીવાળા યોગી ૧૨મા ગુણસ્થાનકે ક્ષીણવીતરાગ બને છે. આ બન્ને પ્રતિપક્ષી પૂજા કરનારા સયોગી છે=યોગવાળા છે. વળી, આ સર્વ પ્રતિપત્તિ પૂજા છે; કેમ કે ભગવાને સર્વ ઉદ્યમથી વીતરાગ થવા માટે આજ્ઞા કરેલ છે. અને તે આજ્ઞાનો સ્વીકાર ઉપશાંત મોહવાળા કે ક્ષીણ મોહવાળા સયોગી સમ્યક્ કરે છે. આ

પ્રકારે ઉત્તરાધ્યયનમાં ચાર પ્રકારની પૂજા કહી છે. જેનું અંતિમ ફળ કેવલજ્ઞાન છે. ॥૭॥

**અવતરણિકા :-**

**ભગવાનની ચાર પ્રકારની પૂજા અને તેનું ફળ સ્તવનકારશ્રીએ બતાવ્યું. હવે તેને સાંભળીને જેઓ પોતાની શક્તિ અનુસાર ઉચિત પૂજા કરશે, તેઓને શું ફળ મળશે તે બતાવવા દ્વારા ભગવાન પ્રત્યેની પોતાની ભક્તિને અભિવ્યક્ત કરતાં કહે છે –**

**ગાથા :-**

**ઇમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે;**
**ભવિક જીવ કરશે તે લેહશે, 'આનંદઘન' પદ ધરણી રે.**
**સુવિધિ૦ ૮**

**ગાથાર્થ :-**

**એમ=પૂર્વમાં વર્ણન કર્યું એમ પૂજાના બહુ ભેદોને સાંભળીને, સુખને દેનાર એવી શુભ કરણી, જે ભવિકજીવ કરશે, તે 'આનંદઘન' પદને ધારણ કરનારી અવસ્થાને લેહશે=પામશે. ॥૮॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીએ દ્રવ્યપૂજાના અનેક ભેદો બતાવ્યા. અને તેના અંગપૂજા અને અગ્રપૂજા રૂપ બે ભેદો બતાવીને ત્રીજી ભાવપૂજા બતાવી. અને ચોથી પ્રતિપત્તિ પૂજા બતાવી.

આ પ્રકારના પૂજાના ભેદોને સાંભળીને, જે ભવિક જીવ પોતાની શક્તિને ગોપવ્યા વગર, સુખને આપનારી એવી ભગવાનની પૂજારૂપ શુભ કરણી સ્વભૂમિકાનુસાર કરશે, તે ઉત્તર-ઉત્તરની પૂજાને પ્રાપ્ત કરીને, 'આનંદઘન'ના સ્થાનરૂપ સિદ્ધ અવસ્થાન ધરણીને=પૃથ્વીને પ્રાપ્ત કરશે. ॥૮॥

# ૧૦. શ્રી શીતલનાથ જિન સ્તવન

(રાગ : ધન્યાશ્રી ગોડી; ગુણહ વિશાલા મંગલિકમાલા-એ દેશી)

**ગાથા :-**

**શીતળ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધ ભંગી મન મોહે રે;**
**કરુણા કોમળતા તીક્ષણતા, ઉદાસીનતા સોહે રે. શીતળ૦ ૧**

**ગાથાર્થ :-**

**શીતલનાથ ભગવાનની વિવિધ પ્રકારના ભાંગાવાળી=વિવિધ પ્રકારના વિકલ્પવાળી, લલિત એવી ત્રિભંગી=રોચક એવી ત્રિભંગી મનને મોહે છે.**

તે ત્રિભંગી સ્પષ્ટ કરે છે –

**(૧) કરુણારૂપ કોમળતા, (૨) તીક્ષણતા, (૩) ઉદાસીનતા શોભે છે. ॥૧॥**

**ભાવાર્થ :-**

શીતલનાથ ભગવાનની સાધક અવસ્થાને સ્મૃતિમાં ભાવીને સ્તવનકારશ્રી કહે છે કે ભગવાનમાં વિવિધ પ્રકારની મનોહર ત્રિભંગી છે. જે મારા મનને મોહ પમાડે છે=જે મારા મનને અત્યંત રોચક લાગે છે. તેમાં સાધકકાળની ત્રિભંગી બતાવતાં કહે છે –

(૧) ભગવાન જ્યારે દીક્ષા લે છે અને છદ્મસ્થ અવસ્થામાં વિચરે છે, ત્યારે આઠમા ગુણસ્થાનકના અમુક ભાગ સુધી તીર્થંકર નામકર્મ બાંધે છે. તેના કારણભૂત એવો અધ્યવસાય તીર્થંકર નામકર્મના બંધકાળ સુધી છદ્મસ્થ અવસ્થામાં ભગવાનના ચિત્તમાં સદા વર્તે છે. જે ભગવાનની કરુણારૂપ કોમળતાનો પરિણામ છે.

(૨) વળી, ભગવાન સાધનાકાળમાં મોહના ઉન્મૂલનને અનુકૂળ તીક્ષ્ણ જ્ઞાનના ઉપયોગવાળા છે.

(૩) અને જગતના સર્વ બાહ્યભાવો પ્રત્યે પરમ ઉદાસીનતાવાળા છે. તે ત્રણ ભાવો શીતલનાથ ભગવાનમાં શોભી રહ્યા છે, જેને જોઈને સ્તવનકારશ્રી ભગવાનના ભાવો પ્રત્યે મોહ પામે છે. ॥૧॥

**અવતરણિકા :-**

**પૂર્વ ગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું કે, શીતલનાથ ભગવાનમાં કરુણા આદિરૂપ લલિત ત્રિભંગી શોભે છે. તેથી હવે તે ત્રિભંગીનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**સર્વજંતુહિતકરણી કરુણા, કર્મવિદારણ તીક્ષણ રે;**
**હાનાદાનરહિત પરિણામી, ઉદાસીનતા વીલક્ષણ રે. શીતળ૦ ૨**

**ગાથાર્થ :-**

**સર્વ જંતુના હિતને કરનારી કરુણા છે. કર્મના વિદારણને=નાશને અનુકૂળ જ્ઞાનના ઉપયોગની તીક્ષ્ણતા છે. તે તીક્ષ્ણ ઉપયોગ છે. હાન-આદાન રહિત પરિણામી=ત્યાગ અને ગ્રહણ રહિત=સંસારના પદાર્થોમાં અનિષ્ટના ત્યાગ અને ઈષ્ટના ગ્રહણથી રહિત, એવી આત્માની પરિણામિતા તે વિલક્ષણ ઉદાસીનતા છે=સંસારી જીવોની ઉદાસીનતા કરતા કલ્યાણનું કારણ એવી વિલક્ષણ ઉદાસીનતા છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

ભગવાન સાધનાકાળમાં સંયમમાં વર્તે છે, ત્યારે શ્રુતથી અત્યંત વાસિત મતિવાળા છે. અને આ શ્રુતજ્ઞાન જગતના જીવમાત્ર માટે હિતનું પરમ કારણ છે, તેવી સ્થિર બુદ્ધિવાળા છે અને આ શ્રુતજ્ઞાન જગતના જીવોને પ્રાપ્ત થાવ, જેથી દુરંત એવા સંસારસાગરથી તેઓ પારને પામે. તે પ્રકારના નિર્મળ અધ્યવસાયને કારણે આઠમા ગુણસ્થાનકના કંઈક ભાગ સુધી તીર્થંકર નામકર્મ બાંધે છે. ત્યાં સુધી તીર્થંકરના આત્માને જગતના જીવમાત્ર માટે હિતની બુદ્ધિરૂપ કરુણા વર્તે છે.

વળી, સાધનાકાળમાં તીક્ષ્ણ શ્રુતજ્ઞાનના ઉપયોગથી વીતરાગ થવાને અનુકૂળ

સદા ઉદ્યમ કરે છે. જે શ્રુતજ્ઞાનનો તીક્ષ્ણ ઉપયોગ જ્ઞાનાવરણીય આદિ ઘાતીકર્મોના વિદારણનું=નાશનું કારણ બને છે.

વળી, ભગવાન સંસારી જીવોની ખિન્નતારૂપ ઉદાસીનતાથી વિલક્ષણ ઉદાસીનતાવાળા છે. તેથી જગતના બાહ્ય પદાર્થો પ્રત્યે ઉદાસીન હોવા છતાં શ્રુતથી આત્માને ભાવિત કરીને શાંતરસના અનુભવ કરનારા હોય છે. અને જગત પ્રત્યે ઉદાસીનતાનો પરિણામ હોવાથી જગતમાં પોતાને અશાતા કરે તેવા પદાર્થના ત્યાગના પરિણામથી રહિત છે અને પોતાને શાતા ઉત્પન્ન કરે તેવા દેહાદિને ઉપષ્ટંભક પદાર્થોના ગ્રહણના પરિણામથી રહિત છે. તેથી જગતના ભાવો પ્રત્યે ઉદાસીન છે અને આત્માના ભાવો પ્રત્યે ઉદાસીન નથી. માટે શોકથી થયેલી જગતના જીવોની ઉદાસીનતા કરતાં ભગવાનની ઉદાસીનતા વિલક્ષણ છે. માટે સ્તવનકારશ્રીને તે શોભાયમાન દેખાય છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**ગાથા-૧માં કહ્યું કે, તીર્થંકરના આત્મામાં સાધનાકાળમાં કરુણા તીક્ષ્ણતા અને ઉદાસીનતા શોભે છે. અને તે ત્રણેય ભાવોનું સ્વરૂપ ગાથા-૨માં બતાવ્યું. હવે તે ત્રણેય ભાવોનો પારમાર્થિક બોધ કરાવવા અર્થે સ્થૂલથી કરુણા અને તીક્ષ્ણતા સાથે ઉદાસીનતાનો વિરોધ બતાવે છે –**

**ગાથા :-**

**પરદુઃખછેદન ઇચ્છા કરુણા, તીક્ષણ પરદુઃખ રીઝે રે;**
**ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝે રે. શીતળ૦ ૩**

**ગાથાર્થ :-**

**પરદુઃખના છેદનની ઈચ્છા=જગતના જીવોના સંસારના પરિભ્રમણરૂપ દુઃખના છેદનની ઈચ્છા કરુણા છે. પરદુઃખ=પોતાને પ્રાપ્ત થતા પ્રકૃષ્ટ દુઃખમાં રીઝે=સમભાવને ધારણ કરીને નિર્જરાના કારણરૂપે તે દુઃખને જોઈને હર્ષિત થાય તે તીક્ષ્ણતા છે. ઉદાસીનતા તે કરુણા અને તીક્ષ્ણતાથી વિલક્ષણ છે. તેથી એક સ્થાનમાં=તીર્થંકરના આત્મારૂપ એક સ્થાનમાં કેમ સીઝે=કેમ સંગત થાય ?! ॥૩॥**

**ભાવાર્થ :-**

બીજાના દુઃખના નાશની ઇચ્છાથી તીર્થંકરના જીવો છદ્મસ્થ અવસ્થામાં સર્વ જીવોના હિતની ચિંતારૂપ કરુણા કરે છે.

વળી, ભૂતકાળમાં પોતાનાં નિરનુબંધી, કિલષ્ટ કર્મોના ઉદયથી કોઈ પ્રકૃષ્ટ દુઃખ આવે તોપણ આ કર્મનો ઉદય મારા માટે નિર્જરાનું કારણ છે. એ પ્રકારની શ્રુતની તીક્ષ્ણ બુદ્ધિ નિર્લેપ થવા માટે પ્રવર્તે છે, એ કર્મના નાશને અનુકૂળ તીક્ષ્ણ ઉપયોગ છે તેથી કર્મના ઉદયથી પ્રાપ્ત દુઃખમાં પણ તે મહાત્માઓ આનંદિત રહે છે. તેથી બીજાનાં દુઃખોને છેદવાની ઇચ્છા અને પોતાના પ્રકૃષ્ટ દુઃખમાં આનંદિત રહેવાનો પરિણામ તે ઉદાસીનતા સાથે વિરોધી છે; કેમ કે ઉદાસીનતા બંને પ્રકારની ઇચ્છાથી વિલક્ષણ છે. અર્થાત્ હાન-આદાનના પરિણામથી રહિત છે. તેથી કોઈ ભાવ સાથે સંલગ્ન ન થાય તેવી ઉદાસીનતા છે. માટે કરુણા અને તીક્ષ્ણતા સાથે વિલક્ષણ એવી ઉદાસીનતા એક સ્થાનમાં એક કાળમાં તીર્થંકરને કેવી રીતે સંગત થાય ? અર્થાત્ સ્થૂલ દૃષ્ટિથી સંગત થાય નહીં. ॥૩॥

**અવતરણિકા :-**

**પૂર્વ ગાથામાં કહ્યું કે, કરુણા, તીક્ષ્ણતા અને ઉદાસીનતા એક સ્થાનમાં, એક કાળમાં કઈ રીતે રહી શકે ? તેથી હવે ભગવાનમાં વર્તતી કરુણા, તીક્ષ્ણતા અને ઉદાસીનતાનો પરસ્પર વિરોધ નથી. માટે એક કાળમાં, એક સ્થાનમાં રહી શકે છે તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**અભયદાન તે મલક્ષય કરુણા, તીક્ષણતા ગુણ ભાવે રે;**
**પ્રેરણ વિણ કૃતિ ઉદાસીનતા, ઇમ વિરોધ મતિ નાવે રે. શીતળ૦ ૪**

**ગાથાર્થ :-**

**મલક્ષયરૂપ અભયદાન=જગતના જીવોને મલક્ષય પ્રાપ્ત થાવ તે પ્રકારના અભયદાનના પરિણામરૂપ ભગવાનની કરુણા છે. તીક્ષણતા ગુણ ભાવમાં છે=આત્માના શુદ્ધ ભાવમાં જવાને અનુકૂળ તેવો તીક્ષણતા ગુણ છે.**

**પ્રેરણા વગર કરાયેલી ઉદાસીનતા=સંસારી જીવોને બાહ્ય વિષમતાની પ્રેરણાથી કરાયેલી ઉદાસીનતા કરતાં વિલક્ષણ એવી પ્રેરણા વગર કરાયેલી ઉદાસીનતા ભગવાનની છે. તે રીતે વિરોધની મતિ આવતી નથી. ।।૪।।**

**ભાવાર્થ :-**

સામાન્યથી સંસારી જીવોને કોઈક ઇષ્ટ પદાર્થનો વિયોગ થાય ત્યારે ઉદાસીનતા વર્તે છે. તે વખતે બીજાની હિતચિંતારૂપ કરુણા અને આત્મગુણોમાં જવા માટે દૃઢ યત્નરૂપ તીક્ષ્ણતા પ્રાપ્ત થતી નથી. પરંતુ જગતના ભોગાદિ પ્રત્યે જેમ ઉદાસીન રહે છે તેમ આત્મકલ્યાણની પ્રવૃત્તિમાં પણ ઉદાસીન રહે છે. તેથી સંસારી જીવોની ઉદાસીનતા સાથે કરુણા અને તીક્ષ્ણતાનો વિરોધ છે. પરંતુ ભગવાનને કોઈ બાહ્ય પદાર્થોના વિયોગ નિમિત્તક ઉદાસીનતા નથી. પરંતુ આત્માનો જગતના પદાર્થો સાથે સંશ્લેષ પામવાનો સ્વભાવ નહીં હોવાથી અને શુદ્ધ આત્માના સ્વરૂપના ભાવોથી ભગવાનનો આત્મા વાસિત હોવાથી, આત્મા માટે અનુપયોગી એવા દેહાદિને અનુકૂળ કે પ્રતિકૂળ ભાવો પ્રત્યે ભગવાન ઉદાસીન છે. તેથી શોકાદિની પ્રેરણા વગર કરાયેલી ભગવાનની ઉદાસીનતા છે અને આ ઉદાસીનતા આત્માના શાંતરસમાં જવા માટે બાધક નથી. પરંતુ આત્માના શાંતરસના પક્ષપાતને કારણે જ જગતના ભાવો પ્રત્યે ઉદાસીનતા વર્તે છે તેથી તે ઉદાસીનતાકાળમાં પણ આત્માના શાંત-શાંતતર-શાંતતમ રસને પ્રાપ્ત કરવા માટે ભગવાનનો શ્રુતનો તીક્ષ્ણ ઉપયોગ વર્તે છે. જે તીક્ષ્ણ ઉપયોગમાં સંસારના ભાવો પ્રત્યેની ઉદાસીનતા બાધક નથી. પરંતુ ઉપષ્ટંભક છે.

જ્યારે આદ્ય ભૂમિકાના સાધક યોગીને ભગવાન જેવી સંસારના ભાવો પ્રત્યે ઉદાસીનતા નહીં હોવાથી આત્મગુણોમાં જવા માટે તીક્ષ્ણ ઉપયોગ ઉત્થિત થતો નથી. તેનું કારણ તત્ત્વના પર્યાલોચનથી ભગવાન જેવી ઉદાસીનતાને પ્રાપ્ત કરી શક્યા નથી.

વળી, ભગવાનને સર્વ જીવો પ્રત્યે પોતાના તુલ્ય બુદ્ધિ રૂપ સમભાવ વર્તે છે. અને સમભાવના કારણે જ જેમ પોતાના મલક્ષય કરવા માટે પોતાના આત્માની ભગવાનને કરુણા છે, તેમ સર્વ જીવોને મલક્ષય પ્રાપ્ત થાવ તેવા અભયદાન

રૂપ કરુણા ભગવાનમાં વર્તે છે. તેથી ભગવાનની કરુણા સમભાવમાંથી ઊઠેલી છે અને સમભાવની પોષક છે. અને સંસારના ભાવો પ્રત્યેની ભગવાનની ઉદાસીનતા પણ સમભાવની બાધક નથી, પરંતુ સમભાવની પોષક જ છે. તેથી ભગવાનની કરુણા સાથે પણ ભગવાનની ઉદાસીનતાનો વિરોધ નથી.

આ રીતે સૂક્ષ્મ દૃષ્ટિથી જોવામાં આવે તો મોક્ષને અનુકૂળ એવી કરુણા, તીક્ષ્ણતા અને ઉદાસીનતાનો પરસ્પર વિરોધ છે તેવી મતિ આવતી નથી. **॥૪॥**

**અવતરણિકા :-**

**વળી, અન્ય પ્રકારે સુંદર એવી અનેક ત્રિભંગી ભગવાનમાં કેવી છે તે બતાવીને ભગવાનના પારમાર્થિક સ્વરૂપને સ્તવનકારશ્રી ઉપસ્થિત કરે છે –**

**ગાથા :-**

**શક્તિ વ્યક્તિ ત્રિભુવનપ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગે રે;**
**યોગી ભોગી વક્તા મૌની, અનુપયોગી ઉપયોગે રે. શીતળ૦ ૫**
**ઇત્યાદિક બહુ ભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે;**
**અચરિજકારી ચિત્ર-વિચિત્રા, 'આનંદઘન' પદ લેતી રે. શીતળ૦ ૬**

**ગાથાર્થ :-**

**હવે પાંચ પ્રકારની ત્રિભંગી બતાવે છે :-**

**(૧) (a) શક્તિ (b) વ્યક્તિ અને (c) શક્તિ વ્યક્તિ અભાવરૂપ ત્રિભંગી.**

**(૨) (a) ત્રિભુવનપ્રભુતા (b) નિર્ગ્રંથતાના સંયોગથી અને (c) ત્રિભુવનપ્રભુતા નિર્ગ્રંથતાના સંયોગના અભાવ દ્વારા આત્માના સ્વરૂપમાં પ્રતિષ્ઠાનરૂપ ત્રિભંગી.**

**(૩) (a) યોગી (b) ભોગી અને (c) યોગી ભોગીના અભાવરૂપ ત્રિભંગી.**

**(૪) (a) વક્તા (b) મૌની અને (c) વક્તા મૌનીના અભાવરૂપ ત્રિભંગી.**

**(૫) (a) અનુપયોગી (b) ઉપયોગી અને (c) ઉપયોગી અનુપયોગીના અભાવ રૂપ ત્રિભંગી.**

**ઈત્યાદિ ઘણા ભંગરૂપ ત્રિભંગી ચિત્તના ચમત્કારને દેનારી છે. આશ્ચર્યને કરનારી ચિત્ર-વિચિત્રતા=ભગવાનની અનેક પ્રકારની વિચિત્રતા આનંદઘનના પદને પ્રાપ્ત કરાવે છે. ॥૫-૬॥**

**ભાવાર્થ :-**

ભગવાનમાં અનેક પ્રકારની ત્રિભંગીઓ છે કે જે ચિત્તના ચમત્કારને કરનારી છે. તે બતાવતાં કહે છે –

(૧) (a) ભગવાન જ્યારે કેવલજ્ઞાન પામે છે ત્યારે ભગવાનમાં સિદ્ધ અવસ્થાની શક્તિ છે. (b) અને વીતરાગ સર્વજ્ઞ છે. માટે સયોગીકેવલી અવસ્થાની વ્યક્તિ છે=અભિવ્યક્તિ છે. (c) અને મોહથી આકુળ એવી સંસાર અવસ્થા ભગવાનમાં શક્તિરૂપે પણ નથી અને વ્યક્તિરૂપે પણ નથી. માટે ભગવાનમાં શક્તિ, વ્યક્તિ અને શક્તિ-વ્યક્તિથી રહિત એવી ત્રિભંગી વિવેકી વ્યક્તિને આનંદ ઉત્પન્ન કરે તેવી રમ્ય દેખાય છે.

(૨) (a) વળી, ભગવાન સમવસરણમાં અષ્ટ પ્રાતિહાર્યયુક્ત અને કરોડો દેવતાથી સેવાતા દેખાય ત્યારે ત્રિભુવનની પ્રભુતાવાળા દેખાય. (b) અને અંતરંગ રીતે સર્વ પરિગ્રહ વગરના હોવાથી નિર્ગ્રંથતા દેખાય. તેથી ભગવાનમાં ત્રિભુવનની પ્રભુતાનો સંયોગ અને નિર્ગ્રંથતાનો સંયોગ દેખાય છે. (c) વળી, ભગવાન પરમાર્થથી આત્માના પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠાનવાળા છે. તે અપેક્ષાએ ત્રિભુવનની પ્રભુતા કે નિર્ગ્રંથતા પણ ભગવાનમાં નથી. પરંતુ કેવલ શુદ્ધાત્મા પોતાના શુદ્ધ સ્વરૂપે પ્રકાશમાન છે. માટે ભગવાનમાં ત્રિભુવનતા, નિર્ગ્રંથતા અને ત્રિભુવનતા નિર્ગ્રંથતાનો અભાવ એ રૂપ વિવેકી વ્યક્તિને આનંદ ઉત્પન્ન કરે તેવી રમ્ય દેખાય છે.

(૩) (a) વળી, ભગવાન યોગમાર્ગની ચરમ ભૂમિકા પાસે આવેલા છે. તેથી નજીકના કાળમાં જ યોગ નિરોધ કરીને પ્રકૃષ્ટ યોગને પામશે અને વર્તમાનમાં પણ મહાનિર્લેપ યોગી છે. (b) વળી, આઠ પ્રાતિહાર્ય આદિ સમૃદ્ધિવાળા

હોવાથી ભગવાન ભોગી છે; કેમ કે, ભોગી જીવો પણ બાહ્ય પદાર્થોની સમૃદ્ધિથી જ, "હું ભોગવટો કરું છું", તેવી પ્રતીતિ કરે છે. તેથી બાહ્ય સમૃદ્ધિવાળા એવા ભગવાન સ્થૂલથી ભોગી છે તેમ કહેવાય છે. (c) વળી, ભગવાન નજીકના જે કાળમાં સિદ્ધ અવસ્થાને પામશે, તે દૃષ્ટિથી ભગવાન સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે. માટે કેવલ આત્માસ્વરૂપ છે. યોગી પણ નથી અને ભોગી પણ નથી. આ પ્રકારની ભગવાનની સુંદર ત્રિભંગી વિચારવાથી યોગીઓને ચિત્તમાં ચમત્કાર ઉત્પન્ન થાય છે.

(૪) (a) વળી, ભગવાન સમવસરણમાં જગતના જીવોને દેશના આપે છે. માટે વક્તા છે. (b) ભાવથી પૂર્ણ આત્મભાવમાં ગુપ્ત હોવાથી મૌની છે. (c) અને નજીકમાં સિદ્ધ અવસ્થાને પામશે, તે અપેક્ષાએ વક્તા પણ નથી, મૌની પણ નથી, પરંતુ કેવલ શુદ્ધ આત્મસ્વરૂપ છે. આ પ્રકારની ભગવાનની સુંદર ત્રિભંગી વિચારવાથી યોગીઓને ચિત્તમાં ચમત્કાર ઉત્પન્ન થાય છે.

(૫) (a) વળી, ભગવાન સાધનાકાળમાં સંસારના ભાવોમાં ઉપયોગવાળા નથી. આથી જ કોઈ પદાર્થોને આશ્રયીને ભગવાનનો ઉપયોગ પ્રવર્તતો નથી. (b) આત્માના શુદ્ધ ભાવમાં ઉપયોગવાળા છે. તેથી ઉપયોગી છે. (c) વળી, સિદ્ધ અવસ્થાની અપેક્ષાએ શુદ્ધ આત્મભાવમાં સ્થિર થયેલા હોવાથી, સંસારની અવસ્થાના ભાવોમાં જે અનુપયોગી હતા, તેનાથી પણ રહિત છે અને સાધક અવસ્થાના ઉપયોગવાળા હતા, તેનાથી પણ રહિત છે; કેમ કે સાધનાકાળમાં સંસારના ભાવોમાં ઉપયોગ ન જાય તેવો યત્ન કરીને અનુપયોગવાળા હતા અને શુદ્ધ આત્મામાં ઉપયોગ જાય તે રીતે ઉપયોગવાળા હતા. હવે તે બંને ભાવોથી રહિત કેવલ શુદ્ધ આત્મભાવમાં પ્રતિષ્ઠાનવાળા છે. આ પ્રકારે અનેક પ્રકારની ત્રિભંગીઓ થાય છે. જે યોગીઓના ચિત્તને ચમત્કારને દેનારી છે.

આ રીતે અન્ય પણ પ્રકારોથી ભગવાનની આશ્ચર્યકારી ચિત્રવિચિત્રતા=અનેક પ્રકારની વિવિધતા ભાવન કરવાથી 'આનંદઘન' પદને પ્રાપ્ત કરાવે છે અર્થાત્ સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરાવે છે. **॥૫-૬॥**

# ૧૧. શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન

(રાગ : ગોડી; અહો મતવાલે સાજના-એ દેશી)

**ગાથા :-**

**શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામી રે;**
**અધ્યાતમપદ પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે.**

**શ્રી શ્રેયાંસ૦ ૧**

**ગાથાર્થ :-**

**શ્રી શ્રેયાંસનાથ જિન અંતર્યામી છે=આત્માના અંતરંગ ભાવોને પરમાર્થથી જોનારા છે અને આત્મામાં રમનારા એવા નામવાળા છે=સ્વરૂપવાળા છે. વળી, ભગવાન અધ્યાત્મપદને પૂર્ણ પ્રાપ્ત કરીને સહજ મુક્તિગતિના ગામી છે. ॥૧॥**

**ભાવાર્થ :-**

ભગવાન દીક્ષા ગ્રહણ કરે છે ત્યારે સંસારના સર્વ ભાવોને છોડીને આત્માના અંતરંગ શુદ્ધ ભાવોને જોવાના વ્યાપારવાળા છે. વળી, દીક્ષાકાળમાં ભગવાન નિર્મળ કોટિના મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવજ્ઞાનવાળા છે. અને તેમનાં આ ચારેય જ્ઞાન, સદા આત્માના નિરાકુળ ભાવોને જોવાના વ્યાપારવાળા છે. તેથી ભગવાન્ અંતર્યામી છે.

વળી, નિર્મળ જ્ઞાનથી દેખાતા આત્માના અંતરંગ ભાવોમાં રમણ કરનારા છે. તેથી આતમરામી છે. અને આવા ભગવાન સાધના દ્વારા અધ્યાત્મભાવને પૂર્ણ પામીને સહજ એવી મુક્તિગતિને પામે છે. અર્થાત્ આત્માનો શુદ્ધ ભાવમાં રહેવાનો જે યત્ન તે અધ્યાત્મપદ છે. અને તેની નિષ્ઠા યોગ-નિરોધકાળમાં છે. ત્યાં સુધીના અધ્યાત્મને પામીને ભગવાન કર્મજન્ય એવી સંસારની ગતિ કરતા વિલક્ષણ અને સહજ એવી જીવના સ્વભાવરૂપ મુક્તિગતિ તેમાં જનારા છે. ॥૧॥

**અવતરણિકા :-**

**ભગવાન આતમરામી કેવા હતા, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**સયલ સંસારી ઇન્દ્રિયરામી, મુનિગણ આતમરામી રે;**
**મુખ્યપણે જે આતમરામી, તે કેવળ નિઃકામી રે. શ્રી શ્રેયાંસ૦ ૨**

**ગાથાર્થ :-**

**સકલ સંસારી જીવો ઇન્દ્રિયરામી છે=ઇન્દ્રિયોના વિષયોમાં રમનારા છે. મુનિગણ આતમરામી છે. મુખ્યપણે જે આતમરામી છે તે કેવલ નિષ્કામી છે=કેવલ અસંગભાવમાં રહેનારા છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવો ઇન્દ્રિયોના વિષયો સાથે સંપર્ક પામીને તેમાંથી આનંદ લેનારા છે. અને જેઓ મોક્ષ સાધવા તત્પર થયા છે તેવા પાંચમા ગુણસ્થાનકવાળા જીવો પણ અંશથી ઇન્દ્રિયોમાં રમણ કરનારા છે. જ્યારે મુનિગણ તો આત્મામાં રમણ કરનારા છે. આથી જ મુનિઓ આત્મામાં રમણ કરવા અર્થે વીતરાગના વચનનું સ્મરણ કરીને, વીતરાગના વચનના સ્મરણ અનુસાર, સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરીને આત્મામાં, વિશ્રાંત થવા માટે સતત ઉદ્યમ કરે છે.

વળી, મુખ્યપણે તો જેઓ સર્વથા અસંગભાવને પામેલા છે તેવા નિષ્કામી મુનિઓ આતમરામી છે; કેમ કે અપ્રમાદભાવથી આત્મામાં જવા માટે યત્ન કરનારા મુનિઓ પણ ભગવાનના વચનને અને ભગવાનના બાહ્ય આલંબનને ગ્રહણ કરે છે, છતાં તે બાહ્ય આલંબન દ્વારા આત્મામાં વિશ્રાંત થવા કંઈક યત્ન કરે છે. તેથી મુનિગણ ગૌણરૂપે આતમરામી છે. અને જિનકલ્પી કે તીર્થંકરો સંયમકાળમાં પ્રધાનરૂપે આતમરામી છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**ગાથા-૧માં કહેલ કે, ભગવાન અધ્યાત્મપદ પૂર્ણ પામીને સહજ મુક્તિગતિમાં જનારા છે. તેથી હવે "અધ્યાત્મ" શું છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**નિજસ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહિયે રે;**
**જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયે રે.**
**શ્રી શ્રેયાંસ૦ ૩**

**ગાથાર્થ :-**

**જે ક્રિયા પોતાના સ્વરૂપને સાધે, તે ક્રિયાને "અધ્યાત્મ" કહેવાય છે. જે ક્રિયા કરીને જીવો ચાર ગતિને સાધે છે તે ક્રિયા "અધ્યાત્મ" કહેવાતી નથી. ॥૩॥**

**ભાવાર્થ :-**

મોહનીયકર્મના ઉદયથી થયેલું આત્માનું વિકૃત સ્વરૂપ છે, તે સ્વરૂપને દૂર કરવાને અનુકૂળ જે ક્રિયાને કરવામાં આવે છે તે ક્રિયા, અંતરંગ નિજ સ્વરૂપને પ્રગટ કરવામાં વ્યાપારવાળી હોય છે. અને જેઓ તે ક્રિયા કરીને નિજ સ્વરૂપને પ્રગટ કરે છે, તે ક્રિયાને "અધ્યાત્મ" કહેવાય છે.

જેમ ભગવાનના વીતરાગતા આદિ ભાવોને અવલંબીને વીતરાગભાવના બહુમાનભાવના પ્રકર્ષ અર્થે વિવેકી શ્રાવક ઉત્તમ દ્રવ્યથી ભગવાનની ભક્તિ કરીને ભગવાનના વીતરાગતા આદિ ભાવો પ્રત્યે વધતા જતા બહુમાન ભાવને કારણે પોતાના વીતરાગતા સ્વરૂપનાં બાધક કર્મોને દૂર કરીને પોતાના નિજ સ્વરૂપમાં કંઈક અંશથી વિશ્રાંત થાય છે, તેથી તે શ્રાવકની પૂજાની ક્રિયાને "અધ્યાત્મ" કહેવાય છે.

અને જેઓ સંસારની ક્રિયા કરીને ચાર ગતિઓને સાધે છે. અથવા તો ધર્મઅનુષ્ઠાનો કરીને પણ ચાર ગતિઓની પ્રાપ્તિનું કારણ બને તેવા જ ભાવો કરીને પોતાના સંસારના પરિભ્રમણના ભાવોને સાધે છે, તેઓની સંસારની ક્રિયા કે ધર્મની ક્રિયા "અધ્યાત્મ" કહેવાતી નથી. અને આવી અધ્યાત્મની ક્રિયા પૂર્ણ પામીને ભગવાન સહજ મુક્તિગતિના ગામી થયા છે, એમ ગાથા-૧ સાથે સંબંધ છે. **॥૩॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથામાં કહ્યું કે, પોતાના સ્વરૂપને પ્રગટ કરનારી ક્રિયાને "અધ્યાત્મ" કહેવાય છે. તેથી તે અધ્યાત્મના સ્વરૂપને સ્પષ્ટ કરવા માટે ચાર નિક્ષેપાથી અધ્યાત્મનું સ્વરૂપ બતાવીને ભાવઅધ્યાત્મમાં યત્ન કરવાનો ઉપદેશ આપે છે –

**ગાથા :-**

**નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;**
**ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રટ મંડો રે.**

**શ્રી શ્રેયાંસ૦ ૪**

**ગાથાર્થ :-**

**નામ અધ્યાત્મ, સ્થાપના અધ્યાત્મ, દ્રવ્ય અધ્યાત્મને છોડો. ભાવ અધ્યાત્મ નિજ ગુણને સાધે છે. તેથી તેહશું=ભાવ અધ્યાત્મમાં રટ મંડો=દૃઢ યત્ન કરવા મંડો. ॥૪॥**

**ભાવાર્થ :-**

કોઈ ક્રિયા ધર્મના અનુષ્ઠાનરૂપ હોય પરંતુ આત્મામાં ધર્મની નિષ્પત્તિનું કારણ ન હોય, તેવી યથાતથા કરાતી ક્રિયા "નામ અધ્યાત્મ" ક્રિયા છે.

અધ્યાત્મને સેવનારા પુરુષની સ્થાપના તે "સ્થાપના અધ્યાત્મ" છે.

અને જે ક્રિયાઓ આધ્યાત્મિક ભાવોને ઉલ્લસિત કરી ન શકે, ફક્ત તુચ્છ પુણ્યનું કારણ બને તેવી અસાર હોય તે ધર્મની દ્રવ્યાક્રિયાઓ "દ્રવ્ય અધ્યાત્મ" છે.

તેવા અધ્યાત્મથી કલ્યાણની પ્રાપ્તિ થાય નહીં માટે નામ, સ્થાપના અને દ્રવ્ય અધ્યાત્મનો ત્યાગ કરવો જોઈએ.

અને જે ભાવ અધ્યાત્મ છે તે આત્માના સ્વરૂપને પ્રગટ કરનાર છે. તેથી તે ભાવ અધ્યાત્મમાં દૃઢ યત્ન કરવા મંડો.

આશય એ છે કે, કાયિક, વાચિક કે માનસિક ક્રિયામાત્રથી ભાવ અધ્યાત્મ પ્રગટ થતું નથી. પરંતુ ભાવ અધ્યાત્મને પામેલા અને ભાવ અધ્યાત્મની નિષ્ઠાએ

પહોંચેલા એવા તીર્થંકર આદિ જીવો પ્રત્યે બહુમાન કેળવીને તેમની જેમ પોતે પણ અંતરંગ ભાવો ઉલ્લસિત કરી શકે તેવા પ્રકારના દૃઢ પ્રણિધાનપૂર્વક, પોતાની ભૂમિકાને અનુસાર, ઉચિત અધ્યાત્મની ક્રિયા કરવામાં આવે અને તે ક્રિયાના બળથી આત્માના સ્વરૂપમાં કંઈક અંશથી વિશ્રાંતિ થાય તેવો ભાવ પ્રગટ થાય તો તે ભાવ અધ્યાત્મ છે. અને તે ભાવઅધ્યાત્મ આત્માના પોતાના સહજ ગુણને પ્રગટ કરનાર છે. માટે તેવા ભાવ અધ્યાત્મને જ મારે પ્રગટ કરવો છે તેવો દૃઢ આગ્રહ રાખીને 'અધ્યાત્મની ક્રિયાને જ કરવા' માંડો. **॥૪॥**

**અવતરણિકા :-**

**વળી, ભાવ અધ્યાત્મ વિષયક વિશેષ પ્રકારના નયોથી ભાવ અધ્યાત્મનું સ્વરૂપ બતાવે છે –**

**ગાથા :-**

**શબ્દ અધ્યાતમ અર્થ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;**
**શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન-ગ્રહણ મતિ ધરજો રે.**
**શ્રી શ્રેયાંસ૦ ૫**

**ગાથાર્થ :-**

**શબ્દ "અધ્યાતમ"ના અર્થને સુણીને નિર્વિકલ્પ આદરજો= નિર્વિકલ્પ ઉપયોગને પ્રાપ્ત કરવા યત્ન કરજો. અને શબ્દ "અધ્યાતમ"ની ભજનાને જાણીને=શબ્દથી કહેવાતું અધ્યાત્મ છે તે અધ્યાત્મ, નામઅધ્યાત્મ આદિરૂપ પણ હોઈ શકે. અને ભાવઅધ્યાત્મ આદિરૂપ પણ હોઈ શકે. તે પ્રકારની ભજનાને જાણીને હાન-ગ્રહણની મતિને ધારણ કરજો=નામાદિ અધ્યાત્મના ત્યાગની અને ભાવઅધ્યાત્મના ગ્રહણની મતિને ધારણ કરજો. ॥૫॥**

**ભાવાર્થ :-**

શબ્દ "અધ્યાતમ"નો અર્થ છે કે, આત્મા પોતાના શુદ્ધ ભાવમાં નિવેશ કરવા યત્ન કરે અને શુદ્ધ ભાવમાં નિવેશ આત્માના નિર્વિકલ્પ ઉપયોગરૂપ છે.

અર્થાત્ "જગતના આ પદાર્થો મને ઇષ્ટ છે. આ પદાર્થો મને અનિષ્ટ છે" એવા વિકલ્પો જેમાં શાંત થઈ ગયા છે અને સર્વ વિકલ્પોથી પર એવી આત્માની વીતરાગ અવસ્થામાં જેનું ચિત્ત સ્થિર થયું છે તેવા નિર્વિકલ્પ ઉપયોગને શબ્દનય અધ્યાત્મ સ્વીકારે છે. માટે તે અધ્યાત્મની પ્રવૃત્તિને પ્રાપ્ત કરવા યત્ન કરજો.

તેથી શબ્દ "અધ્યાતમ"ના અર્થને સાંભળીને "હું તે પ્રકારની અધ્યાત્મની ક્રિયા કરું" કે જેથી મારામાં નિર્વિકલ્પ ઉપયોગ પ્રગટે તે પ્રકારનો યત્ન કરજો, જેથી તે અધ્યાત્મની ક્રિયા "ભાવ અધ્યાતમ" રૂપ બને.

વળી, શબ્દથી જે "અધ્યાતમ" શબ્દ કહેવાય છે, તેમાં ભજના છે. અર્થાત્ નામ અધ્યાત્મને પણ શબ્દથી અધ્યાત્મ કહેવાય છે. સ્થાપના અધ્યાત્મને પણ શબ્દથી અધ્યાત્મ કહેવાય છે, દ્રવ્ય અધ્યાત્મને પણ શબ્દથી અધ્યાત્મ કહેવાય છે અને ભાવ અધ્યાત્મને પણ શબ્દથી અધ્યાત્મ કહેવાય છે, તે શબ્દ અધ્યાતમથી વાચ્ય નામાદિ ચાર નિક્ષેપામાંથી ત્રણ નિક્ષેપા નિર્વિકલ્પ દશાને સાધનારા નથી. અને ભાવ અધ્યાત્મ નિર્વિકલ્પ દશાને સાધનાર છે. તે પ્રકારે વિકલ્પરૂપ ભજના છે. તેને જાણીને નામાદિ ત્રણ અધ્યાત્મના હાનને=ત્યાગને અને ભાવ અધ્યાત્મના ગ્રહણને=સ્વીકારને અનુકૂળ એવી મતિને ધારણ કરજો. જેથી તે ભાવ અધ્યાત્મ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને નિર્વિકલ્પ દશાને પ્રાપ્ત કરાવશે. **॥૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં "અધ્યાત્મ" શબ્દથી ચાર નિક્ષેપાની પ્રાપ્તિ બતાવીને ત્રણમાં હાનની મતિ અને ભાવ અધ્યાત્મમાં ગ્રહણની મતિ ધારણ કરવાનો ઉપદેશ આપ્યો.**

**હવે જે વસ્તુના યથાર્થ વિચારે તેઓને અધ્યાત્મની પ્રાપ્તિ થાય છે, બીજાને થતી નથી. તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;**
**વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, 'આનંદઘન' મત વાસી રે.**

**શ્રી શ્રેયાંસ૦ ૬**

**ગાથાર્થ :-**

**જેઓ અધ્યાત્મરૂપ વસ્તુને પરમાર્થથી વિચારનાર છે. (તેઓ અધ્યાત્મની પ્રાપ્તિ કરે છે.) બીજા લબાસી જાણ છે=લબાડ જાણનારા છે અર્થાત્ અસાર એવી બાહ્ય ક્રિયામાં અધ્યાત્મને માનનારા છે. વસ્તુગત= આત્મારૂપ વસ્તુગત જે વસ્તુને પ્રકાશે=આત્માના પારમાર્થિક સ્વરૂપને પ્રકાશે તે આનંદઘન મતમાં વાસી થાય છે. ||૬||**

**ભાવાર્થ :-**

જેઓ 'અધ્યાત્મ' શબ્દના પારમાર્થિક અર્થનો વિચાર કરે છે, તેઓને "અધિ+આત્મ" શબ્દથી બનેલ 'અધ્યાત્મ' શબ્દથી આત્મામાં વિશ્રાંત થાય તેવી ક્રિયા અધ્યાત્મરૂપે પ્રતીત થાય છે અને તેવી અધ્યાત્મરૂપ વસ્તુને વિચારીને જેઓ અધ્યાત્મની નિષ્પત્તિનું કારણ બને તેવી ક્રિયા કરે છે. તેઓ અધ્યાત્મને પ્રાપ્ત કરે છે.

બીજા લબાસી જાણ છે=લબાડ જાણ છે, અર્થાત્ ખાલી બાહ્ય ધર્મરૂપ ક્રિયા કરીને પોતે અધ્યાત્મને સેવે છે, તેવા જૂઠા અધ્યાત્મને જાણનારા છે.

વળી, અધ્યાત્મની ક્રિયા કેવા સ્વરૂપવાળી છે, તે સ્પષ્ટ કરતાં કહે છે,

આત્મારૂપ વસ્તુગત જે વસ્તુને પ્રકાશે છે=આત્માના નિર્મળ સ્વરૂપને પ્રગટ કરે છે, તે અધ્યાત્મની ક્રિયા આનંદઘન એવા આત્મામાં વાસ કરાવનારી છે= આત્માના મોહથી અનાકુળ એવા આનંદને પ્રાપ્ત કરાવનાર છે. **||૬||**

# ૧૨. શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

(રાગ : ગોડી તથા પરજીઓ; તુંગીઆ ગિરિશિખર સોહે-એ દેશી)

**ગાથા :-**

**વાસુપૂજ્ય જિન ત્રિભુવનસ્વામી, ઘનનામી પરનામી રે;**
**નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ-ફળ-કામી રે. વાસુપૂજ્ય૦ ૧**

**ગાથાર્થ :-**

**શ્રી વાસુપૂજ્ય જિન, ત્રિભુવન સ્વામી, ઘનનામી=ઘણાં નામવાળા, પરનામી=માતા-પિતા આદિ દ્વારા અપાયેલા અન્ય નામવાળા, નિરાકાર, સાકાર ચેતનાવાળા, કર્મને કરનારા, ફળના અકામી છે. ॥૧॥**

**ભાવાર્થ :-**

શ્રી વાસુપૂજ્ય તીર્થંકર જિન છે; કેમ કે રાગ-દ્વેષને જીત્યા છે. ત્રણ ભુવનના સ્વામી છે; કેમ કે દેવો ઇન્દ્રો આદિથી પૂજાય છે. ઘનનામી છે=અનેક ગુણોવાળા હોવાથી અનેક ગુણોથી તેઓનું સ્વરૂપ બતાવાય છે. પરનામી છે=પર એવાં માતા-પિતાદિ દ્વારા અપાયેલા નામવાળા છે.

વળી, ભગવાન જ્ઞાન-દર્શનના ઉપયોગવાળા હોવાથી નિરાકાર, સાકાર ચેતનાવાળા છે. વળી, તીર્થંકર રૂપે ઉચિત કર્મને કરનારા છે=જગતને ઉપદેશને આપનારા છે અને ફળના અકામી છે=ઉપદેશ દ્વારા મને આ ફળ પ્રાપ્ત થાય તેવી કામનાવાળા નથી.

**નોંધ :-** ગાથા-૧માં 'ફળકામી'ને ઠેકાણે 'ફળ-અકામી' હોવાની સંભાવના છે, તેમ માનીને અર્થ કર્યો છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**ગાથા-૧માં નિરાકાર-સાકાર ચેતનાવાળા ભગવાન છે તેમ કહ્યું તેનો અર્થ સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદગ્રાહક સાકારો રે;**
**દર્શન જ્ઞાન દુભેદે ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે. વાસુપૂજ્ય૦ ૨**

**ગાથાર્થ :-**

**નિરાકાર અભેદ સંગ્રાહક છે અને ભેદ ગ્રાહક સાકાર ઉપયોગ છે. તેથી દર્શન-જ્ઞાન બે ભેદવાળી ચેતના છે=કેવલદર્શન-કેવલજ્ઞાન બે ભેદવાળી ચેતના છે. જે વસ્તુના ગ્રહણના વ્યાપારવાળી છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

ભગવાન કેવલજ્ઞાન પામે છે ત્યારે તેઓનો ઉપયોગ કેવલજ્ઞાન-કેવલદર્શન રૂપ છે. તે અપેક્ષાએ તેમની ચેતના બે ભેદવાળી છે. અને કેવલજ્ઞાન ને કેવલદર્શનના ઉપયોગથી ભગવાન જ્ઞેયમાત્ર સર્વ વસ્તુને ગ્રહણ કરે છે. તેથી વસ્તુના ગ્રહણના વ્યાપારવાળી તેમની ચેતના છે અને દર્શનના ઉપયોગમાં નિરાકાર ઉપયોગ હોય છે. તેથી સર્વ પદાર્થોનો દ્રવ્યરૂપે સંગ્રહ કરીને અભેદ ઉપયોગ હોય છે અને જ્ઞાનમાં ભેદને ગ્રહણ કરનારો સાકાર ઉપયોગ હોય છે. આ પ્રકારના નિરાકાર-સાકાર ચેતનાવાળા વાસુપૂજ્ય સ્વામી છે. તેમ સ્તુતિ કરીને ભગવાનને કેવલજ્ઞાન-કેવલદર્શનરૂપે સ્તવનકારશ્રી ઉપસ્થિત કરે છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**વળી, ભગવાન કેવા છે, તે અન્ય સ્વરૂપે બતાવે છે –**

**ગાથા :-**

**કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરીએ રે;**
**એક અનેક રૂપ નયવાદે, નિયતે નર અનુસરીએ રે. વાસુપૂજ્ય૦ ૩**

**ગાથાર્થ :-**

**પરિણામના કર્તા ભગવાન પરિણામી છે. કર્મ જે જીવ કરે, તેથી ભગવાન ઉપદેશ કરે છે તે કર્મ છે. નિયત એવા નયવાદમાં નર એવા ભગવાન એક-અનેકરૂપને અનુસરે છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

ભગવાન આત્માના પોતાના પરિણામના કર્તા છે. તેથી પ્રતિસમય પોતાના શુદ્ધ આત્માના ભાવરૂપે પરિણમન પામી રહ્યા છે. વળી, 'જીવ જે કરે તે કર્મ' કહેવાય, તે અનુસાર ભગવાન કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી જગતના ઉપકાર અર્થે દેશનાદિ કર્મ કરે છે. તેથી ભગવાન કર્મવાળા છે.

વળી, નિયત નયદૃષ્ટિથી વિચારીએ તો ભગવાન શુદ્ધ આત્માના સ્વરૂપવાળા હોવાથી એકરૂપ છે અને અનેક ભાવોવાળા હોવાથી અનેક સ્વરૂપ છે. તેથી ભગવાનરૂપ નર એક-અનેક રૂપને નિયત એવા નયવાદથી અનુસરે છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**વળી, ભગવાન કેવા છે તે વિશેષથી બતાવે છે –**

**ગાથા :-**

**સુખ-દુઃખરૂપ કરમફળ જાણો, નિશ્ચય એક આનંદો રે;**
**ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે. વાસુપૂજ્ય૦ ૪**

**ગાથાર્થ :-**

**સુખદુઃખરૂપ કર્મફળને જાણો અને ભગવાન કર્મથી મુક્ત છે, તેથી નિશ્ચયથી એક આનંદવાળા છે. વળી, ભગવાન ચેતનતા પરિણામને ચૂકતા નથી, તેથી જિનરૂપી ચંદ્રને ચેતન કહેવાય છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવો કર્મના ફળરૂપે સુખ-દુઃખરૂપ ફળને પામે છે. ભગવાન કર્મથી મુક્ત હોવાથી તેવા ફળને પામનારા નથી. માટે નિશ્ચય એક આનંદવાળા છે. અર્થાત્ વીતરાગ છે. તેથી સંસારના ભાવોના સંશ્લેષરૂપ સુખ-દુઃખનો અનુભવ કરતા નથી. પરંતુ વીતરાગભાવમાં સ્થિર પરિણામવાળા હોવાથી એક આનંદવાળા છે.

વળી, સંસારી જીવો કર્મની અસરથી યુક્ત હોવાને કારણે ચેતનતાના પરિણામને ચૂકે છે. જ્યારે ભગવાને તો ઘાતી કર્મનો નાશ કર્યો છે. જેથી ચેતનતાના

પરિણામને ક્યારેય ચૂકતા નથી. પરંતુ સદા કેવલજ્ઞાનની જ્યોતથી ચેતનતાના પરિણામને ધારણ કરનારા છે. માટે જિનરૂપી ચંદ્રને ચેતન કહેવાય છે. ॥૪॥

**અવતરણિકા :-**

**વળી, ભગવાન કેવા છે તે વિશેષ સ્વરૂપે બતાવે છે –**

**ગાથા :-**

**પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન-કરમફળ ભાવી રે;**
**જ્ઞાન-કરમફળ ચેતન કહીએ, લેજો તેહ મનાવી રે. વાસુપૂજ્ય૦ ૫**

**ગાથાર્થ :-**

**ચેતન પરિણામે ભગવાન પરિણામી છે. જ્ઞાન અને ક્રિયાનું ફળ ભાવી છે=કેવલજ્ઞાન અને યોગ-નિરોધરૂપ ક્રિયાનું ફળ સર્વ કર્મથી મુક્તિરૂપ ભાવિ છે. અને જ્ઞાન અને કરમનું ફળ ચેતન કહીએ=કેવલજ્ઞાન અને યોગ-નિરોધ રૂપ કર્મનું ફળ શુદ્ધ ચેતનારૂપ સિદ્ધ અવસ્થા કહીએ. તેહ મનાવીને લેજો=તેહ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી મનને મનાવજો. ॥૫॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવો મોહના ભાવોથી પરિણામી છે. જ્યારે ભગવાને મોહનો સંપૂર્ણ નાશ કર્યો છે. તેથી ચેતન પરિણામે પરિણામી છે. મોહના પરિણામે પરિણામી નથી. વળી, ભગવાનને પૂર્ણ એવું કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. અને ભવના અંતે યોગ-નિરોધરૂપ કર્મ કરશે. તે બેનું ફળ તેમને મુક્તિ પ્રાપ્તિરૂપ થવાનું છે અને ભગવાનને જે કેવલજ્ઞાન છે અને યોગ-નિરોધરૂપ કર્મ છે, તેનું ફળ શુદ્ધ ચેતનાનો પ્રાદુર્ભાવ કહેવાય છે. તેને જ પ્રગટ કરવા અર્થે ભગવાનની ભક્તિ કરજો. ॥૫॥

**અવતરણિકા :-**

**વળી, ભગવાનની ભક્તિ કરનારા મુનિઓ કેવા હોય છે, તે બતાવીને તેમના તુલ્ય થવાનો ઉપાય બતાવે છે –**

**ગાથા :-**

**આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;**
**વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, 'આનંદઘન'મત સંગી રે. વાસુપૂજ્ય૦ ૬**

**ગાથાર્થ :-**

**આત્માના જ્ઞાની 'શ્રમણ' કહેવાય છે=મુનિ કહેવાય છે. બીજા તો દ્રવ્યલિંગી છે. વસ્તુગત જે વસ્તુને પ્રકાશે=આત્મારૂપ વસ્તુ વિષયક જે વસ્તુનું સ્વરૂપ પ્રકાશે તે આનંદઘન મતિના સંગી છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

ભગવાનની તેઓ જ ઉપાસના કરી શકે છે કે, જેઓ આત્માના પારમાર્થિક સ્વરૂપને જાણનારા છે. અને આત્માના પારમાર્થિક સ્વરૂપને જાણનારા સદા ભગવાન તુલ્ય થવા માટે ઉદ્યમ કરનારા હોય છે. તેથી તેઓ શ્રમણ કહેવાય છે= તેઓ સુસાધુ કહેવાય છે. બીજા તો સાધુવેશને ગ્રહણ કરીને દ્રવ્યક્રિયાઓ કરનારા હોવાથી દ્રવ્યલિંગી છે. જેઓ આત્મજ્ઞાની એવા શ્રમણ છે તેઓ આત્મારૂપ વસ્તુગત જે આત્માનું સ્વરૂપ છે તે વસ્તુને પ્રકાશ કરવા માટે સદા ઉદ્યમ કરે છે. તેઓ આનંદઘન એવા આત્મામાં મતિને ધારણ કરનારા વીતરાગના સંગી છે. **॥૬॥**

**નોંધ :-** આ સ્તવન અતિ ગૂઢાર્થવાળું છે. અતિગંભીર છે. તેથી સ્વબોધ અનુસાર તેનો અર્થ કરવા યત્ન કર્યો છે. વિશેષથી બહુશ્રુતો તેનો અર્થ વિચારે.

# ૧૩. શ્રી વિમલનાથ જિન સ્તવન

(રાગ : મલ્હાર; ઈડર આંબા આંબલી રે ઈડર દાડિમ દ્રાક્ષ-એ દેશી)

ગાથા :-

**દુઃખ-દોહગ દૂરે ટળ્યાં રે, સુખ-સંપદશું ભેટ;**
**ધીંગ ધણી માથે કિયો રે, કુણ ગંજે નરખેટ. વિમળ જિન !**
**દીઠાં લોયણ આજ, મારાં સીધાં વંછિત કાજ. વિમળ જિન૦ ૧**

ગાથાર્થ :-

**દુઃખ-દુર્ભાગ્ય દૂર ટળ્યાં છે. સુખસંપત્તિનો ભેટો થયો છે. ધીંગ ધણી=સમૃદ્ધ એવો ધણી માથે કર્યો છે. તેવો નર કોણ ખેટ કરે=ધન કમાવવા માટે દોડાદોડ કરે ? વિમલનાથ ભગવાનનાં લોચન આજે જોયાં, મારાં સર્વ કાજ સિદ્ધ થયાં. ॥૧॥**

ભાવાર્થ :-

સ્તવનકારશ્રીને વીતરાગ, વીતરાગરૂપે દેખાય છે અને વીતરાગ પ્રત્યેના રાગને કારણે વિમલનાથ ભગવાન પ્રત્યે ભક્તિ થાય છે. જેથી કહે છે કે,

હે ભગવાન ! તમારી ભક્તિને કારણે દુઃખ-દુર્ભાગ્ય દૂર ટળ્યાં છે; કેમ કે હવે દુર્ગતિઓની પ્રાપ્તિ નથી. વળી, સુખસંપત્તિઓનો ભેટો થયો છે; કેમ કે ભગવાન પ્રત્યેની ભક્તિના કારણે નિયમા કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ છે.

વળી, પોતે માથે ધીંગધણીને કર્યો છે=સમૃદ્ધિવાળા એવા ધણીને સ્વામી તરીકે સ્વીકાર્યા છે. તેથી કોણ મૂરખ નર આવા સમૃદ્ધિવાળા ધણીને છોડીને ધન કમાવા અર્થે અર્થાત્ સુખની પરંપરા અર્થે, ધન કમાવા માટે ખેડાણ કરે ? અને જે ભગવાનને પોતે સ્વામી તરીકે સ્વીકાર્યા છે તે કેવા છે, તે બતાવતાં કહે છે –

હે વિમલનાથ ભગવાન ! તમારાં વીતરાગતા ભાવવાળાં લોચનોને મેં આજે જોયાં છે. જેના દર્શનથી મારાં બધાં વાંછિત કાજ સિદ્ધ થયાં છે; કેમ કે

વીતરાગના વીતરાગભાવવાળાં લોચનના રાગના ભાવથી આત્મા વીતરાગભાવથી ભાવિત થાય છે. જેથી આત્માનાં સર્વ વાંછિત કાર્યોની સિદ્ધિ થાય છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**ભગવાન કેવલજ્ઞાન પામે છે ત્યારે અષ્ટપ્રાતિહાર્યરૂપ લક્ષ્મી ભગવાનના ચરણકમળમાં વસે છે. તેને સામે રાખીને ભગવાનની સ્તુતિ કરે છે –**

**ગાથા :-**

**ચરણકમળ કમળા વસે રે, નિર્મળ થિર પદ દેખ;**
**સમળ અથિર પદ પરિહરે રે, પંકજ પામર પેખ. વિમળ જિન૦ ૨**

**ગાથાર્થ :-**

**પામર પેખ=પામરને દેખાતાં પંકજ=કમળ પર વસતી કમળા=લક્ષ્મી, સમલ અને અસ્થિર પદને=સંસારના મલિન અને અસ્થિર એવા સ્થાનને પરિહરીને ભગવાનના ચરણકમળમાં વસે છે અને ભગવાનના ચરણકમળમાં વસેલી જે લક્ષ્મી નિર્મળ, સ્થિર પદને દેખાડનારી છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

સામાન્ય રીતે લક્ષ્મી દેવી સંસારી જીવોને કમળ ઉપર વસનારી દેખાય છે અને તે લક્ષ્મીદેવી ધનની અધિષ્ઠાયિકા દેવી છે. તેથી લોકોની પાસે પ્રાપ્ત થતું ધન પણ "લક્ષ્મી" કહેવાય છે. પણ તે લક્ષ્મી સમલ છે; કેમ કે સંસારી જીવોને કર્મબંધનું કારણ છે. વળી, અસ્થિર છે=પ્રાપ્ત થયેલી લક્ષ્મી ગમે ત્યારે ચાલી જાય છે અને તેવા સમલ અને અસ્થિર પદને પરિહાર કરીને અષ્ટપ્રાતિહાર્યરૂપ લક્ષ્મી ભગવાનના ચરણકમળમાં વસેલી છે જે ભગવાન નજીકમાં નિર્મળ અને સ્થિર એવા મોક્ષપદને પામશે તેને દેખાડનારી છે; કેમ કે અષ્ટપ્રાતિહાર્યરૂપ લક્ષ્મીને જોઈને યોગીઓને પણ થાય છે કે ભગવાન નિર્મળ, સ્થિર પદને પામનારા છે. તેની પૂર્વભૂમિકારૂપે ભગવાનના ચરણકમળમાં આવી સમૃદ્ધિ આવીને વસેલી છે.

કેમ મોક્ષની પ્રાપ્તિની પૂર્વભૂમિકારૂપે આ લક્ષ્મી ભગવાનના ચરણકમળમાં આવી છે ? તેવી જિજ્ઞાસા થાય તેનું કારણ એ છે કે, ભગવાને પૂર્વભવમાં યોગમાર્ગની શ્રેષ્ઠ કોટિની સાધના કરી છે. જેથી આ ચરમભવમાં અવશ્ય નિર્મલ, સ્થિરપદને પામવાના છે. અને તે યોગમાર્ગના સેવનના બળથી બંધાયેલું ઉત્તમ કોટિનું નિરવદ્ય પુણ્યાનુબંધી પુણ્ય ભગવાનને વિપાકમાં આવ્યું છે, તેથી મોક્ષપદની પ્રાપ્તિ પૂર્વે આવી શ્રેષ્ઠ લક્ષ્મી ભગવાનના ચરણકમળમાં વસેલી છે. અને જે લક્ષ્મી સર્વ જીવોના કલ્યાણનું પ્રબળ કારણ છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**ભગવાનનું કેવું ઉત્તમ સ્વરૂપ છે તે પૂર્વની ગાથામાં બતાવ્યું. હવે પોતાના ચિત્તમાં ભગવાન કેવા વસેલા છે, તે બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**મુજ મન તુજ પદપંકજે રે, લીનો ગુણમકરંદ;**
**રંક ગણે મંદર-ધરા રે, ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર. વિમળ જિન૦ ૩**

**ગાથાર્થ :-**

**કમળમાં રહેલા મકરંદમાં લીન થયેલા ભમરાની જેમ તમારા પદ રૂપી કમળમાં રહેલા ગુણરૂપી મકરંદમાં મારું મન લીન છે. તેના કારણે મંદર ધરા=પૃથ્વીને ધારણ કરનારા, ઈન્દ્ર, ચંદ્ર, નાગેન્દ્રને મારું મન રંક ગણે છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

ભમરાનો સહજ સ્વભાવ હોય છે કે, કમળના મકરંદમાં તે લીન થાય છે તેમ ભગવાનના ગુણો રૂપી મકરંદ સ્તવનકારશ્રીને ભગવાનના પાદકમળમાં દેખાય છે. તેથી ભગવાનના પાદકમળરૂપ પંકજમાં રહેલા ભગવાનના ગુણરૂપ મકરંદની અંદર સ્તવનકારશ્રીનું મન લીન થયેલું છે. અને ભગવાનના ગુણોમાં ચિત્ત લીન થયેલું હોવાથી પોતે મહાસમૃદ્ધિને પામ્યા છે, તેવો બોધ થાય છે. તેથી પૃથ્વીને ધારણ કરનારા રાજા, ઇન્દ્ર, ચંદ્ર, નાગેન્દ્ર વગેરે પોતાની આગળ રંક જેવા છે, તેવું જણાય છે; કેમ કે ભગવાનના ગુણોમાં લીન થવાથી પોતાને

જે આત્મસમૃદ્ધિ મળી છે, તે સમૃદ્ધિ ઇન્દ્રાદિ પાસે નથી. માટે તેઓ પોતાની સમૃદ્ધિ આગળ દરિદ્ર જેવા છે. ॥૩॥

**અવતરણિકા :-**

**પોતાને, ભગવાન મળ્યા છે, તે કેવા ઉત્તમ નાથ છે તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**સાહિબ! સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;**
**મન વિસરામી વાલહો રે, આતમચો આધાર. વિમળ જિન૦ ૪**

**ગાથાર્થ :-**

**સમરથ એવા સાહેબ તમે મારા ધણી છો અને પરમ ઉદાર એવા તમને હું પામ્યો છું. હે વ્હાલા ભગવાન ! મારા મનનું વિશ્રામસ્થાન તમે છો અને મારા આત્માના આધાર છો. ।।૪।।**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી કહે છે કે, ધણી એવા તમે સાહેબ મને આ સંસારસાગરથી તારવા માટે સમર્થ સ્વામી મળ્યા છો.

વળી, તમે પરમ ઉદાર છો; કેમ કે તમારી ભક્તિ કરવાથી સેવક પણ તમારા તુલ્ય થાય છે. અર્થાત્ સંસારવર્તી સ્વામી પ્રાયઃ સેવકને પોતાના તુલ્ય કરે નહીં. પરંતુ વીતરાગ તો જે માર્ગને સેવીને પોતે વીતરાગ થયા છે, તે માર્ગને બતાવીને સેવક પોતાના તુલ્ય થાય તેવો યત્ન કરેલો છે. માટે ભગવાન પરમ ઉદાર છે અને તેવા ઉદાર સ્વામીને હું પામ્યો છું.

આમ, સ્તવનકારશ્રીને ભગવાનના સ્વરૂપનો મર્મસ્પર્શી બોધ હોવાથી કહે છે કે, વ્હાલા એવા તમે મારા મનના વિશ્રામનું સ્થાન છો. અર્થાત્ તમારી સ્મૃતિને છોડીને મારું મન ક્યાંય વિશ્રાતિને પામતું નથી. અને મારા આત્માનું સંસારથી રક્ષણ કરવા માટે તમારા સિવાય કોઈ આધાર નથી. તમે જ આધાર છો. ॥૪॥

**અવતરણિકા :-**

**વળી, સ્તવનકારશ્રી ભગવાનને યોગનિરોધ અવસ્થારૂપે જોનારા છે. અને તે સ્વરૂપે ભગવાનને જોવાથી તેઓને ખાતરી છે કે આવા ભગવાનની ભક્તિ કરીને હું તેમના વચનાનુસાર યત્ન કરીશ તો અવશ્ય યોગનિરોધને પામીશ, જેથી સંસારનો અવશ્ય અંત થશે. તે બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**દરિસણ દીઠે જિન તણું રે, સંશય ન રહે વેધ;**
**દિનકર કરભર પસરંતા રે, અંધકાર પ્રતિષેધ. વિમળ જિન૦ ૫**

**ગાથાર્થ :-**

**જિન તણું દર્શન થયે છતે=વીતરાગનું વીતરાગ રૂપે દર્શન થયે છતે લેશ પણ સંશયનો વેધ રહેતો નથી=આત્માના નિર્ણયમાં સંશયના વેધરૂપ ન્યૂનતા રહેતી નથી. સંસારની આ કદર્થનામાંથી પોતે મુક્ત થશે તે વિષયમાં લેશ પણ સંશય રહેતો નથી. જેમ સૂર્યનાં કિરણો પ્રસરતાં અંધકારનો પ્રતિષેધ થાય છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી જિનપ્રતિમાને જોઈને જિનની સિદ્ધ અવસ્થારૂપે જિનને જોવા માટે જિનપ્રતિમામાં વર્તતી યોગનિરોધની મુદ્રાને સ્મૃતિમાં લાવે છે અને જિનની યોગનિરોધવાળી અવસ્થા સંસારના સર્વ ભાવોથી પર છે. તેથી તે અવસ્થાની પ્રાપ્તિ પછી સર્વ કર્મનો નાશ થાય છે. જેથી તીર્થંકરના આત્માઓ સર્વ દુઃખોનો અંત કરે છે. અને સ્તવનકારશ્રીને તેવી સિદ્ધ મુદ્રા જ અત્યંત પ્રિય છે. અને તે રૂપે જ જિનને જોઈને તેમને વિશ્વાસ છે કે, ભગવાને બતાવેલાં વચનાનુસાર હું પ્રયત્ન કરીશ તો હું સંસારસાગરથી તરીશ જ અર્થાત્ અવશ્ય હું યોગનિરોધની અવસ્થાને પામીશ તેમાં લેશ પણ સંશય નથી.

જેમ સૂર્યનાં કિરણોનો પ્રસર થાય છે ત્યારે જગતના અંધકારનો નાશ થાય છે. તેમ ભગવાનની મુદ્રાને જોઈને સ્તવનકારશ્રીના હૈયામાં જિનવચનને અવલંબીને કરાતા પ્રયત્નથી પોતે જિનતુલ્ય થશે તેવો સ્પષ્ટબોધ થાય છે. જેથી આત્મામાં

અનાદિનો જે અજ્ઞાનરૂપી અંધકાર હતો તેનો પ્રતિષેધ થાય છે અર્થાત્ નાશ થાય છે. ॥૫॥

**અવતરણિકા :-**

**વળી, સ્તવનકારશ્રી અન્ય સર્વ પદાર્થો કરતાં ભગવાનની મૂર્તિમાં શું વિશેષતા જોઈ શકે છે તેને પ્રગટ કરીને ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ કરે છે –**

**ગાથા :-**

**અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;**
**શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય.**

**વિમળ જિન૦ ૬**

**ગાથાર્થ :-**

**અમૃતથી ભરાયેલી મૂર્તિની રચના કરાયેલી છે. જેને માટે કોઈ ઉપમા જગતમાં નથી. ભગવાનની મૂર્તિ શાંતરસ રૂપ અમૃતને ઝીલતી દેખાય છે. જેને જોવાથી સ્તવનકારશ્રીને તૃપ્તિ થતી નથી. અર્થાત્ સતત તેને જોવાનો અભિલાષ થયા કરે છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

આત્માને માટે કર્મબંધને અનુકૂળ ભાવો વિષતુલ્ય છે. અને સંસારી જીવોમાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ વિષ અલ્પઅધિક માત્રામાં વર્તે છે અને ભગવાને જ્યારે યોગ-નિરોધ કર્યો ત્યારે કર્મબંધને અનુકૂળ વિષ સર્વથા ગયું અને આત્માનું અમૃત જેવું નિરાકુળ સ્વરૂપ પ્રગટ થયું. તેવા સ્વરૂપને બતાવનારી ભગવાનની મૂર્તિની રચના થયેલી છે. જેને જગતના કોઈ પદાર્થની ઉપમા દ્વારા સરખાવી શકાય તેમ નથી; કેમ કે આત્માની સર્વોત્તમ એવી સુખમય તે અવસ્થા છે. ભગવાનની તે મુદ્રા શાંતરસરૂપ અમૃતને ઝીલતી સ્તવનકારશ્રીને દેખાય છે. જેના પ્રત્યેના અત્યંત આકર્ષણને કારણે સ્તવનકારશ્રીને તે મુદ્રાને જોવાથી તૃપ્તિ થતી નથી. પરંતુ સતત તેને જોવાનો જ અભિલાષ થયા કરે છે. ॥૬॥

**અવતરણિકા :-**

**ભગવાનની સ્તુતિ કર્યા પછી ભગવાનને વિનંતી રૂપે કહે છે –**

**ગાથા :-**

**એક અરજ સેવક તણી રે, અવધારો જિનદેવ;**
**કૃપા કરી મુજ દીજિયે રે, 'આનંદઘન' પદસેવ. વિમળ જિન૦ ૭**

**ગાથાર્થ :-**

**હે જિનદેવ ! તમે સેવકની એક અરજ અવધારણ કરો=સ્વીકાર કરો. કૃપા કરીને મને આનંદઘન પદરૂપ મોક્ષનું સ્વરૂપ આપો. ॥૭॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીની ભગવાનતુલ્ય થવાની અત્યંત ઉત્કંઠા છે; કેમ કે સંસારના પરિભ્રમણથી અત્યંત ત્રાસ પામેલા છે. તેથી ઉપાસ્ય એવા ભગવાનને સંબોધીને કહે છે –

સેવક એવા મારી એક વિનંતી તમે અવધારણ કરો અને મારા ઉપર કૃપા કરીને મોક્ષપદને આપો. આ પ્રકારની વિનંતી કરીને મોક્ષ પ્રત્યેનો પોતાનો પક્ષપાત સ્તવનકારશ્રી અતિશય કરે છે. જેથી મોક્ષને અનુકૂળ દૃઢ ઉદ્યમ કરવાને અનુકૂળ એવું સદ્વીર્ય અત્યંત ઉલ્લસિત થાય. ॥૭॥

# ૧૪. શ્રી અનંતનાથ જિન સ્તવન

(રાગ : રામગિરિ; કડખાની દેશી; વિમલ કુલકમલના હંસ તું જીવડા-એ દેશી)

ગાથા :-

**ધાર તરવારની સોહલી દોહલી, ચઉદમા જિનતણી ચરણસેવા;**
**ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના-ધાર પર રહે ન દેવા.**
**ધાર૦ ૧**

ગાથાર્થ :-

**તલવારની ધાર ઉપર નાચવું સહેલું છે. ચૌદમા જિનતણી ચરણસેવા= ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ ભાવોથી ચારિત્રના પાલનરૂપ ભગવાનના ચરણની સેવા દોહલી છે=દુષ્કર છે.**

કેમ ધાર પર નાચવું સહેલું છે અને ભગવાનની સેવા અઘરી છે ? તે સ્પષ્ટ કરે છે –

**બાજીગર=નટકળામાં કુશળ. ધાર પર નાચતા દેખાય છે. પરંતુ મહાસમર્થ એવા દેવતાઓ પણ ભગવાનની ચારિત્રપાલનરૂપ સેવાની ધાર પર રહી શકતા નથી. ।।૧।।**

ભાવાર્થ :-

ભગવાનના ચરણની સેવા એ ભગવાનના તુલ્ય થવા માટે શક્તિના પ્રકર્ષથી ચારિત્રના પાલન સ્વરૂપ છે. અને તેવી સેવા ભગવાનના વચનથી ભાવિત થયેલા અને અપ્રમાદભાવથી ત્રણ ગુપ્તિને ધારણ કરી, જિનવચનાનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિ કરનારા મુનિ જ કરી શકે છે. તેથી તેવી ભગવાનની સેવા અતિદુષ્કર છે. તે બતાવવા અર્થે કહે છે –

સામાન્યથી તલવારની ધાર પર નાચવું દુષ્કર છે. તોપણ તે સહેલું છે. જ્યારે ભગવાનના વચનાનુસાર સંયમમાં ઉદ્યમ કરવો તે દુષ્કર છે. કેમ તલવારની ધાર પર નાચવું સહેલું છે ? તેથી કહે છે –

જે બાજીગરો છે, તેઓ પ્રાણાયામ આદિ દ્વારા શરીરને લાઘવ કરીને ધાર પર નાચતા દેખાય છે, તેથી તલવારની ધાર પર નાચવું તેટલું દુષ્કર નથી. જ્યારે બાજીગર કરતાં પણ અતિસમર્થ એવા દેવો પણ ચારિત્રના પાલન રૂપ ભગવાનની સેવાની ધાર ઉપર રહી શકતા નથી અર્થાત્ મોહના ઉન્મૂલન માટે તીક્ષ્ણ ઉપયોગપૂર્વક જે રીતે મુનિઓ વીતરાગ થવા માટે ઉદ્યમ કરે છે, તે રીતે મહાબુદ્ધિધન એવા દેવતાઓ પણ કરી શકતા નથી. માટે ભગવાનની ચરણસેવા અતિદુષ્કર છે. ॥૧॥

**અવતરણિકા :-**

**ભગવાનના ચરણની સેવા અતિદુર્લભ છે. તેમ પૂર્વમાં કહ્યું ત્યાં કોઈને ભ્રમ થાય કે, ધાર પર નાચનારા બાજીગરો ભલે ધાર પર નાચી શકે, પરંતુ જેઓમાં તલવારની ધાર પર નાચવાનું સામર્થ્ય નથી, તેવા પણ સાધુઓ સંયમની વિવિધ ક્રિયાઓ કરીને ભગવાનના વચનની સેવા કરે છે, તેથી તે દુષ્કર કેમ છે તે સ્પષ્ટ કરવા અર્થે માત્ર બાહ્ય ક્રિયા ભગવાનની સેવારૂપ નથી, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી,**
**ફલ અનેકાંત લોચન ન દેખે;**
**ફળ અનેકાંત કિરિયા કરી બાપડા,**
**રડવડે ચાર ગતિમાંહે લેખે. ધાર૦ ૨**

**ગાથાર્થ :-**

**એક કહે છે વિવિધ ક્રિયા કરી=સંયમની જુદી-જુદી ક્રિયા કરીને ભગવાનને સેવીએ=ભગવાનની સેવા થાય છે. તેઓ તે ક્રિયાનું અનેકાંત ફળ=મોહના ઉન્મૂલનને અનુકૂળ કરાયેલી ક્રિયા જિનની સેવારૂપ છે. અને મોહના ઉન્મૂલનને અનુકૂળ યત્ન વગર કરાયેલી તેની તે ક્રિયા કર્મબંધનું કારણ છે. તે રૂપ અનેકાંત ફળ તેઓ લોચનથી જોતા નથી. અને જેનું અનેકાંત ફળ છે, તેવી ક્રિયા મોહના ઉન્મૂલનના અંતરંગ**

**યત્ન વગર નિરપેક્ષ કરીને બાપડા ચાર ગતિમાં રડવડે છે=તે બાહ્ય સંયમની ક્રિયા દ્વારા સંસારની વૃદ્ધિ કરે છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

કેટલાક સ્થૂલ દૃષ્ટિથી જોનારા માત્ર સંયમની વિવિધ ક્રિયાને ચારિત્રરૂપ માને છે અને તે ક્રિયા કરીને પોતે ભગવાનની સેવા કરે છે, તેવો ભ્રમ ધારણ કરે છે. વસ્તુતઃ તે બાહ્ય ક્રિયાનું અનેકાંત ફળ છે. અર્થાત્ મોહધારાના ઉન્મૂલનને અનુકૂળ અંતરંગ ઉદ્યમથી કરાયેલી તે બાહ્ય ક્રિયા નિર્જરાને કરે છે અને મોહધારાના ઉન્મૂલનને અનુકૂળ અંતરંગ યત્ન, નિરપેક્ષ યત્ન હોય ત્યારે તે ક્રિયાના બળથી જ મોહધારાનું પોષણ થતું હોવાથી સંસારફળ પ્રાપ્ત થાય છે. તેને તેઓ અંતરંગ ચક્ષુથી જોતા નથી અને માત્ર બાહ્ય ક્રિયાઓ કરીને મોહધારાની બુદ્ધિના ફળવાળી એવી અનેકાંત ફળવાળી ક્રિયા કરીને તે બાપડા ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે અને મિથ્યાઅભિમાન ધારણ કરે છે કે, અમે ભગવાનના ચરણની સેવા કરીએ છીએ. વસ્તુતઃ અપ્રમાદથી જિનવચનને સેવવું અતિદુષ્કર છે. તેથી રાધાવેધ સાધનારાની જેમ જેઓ અંતરંગ રીતે મોહના ઉન્મૂલનના ઉપયોગવાળા છે, તેઓ જ તે ક્રિયા કરીને ભગવાનના ચરણની સેવા કરે છે, માટે ભગવાનના ચરણની સેવા અતિદુષ્કર છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**વળી, વર્તમાનકાળમાં ભગવાનની સેવા વિશેષથી કેમ અતિદુર્લભ છે, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**ગચ્છના ભેદ બહુ નયણ નિહાલતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે;**
**ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડિયા કલિકાલ રાજે.**

**ધાર૦ ૩**

**ગાથાર્થ :-**

**ગચ્છના ઘણા ભેદો નયનથી જોતાં તત્ત્વની વાતને કરવામાં અસમર્થ**

**એવા તેઓ લાજ પામતા નથી=સ્વ-સ્વ માન્યતાને સ્થાપન કરવા માટે યત્ન કરીને માર્ગનો ઉચ્છેદ કરે છે તેનાથી પણ લજ્જા પામતા નથી.**

**ઉદરભરણાદિ પોતાના કાર્યને કરતાં થકાં=સારી રીતે આહારાદિની કે વસ્ત્રાદિની પ્રાપ્તિરૂપ પોતાના કાર્યોને કરતાં થકાં કલિકાલરૂપ સામ્રાજ્યમાં મોહ બધાને નડે છે. (તેથી સંયમની વિવિધ ક્રિયા કરીને પણ ચાર ગતિમાં રડવડે છે, તેમ પૂર્વ ગાથા સાથે સંબંધ છે.) ॥૩॥**

**ભાવાર્થ :-**

વર્તમાનકાળમાં જુદા-જુદા ગચ્છના, જુદા-જુદા આચારોના ભેદોને જોઈને મુગ્ધ સાધુઓ, ભગવાનના ચારિત્રના પાલનથી કઈ રીતે વીતરાગતાની પ્રાપ્તિ છે તેના પરમાર્થને જોઈ શકતા નથી. આમ છતાં પોતે પોતાના ગચ્છની તે-તે માન્યતાને ગ્રહણ કરીને આ જ તત્ત્વ છે, તે પ્રકારે વાત કરતાં=કથન કરતાં લજ્જા પામતા નથી.

વળી, પોતપોતાના ગચ્છના પક્ષને સ્થાપન કરીને પોતપોતાના ભગતવર્ગ પાસેથી સારા ભોજનાદિને પ્રાપ્ત કરે છે અને પોતપોતાનો પક્ષ વધે છે તેથી હર્ષિત થાય છે. આ રીતે કલિકાલમાં સાધુવેશમાં રહેલાને મોહ નડે છે. જેથી સંયમની બાહ્ય ક્રિયાઓ કરીને પણ ચાર ગતિમાં રખડે છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**ગાથા-૨ અને ૩માં કહ્યું કે, અનેકાંત ફળવાળી ક્રિયાઓ કરીને ગચ્છના ભેદો જોનારા સાધુઓ, જે સંયમની ક્રિયાઓ કરે છે તે ક્રિયાના બળથી તેઓ ચાર ગતિમાં રખડે છે. પરંતુ તેઓ વીતરાગના ચરણની સેવા કરીને વીતરાગતુલ્ય થવા માટે લેશ પણ ઉદ્યમ કરી શકતા નથી તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**વચનનિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચનસાપેક્ષ વ્યવહાર સાચો;**
**વચનનિરપેક્ષ વ્યવહાર સંસારફળ, સાંભળી આદરી કાંઈ રાચો.**
**ધાર૦ ૪**

**ગાથાર્થ :-**

**વચનનિરપેક્ષ=સર્વજ્ઞના વચનથી અનિયંત્રિત વ્યવહાર જૂઠો કહ્યો= વ્યવહારની આચરણા જૂઠી કહી છે અર્થાત્ નિષ્ફળ કહી છે.**

**વચનસાપેક્ષ વ્યવહાર સાચો કહ્યો છે=ભગવાનના વચનથી નિયંત્રિત વ્યવહારની આચરણા ઈષ્ટ ફલવાળી કહી છે.**

**વચનનિરપેક્ષ એવો વ્યવહાર=સર્વજ્ઞના વચનથી લેશ પણ અનિયંત્રિત એવો વ્યવહાર સંસાર ફળવાળો છે. સાંભળીને તેવા જૂઠા વ્યવહારને આચરીને કાંઈ રાચો=કેમ રાચો છો ? અર્થાત્ એમાં રાચવા જેવું નથી. ॥૪॥**

**ભાવાર્થ :-**

ભગવાનના વચનના પરમાર્થને જાણવા માટે, જાણ્યા પછી સ્થિર કરવા માટે અને સ્થિર કરીને સ્વશક્તિ અનુસાર તે વચનથી નિયંત્રિત આત્માને સ્થિર કરવા અર્થે યત્ન કરવાપૂર્વક જે વ્યવહારક્રિયા થાય છે તે ક્રિયા વચનસાપેક્ષ છે.

અને જે ક્રિયા ગતાનુગતિક લોક કરે છે, તેમ જે કરાય છે તે બાહ્યથી સંયમની ક્રિયા હોવા છતાં, વચનનિરપેક્ષ વ્યવહાર છે. અને તેવો વ્યવહાર જૂઠો છે અર્થાત્ તે વ્યવહારની આચરણા સંસારથી નિસ્તાર થવાનું કારણ બનતી નથી. અને તેથી તે ક્રિયા જેટલા-જેટલા અંશથી ભગવાનના વચનની અપેક્ષા રાખીને કરાય છે, તેટલા તેટલા અંશથી મોહના ઉન્મૂલનથી વીતરાગભાવની પ્રાપ્તિનું કારણ બને છે. તે વ્યવહાર સાચો છે અર્થાત્ ઇષ્ટ એવા ફલનો સાધક છે. વળી, ભગવાનના વચનનિરપેક્ષ જે સ્થૂલથી સંયમની ક્રિયા કરાય છે, તે વ્યવહાર સંસાર ફળવાળો છે; કેમ કે, તે ક્રિયાઓથી તુચ્છ અને અસાર પુણ્યની પ્રાપ્તિ થાય છે અને મોહધારાની વૃદ્ધિ થાય છે. જેથી ચાર ગતિના પરિભ્રમણરૂપ સંસારનો લેશ પણ અંત થતો નથી.

આ પ્રમાણે સાંભળીને તેથી અસાર ક્રિયાને આચરીને કેમ રાચો છો ? અર્થાત્ ગાથા-૨માં કહ્યું, તે પ્રમાણે તેવી ક્રિયા કરીને અમે ભગવાનના ચરણની સેવા કરીએ છીએ, તેવો ભ્રમ કેમ ધારણ કરો છો ? **॥૪॥**

**અવતરણિકા :-**

જેઓ વચનનિરપેક્ષ વિવિધ ક્રિયાઓ કરે છે, તેઓની ક્રિયા કેમ અસાર બને છે, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**ગાથા :-**

**દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કહો કિમ રહે,**
**કિમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો;**
**શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરે,**
**છાર પર લીંપણું તેહ જાણો. ધાર૦ ૫**

**ગાથાર્થ :-**

**દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કેવી રીતે રહે ? અર્થાત્ જેઓ વચનનિરપેક્ષ ક્રિયાઓ કરે છે, તેઓમાં તેની શુદ્ધિ રહી શકે નહીં. જેઓમાં દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ રહે નહીં, તેઓમાં શુદ્ધ શ્રદ્ધાન આણો કિમ રહે=શુદ્ધ શ્રદ્ધાન લાવવું કેમ રહે ? અર્થાત્ રહે નહીં અને શુદ્ધ શ્રદ્ધાન વગરની સર્વ ક્રિયા કરે તે છાર પર=રાખ પર, લીંપણું જાણો. ।।૫।।**

**ભાવાર્થ :-**

જેઓ અનેકાંત ફળવાળી ક્રિયાને કરનારા છે=જે ક્રિયાઓ ફળપ્રાપ્તિ પ્રત્યે વ્યભિચારી છે તેવી ક્રિયાઓ કરનારા છે. તેઓની ક્રિયામાં દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ હોઈ શકે નહીં, કઈ રીતે દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ હોઈ શકે નહીં ? તેથી કહે છે –

સ્વ-સ્વમતિ અનુસાર સંયમની ક્રિયા કરનારા છે, તેઓને આ ક્રિયા કરીને, “મારે વીતરાગ થવું છે” તે પ્રકારનું કોઈ પ્રતિસંધાન નથી, માટે દેવની શુદ્ધિ તેઓની ક્રિયામાં કેમ હોઈ શકે ? અર્થાત્ હોઈ શકે નહીં.

વળી, ભગવાનના વચનાનુસાર સંયમ પાળીને અસંગભાવની શક્તિનો સંચય કરનારા ગુરુ જ ઉપાસ્ય ગુરુ છે. તેવી બુદ્ધિ જેઓને નથી, તેઓની સંયમની ક્રિયામાં ગુરુની શુદ્ધિ કેમ રહે ? અર્થાત્ રહે નહીં.

વળી, સર્વજ્ઞપ્રણીત ધર્મ એ વીતરાગ થવાને અનુકૂળ સર્વ ઉચિત ક્રિયાઓ બતાવનાર છે અને વીતરાગ થવા માટે ઉપયોગી અંતરંગ યત્નપૂર્વક બાહ્ય ક્રિયા કરવાનું કથન કરે છે, છતાં તે વચન અનુસાર જેઓ ક્રિયા કરતા નથી, પરંતુ યથાતથા સંયમની ક્રિયાઓ કરે છે, તેઓની ક્રિયામાં ધર્મની શુદ્ધિ કઈ રીતે રહી શકે ? અર્થાત્ રહી શકે નહીં.

વળી, સમ્યક્ત્વ તે શુદ્ધ શ્રદ્ધાન રૂપ છે અને તે શુદ્ધ શ્રદ્ધાન : “આ જ દેવ ઉપાસ્ય છે” “આજ ગુરુ ઉપાસ્ય છે” “આ જ ધર્મ સેવ્ય છે”, તેવી બુદ્ધિ સ્વરૂપ છે. જેઓની ક્રિયામાં દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ ન હોય તેઓની ક્રિયામાં શુદ્ધ શ્રદ્ધાન પણ કેમ રહે ! અર્થાત્ રહે નહીં; કેમ કે “વીતરાગ મારે થવું છે”, “વીતરાગ થવા માટે સુગુરુની ઉપાસના કરીને હું સુગુરુ તુલ્ય થાઉં” અને “સુગુરુ જેવો ધર્મ સેવે છે તેવો જ ધર્મ હું સેવું” તેવી રુચિ નથી, તેઓમાં શુદ્ધ શ્રદ્ધાન નથી.

વળી, જેઓની ધર્મની ક્રિયામાં શુદ્ધ શ્રદ્ધાન નથી તેઓની સર્વ ક્રિયા અસાર છે. જેમ રાખ પર લીંપણ કરવાથી તે લીંપણું સ્થિર થાય નહીં. તેમ આ ક્રિયાથી આત્મામાં મોક્ષને અનુકૂળ એવો કોઈ ભાવ સ્થિર થાય નહીં.

માટે તેવી અસાર ક્રિયાઓ કરીને તેઓ માને છે કે અમે ભગવાનની સેવા કરીએ છીએ, વસ્તુતઃ તે ક્રિયા કરીને તેઓ ચાર ગતિમાં રખડે છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**જેઓ ભગવાનના વચનમાં શુદ્ધ શ્રદ્ધા ધારણ કરતા નથી અને સ્વમતિ અનુસાર ધર્મની ક્રિયાઓ કરે છે અને તે ક્રિયાઓ કરીને અમે ભગવાનની સેવા કરીએ છીએ તેમ બોલે છે, તેઓની તે પ્રવૃત્તિ ઉત્સૂત્ર ભાષણ રૂપ છે. તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો,**
**ધર્મ નહીં કોઈ જગ સૂત્ર સરીખો;**
**સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,**
**તેહનું શુદ્ધ ચારિત્ર પરિખો. ધાર૦ ૬**

**ગાથાર્થ :-**

**ઉત્સૂત્ર ભાષણ જેવું જગતમાં કોઈ પાપ નથી. અને જગતમાં સૂત્ર સરખો=ભગવાનના વચન રૂપ સૂત્ર સરખો કોઈ ધર્મ નથી. અને સૂત્ર અનુસાર જે ભવિક ક્રિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરખો. ॥૬॥**

**ભાવાર્થ :-**

જેઓ ભગવાનનાં વચનને જાણવા માટે કોઈ જિજ્ઞાસા ધરાવતા નથી અને લોક ગતાનુગત ક્રિયા કરે છે અને તે ક્રિયાઓ જ મોક્ષનું કારણ છે તેમ કહે છે, તે ઉત્સૂત્રભાષણ રૂપ છે અને ઉત્સૂત્રભાષણ જેવું જગતમાં કોઈ પાપ નથી; કેમ કે તીર્થંકરો દ્વારા પ્રરૂપણ કરાયેલા સૂત્રની આશાતના તે તીર્થંકરની આશાતના રૂપ છે.

વળી, સૂત્ર જેવો જગતમાં કોઈ ધર્મ નથી; કેમ કે સન્માર્ગને બતાવનાર સૂત્ર તીર્થંકરો દ્વારા બતાવાયેલ છે અને તે સૂત્ર જે પ્રકારે ધર્મ સેવવાનો કહે છે, તે પ્રકારે સેવાયેલી ક્રિયા ધર્મરૂપ છે. માટે ભગવાનના વચનાનુસાર સેવાયેલી ક્રિયાથી અન્ય કોઈ જગતમાં ધર્મ નથી અને જે ભવ્ય જીવ ભગવાનના વચનાનુસાર ક્રિયાઓ કરે છે તેઓમાં શુદ્ધ ચારિત્ર છે તેમ જાણો.

માટે શુદ્ધ ચારિત્રના અર્થીએ સર્વ ઉદ્યમથી ભગવાનના વચનના પરમાર્થને જાણવો જોઈએ, જાણીને સ્થિર કરવો જોઈએ અને અપ્રમાદભાવથી તે વચનથી નિયંત્રિત સર્વ ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ. જેથી વીતરાગના વચનાનુસાર કરાયેલી પ્રવૃત્તિ વીતરાગ થવાને અનુકૂળ ચારિત્રની આચરણારૂપ બને. **॥૬॥**

**અવતરણિકા :-**

**આખા સ્તવનમાં ભગવાનની સ્તવનારૂપે સ્તવનકારશ્રીએ આત્મકલ્યાણ માટેનો ઉચિત ઉપદેશ બતાવ્યો, તેનો સાર બતાવે છે –**

**ગાથા :-**

**એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,**
**જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;**

**તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી,**
**નિયત 'આનંદઘન' રાજ પાવે. ધાર૦ ૭**

**ગાથાર્થ :-**

**એહ ભગવાનના ઉપદેશનો સંક્ષેપથી સાર છે. જે મનુષ્ય ચિત્તમાં તે સારને નિત્ય ધ્યાન કરે, નિત્ય સ્મરણ કરે, તે નર બહુકાળ સુધી દિવ્યસુખને અનુભવી=સુદેવ-સુમાનુષત્વનો ઉત્તમ સુખનો અનુભવ કરીને નિયત કાળમાં આનંદઘનરૂપ મોક્ષના રાજને પ્રાપ્ત કરે છે. ।।૭।।**

**ભાવાર્થ :-**

ભગવાનના મોક્ષમાર્ગના ઉપદેશ સ્વરૂપ દ્વાદશાંગી છે. તે દ્વાદશાંગીમાં જે કાંઈ ઉપદેશ આપ્યો છે, તે સર્વ ઉપદેશનો સંક્ષેપથી સાર સ્તવનકારશ્રીએ પ્રસ્તુત ભગવાનના સ્તવનમાં અભિવ્યક્ત કર્યો છે. અને જે પુરુષ ભગવાનના ઉપદેશના આ સારને ચિત્તમાં સ્થિર કરીને, નિત્ય સ્મરણ કરે છે, તે મહાત્મા સદા સ્વશક્તિ અનુસાર ભગવાનના વચનને જાણવા, જાણીને સ્થિર કરવા, સર્વ ઉદ્યમ કરે છે; કેમ કે ભગવાનના વચનરૂપ સૂત્ર જેને ધર્મરૂપે જણાય છે અને તે ધર્મ જ તેને એકાંત હિતકારી જણાય છે, તેવા મહાત્મા વીતરાગના વચન પ્રત્યેના રાગના બળથી પુણ્યાનુબંધીપુણ્ય બાંધીને જ્યાં સુધી સંસારમાં રહેશે ત્યાં સુધી દેવભવોના અને ઉત્તમ મનુષ્યભવોના સુખને પામશે અને પૂર્વ-પૂર્વ કરતાં ઉત્તર-ઉત્તરના ભવોમાં વિશેષ-વિશેષતર ધર્મ સેવીને નિયતકાળમાં આનંદઘનરૂપ મોક્ષના સામ્રાજ્યને પામશે. **।।૭।।**

# ૧૫. શ્રી ધર્મનાથ જિન સ્તવન

(રાગ : ગોડી, સારંગ રસીઆની-એ દેશી)

**ગાથા :-**

**ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત, જિનેશ્વર;**
**બીજો મનમંદિર આણું નહિ, એ અમ કુલવટ રીત, જિનેશ્વર.**
**ધર્મ૦ ૧**

**ગાથાર્થ :-**

**ધર્મ જિનેશ્વર રંગપૂર્વક=અત્યંત ભાવપૂર્વક હું ગાઉં છું=તમારા ગુણગાન કરું છું. અને તમારી પ્રીતિમાં ભંગ પડશો નહીં. બીજા=ભગવાન સિવાય અન્ય મનમંદિરમાં હું કોઈને આણતો નથી. તે અમારા કુલવટની રીત છે=સાધુકુળની મર્યાદા છે. ||૧||**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીને ભગવાન સંપૂર્ણ અસંગભાવવાળા છે, તે સ્વરૂપે દેખાય છે. અને પોતાને પણ તે સ્વરૂપ જ અત્યંત પ્રિય જણાય છે. તેથી આત્માના અસંગભાવરૂપ ધર્મને સ્મરણ કરી કહે છે કે,

હે ધર્મનાથ જિનેશ્વર ! હું રંગપૂર્વક તમારા અસંગભાવનાં ગુણગાન કરું છું. અને ભગવાનના અસંગભાવ સાથે પોતાને જે પ્રીતિ છે, તે પ્રીતિમાં કોઈ ભંગ ન પડે તેવી ભગવાન પાસે પ્રાર્થના કરે છે અને કહે છે કે, મારી આ પ્રીતિ હું તમારા તુલ્ય થાઉં ત્યાં સુધી ભંગ પડો નહીં.

વળી, ભગવાન સિવાય બીજાને હું મનમંદિરમાં લાવતો નથી. અર્થાત્ સર્વ પ્રવૃત્તિ કરતી વખતે ભગવાનને જ યાદ કરું છુ. ભગવાનતુલ્ય થવા માટે, ભગવાનને હૈયામાં રાખીને, ભગવાનના વચનાનુસાર યત્ન કરું છું. એ અમારા કુલવટની રીત છે=સાધુ સામાચારની રીત છે. **||૧||**

**અવતરણિકા :-**

ધર્મના અર્થી જીવોને પણ પરમાર્થથી ધર્મ કેમ પ્રાપ્ત થતો નથી, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**ગાથા :-**

**ધરમ ધરમ કરતો જગ સહુ ફીરે, ધરમ ન જાણે હો મર્મ, જિનેશ્વર;**
**ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ, જિનેશ્વર.**
**ધર્મ૦ ૨**

**ગાથાર્થ :-**

**ધરમ-ધરમ કરતો જગત સહુ ફરે છે. પરંતુ ધર્મના મર્મને જાણતો નથી.**

કેમ ધર્મના મર્મને જાણતો નથી ? તેથી ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

**ધર્મ જિનેશ્વરના ચરણને ગ્રહ્યા પછી કોઈ કર્મને બાંધતું નથી. એ જ ધર્મનો મર્મ છે. ।।૨।।**

**ભાવાર્થ :-**

કેટલાક જીવો સંસારમાં પણ ધર્મ કરવાની મનોવૃત્તિવાળા છે. આમ છતાં અજ્ઞાનતા-નિર્વિચારકતા પણ સાથે છે. તેવા સર્વ જીવો, "મારે ધર્મ કરવો છે, મારે ધર્મ કરવો છે" તેવા સંકલ્પ કરીને જે-તે પ્રકારના બાહ્ય ધર્મના આચારો કરે છે. પરંતુ ધર્મનો મર્મ જાણતા નથી; કેમ કે ધર્મનાથ ભગવાન જે ધર્મને સેવીને ભગવાન થયા છે તે ધર્મને કોઈ રીતે જાણવા માટે યત્ન કર્યા વગર અસાર એવી સ્વ-સ્વ મતિકલ્પનાથી કરાયેલી ક્રિયાઓ કરીને જગતમાં અટવાયેલા રહે છે. કેમ તેઓ ધર્મના અર્થી હોવા છતાં ધર્મના મર્મને જાણતા નથી, તેથી કહે છે –

જે જીવો ધર્મ જિનેશ્વરના ચરણને ગ્રહણ કરે ત્યારપછી તેઓ કોઈ કર્મ બાંધતા નથી અને તે જ ધર્મનો મર્મ છે. માટે ધર્મના અર્થી જીવો, જે ધર્મ સેવીને ધર્મનાથ ભગવાન ક્ષાયિક ભાવવાળા ધર્મને પામ્યા છે તેમના વચનનું

અવલંબન લઈને તેમના બતાવેલા માર્ગ અનુસાર યત્ન કરવો જોઈએ. જેથી કોઈ કર્મબંધ થાય નહીં. પરંતુ પૂર્વમાં બંધાયેલાં કર્મો ક્રમસર નાશ પામે અને તે જ ધર્મનો મર્મ છે માટે જગતના જીવો તે ધર્મના મર્મને પામ્યા નથી. તેથી જે-તે પ્રકારનો ધર્મ કરીને વિનાશ પામે છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે, ધર્મ જિનેશ્વરના ચરણ ગ્રહણ કરવાથી ધર્મના મર્મની પ્રાપ્તિ થાય છે. ત્યાં પ્રશ્ન થાય કે, ધર્મ જિનેશ્વરના ચરણની પ્રાપ્તિ કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે –**

**ગાથા :-**

**પ્રવચન-અંજન જો સદ્‌ગુરુ કરે, દેખે પરમ નિધાન, જિનેશ્વર;**
**હૃદય-નયન નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન, જિનેશ્વર.**
**ધર્મ૦ ૩**

**ગાથાર્થ :-**

**જો સદ્‌ગુરુ પ્રવચનરૂપી અંજન કરે તો દેખે=તે અંજનવાળો પુરુષ પરમ નિધાન જુએ=ભગવાનના માર્ગરૂપ પરમ નિધાનને જુએ. અને હૃદયનયન=હૃદયરૂપી ચક્ષુથી જગધણીને નિહાળે=પરમ નિધાનરૂપ પરમાત્માના સ્વરૂપને નિહાળે અને તેના મેરુસમાન મહિમાને જુએ= જગધણીના મેરુ જેવા મહિમાને જુએ. ॥૩॥**

**ભાવાર્થ :-**

જો કોઈ સદ્‌ગુરુ પ્રાપ્ત થાય અને ધર્મજિનેશ્વરના પ્રવચનના મર્મરૂપ અંજનને આંજે તો જેમ દિવ્ય અંજનના બળથી પુરુષ ભૂમિ અંતર્ગત નિધાનને જોઈ શકે છે, તેમ પરમાત્માના પારમાર્થિક સ્વરૂપરૂપ પરમનિધાનને જોઈ શકે છે અને જેઓ પ્રવચનરૂપી અંજનના બળથી, હૃદયરૂપી નયન દ્વારા જગધણીને=પરમાત્માને નિહાળે છે, ત્યારે ભગવાનનો મેરુ જેવો મહિમા દેખાય છે. અર્થાત્ આ ભગવાનના પારમાર્થિક અસંગભાવના સ્વરૂપને લક્ષ્યમાં રાખીને ભગવાને જે-જે ભગવદ્‌ભક્તિ આદિ અનુષ્ઠાનો કહ્યાં છે તે સર્વ અનુષ્ઠાનો હું મારી ભૂમિકા

અનુસાર સેવીશ તો અવશ્ય ધર્મ જિનેશ્વરની આજ્ઞાના પરતંત્ર થવારૂપ ચરણને ગ્રહણ કરીશ. જેથી કોઈપણ કર્મબંધ થશે નહીં. પરંતુ પૂર્વમાં બંધાયેલું કર્મ ભગવાનના વચનની પરતંત્રતાને કારણે નાશ પામશે. આ પ્રકારનો ધર્મનો મહિમા સદ્‌ગુરુ દ્વારા કરાયેલા પ્રવચનરૂપી અંજનથી પ્રાપ્ત થાય છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**ધર્મની પ્રાપ્તિ માટે સદ્‌ગુરુ જ એક પ્રબળ ઉપાય છે. તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**દોડત દોડત દોડત દોડીઓ, જેતી મનની રે દોડ, જિનેશ્વર;**
**પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી, ગુરુગમ લેજો રે જોડ, જિનેશ્વર. ધર્મ૦ ૪**

**ગાથાર્થ :-**

**દોડત દોડત દોડત દોડીઓ=ધર્મની પ્રાપ્તિના અર્થે આ પ્રવૃત્તિ, તે પ્રવૃત્તિ કરવા અર્થે દોડ્યો. જેટલી મનની દોડ તેટલી કરી. પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી=ધર્મનાથ જિન પ્રત્યે પ્રેમના પ્રતીતનો વિચાર તે ઢુંકડો=ટૂંકો માર્ગ છે. ગુરુગમથી એનો જોડ લેજો=ગુરુગમથી એના પરમાર્થને લેજો. ॥૪॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવો કોઈક રીતે ધર્મના અર્થી થાય છે, છતાં ધર્મની પ્રાપ્તિ દુર્લભ હોવાથી જે-તે પ્રવૃત્તિઓમાં દોડાદોડ કરે છે અને જેટલી મનની દોડ પ્રાપ્ત થાય, તેટલી મનની દોડ કરીને ધર્મની પ્રવૃત્તિ કરે છે. પરંતુ વીતરાગ પ્રત્યેનો પ્રેમ પ્રતીત કરવો=સ્વ અનુભવથી પ્રતીત કરવો, અને તેનો વિચાર એ ઢુંકડો માર્ગ છે. અને તે માર્ગ ગુરુગમથી પ્રાપ્ત થાય તેમ છે. તેથી ગુરુગમથી પરમાત્માના પારમાર્થિક સ્વરૂપનો બોધ કરીને જે જીવો પરમાત્મા પ્રત્યે અત્યંત રાગવાળા થાય છે, તે જીવો ધર્મની સર્વ પ્રવૃત્તિઓ તે રીતે કરે છે. જેથી પરમાત્માની જેમ પોતાનામાં પણ અંશ-અંશથી સંગભાવ દૂર થાય છે અને પોતે વીતરાગભાવને આસન્ન-આસન્નતર થાય છે. **॥૪॥**

**અવતરણિકા :-**

ગુરુગમથી પરમાત્માનું સ્વરૂપ જાણ્યા પછી પરમાત્મતુલ્ય થવાના અર્થી સ્તવનકારશ્રી પોતાની પરમાત્માની પ્રીતિની વૃદ્ધિ અર્થે કહે છે –

**ગાથા :-**

**એક પખી કિમ પ્રીતિ પરવડે, ઉભય મિલ્યા હોય સંધિ, જિનેશ્વર;**
**હું રાગી હું મોહે ફંદીઓ, તું નિરાગી નિરબંધ, જિનેશ્વર. ધર્મ૦ ૫**

**ગાથાર્થ :-**

**એક પખી=ભગવાનની અને મારી એ બેમાંથી માત્ર પોતાની એકની પ્રીતિ કેવી રીતે પરવડે અર્થાત્ કઈ રીતે સંતોષનું કારણ બને. ઉભય મલ્યાં હોય તો સંધિ થાય તો પ્રીતિની વૃદ્ધિરૂપ સંધિ થાય.**

સ્તવનકારશ્રી ભગવાનની સાથે પ્રીતિથી મળી શકતા કેમ નથી, તેથી કહે છે –

**હું રાગી છું, હું મોહે ફંદીઓ છું=મોહના ફંદામાં પડ્યો છું. તું નિરાગી છો, નિરબંધ છો=મોહના બંધન વગરના છો. ।।૫।।**

**ભાવાર્થ :-**

સંસારમાં સામાન્યથી પ્રીતિ બંને પક્ષની હોય તો ટકે છે. એકને પ્રીતિ હોય અને અન્યને પ્રીતિ ન હોય તો તેવી પ્રીતિ કોઈને પરવડતી નથી=ગમતી નથી. તેને સામે રાખીને સ્તવનકારશ્રી કહે છે –

મને તમારા પ્રત્યે પ્રીતિ છે અને તમે મારાથી દૂર રહો છો. તેથી પ્રીતિ વગરના છો. માટે આવી એક પક્ષવાળી પ્રીતિ મને પરવડતી નથી. પરંતુ તમે અને હું બેઉ એકમેક, સંપવાળા થઈએ તો પ્રીતિની સંધિ થાય છે. અર્થાત્ બેઉનો પરસ્પર યોગ સદા માટે થાય. કેમ પોતાની પ્રીતિ ભગવાન સાથે એકતાની પ્રાપ્તિનું કારણ બનતી નથી, તેથી કહે છે –

હું રાગી છું અને મોહના ફંદામાં પડ્યો છું. અને તમે રાગ વગરના છો અને મોહના બંધન વગરના છો. તેથી તમારો ને મારો મેળાપ થતો નથી. માટે

એકપક્ષવાળી પ્રીતિ વર્તે છે. આમ કહીને સ્તવનકારશ્રી પોતાની ભગવાન પ્રત્યેની પ્રીતિ તે રીતે સ્થિર કરવા યત્ન કરે છે કે જેથી પોતાનામાં વર્તતા રાગભાવના અને મોહના બંધનને તોડીને ભગવાન સાથે એકમેક થવાનું કારણ પોતાની પ્રીતિ બને, જેથી ભગવાનની સાથે પોતાનો સદા મેળાપ રહે. ॥૫॥

**અવતરણિકા :-**

**આત્માને અંતરંગ સુખ જોઈએ છે અને સુખ અર્થે જ સર્વ પ્રવૃત્તિ કરે છે. સુખના ઉપાયભૂત અંતરંગ ગુણસમૃદ્ધિ આત્મામાં વિદ્યમાન હોવા છતાં જગતના જીવો આત્માની ગુણસંપત્તિરૂપ ધર્મને કેમ પામી શકતા નથી, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**પરમ નિધાન પ્રગટ મુખ આગળે,**
**જગત ઉલ્લંઘી હો જાય, જિનેશ્વર;**
**જ્યોતિ વિના જુઓ જગદીશની,**
**અંધો અંધ પુલાય, જિનેશ્વર. ધર્મ૦ ૬**

**ગાથાર્થ :-**

**મુખ આગળ=દૃષ્ટિ સન્મુખ પરમ નિધાન પ્રગટ છે=આત્માની ગુણસંપત્તિ પ્રગટ છે, છતાં સુખના અર્થી જીવોરૂપ જગત નિધાનને મેળવવા માટે ભગવાનને મૂકીને અન્યત્ર જાય છે. અર્થાત્ ધર્મરૂપી ગુણસંપત્તિને મેળવવા અર્થે બહારની પ્રવૃત્તિઓ કરે છે.**

**જગદીશની જ્યોતિ વગર=પરમાત્માના પારમાર્થિક સ્વરૂપના જ્ઞાન વગર જુઓ=ધર્મની સંપત્તિ જોવા માટે પ્રયત્ન કરો તો અંધોઅંધ પુલાય= આંધળા પાછળ આંધળો જાય છે=છદ્મસ્થ રૂપ આંધળા પાછળ ધર્મનો અર્થી એવો આંધળો જાય છે. તેથી પરમનિધાન દેખાતું નથી. ॥૬॥**

**ભાવાર્થ :-**

આત્મામાં ભગવાનના જેવી ઉત્તમ ગુણસંપત્તિ પ્રગટ પડેલી છે. જેને જોવાની નિર્મળ દૃષ્ટિ પ્રગટે તેને મુખ આગળ પરમનિધાન તુલ્ય આત્માની અસંગ પરિણતિરૂપ પરમનિધાન દેખાય છે.

વળી, જેમ કોઈ પુરુષના ગૃહ પાસે જ ધન પડ્યું હોય છતાં તેને જોવાની નિર્મળ દૃષ્ટિ ન હોય તો નિધાન મેળવવા માટે જંગલોમાં ફરે છે તેમ જે જીવોને આત્મામાં રહેલી ગુણસંપત્તિનું લેશ પણ જ્ઞાન નથી, તેઓ આત્માની ગુણસંપત્તિના પ્રાપ્તિના અર્થે માત્ર તે તે બાહ્ય ક્રિયાઓ કરીને આમ-તેમ નિધાનના અર્થે ભમે છે. પરંતુ અંતરંગ ગુણસંપત્તિને લક્ષ્ય કરીને તેને પ્રગટ કરવાનું કારણ બને તે રીતે ક્રિયાઓ કરતા નથી. તેઓ નિધાનની પ્રાપ્તિ અર્થે ભગવાનના પારમાર્થિક ભાવરૂપ વીતરાગતાથી આત્માને ભાવન કરવાનું છોડીને અન્ય અન્ય ક્રિયાઓ કરે છે

ત્યાં પ્રશ્ન થાય કે, આત્મામાં વર્તતી અંતરંગ ગુણસંપત્તિ દેખાતી નથી, આથી જ સુખના ઉપાયરૂપ ગુણસંપત્તિ અર્થે જીવો ધર્મઅનુષ્ઠાન કરે છે, છતાં તેઓને અંતરંગ ગુણસંપત્તિ કેમ દેખાતી નથી, તે બતાવવા અર્થે કહે છે –

જગદીશની જ્યોતિ વગર=ભગવાનના વચનરૂપ જ્ઞાન વગર, ધર્મને જોવા માટે યત્ન કરવામાં આવે તો અંતરંગ ગુણસમૃદ્ધિ દેખાય નહીં. તેથી એક આંધળો અન્ય આંધળા પાછળ ધનસંપત્તિના અર્થે જંગલમાં ફરે, તેમ તે-તે બાહ્ય ક્રિયાઓ કરીને ધર્મ નિષ્પન્ન કરવાના અર્થી જીવો યત્ન કરે છે. પરંતુ જગદીશના જ્ઞાનરૂપ જ્યોતિનું અવલંબન લઈને યત્ન કરતા નથી. તેથી અંદરમાં રહેલા પરમનિધાનને જોઈ શકતા નથી. અને જેઓ જગદીશના વચનથી અંદરના તે નિધાનને જોવે છે, તેઓ કર્મથી આવૃત એવી તે ગુણસંપત્તિને પ્રગટ કરવા માટે સદા અંતરંગ ઉદ્યમ થાય તે રીતે જ સર્વ ક્રિયાઓ કરે છે. **॥૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વ ગાથામાં કહ્યું કે, જગદીશની જ્યોતિ વગર પરમ નિધાન દેખાય નહીં. તેથી હવે જગદીશ કેવા છે, તેનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે –**

ગાથા :-

**નિરમળ ગુણમણિ રોહણ ભૂધરા, મુનિજન માનસ હંસ, જિનેશ્વર;**
**ધન્ય તે નગરી ધન્ય વેળા ઘડી, માત-પિતા કુળ વંશ, જિનેશ્વર.**
**ધર્મ૦ ૭**

ગાથાર્થ :-

**નિર્મળ ગુણમણિને રોહણ કરવા માટે ભૂધર જેવા=પર્વત જેવા, ભગવાન છે. વળી, મુનિરૂપી મનુષ્યોના માનસ માટે હંસ છે=માનસરોવરના હંસ છે. તે નગરી ધન્ય છે. તે વેળા અને તે ઘડી ધન્ય છે. માતા-પિતા-કુળ-વંશ ધન્ય છે કે જેમાં આવા ધર્મ જિનેશ્વર વિચરતા હતા. ||૭||**

ભાવાર્થ :-

ધર્મનાથ જિનેશ્વર ભૂધર જેવા છે=પર્વત જેવા છે અને વિશિષ્ટ પર્વતોમાં જેમ મણિઓની ખાણો હોય છે અને તે ખાણોમાં મણિઓ વૃદ્ધિ પામતાં હોય છે, તેમ ભગવાનનું અવલંબન જે મહાત્માઓ લે છે, તેમનામાં નિર્મળ ગુણરૂપી મણિઓ વધે છે. તેથી તેવા મહાત્માઓ માટે નિર્મળ ગુણમણિના રોહણને કરનારા તેવા ભગવાન ભૂધર જેવા છે.

વળી, માનસરોવરમાં હંસ જેમ શોભે છે, તેમ મુનિજનના માનસરૂપી માનસરોવરમાં હંસ જેવા ભગવાન સદા શોભે છે; કેમ કે મુનિઓ જે કાંઈ પ્રવૃત્તિઓ કરે છે તે ભગવાનનું સ્મરણ કરીને, ભગવાનના વચનના અવલંબન દ્વારા, ભગવાનતુલ્ય થવા માટે કરે છે. તેથી મુનિઓના માનસમાં નિર્મળ હંસ જેવા ભગવાન છે.

વળી, ધર્મનાથ ભગવાન જે નગરીમાં વિચરતા હતા, તે નગરી પણ ધન્ય છે. જે વેળાએ ભગવાન આ પૃથ્વી પર વિચરતા હતા તે વેળા પણ ધન્ય છે અને તે ક્ષણ પણ ધન્ય છે. કે જે ક્ષણમાં આવા ઉત્તમ પુરુષ વિચરતાં હતાં. વળી, તે માતા-પિતા પણ ધન્ય છે કે જેમણે આવા ઉત્તમ પુત્રને જન્મ આપ્યો. વળી, તે કુળ અને વંશ પણ ધન્ય છે કે જેમાં આવા ઉત્તમ પુરુષ થયા.

આ પ્રકારે જગદીશના સ્વરૂપને મતિમાં લાવીને તેવા જગદીશના વચનનું

અવલંબન લઈને જેઓ જગદીશતુલ્ય થવા યત્ન કરે છે, તેઓને ગાથા-૬માં કહ્યું તેમ મુખ આગળ=પોતાની દૃષ્ટિ આગળ, પરમ નિધાન દેખાય છે. ॥૭॥

**અવતરણિકા :-**

**ગાથા-૧માં કહેલ કે, ધર્મનાથ ભગવાનની સાથે મારી પ્રીતિનો ભંગ ન થાવ. તેને જ દૃઢ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**મન મધુકર વર કર જોડી કહે, પદકજ નિકટ નિવાસ, જિનેશ્વર;**
**ઘનનામી 'આનંદઘન' સાંભળો, એ સેવક અરદાસ, જિનેશ્વર.**
**ધર્મ૦ ૮**

**ગાથાર્થ :-**

**શ્રેષ્ઠ કરને જોડીને સ્તવનકારશ્રી ભગવાનને કહે છે કે, પદકજ=પાદરૂપી કમળમાં નિકટ મનરૂપી મધુકરને મારા નિવાસ આપજો. ઘનનામી આનંદઘન=ઘનના સ્વામી અને આનંદના ઘન એવા ભગવાન સેવકની આ અરદાસ સાંભળો=આ વિનંતી સાંભળો. ॥૮॥**

**ભાવાર્થ :-**

ભમરો કમળ પાસે જ વસે છે. તેમ સ્તવનકારશ્રી કહે છે કે, મારા મનરૂપી મધુકરને તમારા પદકમળ નિકટ નિવાસ આપજો. અત્યંત ભાવપૂર્વક હાથ જોડીને ભગવાનને સ્તવનકારશ્રી વિનંતી કરે છે. જેથી સ્તવનકારશ્રીનો મનરૂપી મધુકર ભગવાનના ચરણકમળને છોડીને અન્યથા ક્યાંય ન જાય.

વળી, ભગવાનને સંબોધન કરતાં કહે છે, ઘનનામી=અંતરંગ ગુણસંપત્તિરૂપ ઘનના સ્વામી અને આનંદઘન=પૂર્ણ આનંદમય તેવા હે ભગવાન ! આ સેવકની, આ વિનંતી તમે સાંભળો. જેથી મારી તમારા વિષયમાં જે પ્રીતિ છે, તેનો ક્યારેય ભંગ ન થાય. ॥૮॥

# ૧૬. શ્રી શાંતિનાથ જિન સ્તવન

(રાગ : મલ્હાર; ચતુર ચોમાસું પડિકમી-એ દેશી)

ગાથા :-

**શાંતિ જિન એક મુજ વિનતિ, સુણો ત્રિભુવનરાય રે;**
**શાંતિસ્વરૂપ કેમ પામીએ, કહો મન કિમ પરખાય રે? શાંતિ૦ ૧**

ગાથાર્થ :-

**હે શાંતિ જિન ! ત્રિભુવનના રાજા મારી એક વિનંતી સાંભળો.**

શું વિનંતી ? તે સ્પષ્ટ કરે છે –

**શાંતિસ્વરૂપ=જેવું શાંતિસ્વરૂપ તમારું છે, તેવું કેમ પામીએ તે કહો અને મનથી=મારા મનથી તે સ્વરૂપ કેમ પરખાય ? ॥૧॥**

ભાવાર્થ :-

સ્તવનકારશ્રી શાંતિનાથ ભગવાનને સ્મરણમાં લાવીને વિચારે છે કે, ભગવાન ત્રણ ભુવનના રાજા છે. જેમ મોટા રાજવીની આજ્ઞાના પાલનથી પ્રજા સુરક્ષિત રહે છે અને આજ્ઞાના ઉલ્લંઘનથી દંડાદિની પ્રાપ્તિ થાય છે, તેમ ભગવાનની આજ્ઞાની આરાધના કરનારને સંસારમાં રક્ષણ મળે છે અને આજ્ઞાની વિરાધના કરનારને દંડ મળે છે. તેથી ભગવાન ત્રણ ભુવનના રાજા છે.

વળી, કર્મઉપદ્રવ ભગવાનને નહીં હોવાથી ભગવાન પૂર્ણ શાંતિમય અવસ્થાવાળા છે અને ભગવાનની તેવી શાંતિ અવસ્થાને સ્મૃતિમાં લાવીને સ્તવનકારશ્રી કહે છે કે, હે ભગવાન ! જેમ તમે શાંતિ સ્વરૂપને પામ્યા છો, તે કઈ રીતે પામીએ ? અને મનથી તમારું શાંતિસ્વરૂપ કેમ પરખાય ? તે મને કહો. જેથી તમારા શાંતિસ્વરૂપને પરખીને હું પણ તમારી જેમ શાંતિસ્વરૂપને પ્રાપ્ત કરું. ॥૧॥

અવતરણિકા :-

**શાંતિસ્વરૂપને જાણવાની પોતાને ઈચ્છા થઈ છે તે ઈચ્છાને ભગવાનના વચનના બળથી પ્રગટ કરવા અર્થે સ્તવનકારશ્રી કંઈક કહે છે –**

ગાથા :-

**ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;**
**ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે. શાંતિ૦ ૨**

ગાથાર્થ :-

**ધન્ય તું આતમ જેહને તેહવો પ્રશ્નનો અવકાશ છે=ભગવાનના શાંતિસ્વરૂપને જાણવાનો અભિલાષ છે, તેહવો તારો આત્મા ધન્ય છે. માટે મનની ધીરજ ધરીને સાંભળો. હું શાંતિનો પ્રતિભાસ કહું છું=શાંતિની પ્રાપ્તિના ઉપાયને કહું છું. ॥૨॥**

ભાવાર્થ :-

ભગવાનતુલ્ય થવા માટેની પ્રથમ ભૂમિકા ભગવાનના સ્વરૂપને જાણવાની ઉત્કટ ઇચ્છા છે. જે ઉત્કટ ઇચ્છા જ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ભગવાનતુલ્ય થવામાં વિશ્રાંત થાય છે. તેથી સ્તવનકારશ્રી કહે છે કે, શાંતિસ્વરૂપને જાણવાનો પોતાને પ્રશ્ન થયો છે. તેથી પોતાનો આત્મા ધન્ય છે; કેમ કે, આ પ્રકારની જિજ્ઞાસાથી પોતે ભગવાનના શાંતિસ્વરૂપને જાણશે અને ક્રમે કરીને પોતાનું શાંતિસ્વરૂપ પ્રાપ્ત કરશે.

તેથી પોતાના આત્માને સંબોધીને કહે છે કે, મનની ધીરજ ધરીને સાંભળો. હું શાંતિનો પ્રતિભાસ કહું છું અર્થાત્ શાંતિનાથ ભગવાનના સ્વરૂપનો બોધ થાય તે પ્રકારના પરમાત્માના સ્વરૂપને હું કહું છું. **॥૨॥**

અવતરણિકા :-

**હવે શાંતિનાથ ભગવાનની પ્રથમ ભૂમિકાની સેવા કેવા પ્રકારની છે તે બતાવે છે –**

ગાથા :-

**ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવરદેવ રે;**
**તે તેમ અવિતત્થ સદ્દહે, પ્રથમ એ શાંતિપદસેવ રે. શાંતિ૦ ૩**

**ગાથાર્થ :-**

**જીવનો અવિશુદ્ધ ભાવ અને સુવિશુદ્ધ ભાવ જે જિનવર દેવે કહ્યા છે, તે ભાવોને તે અવિતત્થ શ્રદ્ધા કરે=શંકા વગર સ્થિર રુચિ કરે એ પ્રથમ ભૂમિકાની શાંતિપદની સેવા છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

શાંતિનાથ ભગવાને સંસારી જીવોના મોહથી આકુળ જે અવિશુદ્ધ ભાવો છે, તે જીવના અહિતની પ્રાપ્તિનાં કારણ છે અને જીવના મોહનાશને અનુકૂળ સ્વભૂમિકા અનુસાર જે અપ્રમાદભાવ છે, તે અપ્રમાદભાવને સુવિશુદ્ધભાવ કહ્યા છે અર્થાત્ તે સુવિશુદ્ધ ભાવથી જીવ ક્રમે કરીને પોતાના હિતની પ્રાપ્તિ કરે છે, તેમ ભગવાને કહ્યું છે. તે ભગવાનનાં વચનને યથાર્થ જાણીને તે વચનો તેમ જ છે એ પ્રકારની અવિતત્થ=યથાર્થ શ્રદ્ધા કરે તે પ્રથમ ભૂમિકાની શાંતિનાથ ભગવાનની સેવા છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**વળી, શાંતિપદની પ્રાપ્તિનો અન્ય ઉપાય બતાવે છે –**

**ગાથા :-**

**આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;**
**સંપ્રદાયી અવંચક સદા, સુચી અનુભવાધાર રે. શાંતિ૦ ૪**
**શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાળ રે;**
**તામસી વૃત્તિ સવિ પરિહરે, ભજે સાત્ત્વિકી સાલ રે. શાંતિ૦ ૫**
**ફળ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધી રે;**
**સકળ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવસાધન સંધિ રે. શાંતિ૦ ૬**

**ગાથાર્થ :-**

**આગમને ધારણ કરનારા સમકિતધારી અને સંવરની ક્રિયા પ્રધાન છે જેમને એવા અને જેઓ સંપ્રદાયીને સદા અવંચક=ભગવાનની પરંપરાને સદા લોપ નહીં કરનારા, પવિત્ર અનુભવના આધાર છે. તેવા ગુરુને**

**અવર જંજાળને છોડીને, શુદ્ધ આલંબનરૂપે આદરે. વળી, તામસી વૃત્તિ સવિ પરિહરી, સાત્ત્વિકી સાલ ભજે=સાત્ત્વિક વૃત્તિને ભજે. જેમાં=જે ક્રિયામાં ફળનો વિસંવાદ નથી, શબ્દ તે અર્થ સાથે સંબંધવાળા છે અને જે અર્થ સકલ નયવાદની સાથે વ્યાપીને રહ્યો છે, તે મોક્ષના સાધનની સંધિ છે=મોક્ષની પ્રાપ્તિનો ઉપાય છે. ।।૪-૫-૬।।**

**ભાવાર્થ :-**

જે જીવને પ્રથમ પ્રશ્ન ઊઠ્યો કે, શાંતિનાથ ભગવાનનું સ્વરૂપ કેમ પરખાય ? તેવો જીવ ભગવાનના વચનને સ્વભૂમિકા અનુસાર જાણીને અવિતત્થ શ્રદ્ધા કરે તે પ્રથમ ભૂમિકાની શાંતિનાથ ભગવાનની આરાધના છે, તેમ ગાથા-૩માં બતાવ્યું.

ત્યારપછી તત્ત્વનો અર્થી તેવો તે જીવ ભગવાનના આગમના તત્ત્વને ધારણ કરનારા, ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાવાળા તેવા ગુરુને શુદ્ધ આલંબનરૂપે સ્વીકારે. વળી, તે ગુરુ જિનવચનાનુસાર સંવરની ક્રિયાને કરનારા છે અને સદા ભગવાનના સાધુની પરંપરારૂપ સંપ્રદાયની ક્યાંય મલિનતા ન થાય તેવા અવંચક છે. અર્થાત્ સંપ્રદાયને અવિરુદ્ધ આચાર કરનારા છે અને પવિત્ર અનુભવના આધાર છે. અર્થાત્ જિનવચનાનુસાર ક્રિયા કરીને સમભાવના કંડકોની વૃદ્ધિ દ્વારા પવિત્ર અનુભવના આધાર છે.

તેવા સુગુરુનું આલંબન જેઓ આદરે અને સંસારની અવર જંજાળને જેઓ છોડે તેવા જીવો સર્વ તામસી વૃત્તિઓનો પરિહાર કરીને સ્વભૂમિકાનુસાર મોહનાશને અનુકૂળ યત્ન કરે તેવી સાત્ત્વિક વૃત્તિને ભજે છે અને આવી સાત્ત્વિક વૃત્તિને ભજનારા સર્વવિરતિની શક્તિનો સંચય ન થયો હોય તો દેશવિરતિનું પાલન કરે છે અને સંચય થયો હોય તો સર્વવિરતિ ગ્રહણ કરે છે.

અને સદા જે ક્રિયામાં ફળનો વિસંવાદ ન હોય અર્થાત્ જે ક્રિયા આત્મામાં નિર્લેપભાવની પ્રાપ્તિમાં વિસંવાદવાળી ન હોય તેવી ઉચિત ક્રિયાઓ કરે છે અને સદ્ગુરુ પાસે સ્વભૂમિકા અનુસાર શ્રુતનો અભ્યાસ કરે છે તે શ્રુતરૂપ શબ્દ તે અર્થસંબંધી સકલ નયવાદ સાથે વ્યાપીને રહેલો છે. અર્થાત્ સુગુરુ તે જીવોને

તેમની ભૂમિકા અનુસાર તે શ્રુતનો અર્થ તે રીતે સમજાવે છે કે, જેથી તે શ્રુતવચન મોહના નાશનું અવશ્ય કારણ બને. અને જે શ્રુતવચન ભગવાનના વચનાનુસાર હોય અને મોહના નાશનું કારણ હોય તે શ્રુતવચનનો અર્થ સકલ નયવાદને વ્યાપીને રહેલો છે અને તેવો બોધ તે મોક્ષપ્રાપ્તિની સંધિ છે=મોક્ષપ્રાપ્તિનું કારણ છે. **॥૪-૫-૬॥**

**અવતરણિકા :-**

**વળી, અન્ય રીતે ભગવાનની ઉપાસના બતાવે છે –**

**ગાથા :-**

**વિધિ-પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;**
**ગ્રહણવિધિ મહાજને પરિગ્રહ્યો, એહવો આગમે બોધ રે. શાંતિ૦ ૭**

**ગાથાર્થ :-**

**પદાર્થમાં અવિરોધરૂપે વિધિ-પ્રતિષેધ કરી=આત્માના પારમાર્થિક સ્વરૂપના અવિરોધરૂપે આત્માની ગુણસંપત્તિના કારણરૂપ વિધિમાં યત્ન કરે છે અને આત્માના દોષોના પ્રતિષેધમાં અર્થાત્ નિવારણમાં યત્ન કરે તેવો આત્મા મહાજનથી ગ્રહણ કરાયેલ વિધિથી પરિગ્રહ્યો છે, તેવો આગમથી બોધ થાય છે. ॥૭॥**

**ભાવાર્થ :-**

ભગવાનનું વચન વિધિ અને પ્રતિષેધ રૂપ છે. અને ભગવાનનાં દરેક વિધિ-વચનો આત્માના શુદ્ધ ભાવોને પ્રગટ કરવાનું કારણ બને તેવી ક્રિયામાં વિધિ બતાવે છે અને જે ક્રિયાઓથી આત્મામાં મલિન ભાવો થાય તેનો પ્રતિષેધ બતાવે છે. તેથી આત્મારૂપ પદાર્થના શુદ્ધિના અવિરોધરૂપ કારણ તેવા વિધિ-પ્રતિષેધથી યુક્ત એવો આત્મા ગ્રહણવિધિરૂપે મહાપુરુષોએ ગ્રહણ કર્યો છે, તે પ્રકારનો આગમથી બોધ થાય છે=સદ્‌ગુરુના વચન દ્વારા આગમથી બોધ થાય છે. જે બોધ મોક્ષની પ્રાપ્તિનું કારણ છે. **॥૭॥**

**અવતરણિકા :-**

વળી, મોક્ષના અર્થી જીવો અન્ય શું કરે છે, તે બતાવે છે –

**ગાથા :-**

**દુષ્ટ જન સંગતિ પરિહરી, ભજે સુગુરુ-સંતાન રે;**
**જોગસામર્થ્ય ચિત્તભાવ જે, ધરે મુગતિ નિદાન રે. શાંતિ૦ ૮**

**ગાથાર્થ :-**

**દુષ્ટજનની સંગતિનો પરિહાર કરે છે અને સુગુરુના સંતાનને ભજે છે=સુગુરુના સમુદાયને ભજે છે અને જેઓ સામર્થ્યયોગને ચિત્તમાં ભાવન કરે છે અર્થાત્ પોતાના સામર્થ્યને અનુરૂપ સુગુરુના વચનને સેવવાનું ચિત્તમાં ભાવન કરે છે, તેઓ મુક્તિના નિદાનને ધારણ કરે છે=મુક્તિના ઉપાયને ધારણ કરે છે. ॥૮॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં બતાવ્યું તેમ, જેઓ આગમથી યથાર્થ બોધ કર્યા પછી શક્તિના પ્રકર્ષથી જો સામર્થ્ય હોય તો મોહની વૃદ્ધિના કારણરૂપ એવા સંસારીજનોની સંગતિનો પરિહાર કરે છે અને સાધુવેશમાં પણ જે પ્રમાદી હોય તેવા દુષ્ટજનોની સંગતિનો પરિહાર કરે છે અને જે સુગુરુઓનો સમૂહ છે, તેઓનો આશ્રય લે છે. જેથી સારણા, વારણા આદિ દ્વારા અને નિત્ય નવા-નવા શ્રુતઅધ્યયન દ્વારા ગુણની વૃદ્ધિને પ્રાપ્ત કરે છે. અને સદા જેઓ પોતાના સામર્થ્ય ને શક્તિ ગોપવ્યા વગર ફોરવવાનું ચિત્તમાં ભાવન કરે છે, તેઓ મુક્તિના ઉપાયને ધારણ કરનારા છે=સદા મુક્તિની પ્રાપ્તિ કરવા માટે યત્ન કરનારા છે. **॥૮॥**

**અવતરણિકા :-**

**જેઓ સુગુરુની સેવા કરીને શક્તિ અનુસાર મોક્ષમાર્ગમાં ઉદ્યમ કરનારા છે તેઓ કેવા પરિણામવાળા છે, તે બતાવે છે –**

**ગાથા :-**

**માન-અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક-પાષાણ રે;**
**વંદક-નિંદક સમ ગણે, ઇસ્યો હોય તું જાણ રે. શાંતિ૦ ૯**

**સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ-મણિ ભાવ રે;**
**મુક્તિ-સંસાર બેહુ સમ ગણે, મુણે ભવજલનિધિ નાવ રે.**
**શાંતિ૦ ૧૦**

**ગાથાર્થ :-**

**માન-અપમાન ચિત્તમાં સમાન ગણે છે. કનક અને પાષાણને સમાન ગણે છે. વંદક-નિંદકને સમાન ગણે છે. એવો તું થાય એમ જાણ=એવો તું થાય ત્યારે તું મોક્ષમાર્ગમાં દઢ યત્નવાળો છે તેમ જાણ.**

**સર્વ જગતજંતુને સમાન ગણે. વળી, તૃણ અને મણિને સમાન ગણે. મુક્તિ અને સંસાર બેઉ સમાન ગણે. તે પ્રમાણે મુણે=જાણે, તે ભવજલનિધિની નાવ છે. ||૯-૧૦||**

**ભાવાર્થ :-**

જેઓ સંસારથી અત્યંત ભય પામેલા છે, અત્યંત મોક્ષના અર્થી છે, તેવા સાધુઓ કર્મબંધના કારણભૂત એવા દુષ્ટજનોની સંગતિનો પરિહાર કરીને સુગુરુઓનું આલંબન લે છે અને પોતાના સામર્થ્યના બળથી ચિત્તને સુગુરુના વચનથી ભાવિત કરે છે, તેવા મુનિઓ પ્રથમ ભૂમિકામાં સામાયિકના પરિણામ પ્રત્યે રાગના પરિણામને ધારણ કરે છે અને અસામાયિકના પરિણામ પ્રત્યે દ્વેષના પરિણામને ધારણ કરે છે અને જગતના ભાવો પ્રત્યે ઉપેક્ષાના પરિણામને ધારણ કરે છે.

તેવા મુનિઓના ચિત્તમાં લોકો તેઓને માન આપે કે કોઈ તુચ્છ લોકો અપમાન કરે, તે બંને સમાન જણાય છે. તેથી તે માન-અપમાન અનુસાર તે મહાત્માને ચિત્તમાં કોઈ વિકાર થતો નથી. પરંતુ તે મહાત્મા વિચારે છે કે, માન આપનાર કે અપમાન કરનાર પુરુષમાં વર્તતા ભાવો તેના આત્મામાંથી

નીકળીને મારા આત્મામાં પ્રવેશ પામતા નથી. તેથી તે-તે જીવોમાં વર્તતા ભાવો મારા માટે સમાન છે. તેથી માનથી રંજિત થતા નથી અને અપમાનથી ખિન્ન થતા નથી.

વળી, પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોનારા હોવાથી તેઓને સુવર્ણ અને પત્થર આત્મા માટે અનુપયોગી હોવાથી સમાન જણાય છે. પરંતુ સંસારી જીવોની જેમ સુવર્ણ પ્રત્યે આકર્ષણ અને પત્થર પ્રત્યે નિસાર બુદ્ધિ થતી નથી.

વળી, કેટલાક જીવો ભક્તિથી તે મહાત્માને વંદન કરે છે, તો કેટલાક જીવો પોતાના ક્ષુદ્ર ભાવને કારણે તે મહાત્માની નિંદા કરે છે. પરંતુ સમભાવના રાગવાળા મુનિને તે વંદનથી પ્રીતિ કે નિંદકથી અપ્રીતિ થતી નથી, પરંતુ પોતાના સમભાવને કારણે પરના વંદકભાવ અને નિંદકભાવ તેમના માટે સમાન છે. એવો જો તું થાય તો તું મોક્ષના ઉપાયને સેવે છે, તેમ જાણવું.

વળી, તે મહાત્મા જગતના બધા જીવોને પોતાના તુલ્ય જાણે છે. તેથી જેમ પોતાના આત્માના હિત માટે ઉચિત યત્ન કરે છે, તેમ પોતાનાથી જે પ્રકારનું શક્ય હોય તે પ્રકારે અન્ય જીવોના હિત માટે ઉચિત યત્ન કરે છે. તેથી સમભાવવાળા મુનિ કોઈ જીવને પીડા ન થાય તે રીતે સદા યતનાપરાયણ રહે છે.

વળી, પોતાના નિમિત્તને પામીને કોઈ જીવને ધર્મ પ્રત્યે દ્વેષ ન થાય તેવો યત્ન કરે છે. આથી જ તાપસના દ્વેષના પરિહાર અર્થે વીર ભગવાને ચાતુર્માસમાં વિહાર કર્યો.

વળી, કોઈ જીવને ધર્મનું બીજ પ્રાપ્ત થતું હોય અને પોતાનાથી શક્ય હોય તો સમભાવવાળા મુનિ અવશ્ય તેના હિત અર્થે પ્રવૃત્તિ કરે છે. આથી જ વીર ભગવાને બ્રાહ્મણને ધર્મના બીજની પ્રાપ્તિ થાય તદ્અર્થે પોતાનું વસ્ત્રદાન કર્યું.

વળી, મુનિ તૃણ અને મણિને સમાન ગણે છે; કેમ કે તૃણ પણ પુદ્ગલાત્મક છે અને મણિ પણ પુદગલાત્મક છે અને આત્માને અનુપયોગી હોવાથી બંને આત્મા માટે સમાન છે.

વળી, સમભાવના પ્રકર્ષવાળા મુનિ મોક્ષ પ્રત્યેનો રાગ અને સંસાર પ્રત્યેનો દ્વેષ પણ ત્યાગ કરે છે ત્યારે મુક્તિ અને સંસાર બેઉને સમાન ગણે છે. જેથી

સર્વ રાગ-દ્વેષના વિકલ્પો દૂર થાય છે અને નિર્વિકલ્પ દશાની પ્રાપ્તિ થાય છે. આવા મુનિના ભાવો ભવરૂપી સમુદ્રને તરવા માટે નાવ જેવા છે; કેમ કે આ પ્રકારના સમભાવના પ્રકર્ષથી કર્મબંધના કારણરૂપ સંગનો ભાવ દૂર થાય છે અને અસંગભાવને પામેલો આત્મા સુખપૂર્વક ભવસમુદ્રને તરે છે. **॥૯-૧૦॥**

**અવતરણિકા :-**

**શાંતિ સ્વરૂપ કેવી રીતે પામી શકાય તેનું અત્યાર સુધી વર્ણન કર્યું છે. હવે તેને પ્રગટ કરવા અર્થે શું વિચારવું જોઈએ તે બતાવે છે –**

**ગાથા :-**

**આપણો આતમભાવ જે, ચેતના એક આધાર રે;**
**અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે. શાંતિ૦ ૧૧**

**ગાથાર્થ :-**

**ચેતનાના એક આધારવાળો આપણો જે આત્માનો ભાવ છે. (તે જીવ માટે હિતકર છે.) અવર સવિ=ચેતનાના આધાર સિવાય અન્ય સર્વનો સાથ સંયોગથી છે. તે પોતાનો પરિકર આધાર છે=સાધના માટેનો દેહ આદિનો સંયોગ તે પોતાનો પરિકર આધાર છે. ॥૧૧॥**

**ભાવાર્થ :-**

આપણો આત્મા ચેતના એક આધારવાળો છે. અને તે જ આપણો પોતાનો ભાવ છે. તે સિવાય અન્ય કોઈ જીવનો ભાવ નથી. અને આત્મા ચેતનાના ભાવરૂપ માત્ર હોય તો આત્માને કોઈ ઉપદ્રવ નથી. તેથી નિરાકુળ સુખનું વેદન થાય છે.

જેમ સિદ્ધના આત્માઓ એક ચેતનાના આધારવાળા છે. અન્ય કોઈ સંયોગ નથી. તેથી પૂર્ણ સુખમય અવસ્થામાં છે. વળી, સંસાર અવસ્થામાં સાધનાને અનુકૂળ દેહ, મનુષ્યભવ, સદ્ગુરુનો યોગ આદિ સર્વનો સમૂહ સંયોગથી છે. એ સંયોગથી થયેલો સર્વ સાથ શુદ્ધ ચેતનાને પ્રગટ કરવા માટે આધારરૂપ છે. આથી જ મુનિ સદ્ગુરુના આલંબનથી, પોતાના દેહાદિના આલંબનથી શુદ્ધ

ચેતનાને પ્રગટ કરવા માટે ઉદ્યમ કરે છે ત્યારે સંયોગથી થયેલ આ સર્વ પરિકર શાંતિસ્વરૂપની પ્રાપ્તિ માટે આધારરૂપ બને છે. **॥૧૧॥**

**અવતરણિકા :-**

**વળી, સ્તવનકારશ્રી શાંતિનાથ ભગવાનના વચનના અવલંબનથી શાંતિસ્વરૂપને પામવાના ઉપાયને સાંભળ્યા પછી પોતાને થતા આનંદને અભિવ્યક્ત કરે છે –**

**ગાથા :-**

**પ્રભુમુખથી એમ સાંભળી, કહે આતમરામ રે;**
**તાહરે દરિસણે નિસ્તર્યો, મુજ સિધાં સવિ કામ રે. શાંતિ૦ ૧૨**

**ગાથાર્થ :-**

**પ્રભુ મુખથી એમ સાંભળી=પૂર્વમાં વર્ણન કર્યું એમ શાંતિસ્વરૂપના પામવાના ઉપાયને સાંભળ. આતમરામ કહે છે=પોતાનો આત્મા કહે છે –**

**"તારા દર્શનથી હું નિસ્તર્યો છું"=હે શાંતિનાથ ભગવાન ! તમારા દર્શનથી હું સંસારથી નિસ્તાર પામ્યો છું. મારાં સર્વ કાર્યો સિદ્ધ થયાં છે. ॥૧૨॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં અત્યાર સુધી વર્ણન કર્યું તે પ્રકારના શાંતિનાથ ભગવાનના વચનથી શાંતિસ્વરૂપની પ્રાપ્તિના ઉપાયોને જાણીને હર્ષમાં આવીને સ્તવનકારશ્રી કહે છે.

"હે ભગવાન ! શાંતિસ્વરૂપે મેં તમારું દર્શન કર્યું અને તે દર્શનની પ્રાપ્તિનો ઉપાય જાણ્યો. તેથી હવે અવશ્ય હું અલ્પકાળમાં સંસારથી પારને પામીશ."

માટે જે સંસારના પારને પામતો હોય તે સંસારના પારને પામ્યો કહેવાય. તે ન્યાયથી સ્તવનકારશ્રી કહે છે, "સંસારથી નિસ્તર્યો છું અને મારાં સર્વ કાર્યો સિદ્ધ થયાં છે." કેમ કે જીવનું કાર્ય પૂર્ણ સુખમય અવસ્થાની પ્રાપ્તિ છે અને તેની પ્રાપ્તિનો ઉપાય મને પ્રાપ્ત થઈ ચૂક્યો છે અને મારાં સર્વ કાર્યો સિદ્ધ થયાં છે. **॥૧૨॥**

**અવતરણિકા :-**

**વળી, સ્તવનકારશ્રી શાંતિનાથ ભગવાનને શાંતિસ્વરૂપે પામીને કૃતકૃત્ય થયા છે તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;**
**અમિત ફલ દાન દાતારની, જેહથી ભેટ થઈ તુજ રે. શાંતિ૦ ૧૩**

**ગાથાર્થ :-**

**અહો ! અહો ! તે હર્ષની અભિવ્યક્તિ રૂપ છે. હું મુજને કહું છું=પોતાને કહું છું. શું કહું છું ? મને નમસ્કાર કરું છું. મને નમસ્કાર કરું છું.**

કેમ નમસ્કાર કરું છું ? તેથી કહે છે –

**જેહથી=જે કારણથી અમિત ફળ દાન દાતાર એવા તુજની ભેટ થઈ. ॥૧૩॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી શાંતિનાથ ભગવાનના પારમાર્થિક સ્વરૂપને જાણીને, તદ્તુલ્ય થવાના ઉપાયરૂપ માર્ગને જાણીને હર્ષમાં આવીને કહે છે. કોને કહે છે ? પોતાની જાતને કહે છે. શું કહે છે ? અહો ! હું મુજને કહું છું. શું કહું છું ? તે કહે છે –

હું મારા આત્માને નમસ્કાર કરું છું. હું મારા આત્માને નમસ્કાર કરું છું. એમ કહીને પોતે અત્યંત ભાગ્યવાન છે તેમ બતાવે છે. કેમ ભાગ્યવાન છે ? તેથી કહે છે –

જે કારણથી જેનું માપ ન થઈ શકે તેવા અમિતફળના દાનને દેનારા ભગવાનની પોતાને ભેટ થઈ છે. તેથી નક્કી શાંતિનાથ ભગવાનને પામીને પોતે શાંતિસ્વરૂપને પામશે. માટે પોતાનો આત્મા ધન્ય છે. તેમ ભગવાન પાસે અભિવ્યક્ત કરે છે. **॥૧૩॥**

**અવતરણિકા :-**

**પ્રસ્તુત સ્તવનમાં સ્તવનકારશ્રીએ શાંતિનાથ ભગવાનનું સ્વરૂપ તેની પ્રાપ્તિના ઉપાયથી યુક્ત સંક્ષેપથી કહ્યું છે તે બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**શાંતિસરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ-પર-રૂપ રે;**
**આગમમાંહે વિસ્તાર ઘણો, કહ્યો શાંતિ જિન ભૂપ રે. શાંતિ૦ ૧૪**

**ગાથાર્થ :-**

**નિજ અને પરરૂપ=સાધક એવા પોતાના આત્માનું અને શાંતિનાથ ભગવાનનું શાંતિસ્વરૂપ સંક્ષેપથી કહ્યું=સ્તવનકારશ્રીએ પ્રસ્તુત સ્તવનમાં કહ્યું છે. આગમમાંહે શાંતિજિનભૂપનો વિસ્તાર ઘણો કહ્યો છે. ॥૧૪॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીએ શાંતિનાથ ભગવાનતુલ્ય થવાનો સંક્ષેપથી ઉપાય કહ્યો છે અને તે ઉપાય તથા તે ઉપાયનું ફળ તે પોતાનું સ્વરૂપ છે અને પર એવા ભગવાનનું સ્વરૂપ છે. તે ભગવાનનું સ્વરૂપ અને ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય આગમમાં ઘણો વિસ્તારથી કહ્યો છે; કેમ કે દ્વાદશાંગીનું સંગ્રાહકસૂત્ર "કરેમિ ભંતે" છે અને "કરેમિ ભંતે" સૂત્રમાં સંક્ષેપથી આત્માની સામાયિકનું સ્વરૂપ છે. અને તે સામાયિકના વિસ્તારાત્મક જ પૂર્ણ દ્વાદશાંગી છે. તેથી શાસ્ત્રનો સર્વ વિસ્તાર શાંતિનાથ ભગવાન તુલ્ય થવાના સામાયિકના પરિણામરૂપ છે. અને તેને જ ગ્રહણ કરીને પૂર્વની ભૂમિકા સ્તવનકારશ્રીએ પ્રથમ બતાવી અને ત્યારપછી ગાથા-૯-૧૦માં માન-અપમાનના સમ પરિણામ આદિને બતાવીને સંક્ષેપથી શાંતિનાથ ભગવાનતુલ્ય થવાનો ઉપાય બતાવ્યો છે. **॥૧૪॥**

**અવતરણિકા :-**

**સ્તવનકારશ્રીએ શાંતિનાથ ભગવાનનું સંક્ષેપથી સ્વરૂપ બતાવ્યા પછી તેનું ભાવન કઈ રીતે મોક્ષનું કારણ છે તે બતાવે છે –**

**ગાથા :-**

**શાંતિસ્વરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;**
**'આનંદઘન' પદ પામશે, તે લહેશે બહુમાન રે. શાંતિ૦ ૧૫**

**ગાથાર્થ :-**

**એમ=પૂર્વમાં સ્તવનકારશ્રીએ વર્ણન કર્યું એમ, શાંતિનાથ ભગવાનનું સ્વરૂપ જે શુદ્ધ પ્રણિધાન ધરીને ભાવશે, તે પુરુષ બહુમાન લહેશે અને અંતે આનંદઘન પદને પામશે. ।।૧૫।।**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીએ પ્રસ્તુત સ્તવનમાં જે પ્રકારે શાંતિનાથ ભગવાનનું સ્વરૂપ બતાવ્યું અને તેની પ્રાપ્તિનો ઉપાય બતાવ્યો, તે ઉપાય પોતાને શાંતિનાથ ભગવાનને તુલ્ય થવામાં પ્રબળ કારણ છે. તેમ સ્થિર નિર્ણય કરીને મનના દૃઢ પ્રણિધાનથી તે સ્વરૂપને જેઓ ભાવન કરશે અર્થાત્ પૂર્વમાં વર્ણન કર્યું તે સ્વરૂપને વારંવાર ચિત્તમાં તે રીતે સ્થિર કરશે કે જેથી તે મહાત્માનું ચિત્ત ક્રમે કરીને માન-અપમાન આદિ ભાવોમાં સમભાવવાળું બનશે.

તે મહાત્મા તે ભાવનના બળથી બંધાયેલા પુણ્યાનુબંધી પુણ્યને કારણે ઊંચા એવા દેવભવને અને મનુષ્યભવને પામશે. જ્યાં ઘણા પ્રકારની ભોગસામગ્રીથી યુક્ત માનસન્માનને પ્રાપ્ત કરશે અને આ ભવમાં શાંતિતુલ્ય થવાની જે સાધના અધૂરી રહેશે તે અન્ય ભવોમાં પૂરી કરીને તે આનંદઘન પદને પ્રાપ્ત કરશે=શાંતિનાથ ભગવાનતુલ્ય મોક્ષપદને પ્રાપ્ત કરશે. **।।૧૫।।**

# ૧૭. શ્રી કુંથુનાથ જિન સ્તવન

(રાગ : ગુર્જરી તથા રામકલી; અંબર દેહુ મુરારિ હમારો-એ દેશી)

**અવતરણિકા :-**

**પૂર્વ સ્તવનમાં સ્તવનકારશ્રીએ શાંતિનાથ ભગવાનતુલ્ય થવાનો માર્ગ ભગવાનની સ્તુતિરૂપે વ્યક્ત કર્યો અને પોતાને સ્થિર શ્રદ્ધા છે કે આ માર્ગના સેવનના બળથી પોતે શાંતિનાથ ભગવાનતુલ્ય અવશ્ય થઈ શકશે. આમ છતાં અનાદિના કુસંસ્કારોથી વાસિત એવો આત્મા હોવાથી, ચંચલ એવું મન શાંતિનાથ ભગવાનતુલ્ય થવા માટે યત્ન કરવા સમર્થ બનતું નથી. તેથી શાંતિનાથ ભગવાનતુલ્ય એવા કુંથુનાથ ભગવાનની આગળ પોતાના હૈયાની વ્યથાને વ્યક્ત કરતાં સ્તવનકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**કુંથુજિન ! મનડું કિમહી ન બાઝે,**
**હો કુંથુજિન! મનડું કિમહી ન બાઝે,**
**જિમ જિમ જતન કરીને રાખું,**
**તિમ તિમ અલગું ભાજે હો. કુંથુ૦ ૧**

**ગાથાર્થ :-**

**હે કુંથુનાથ જિન ! મન કેમ પણ લક્ષ્યમાં બાજતું નથી, મન કેમ પણ લક્ષ્યમાં બાજતું નથી. જેમ જેમ યત્ન કરીને તમારા સ્વરૂપમાં રાખું છું, તેમ અલગું ભાજે છે=અલગું જાય છે. ॥૧॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીને શાંતિનાથ ભગવાનતુલ્ય જ કુંથુનાથ ભગવાન ભાસે છે. તેથી કુંથુનાથ ભગવાનને અવલંબીને તદ્તુલ્ય થવા માટે સદા આગમવચનથી આત્માને ભાવિત કરે છે. આમ છતાં અનાદિના સંસ્કારોથી પોતાનો આત્મા મોહથી વાસિત છે. તેથી વારંવાર દૃઢ યત્ન કરીને ભગવાનના ગુણોમાં મનને પ્રવર્તાવવા સ્તવનકારશ્રી યત્ન કરે છે તોપણ પોતાનું મન કંઈક ભગવાનના

ગુણ સાથે જોડાય ત્યાં જ અનાદિના સંસ્કારથી મન અન્યત્ર જાય છે. તેથી ભગવાનની પાસે પોતાની અલ્પસત્ત્વતાની વ્યથાને સ્તવનકારશ્રી વ્યક્ત કરે છે. ॥૧॥

**અવતરણિકા :-**

**પોતાનું મન કઈ રીતે ભટકે છે, તેનું સ્વરૂપ દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**રજની વાસર વસતી ઉજ્જડ, ગયણ પાયાલે જાય;**
**'સાપ ખાય ને મુખડું થોથું,' એહ ઉખાણો ન્યાય હો. કુંથુ૦ ૨**

**ગાથાર્થ :-**

**રજનીમાં=રાત્રીમાં, વાસરમાં=દિવસમાં, વસતીમાં=લોકોની વસતીમાં, ઉજ્જડ=ઉજ્જડ સ્થાનોમાં, ગયણ=ગગનમાં અને પાયાલ=પાતાળમાં મારું મન ભટકે છે.**

તેનાથી શું પ્રાપ્ત થાય છે, તે કહે છે –

**સાપ ખાય=સાપ કોઈને કરડે અને એનું મુખડું થોથું હોય અર્થાત્ કોઈ ખાદ્ય પદાર્થની સ્વાદની પ્રાપ્તિ વગરનું હોય, તે પ્રકારના ઉખાણાનો ન્યાય છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોનું ચિત્ત દિવસ-રાત એક વસ્તુને છોડીને અન્ય વસ્તુ વિષયક ભટક્યા કરે છે અને તે ભટકવાની ક્રિયાથી મળતું કાંઈ નથી. પરંતુ નિરર્થક શ્રમ થાય છે. વસ્તુતઃ ભગવાનના ગુણોમાં સ્થિર થયેલા મનથી જ આત્માને સ્વસ્થતાના સુખનો અનુભવ થાય છે. છતાં અનાદિની ટેવના કારણે કોઈ ફળ નહીં હોવા છતાં મન જ્યાં ત્યાં ભટકે છે અને તે ભટકવાની પ્રવૃત્તિ કેવી છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

સાપ કોઈને કરડે તો સાપને ભોજનથી જેમ તૃપ્તિ થાય તેવી કોઈ તૃપ્તિ થતી નથી. પરંતુ ગુસ્સાનો સ્વભાવ હોવાથી તે કરડે છે. અને મુખમાં કોઈ

સ્વાદની પ્રાપ્તિ નથી. એહ ઉખાણાના ન્યાયથી જ્યાં-ત્યાં ભટકતા ચિત્તને કાંઈ મળતું નથી. પરંતુ મન નિરર્થક ભટકવાની જ પ્રવૃત્તિ કરે છે. વસ્તુતઃ જેમ ખાવાની ઇચ્છાવાળો પુરુષ ભોજન કરે તો ભોજનથી સ્વાદનો અનુભવ થાય તેમ આત્માના ગુણોના આસ્વાદનનો અર્થી જીવ ભગવાનના ગુણોમાં મનને સ્થિર કરે તો સ્થિરતા ગુણના સુખનું આસ્વાદન પ્રાપ્ત થાય.

આવો સ્તવનકારશ્રીને બોધ હોવા છતાં અનાદિ સ્વભાવને કારણે પોતાનું મન સ્ખલના પામે છે. તેને સામે રાખીને પોતાના ભટકતા મનની આવી વ્યર્થ ચેષ્ટા છે તેમ બતાવે છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**વળી, જે યોગીઓ મનના સ્થૈર્યથી પ્રાપ્ત થતા સુખને જાણનારા છે અને મનના સ્થૈર્યથી જ પૂર્ણ સુખમય મુક્તિની પ્રાપ્તિ છે તેમ જાણે છે. તેને પણ આ મન કઈ રીતે રંજાડે છે, તે બતાવે છે –**

**ગાથા :-**

**મુગતિ તણા અભિલાષી જે તપિયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;**
**વયરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે હો. કુંથુ૦ ૩**

**ગાથાર્થ :-**

**મુક્તિ તણા અભિલાષી એવા જે સાધુઓ છે તેઓ તપથી તપિયા છે. જ્ઞાન-ધ્યાનનો અભ્યાસ કરે છે, છતાં વયરીડું એવું મન કાંઈક એવું ચિંતવન કરે છે, જેથી તે મહાત્માને અવળે પાસે નાખે છે=મુક્તિમાર્ગથી અન્ય માર્ગમાં નાખે છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ જાણે છે કે, મનના અસ્થૈર્યથી જ જીવ કર્મ બાંધીને સંસારમાં ભટકે છે અને દુઃખની પરંપરાને પામે છે અને આત્મભાવમાં મનના સ્થૈર્યથી જ વીતરાગ થઈને મોક્ષને પ્રાપ્ત કરે છે, તેવા મહાત્માઓ મોક્ષના અત્યંત અભિલાષી છે. અને તેના ઉપાયરૂપે શક્તિ અનુસાર તપ કરે છે, શાસ્ત્રઅધ્યયન કરે છે અને શુભ ધ્યાનનો અભ્યાસ કરે છે.

આમ છતાં અનાદિના સંસ્કારને કારણે વૈરી એવું આ મન કંઈક એવું ચિંતવન કરીને તે મહાત્માને અવળે પાસે નાખે છે.

જેમ પ્રસન્નચંદ્ર રાજર્ષિ મોક્ષ અર્થે ધ્યાનમાં યત્ન કરતા હતા અને દુર્મુખના વચનને સાંભળીને બાહ્ય પદાર્થમાં મન જવાથી સાતમી નરકની ભૂમિકા તૈયાર થઈ. તેથી વૈરી એવું આ મન કુંથુજિનતુલ્ય થવામાં અત્યંત વિઘ્નકારી છે. ॥૩॥

**અવતરણિકા :-**

**વળી, શાસ્ત્રવચનના બળથી મનને વશ કરવા માટે સ્તવનકારશ્રી યત્ન કરે છે, તોપણ આ વાંકું મન સીધું ચાલતું નથી, તે બતાવવા અર્થે કહે છે -**

**ગાથા :-**

**આગમ આગમધરને હાથે, નાવે કિણ વિધ આંકું;**
**કિહાં કને જો હઠ કરી અટકું, તો વ્યાલ તણી પેરે વાંકું હો.**
**કુંથુ૦ ૪**

**ગાથાર્થ :-**

**આગમ આગમ ધરનારના=ઘણાં આગમ ધરનારના, હાથે નાવે=મન હાથમાં આવતું નથી. કિણવિધ આંકું=કઈ રીતે મનને કાબૂમાં રાખું ? કિહાં કને=કોઈક સ્થાને, જો હઠ કરીને અટકું=મનને તાણીને રાખું, તો વ્યાલ તણી પેરે=સાપણની જેમ, વાંકું છે=મન વાંકું જાય છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

ઘણાં શાસ્ત્રો ભણીને, શાસ્ત્રોથી આત્માને ભાવિત કરનારા મહાત્માઓના પણ હાથમાં મન આવતું નથી; કેમ કે અનાદિથી આત્માએ પ્રમાદ સેવ્યો છે અને પ્રમાદના સંસ્કારો ઘનિષ્ઠ છે. તેથી કોઈ નિમિત્તને પામીને આગમધરો પણ પ્રમાદને વશ બને તો તેઓનું મન હાથમાં રહેતું નથી. આથી જ ૧૪ પૂર્વધરો પણ આ મનને પરવશ થઈને નિગોદમાં જાય છે. માટે સ્તવનકારશ્રી કહે છે કે, કઈ રીતે હું એ મનને આંકું=કાબૂમાં રાખું ?

વળી, દૃઢ સંકલ્પ કરીને કોઈક સ્થાને હઠ કરીને મનને સ્થિર કરું છું તો સાપણની જેમ મન વાંકું ચાલે છે. અર્થાત્ ક્ષણભર પોતાના સાધ્યમાં સ્થિર થઈને ફરી પોતાના ભટકવાના સ્વભાવનો આશ્રય કરીને અન્ય-અન્ય વિષયમાં જાય છે.

તેથી હે કુંથુનાથ ભગવાન ! તમારા તુલ્ય થવામાં આ મન જ મને સહાય કરતું નથી. એમ કહીને ભગવાનની પાસે પોતાના હૈયાંની વ્યથા વ્યક્ત કરે છે. ॥૪॥

**અવતરણિકા :-**

**વળી, મન આત્માના હિતમાં વિઘ્નકારી થાય છે. તેથી સ્તવનકારશ્રી વિચારે છે કે, આ મન ઠગ છે કે શાહુકાર છે. અને તેનાથી તેમને શું જણાય છે તે સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**જો ઠગ કહું તો ઠગતો ન દેખું, શાહુકાર પણ નાહિ;**
**સર્વમાંહે ને સહુથી અળગું, એ અચરિજ મનમાંહિ હો. કુંથુ૦ ૫**

**ગાથાર્થ :-**

**જો ઠગ કહું=જો આ મનને ઠગનારો કહું તો ઠગતો હું જોતો નથી. અર્થાત્ મારું મન આત્મકલ્યાણનું અર્થી છે, દંભી નથી. માટે ઠગનારા રૂપે હું એને જોતો નથી.**

**શાહુકાર પણ નથી અર્થાત્ ગુણસંચય કરવામાં દૃઢ વ્યાપારવાળું પણ નથી. સર્વમાંહે=ઠગ અને શાહુકાર બંનેમાં સર્વથી અળગું છે. ઠગ અને શાહુકાર નહીં હોવા છતાં જુદા પ્રકારનું છે, તે અચરિજ=આશ્ચર્ય મનમાંહે જણાય છે. ।।૫।।**

**ભાવાર્થ :-**

વળી, સ્તવનકારશ્રી વિચારે છે કે, આ મારું મન પરમાર્થથી યોગમાર્ગનું અર્થી નથી. પરંતુ ઠગ છે, તેથી ઠગારાની જેમ યોગમાર્ગની પ્રવૃત્તિ કરે છે.

અને લોકોને પોતે યોગી છે તેવું બતાવવા યત્ન કરે છે અને તેમ વિચારતાં કહે છે કે, જો ઠગ કહું તો મને મારું મન ઠગ દેખાતું નથી; કેમ કે લોકરંજન માટે પોતે ભગવાનની ભક્તિ કરતા નથી તેવું આત્મસાક્ષીક તેમને સ્પષ્ટ જણાય છે અને કુંથુનાથ ભગવાનતુલ્ય થવા માટે પોતે યત્ન કરે છે, તેના અર્થે જ ભગવાન સાથે મનને યોજન કરવા યત્ન કરે છે. માટે પોતાનું મન ઠગ નથી તેમ નક્કી થાય છે.

તો વળી ઠગ ન હોય તો શાહુકાર હોય. એ પ્રકારે વિકલ્પ કરીને સ્તવનકારશ્રી કહે છે – જેવું કથન કરે તેવી જ પ્રવૃત્તિ દંભ વગર કરે તેને શાહુકાર કહેવાય અને પોતાનું મન શાહુકાર પણ દેખાતું નથી; કેમ કે ભગવાનના ગુણોમાં તન્મય થવા માટે પ્રવર્તાવેલું પોતાનું મન તે પ્રમાણે અસ્ખલિત પ્રવૃત્તિ કરતું દેખાતું નથી. માટે શાહુકાર પણ નથી.

તો પ્રશ્ન થાય કે, ઠગ હોય કે શાહુકાર હોય, તે બંનેમાં ન હોય તેવું મન કેવા પ્રકારનું છે ! તેથી કહે છે –

તે બંને અવસ્થામાંથી સર્વથા અળગું છે. અર્થાત્ ઠગ પણ નથી, શાહુકાર પણ નથી. જુદા પ્રકારનું છે. એ જ આશ્ચર્ય મનમાં થાય છે અર્થાત્ (a) જો ઠગારું હોય તો પોતાનું હિત સાધવાની ઉપેક્ષા કરીને લોકરંજનમાં યત્ન કરનારું બને છે. (b) જો શાહુકાર હોય તો અવશ્ય સમ્યગ્ રીતે હિત સાધવામાં યત્ન કરનાર થવું જોઈએ અને તેવું પણ નથી. તેથી આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવું વિલક્ષણ આ મન છે.

માટે તેના પર વિશ્વાસ પણ ન રખાય અને ઠગ કહીને તેનો ત્યાગ પણ ન કરાય; કેમ કે શાહુકાર ઉપર વિશ્વાસ રાખવાથી ઠગાવાનો પ્રશ્ન ન રહે. પરંતુ મન પર વિશ્વાસ રાખવાથી મન અન્યત્ર જાય ત્યારે મન આત્માને ઠગવાનું જ કામ કરે છે. માટે શાહુકારની જેમ તેના ઉપર વિશ્વાસ રખાય નહીં. વળી, ઠગારાની જેમ તેનો ત્યાગ પણ કરી શકાય નહીં; કેમ કે મન દ્વારા જ ગુણસંપત્તિની પ્રાપ્તિ થાય છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**વળી, મન કેવા પ્રકારનું છે, તેના માટે સ્તવનકારશ્રી વિચારણા કરે છે. તો કોઈની ઉપમાથી તેના સ્વરૂપનો નિર્ણય થતો નથી. તે બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો;**
**સુર-નર પંડિતજન સમજાવે, સમજે ન મારો સાલો હો. કુંથુ૦ ૬**

**ગાથાર્થ :-**

**જે જે કહું તે અર્થાત્ જેની જેની ઉપમાથી કહું તે કાન ધારણ કરતું નથી. વળી, આ મન પોતાના મતમાં કાલો રહે છે=પોતાના સંસ્કારો પ્રમાણે ફર્યા કરે છે. પંડિતજન=પંડિતપુરુષ સુર-નરને સમજાવે. પરંતુ મારો સાલો એવું આ મન સમજતું નથી. ॥૬॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીએ ઠગ અને શાહુકારની ઉપમા દ્વારા મનની વિચારણા કરી. તો બંનેમાંથી કોઈમાં તુલ્ય મન નથી તેવું જણાયું. તેમ અન્ય અન્ય વિરોધી ઉપમા દ્વારા મનના સ્વરૂપની વિચારણા સ્તવનકારશ્રી કરે છે. પરંતુ કાન સ્વીકારતું નથી. અર્થાત્ તે ઉપમા મનમાં સંગત થતી નથી. જેમ મનને શત્રુ કહે તો મનને શત્રુ તરીકે પણ સ્વીકારવા કાન તૈયાર થતા નથી. મિત્ર કહે તો મિત્ર તરીકે પણ સ્વીકારવા તૈયાર થતા નથી. તો વળી તે મન કેવું છે ? તેથી કહે છે – તે પોતાના મનસ્વીપણાથી ભટકનારું છે.

વળી, કોઈ પંડિતપુરુષ હોય તો દેવ-મનુષ્યને સમજાવે તો તે પંડિતપુરુષના વચનથી દેવ-મનુષ્ય સમજણવાળા થાય. પરંતુ પોતાનો સાળો એવું મન કોઈ રીતે સમજતું નથી. તેથી કુંથુનાથ ભગવાનના ગુણમાં યોજાયેલું મન ગમે તે નિમિત્તે સ્ખલના પામીને અન્યત્ર જાય છે. **॥૬॥**

**અવતરણિકા :-**

**વળી, આ મન કેવા પરાક્રમવાળું છે, તે બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકળ મરદને ઠેલે;**
**બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન જેલે હો. કુંથુ૦ ૭**

**ગાથાર્થ :-**

**નપુંસક લિંગવાળું એ મન સકલ મરદને ઠેલે છે. એમ મેં જાણ્યું છે. વળી, મનુષ્ય બીજી વાતને કરવા સમર્થ છે, પરંતુ એહને=મનને કોઈ જેલે=ઝીલે=જીતે નહીં=કોઈ જીતે નહીં. ॥૭॥**

**ભાવાર્થ :-**

સંસ્કૃતમાં "મન" શબ્દ નપુંસકલિંગમાં છે અને જે નપુંસક હોય તે અલ્પ સામર્થ્યવાળું કહેવાય. પરંતુ નપુંસક એવું આ મન પણ મહાપરાક્રમવાળા એવા પુરુષને પણ હંફાવે છે. વળી, પુરુષ પોતાના ધાર્યા કાર્યો કરવા માટે સમર્થ છે. પરંતુ આ મનને કોઈ રીતે જીતી શકતો નથી. અહીં વિશેષ એ છે કે, આત્મા પુરુષરૂપ છે અને દ્રવ્યમન પુદ્ગલનું બનેલું છે. અને પુદ્ગલની શક્તિ કરતાં આત્માની ઘણી શક્તિ છે. તેથી આત્મા મરદરૂપ છે. આથી જ સત્ત્વશાળી આત્મા સર્વકર્મને પણ જીતીને પોતાના ઇષ્ટ એવા મોક્ષને સાધી શકે છે.

આમ છતાં અસંચિતવીર્યવાળો એવો પોતાનો આત્મા મરદ હોવા છતાં કુસંસ્કારોના બળથી વેગને પામેલા એવા મનને જીતી શકતો નથી. પરંતુ નપુંસક એવું પુદ્ગલાત્મક મન પણ મરદ એવા આત્માને હંફાવે છે.

વળી, પુરુષ પોતાનાં ઇષ્ટ એવાં સર્વ કાર્યો સાધવા સમર્થ હોય છે. તોપણ તે મનને જીતી શકતો નથી. માટે પોતાનું મન જ ભગવાનમાં બાજતું નથી. એમ કહીને સ્તવનકારશ્રી પોતાની વ્યથા વ્યક્ત કરે છે. **॥૭॥**

**અવતરણિકા :-**

**વળી, મનને જે લોકો સાધે છે, એના માટે જગતમાં કંઈ અસાધ્ય નથી, તે બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહીં ખોટી;**
**એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી હો. કુંથુ૦ ૮**

**ગાથાર્થ :-**

**મન સાધ્યું=જે યોગીએ પોતાના મનને સાધ્યું, તેણે સઘળું સાધ્યું=તેણે અનેક લબ્ધિઓ અને અંતે મોક્ષરૂપ ફળની પ્રાપ્તિરૂપ સઘળું સાધ્યું. એ વાત ખોટી નથી. અને વિચાર્યા વગર કોઈ એમ કહે કે, મેં મનને સાધ્યું છે તે નવિ માનું અર્થાત્ મન આત્મભાવમાં સ્થિર થતું ન હોય, વિષયોમાં પ્રવૃત્તિ હોય, છતાં કહે કે મેં મારા મનને સાધ્યું છે, તે હું માનું નહીં. એ કહી વાત છે મોટી=વિચાર્યા વગર મેં મનને સાધ્યું છે એમ કહેવું તે કઈ મોટી વાત છે ! ॥૮॥**

**ભાવાર્થ :-**

જે યોગીઓએ પોતાના મનને ભગવાનના વચનથી ભાવિત કરીને તે રીતે શાંત કર્યું છે કે જેથી જિન વચનાનુસાર જે-જે ક્રિયાઓમાં તે યોગી યત્ન કરે છે, તે તે ક્રિયા દ્વારા તે માર્ગમાં સદા અંતરંગ ગુણસમૃદ્ધિને વધારતા રહે છે. તેથી તે મહાત્માએ બધુ સાધ્યું છે. એ કથન ખોટું નથી. આમ છતાં કેટલાક અર્ધવિચારક માને છે કે, નિર્લેપભાવથી સંસારની પ્રવૃત્તિ કરવામાં કોઈ કર્મબંધ નથી. અને સ્વકલ્પનાથી માને છે કે, પોતે નિર્લેપ થઈને સંસારની તે તે પ્રવૃત્તિઓ કરે છે. સામાન્યથી તેવા અર્ધવિચારક જીવો અન્ય સંસારી જીવોની જેમ અતિ દોડધામની પ્રવૃત્તિ કરતા નથી કે અતિ હાસ્યકોલાહલ આદિ કરતા નથી, પરંતુ પોતાની ઇન્દ્રિયોને અનુકૂળ એવા વિષયોને પોતે નિર્લેપ રહીને ભોગવે છે તેમ માને છે અને કહે છે કે અમે મનને સાધ્યું છે. તેથી અલિપ્ત ભાવથી સર્વ સંસારની ક્રિયાઓ કરીએ છીએ.

તેને સ્તવનકારશ્રી કહે છે, એમ મનને સાધ્યું એ પ્રમાણે જે કહે છે એને હું માનતો નથી. એ પ્રકારે મનને સાધ્યું તેમ કહેવું એમાં કઈ મોટી વાત છે.

વસ્તુતઃ જિનવચનાનુસાર અત્યંત ઉપયોગપૂર્વક જિનગુણમાં મન પ્રવર્તે તે રીતે સર્વ સંયમની ક્રિયાઓ જે કરી શકે તેણે મનને સાધ્યું છે તેમ કહી શકાય. દેહાદિની અનુકૂળતામાં યત્ન કરનારા પોતે મનને સાધ્યું છે તેમ કહેવામાં શું મોટી વાત છે ! અર્થાત્ અર્થવગરનું તે કથન છે. ॥૮॥

**અવતરણિકા :-**

**આ રીતે મન સાધવું અતિદુષ્કર છે. તેમ બતાવીને ભગવાને મનને સાધીને જ પૂર્ણસુખમય મોક્ષને પ્રાપ્ત કર્યો છે, તે બતાવવા અર્થે કહે છે -**

**ગાથા :-**

**મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, આગમથી મતિ આણું;**
**'આનંદઘન' પ્રભુ! માહરું આણો, તો સાચું કરી જાણું હો. કુંથુ૦ ૯**

**ગાથાર્થ :-**

**દુરારાધ્ય એવું મનડું=દુઃખે સાધી શકાય એવું મન તે=ભગવાને, વશ આણ્યું. તે પ્રમાણે આગમથી મતિ આણું=આગમથી મેં જાણ્યું. આનંદઘન એવા પ્રભુ માહરું આણો=મારું મન વશ કરી આપો તો સાચું કરી જાણું=તો તમે મારા ઉપર સાચો ઉપકાર કર્યો છે તેમ જાણું. ॥૯॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવો મનથી જ સંસારને અર્જન કરે છે અને યોગીઓ આ મનથી જ યોગની નિષ્પત્તિ કરે છે અને યોગના ફળરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે. જેઓને મોક્ષ સારરૂપે જણાયો છે, તેવા યોગીઓને પણ મનને સાધવું અતિદુષ્કર છે અને તેવા દુરારાધ્ય મનને ભગવાને વશમાં કરી અને તેના જ બળથી ભગવાને ક્ષપક શ્રેણી પ્રાપ્ત કરી, કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું અને અંતે સર્વ કર્મનો ક્ષય કરીને પૂર્ણ સુખમય એવી મુક્ત અવસ્થાને પામ્યા. તે આગમથી સ્તવનકારશ્રીને જણાયું છે.

તેથી ભગવાનને વિનંતી કરતાં કહે છે કે, હે આનંદઘન પ્રભુ ! દુરારાધ્ય એવું મારું મન વશમાં થાય તેવું તમે કરો તો તમે મારા સાચા ઉપકારી છો એમ હું જાણું.

આ પ્રકારે ભગવાન પાસે પ્રાર્થના કરી સ્તવનકારશ્રી પોતાના મનને વીતરાગ પ્રત્યે નિયંત્રિત કરવા માટે બળસંચય કરી રહ્યા છે. જેથી શીઘ્ર સંસારનો અંત થાય. **॥૯॥**

# ૧૮. શ્રી અરનાથ જિન સ્તવન

(રાગ : પરજીઓ મારુ; ઋષભવંશ રયણાયરો-એ દેશી)

**ગાથા :-**

**ધરમ પરમ અરનાથનો, કિમ જાણું ભગવંત રે;**
**સ્વપર સમય સમજાવીએ, મહિમાવંત મહંત રે. ધરમ૦ ૧**

**ગાથાર્થ :-**

**પરમ ધરમ અરનાથ ભગવાનનો હે ભગવંત ! હું કેમ જાણું ? મહિમાવંત એવા હે મહંત ! સ્વસમય, પરસમય સમજાવીએ. જેથી અરનાથ ભગવાનનો પરમધર્મ જાણું. ॥૧॥**

**ભાવાર્થ :-**

અરનાથ ભગવાનમાં જે પ્રકૃષ્ટ ધર્મ છે તે ધર્મનું સ્વરૂપ હે ભગવંત ! હું કઈ રીતે જાણું કે જેથી તેવા ધર્મને પ્રાપ્ત કરીને હું તમારા તુલ્ય થાઉં. આ પ્રકારની જિજ્ઞાસા કરીને ગાથાના ઉત્તરાર્ધથી કહે છે કે,

હે મહિમાવંત એવા ભગવાન ! સ્વસમય અને પરસમય જો મને સમજાય તો તમારા પરમધર્મને હું જાણી શકું અને તે સ્વસમય અને પરસમયનું સ્વરૂપ સ્વયં સ્તવનકારશ્રી આગળ સ્પષ્ટ કરે છે. ॥૧॥

**અવતરણિકા :-**

**સ્વસમય અને પરસમયના જ્ઞાનથી અરનાથ ભગવાનના પરમધર્મને જાણી શકાય છે. તેમ પૂર્વગાથામાં કહ્યું. તેથી હવે સ્વસમય અને પરસમયનું સ્વરૂપ સ્તવનકારશ્રી સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસ રે;**
**પર-પડિછાંહડી જે પડે, તે પરસમય નિવાસ રે. ધરમ૦ ૨**

**ગાથાર્થ :-**

**શુદ્ધ આત્માનો અનુભવ સદા રહે એ સ્વસમયનો વિલાસ છે. પર-પડિછાંહડીમાં જે પડે=બાહ્ય પુદ્ગલની શાતારૂપ છાયામાં જે પડે તે પરસમય નિવાસ છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

જે યોગીઓ સામાન્યથી ભગવાન વીતરાગ છે, તેવું જાણીને શાસ્ત્રવચનથી જાણે છે કે, વીતરાગનાં દરેક વચનો, વીતરાગના વચનાનુસાર સેવવામાં આવે તો તે વચનાનુસાર કરાયેલી ઉચિત પ્રવૃત્તિ અંતરંગ રીતે વીતરાગતુલ્ય શુદ્ધ આત્માના કંઈક-કંઈક અનુભવને કરાવનાર છે. અને તે અનુભવ જ પ્રકર્ષને પામીને આત્માને વીતરાગતુલ્ય બનાવે છે. તેવા યોગીઓ સદા વીતરાગનું સ્મરણ કરે છે, વીતરાગને સ્મરણ કર્યા પછી વીતરાગતુલ્ય થવાના ઉપાયરૂપ વીતરાગે બતાવેલ ઉચિત અનુષ્ઠાનને પોતાની ભૂમિકાનુસાર જાણીને તે અનુષ્ઠાન તે રીતે જ સેવે છે કે જેથી અનુષ્ઠાનના સેવનકાળમાં વીતરાગના ગુણોથી રંજિત થયેલું ચિત્ત સદા શુદ્ધ આત્માના અનુભવને પ્રાપ્ત કરે અને શુદ્ધ આત્માના અનુભવનો જે સદાવિલાસ છે તે સ્વસમય છે=જીવનું સ્વસ્વરૂપ છે. જે સ્વસ્વરૂપમાં નિવેશ પામતો જીવ પ્રકર્ષદશાને પામીને અરનાથ ભગવાનતુલ્ય પરમ ધર્મને પ્રાપ્ત કરે છે.

વળી, જેઓ પર-પડિછાંહડી સેવે છે=તૃષા લાગે તો પાણીની પરબનો આશ્રય કરે છે અને શાતાની છાયાનું સેવન કરે છે. તેમ શરીરને અનુકૂળ જે જે પ્રકારની તૃષા થાય છે, તે તે પ્રકારના ભોગોનું આલંબન લે છે અને જે જે પ્રકારે શરીર-મન-વાણીની શાતા પ્રાપ્ત થાય તે તે પ્રકારે પુદ્ગલની છાયાનો આશ્રય કરે છે. આથી જ તપ કરીને તપસ્વી, તપસ્વીની ખ્યાતિની છાયાનો આશ્રય કરે છે. શ્રુત ભણીને વિદ્વાન, વિદ્વતાની ખ્યાતિની છાયાનો આશ્રય કરે છે અને કઠોર ચર્યા કરીને, પોતે મહાત્યાગી છે તેવી ખ્યાતિની છાયાનો આશ્રય કરે છે. પરંતુ શ્રુતઅધ્યયન કે તપાદિની ક્રિયા દ્વારા શુદ્ધ આત્મભાવનો અનુભવ કરવા માટે ઉદ્યમ કરતા નથી, તેઓની તે બધી પ્રવૃત્તિ પરસમયનો નિવાસ

છે=આત્માથી પર એવાં કર્મો એના સ્વરૂપમાં વિશ્રાંત થવાની ક્રિયા છે, અર્થાત્ કર્મોને પરવશ થવાની ક્રિયા છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે, શુદ્ધ આત્માનો અનુભવ તે સ્વસમયનો વિલાસ છે. તેથી હવે સ્વસમયનો વિલાસ કઈ રીતે પ્રાપ્ત થાય, તે દૃષ્ટાંતથી બતાવે છે –**

**ગાથા :-**

**તારા નક્ષત્ર ગ્રહ ચંદ્રની, જ્યોતિ દિનેશ મોજાર રે;**
**દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે. ધરમ૦ ૩**

**ગાથાર્થ :-**

**તારા, નક્ષત્ર, ગ્રહ અને ચંદ્રની જ્યોતિ દિનેશ=દિવસને કરનાર એવા સૂર્યને મોજાર થાય છે=વિશ્રાંત થાય છે. તેમ દર્શન-જ્ઞાન-ચારિત્ર થકી ઉત્પન્ન થયેલી આત્માની શક્તિનો ધારક પોતાનો આત્મા છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

રાત્રિના કાળમાં તારા-નક્ષત્ર-ગ્રહ અને ચંદ્રની જ્યોતિ કંઈક-કંઈક પ્રકાશ કરે છે. અને તે સર્વ પ્રકાશ સૂર્યનો ઉદય થાય ત્યારે સૂર્યમાં જ અંતર્ભાવ પામી જાય છે. તેથી સૂર્યના વિદ્યમાનકાળમાં તારા આદિની જ્યોતિ વિદ્યમાન હોવા છતાં સ્વતંત્ર દેખાતી નથી; કેમ કે અતિજાજ્વલ્યમાન સૂર્યની જ્યોતિથી તારા આદિની જ્યોતિ પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ વ્યક્ત કરી શકતી નથી. તેમ જે યોગી દર્શન, જ્ઞાન અને ચારિત્રની શક્તિમાં યત્ન કરે છે તે યોગીમાં કંઈક-કંઈક યોગમાર્ગનો પ્રકાશ પ્રગટ થવા મંડે છે. તે દર્શન-જ્ઞાન-ચારિત્રની શક્તિ જ્યારે તે યોગી નિર્વિકલ્પ દશાને પામે છે ત્યારે તે નિજ આત્માના સ્વરૂપમાં સ્થિર થયેલ હોવાથી તે દર્શન-જ્ઞાન-ચારિત્રની શક્તિ સ્વતંત્ર વ્યક્ત થતી નથી. પરંતુ નિર્વિકલ્પ દશા રૂપ નિજ આત્માના ભાવમાં વિશ્રાંત થયેલ જ જણાય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે, પ્રારંભિક ભૂમિકાવાળા યોગી ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધારૂપ દર્શનને ધારણ કરે છે, શક્તિ અનુસાર નવું નવું શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરવા યત્ન કરે છે. અને તે પ્રાપ્ત થયેલા શ્રુતજ્ઞાનથી નિયંત્રિત થઈને સર્વચરણની ક્રિયાઓ કરે છે, તે વખતે જેમ રાત્રિમાં તારા-નક્ષત્ર આદિની જ્યોત દેખાય છે, તેમ તે યોગીમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની જ્યોત દેખાય છે. અને સૂર્યના ઉદયમાં જેમ તારા આદિની જ્યોત સ્વતંત્ર અભિવ્યક્ત થતી નથી, પરંતુ જાજવલ્યમાન સૂર્યનો પ્રકાશ જ દેખાય છે તેમ યોગી જ્યારે નિર્વિકલ્પ દશાના ઉપયોગમાં જાય છે ત્યારે જાજ્વલ્યમાન સૂર્યતુલ્ય સર્વવિકલ્પોથી પર એવા પોતાના આત્મભાવમાં વર્તતો યોગી દેખાય છે, ત્યારે પૂર્વમાં દેખાતી દર્શન-જ્ઞાન-ચારિત્રની ક્રિયાઓ નિર્વિકલ્પ દશામાં સ્વતંત્ર દેખાતી નથી. પરંતુ પરમ સ્થિર દશામાં રહેલા તે યોગીમાં તે રત્નત્રયીની શક્તિ અંતર્ભાવ પામે છે. આથી જ સાધના અવસ્થામાં રહેલા ધ્યાનના કાળમાં તીર્થંકરો પ્રાયઃ નિર્વિકલ્પ દશામાં વર્તે છે ત્યારે રત્નત્રયીની જ્યોતિ તારા-ચંદ્ર આદિની જ્યોતિની જેમ પૃથક્ દેખાતી નથી. **II૩II**

**અવતરણિકા :-**

**વળી, સુવર્ણના દૃષ્ટાંતથી રત્નત્રયીની પૃથક્ અવસ્થા અને નિર્વિકલ્પ દશારૂપ શુદ્ધ આત્માના અનુભવની દશાનો ભેદ સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે;**
**પર્યાયદૃષ્ટિ ન દિજીએ, એક જ કનક અભંગ રે. ધરમ૦ ૪**
**દર્શન જ્ઞાન ચરણ થકી, અલખ સ્વરૂપ અનેક રે;**
**નિર્વિકલ્પ રસ પીજિયે, શુદ્ધ નિરંજન એક રે. ધરમ૦ ૫**

**ગાથાર્થ :-**

**કનક=સુવર્ણ ભારી છે. પીળો છે, ચીકણો છે. એ પ્રકારના અનેક તરંગવાળો છે. પર્યાય દૃષ્ટિ ન દીજીએ=ભારી, પીળો આદિ પર્યાય દૃષ્ટિ ન આંકીએ તો એક જ અભંગ કનક છે=અખંડ કનક છે.**

**તેમ દર્શન-જ્ઞાન-ચરણ થકી અલગ સ્વરૂપવાળો આત્મા અનેક છે. નિર્વિકલ્પ રસ પીજીએ=નિર્વિકલ્પ રસ પીવામાં આવે ત્યારે શુદ્ધ નિરંજન એવો આત્મા એક છે. ।।૪-૫।।**

**ભાવાર્થ :-**

સુવર્ણને જોઈને જ્યારે સુવર્ણના પર્યાય ઉપર ઉપયોગ મૂકવામાં આવે ત્યારે સુવર્ણ અન્ય ધાતુઓ કરતાં ભારી ધાતુ છે, પીળી ધાતુ છે, ચીકણી ધાતુ છે. ઇત્યાદિ અનેક તરંગવાળું=અનેક ભાવોવાળું સુવર્ણ દેખાય છે. અને જ્યારે અનેક ભાવોરૂપ પર્યાયની દૃષ્ટિથી સુવર્ણને ન જોવામાં આવે અને અખંડ સુવર્ણ રૂપે જ સુવર્ણને જોવામાં આવે ત્યારે એ અભંગ દ્રવ્ય જ દેખાય છે. તેના પર્યાયો દેખાતા નથી.

તે રીતે આદ્ય ભૂમિકાવાળા યોગીઓ મારા આત્મકલ્યાણનું કારણ ભગવાનનું વચન છે, તે પ્રકારની સ્થિર શ્રદ્ધારૂપ દર્શનને ધારણ કરે છે. વળી, તેવી સ્થિર શ્રદ્ધા હોવાને કારણે નવું નવું શ્રુત ભણીને નવા નવા જ્ઞાનને ધારણ કરે છે અને નવા નવા જ્ઞાનને પ્રાપ્ત કરીને તે જ્ઞાન અનુસાર સંયમની ઉચિત ક્રિયાઓ કરીને નવા નવા ચારિત્રના પરિણામને ઉલ્લસિત કરે છે. એ સ્વરૂપથી અલખ એવો આત્મા અનેક સ્વરૂપવાળો દેખાય છે. અર્થાત્ ભારી, પીળો, ચીકણો આદિ પર્યાયવાળો જેમ સુવર્ણ દેખાય છે તેમ દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામવાળો આત્મા દેખાય છે અને જ્યારે તે યોગીનો આત્મા સર્વ વિકલ્પોથી પર શુદ્ધ, નિરંજન એવા આત્માના સ્થિરભાવ રૂપ રસને પીવે છે ત્યારે પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્રના પર્યાયો તરફની તે યોગીની દૃષ્ટિ નથી. પરંતુ સર્વ સંશ્લેષ વગર શુદ્ધ એવું આત્મદ્રવ્ય એક એને દેખાય છે. જે શુદ્ધ આત્માના અનુભવના વિલાસ સ્વરૂપ છે અને તે વિલાસના બળથી જ અરનાથ ભગવાનના પરમ ધર્મની પ્રાપ્તિ છે. **॥૪-૫॥**

**અવતરણિકા :-**

**વળી, નિશ્ચય ધર્મ અને વ્યવહાર ધર્મને ભેદથી બતાવીને આદ્ય ભૂમિકાનો વ્યવહારનો ધર્મ કેવો છે અને નિર્વિકલ્પ દશારૂપ નિશ્ચય ધર્મ કેવો છે તે સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે;**
**વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે. ધરમ૦ ૬**

**ગાથાર્થ :-**

**પરમાર્થના પંથને=નિર્વિકલ્પ દશારૂપ જીવના પારમાર્થિક સ્વરૂપના માર્ગને જે કહે તે એક તંતને રંજે=એક સ્વરૂપવાળા પોતાના આત્માને રંજે.**

**વળી, વ્યવહારના લક્ષ્યમાં જે રહે=વ્યવહારના જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ માર્ગમાં જે રહે તેહના અનંત ભેદ છે=તરતમતાની ભૂમિકાથી અનેક ભેદો છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

ભગવાનના પારમાર્થિક સ્વરૂપને જાણીને જેમ ભગવાન વીતરાગદશાને પ્રાપ્ત કરવા અર્થે સંયમ ગ્રહણ કરીને નિર્વિકલ્પ દશારૂપ પરમાર્થના પંથમાં પ્રાયઃ રહ્યા છે, તેમ જે મહાત્માઓ "મારે પરમાર્થનો પંથ પ્રાપ્ત કરવો છે" એ પ્રકારે પોતાના આત્માને કહે છે અર્થાત્ "મારે નિર્વિકલ્પ દશા પ્રાપ્ત કરવી છે" તેમ સદા આત્માને અનુશાસન આપે છે, તેઓ એક તંતવાળા=એક સ્વરૂપવાળા પોતાના આત્માને રંજે છે. અર્થાત્ પોતાના આત્માનું એક વીતરાગ સ્વરૂપ છે, તે વીતરાગ સ્વરૂપથી આત્માને રંજિત કરે છે.

વળી, જેઓ પરમાર્થ પંથ તરફ સાક્ષાત્ જવા સમર્થ નથી, તેથી તેના ઉપાયભૂત વ્યવહાર પંથમાં સદા રહે છે અને પોતાની ભૂમિકા અનુસાર સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ ચારિત્રનું સેવન કરે છે, તેવા યોગીઓના તરતમતાના ભેદ અનેક પ્રાપ્ત થાય છે. તેથી વ્યવહારદશામાં રહેલા યોગીઓ અરનાથ ભગવાનની દૂર-નજીક આદિ અનેક ભૂમિકાઓથી આરાધના કરે છે. જ્યારે પરમાર્થના પંથમાં ચાલનારા, નિર્વિકલ્પ દશાવાળા યોગી પરમાત્માની અતિઆસન્ન ભૂમિકાથી ઉપાસના કરે છે. **॥૬॥**

**અવતરણિકા :-**

વળી, વ્યવહાર દશામાં રહેલા જીવોને સાધના કેવી દુષ્કર છે અને નિર્વિકલ્પ દશાવાળા યોગીઓને સાધના કેવી સુલભ છે, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**ગાથા :-**

**વ્યવહારે લખ દોહિલા, કોઈ ન આવે હાથ રે;**
**શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે. ધરમ૦ ૭**

**ગાથાર્થ :-**

**વ્યવહારનયમાં લખ દોહિલા છે=વ્યવહારનયના લક્ષ્ય=જુદા જુદા માર્ગો અતિ દુષ્કર છે. (અને જેઓ વ્યવહારમાર્ગને સમ્યગ્ સેવી શકતા નથી. તેઓની વ્યવહારની ક્રિયાથી) કંઈ હાથમાં આવે નહીં.**

**શુદ્ધ નયની સ્થાપનાને સેવતાં=શુદ્ધ નયની દૃષ્ટિ જે શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવે છે, તે સ્વરૂપને પ્રગટ કરવા માટે ઉદ્યમ કરતા યોગીઓને, નવિ રહે દુવિધા=દ્વિધા, અવઢવ સાથ=કોઈ પ્રકારની દુષ્કરતા સાથે રહેતી નથી. ॥૭॥**

**ભાવાર્થ :-**

સાધક યોગીઓ પરમાત્મતુલ્ય થવા માટે આદ્યભૂમિકામાં વ્યવહારનયની ઉચિત ક્રિયાઓ કરે છે અને તે ક્રિયાઓ દરમિયાન તે મહાત્માઓ સમ્યગ્દર્શનને પ્રગટ કરવા અને સ્થિર કરવા અર્થે સંસારનું દેખાતું સ્વરૂપ અતિવિષમ સ્થિતિવાળું છે તે પ્રકારે સદા પોતાને દેખાય તે રીતે જિનવચનાનુસાર સંસારનું સ્વરૂપ વિચારે છે. સંસારથી અતીત એવું શુદ્ધ આત્માનું સ્વરૂપ સદા પૂર્ણ સુખમય છે, તે પ્રકારે સદા ચક્ષુ સામે ઉપસ્થિત રહે તે પ્રકારે જિનવચનાનુસાર ભાવન કરે છે. તેમ ભાવન કરીને નિર્ગુણ એવા સંસાર પ્રત્યે દ્વેષ ઉત્પન્ન કરવા પ્રયત્ન કરે છે અને આત્માની સુંદર અવસ્થા મોક્ષ પ્રત્યે દૃઢ રાગ સ્થિર કરવા પ્રયત્ન કરે છે. તેનો ઉપાય એક જિનવચન અને જિનવચનાનુસાર ક્રિયા છે, તેવી સ્થિર બુદ્ધિ કરીને પોતાની તત્ત્વને જોનારી નિર્મળ દૃષ્ટિને પ્રગટ કરે છે. જે સમ્યગ્દર્શનની

પ્રાપ્તિ કરવાના યત્નસ્વરૂપ છે અને પ્રાપ્ત થયેલું સમ્યગ્દર્શન હોય તો તેને દૃઢ કરવાના યત્ન સ્વરૂપ છે.

આ રીતે સમ્યગ્દર્શનને સ્થિર કર્યા પછી જિનવચનાનુસાર નવું નવું શ્રુત ભણે છે. તે શ્રુત વચનાનુસાર ઉચિત ક્રિયાઓ કરે છે. તે જ્ઞાન અને ચારિત્રની ક્રિયા સ્વરૂપ છે. આ રત્નત્રયીની ક્રિયા તરતમતાના ભેદથી ઘણી ભૂમિકાવાળી છે. જેઓ અત્યંત ઉપયોગપૂર્વક તે રત્નત્રયીની ક્રિયા કરે છે તેઓ ક્રમે કરીને નિર્વિકલ્પ દશાની ભૂમિકાને પામે છે.

આમ છતાં વ્યવહારનયની અનેક પ્રવૃત્તિઓ અત્યંત દુષ્કર છે; કેમ કે જીવ અનાદિથી મોહવાસિત છે. તેથી બાહ્યથી ધર્મનાં અનુષ્ઠાન કરે તોપણ તેના હાથમાં કશું આવતું નથી. આથી જ સ્થૂલથી આચાર સેવનારા જીવોના આત્મામાં ઉત્તમ સંસ્કારોનું આધાન થતું નથી. જેથી ક્રમે કરીને તેઓ પરમાત્માતુલ્ય થવા માટે યત્ન કરી શકતા નથી. અને જેઓ નિપુણતાપૂર્વક વ્યવહારનયની આચરણા કરીને પરમાર્થની પ્રાપ્તિને અનુકૂળ ભૂમિકાને પામ્યા છે, તેઓ શુદ્ધ નયની જે આત્માની પોતાના નયમાં સ્થાપના છે, તેને સેવે છે, ત્યારે શુદ્ધ આત્માના સ્વરૂપમાં તન્મય થયેલા એવા તે યોગીઓને કોઈ દુવિધા રહેતી નથી. પરંતુ સુખપૂર્વક પરમાત્મતુલ્ય પોતાના ભાવોમાં રહીને શીઘ્ર પરમધર્મને પ્રાપ્ત કરે છે=પરમાત્મતુલ્ય બને છે. **॥૭॥**

**અવતરણિકા :-**

**વળી, સ્તવનકારશ્રી પોતાની ભગવાન પ્રત્યેની પ્રીતિ એક પક્ષવાળી છે, તેમ કહીને પોતાના ભગવાનને તુલ્ય શીઘ્ર બનાવવા માટે ભગવાનને વિનંતી કરતાં કહે છે –**

**ગાથા :-**

**એક પખી લખી પ્રીતડી, તુમ સાથે જગનાથ રે;**
**કૃપા કરીને રાખજો, ચરણ તળે ગ્રહી હાથ રે. ધરમ૦ ૮**

**ગાથાર્થ :-**

**હે જગનાથ ! તમારી સાથે એક પખી=એક પક્ષવાળી મારી પ્રીતડી**

**લખી છે=રહેલી છે. કૃપા કરીને હે ભગવાન ! હાથ ગ્રહી=હાથ ગ્રહણ કરીને તમારા ચરણ તળે મને રાખજો. ॥૮॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી અરનાથ ભગવાનને વિનંતી કરતાં કહે છે કે, ભગવાન તમે વીતરાગ છો. તેથી તમને કોઈની સાથે પ્રીતિ નથી અને મને તમારા જેવી અંતરંગ સમૃદ્ધિ જોઈએ છે અને તેવી સમૃદ્ધિ તમારા પસાયથી જ મળે તેમ છે તેવો સ્થિર વિશ્વાસ છે. તેથી મારી તમારા પ્રત્યે પ્રીતિ વર્તે છે. પરંતુ તે પ્રીતિ જેમ સંસારમાં બંને પક્ષમાં દેખાય છે તેવી નથી. પરંતુ એક મારા પક્ષમાં જ તમારી પ્રીતિ છે. માટે મારી પ્રીતિ ઉભયપક્ષની નહીં હોવાથી તૂટી ન જાય અને સદા તમારી સાથે રહે તે માટે સ્તવનકારશ્રી ભગવાનને કહે છે કે, "કૃપા કરીને મારો હાથ ગ્રહણ કરીને મને તમે સદા તમારા ચરણ તળે રાખજો." અર્થાત્ જ્યાં સુધી હું તમારા તુલ્ય ન થાઉં ત્યાં સુધી ક્યારેય પણ તમારી સેવા કરવાનું હું ચૂકું નહીં, તે પ્રકારે શક્તિનું આધાન કરજો.

આમ કહીને સ્તવનકારશ્રી ભગવાનની ભક્તિ કરવાની શક્તિનો સંચય પોતાનામાં કરે છે. **॥૮॥**

**અવતરણિકા :-**

**અરનાથ ભગવાન ધર્મચક્રી છે. તેથી તેમની સેવાથી નક્કી મોક્ષ પ્રાપ્ત થાય છે, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**ચક્રી ધરમતીરથ તણો, તીરથફળ તત્તસાર રે;**
**તીરથ સેવે તે લહે, 'આનંદઘન' નિરધાર રે. ધરમ૦ ૯**

**ગાથાર્થ :-**

**ધર્મતીર્થ તણા ચક્રી ભગવાન છે. તીર્થફળ તત્તસાર="તારે તે તીર્થ" તેવા તીર્થના ફળરૂપે તત્ત્વ=ધર્મ સાર છે=પ્રધાન છે. તીર્થને જે સેવે=જેઓ તીર્થ એવા અરનાથ ભગવાનને સેવે, તે નિરધાર આનંદઘન પદ=નક્કી આનંદઘન પદ લહે=પ્રાપ્ત કરે. ॥૯॥**

**ભાવાર્થ :-**

અરનાથ ભગવાન ધર્મરૂપી તીર્થના ચક્રી છે. આથી જ "નમુત્થુણં" સૂત્રમાં "ધમ્મ વર ચાઉરંત ચક્કવટ્ટીણં" પદથી ચાર ગતિના અંત કરનારા એવા ભગવાન ધર્મચક્રી છે, તેમ કહેલ છે. અને "તારે તે તીર્થ" એ પ્રકારના "તીર્થ" શબ્દની વ્યુત્પત્તિ છે. તેથી તીર્થનું પ્રધાન ફળ તારવાની ક્રિયા છે, જગતના જીવોને તારવામાં પ્રબળ કારણ ભગવાન છે. અને જેઓ "આ ભગવાન સંસારસમુદ્રથી તારનારા છે, માટે પરમતીર્થ છે." તેમ માનીને તેઓની સેવા કરે છે, તેઓ નક્કી આનંદઘન પદ રૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે. માટે હે ભગવાન ! તીર્થરૂપ એવા તમારી સેવા કરીને હું શીઘ્ર તમારા તુલ્ય થાઉં, એ પ્રકારની અભિલાષા સ્તવનકારશ્રી વ્યક્ત કરે છે. **॥૯॥**

# ૧૯. શ્રી મલ્લિનાથ જિન સ્તવન

(રાગ : કાફી; સેવક કિમ અવગુણીએ-એ દેશી)

ગાથા :-

**સેવક કિમ અવગણીએ, હો મલ્લિજિન! એહ અબ શોભા સારી ?;**
**અવર જેહને આદર અતિ દીએ, તેહને મૂલ નિવારી. હો મલ્લિ૦ ૧**

ગાથાર્થ :-

**હે મલ્લિજિન ! સેવકને કેમ અવગણિયે ! અર્થાત્ સેવકની અવગણના કરો નહીં, એ અબ શોભા સારી ?=એ તમારી શોભા સારી છે ? અવર=તમારાથી અન્ય એવો હું, જેહને આદર અતિ દીયે=ભગવાનને અતિ આદર આપે છે. તેહને=તમને આદર આપનારને, મૂલ નિવારી=મૂલમાં ઉપેક્ષા કરી, તમે અવગણના કરો નહીં તેમ સંબંધ છે. ॥૧॥**

ભાવાર્થ :-

સ્તવનકારશ્રી ભગવાન પ્રત્યેની અતિભક્તિથી ભગવાનને ઉપાલંભ આપે છે કે, હે મલ્લિનાથ ભગવાન ! તમારા સેવક એવા મને કેમ અવગણના કરો છો ? અર્થાત્ તમારા તુલ્ય થવામાં મારા આલંબનરૂપ કેમ થતા નથી ? તમે સેવકની અવગણના ન કરો એ તમારી સુંદર શોભા છે.

વળી, સ્તવનકારશ્રી કહે છે કે, તમારાથી અન્ય એવો હું જેહને અત્યંત આદર આપે છે એવા તમે મૂલથી કેમ નિવારો છો. અર્થાત્ કેમ ઉપેક્ષા કરો છો અર્થાત્ ઉપેક્ષા કર્યા વગર મને તમારા તુલ્ય કરો.

આ પ્રકારે ભગવાનને વિનંતી કરીને ભગવાનતુલ્ય થવા માટેનું પોતાનું સદ્વીર્ય સ્તવનકારશ્રી ઉલ્લસિત કરે છે. જેથી ભગવાનની સાથે જો તન્મયતા થાય તો શીઘ્ર પોતે ભગવાનતુલ્ય થઈ શકે. **॥૧॥**

**અવતરણિકા :-**

**વળી, ભગવાને શું પ્રાપ્ત કર્યું છે. જેથી ભગવાન પોતાના માટે ઉપાસ્ય બન્યા છે, તે બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**જ્ઞાનસ્વરૂપ અનાદિ તુમારું, તે લીધું તમે તાણી;**
**જુઓ અજ્ઞાન દશા રીસાણી, જાતાં કાણ ન આણી. હો મલ્લિ૦ ૨**

**ગાથાર્થ :-**

**અનાદિનું જ્ઞાન સ્વરૂપ તુમારું=જે અનાદિનું જ્ઞાનસ્વરૂપ તમારામાં હતું તેહ=તે તમે તાણીને લીધું=કર્મની સામે પરાક્રમ કરીને પ્રાપ્ત કર્યું. જુઓ અજ્ઞાન દશા રિસાણી=જેના કારણે આત્મામાં રહેલી અજ્ઞાન દશા રિસાણી જાતાં કાણ ન આણી=અજ્ઞાનદશા જવાથી કોઈ હાનિ થઈ નથી. ॥૨॥**

**ભાવાર્થ :-**

ભગવાને કર્મોથી આવરાયેલું પોતાનું જે અનાદિ જ્ઞાનનું સ્વરૂપ હતું તે તાણીને પ્રાપ્ત કર્યું. તેથી ભગવાન કેવલજ્ઞાન-કેવલદર્શનવાળા થયા. માટે ભગવાન સેવક માટે ઉપાસ્ય બન્યા. પરંતુ ભગવાને પોતાનું જ્ઞાનસ્વરૂપ તાણીને કર્મ પાસેથી પ્રાપ્ત કર્યું, તેનાથી શું થયું ? તે જુઓ.

ભગવાનમાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે જે અજ્ઞાનદશા હતી તે ભગવાનથી રિસાઈ ગઈ અને ભગવાનથી દૂર ગઈ. પરંતુ તે રિસાઈ જવાથી ભગવાનને કોઈ હાનિ થઈ નથી; કેમ કે પોતાનો શત્રુ પોતાનાથી રિસાઈને દૂર જાય તેમાં કોઈ હાનિની પ્રાપ્તિ નથી. તેમ ભગવાનની અજ્ઞાનદશા આત્મા માટે શત્રુભૂત હતી, તે રિસાઈ જવાથી ભગવાનને કોઈ હાનિ નથી.

અને ભગવાને જે જ્ઞાનસ્વરૂપ પ્રાપ્ત કર્યું તેવું જ સ્તવનકારશ્રીને પ્રાપ્ત કરવું છે. તેથી સ્તવનકારશ્રી માટે ભગવાન ઉપાસ્ય બને છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**સંસારમાં જીવની કેટલી અવસ્થા છે, તે બતાવીને ભગવાન કઈ રીતે ચોથી અવસ્થાને પામ્યા છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરીય અવસ્થા આવી;**
**નિદ્રા સુપનદશા રીસાણી, જાણી ન નાથ મનાવી. હો મલ્લિ૦ ૩**

**ગાથાર્થ :-**

**(૧) નિદ્રા (૨) સુપનજાગર (૩) ઉજાગરતા (૪) તુરીય અવસ્થા ચોથી અવસ્થા ભગવાનની આવી=ત્રણ અવસ્થાને ઓળંગીને ચોથી અવસ્થા ભગવાનની આવી.**

**નિદ્રા, સુપન દશા રિસાણી=ભગવાને સંયમગ્રહણ કર્યું ત્યારે ઉજાગર અવસ્થા આવવાને કારણે નિદ્રા, સુપન દશા ભગવાનથી રિસાણી તેમ જાણીને નાથે મનાવી નહીં=ભગવાને તે રિસાયેલી પોતાની અવસ્થાને મનાવી નહીં. ॥૩॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવની ચાર અવસ્થાઓ છે.

(૧) નિદ્રા, (૨) સુપનજાગર=અર્ધજાગ્રત, (૩) ઉજાગર, (૪) તુરીય. આ ચાર અવસ્થામાં સંસારવર્તી જીવો અને સાધક યોગીઓ તથા સંસારવર્તી કેવલી સર્વનો અંતર્ભાવ થાય છે.

**(૧) નિદ્રા અવસ્થા :** સંસારના રસિયા, મોક્ષમાર્ગથી વિમુખ અવસ્થાવાળા સર્વ જીવો એ નિદ્રા અવસ્થાવાળા છે.

**(૨) સુપનજાગર અવસ્થા :** વળી, સંસારનું વાસ્તવિક સ્વરૂપ જેઓએ સ્પષ્ટ જોયું છે તેવા સમ્યગ્દૃષ્ટિ પણ સર્વ ઉદ્યમથી મોહના નાશ માટે યત્ન કરનારા નથી. તેથી અર્ધજાગ્રત અવસ્થાવાળા છે અને અર્ધજાગ્રત અવસ્થાવાળા હોવાને કારણે પોતાના શત્રુભૂત મોહથી કંઈક રક્ષણ પણ કરે છે, છતાં મોહને કંઈક

વશ પણ થાય છે.

**(૩) ઉજાગરતા અવસ્થા :** જેઓએ સંસારના વાસ્તવિક સ્વરૂપને જાણ્યું છે, પોતાના શત્રુભૂત કર્મોના પ્રધાન અંગભૂત એવા મોહને શત્રુરૂપે જાણ્યો છે અને સદા અપ્રમાદભાવથી શત્રુના નાશ માટે ઉદ્યમ કરનારા છે, તેવા અપ્રમત્ત સાધુઓ ઉજાગર દશાવાળા છે.

**(૪) તુરીય અવસ્થા :** ચોથી દશામાં તે મહાત્માઓ છે કે જેમણે પોતાના શત્રુભૂત મોહનો નાશ કર્યો છે. છતાં પૂર્વનાં બંધાયેલાં કર્મો હજી વિદ્યમાન છે એવા કેવલી અને ચૌદમા ગુણસ્થાનકવાળા યોગીઓ ચોથી દશામાં છે.

ભગવાને જ્યારે ચારિત્ર ગ્રહણ કર્યું તેની પૂર્વમાં નિદ્રારૂપ મિથ્યાત્વ અવસ્થા ગઈ હતી અને ચારિત્ર ગ્રહણ કર્યું ત્યારે અવિરતિ અને પ્રમાદરૂપ સ્વપ્ન અવસ્થા ભગવાનમાંથી ગઈ. તેથી ભગવાન ઉજાગર દશાને પામ્યા અને ઉજાગર અવસ્થામાં પોતાના શત્રુભૂત મોહનો નાશ કરવા માટે સદા ઉદ્યમ કરનારા ભગવાન હતા, તે વખતે ભગવાનની અનાદિકાળની જે નિદ્રા દશા અને સુપન દશા હતી તે ભગવાનથી રિસાણી અને ભગવાને જાણી કે અનાદિની સંગવાળી પણ આ બે દશા પોતાનાથી રિસાઈને સદા માટે પોતાને છોડીને ચાલી ગઈ છે, તેમ જાણવા છતાં ભગવાને ઉજાગર દશામાં તેને મનાવી નહીં.

આ રીતે ઉજાગર દશાના બળથી ભગવાને મોહરૂપી શત્રુનો નાશ કરીને કેવલજ્ઞાનરૂપ ચોથી અવસ્થાને પ્રાપ્ત કરી. માટે તેવા ભગવાન સ્તવનકારશ્રી માટે ઉપાસ્ય છે; કેમ કે ભગવાને જેમ નિદ્રા, સુપનજાગર, ઉજાગર અવસ્થાનો ત્યાગ કરીને ચોથી અવસ્થાને પ્રાપ્ત કરી તેમ સ્તવનકારશ્રીને પણ તે અવસ્થા પ્રાપ્ત કરવી છે. માટે કહે છે કે, હે નાથ ! તમે ચોથી અવસ્થાને પામ્યા છો અને સાધના અવસ્થામાં નિદ્રા-સુપન દશા રિસાણી તોપણ અન્ય પ્રમાદી સાધુઓની જેમ તમે તેને મનાવી નથી. માટે મારે તમારી ભક્તિ કરીને તમારી જેમ જ તે દશાઓનો ત્યાગ કરીને ચોથી દશા પ્રાપ્ત કરવી છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**ભગવાને ઉજાગર દશામાં કઈ રીતે મોહના નાશ માટે યત્ન કરીને ચોથી અવસ્થા પ્રાપ્ત કરી તે હવે ગાથા ૪ થી ૯ સુધીમાં કહે છે –**

ગાથા :-

**સમકિત સાથે સગાઈ કીધી, સપરિવારશું ગાઢી;**
**મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી. હો મલ્લિ૦ ૪**
**હાસ્ય અરતિ રતિ શોક દુગંછા, ભય પામર કરસાલી;**
**નોકષાય ગજ શ્રેણિ ચઢતાં, શ્વાન તણી ગતિ ઝાલી. હો મલ્લિ૦ ૫**
**રાગદ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણ મોહના યોધા;**
**વીતરાગપરિણતિ પરિણમતાં, ઊઠી નાઠા બોધા. હો મલ્લિ૦ ૬**
**વેદોદય કામા પરિણામા, કામ્યકર સહુ ત્યાગી;**
**નિઃકામી કરુણારસસાગર, અનંત ચતુષ્ક પદ પાગી. હો મલ્લિ૦ ૭**
**દાનવિઘન વારી સહુ જનને, અભયદાન પદ દાતા;**
**લાભવિઘન જગવિઘન નિવારક, પરમ લાભરસ માતા.**
**હો મલ્લિ૦ ૮**
**વીર્યવિઘન પંડિત વીર્યે હણી, પૂરણ પદવી યોગી;**
**ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી.**
**હો મલ્લિ૦ ૯**

ગાથાર્થ :-

સમકિત સાથે સગાઈ કરી અને સપરિવાર શું ગાઢી=સમકિતના પરિવાર રૂપ ચારિત્ર આદિ ભાવો સાથે ગાઢી સગાઈ કરી. મિથ્યામતિ અપરાધણ જાણીને ભગવાને ઘરથી બહાર કાઢી. ।।૪।।

પામર કરસાલી=પામર જીવોને કૃશ કરવાના સ્વભાવવાળા એવા હાસ્ય, અરતિ, રતિ, શોક, દુર્ગંછા, ભય રૂપ નોકષાયને ગજ શ્રેણિ ચઢતાં=ક્ષપકશ્રેણી રૂપ હાથી પર ચઢતાં ભગવાને શ્વાન તણી ગતિથી ઝાલીને બહાર કાઢ્યાં. ।।૫।।

ચારિત્ર મોહના યોદ્ધારૂપ રાગ-દ્વેષરૂપ અવિરતિની પરિણતિ, ભગવાનની વીતરાગ પરિણતિ પરિણમતાં, ઊઠી નાઠા બોધા=બોધ પામેલા એવા શત્રુ ઊભા થઈને ભાગ્યા. ।।૬।।

**વળી, ભગવાન શ્રેણીગજ ઉપર ચઢ્યા ત્યારે વેદના ઉદયરૂપ કામના પરિણામો, કામ્યને કરનાર સહુ ત્યાગી=કામ્યને કરનારા વેદોદયના કામના પરિણામોનો ત્યાગ કર્યો. નિષ્કામી કરુણાના સાગર એવા ભગવાન અનંત ચતુષ્કપદના પાગી થયા=અનંતજ્ઞાન-અનંતદર્શન-અનંતવીર્ય-અનંતસુખરૂપ અનંત ચતુષ્કપદના ભોગી થયા. ।।૭।।**

**વળી, ભગવાને દાનવિઘન વારી=દાનમાં વિઘ્ન કરનારા એવા દાનાંતરાયને વારીને સર્વ જીવોને અભયદાન દેનારા થયા. વળી, ભગવાન લાભવિઘ્ન=લાભાંતરાય રૂપ વિઘ્ન વારીને જગતના વિઘ્નના નિવારક પરમપદના લાભના રસના માતા=પરમ પદરૂપ મોક્ષના લાભના રસમાં ભગવાન તૃપ્ત થયા. ।।૮।।**

**વળી, વીર્યવિઘ્નને=વીર્યાંતરાય કર્મને પંડિત વીર્યથી હણીને પૂર્ણ પદના યોગી થયા. વળી, ભગવાન ભોગ-ઉપભોગ રૂપ બેઉ વિઘ્નો=ભોગાંતરાય-ઉપભોગાંતરાય રૂપ વિઘ્નોનું નિવારણ કરીને પૂર્ણ ભોગના સુભોગી થયા=મોક્ષના પૂર્ણ ભોગના ભોગવનારા થયા. ।।૯।।**

**ભાવાર્થ :-**

ભગવાને જ્યારે ઉજાગર દશા પ્રાપ્ત કરી, ત્યારે નિશ્ચયનયને અભિમત એવું અપ્રમત્ત મુનિભાવરૂપ જે સમકિત તેની સાથે સગાઈ કીધી. અર્થાત્ નિશ્ચયનય અભિમત સમ્યક્ત્વને દૃઢ રીતે ધારણ કર્યું અને તે સમકિતના પરિવારરૂપ જે ધ્યાન, સમતા તેમાં ગાઢી સગાઈ કરી. અર્થાત્ સંયમગ્રહણ કર્યા પછી સદા ધ્યાનથી સમતા અને સમતાથી ધ્યાન વૃદ્ધિ પામે તેવો દૃઢ ઉદ્યમ કર્યો અને આત્માના પરિણામમાં સ્થિર થવામાં વિઘ્નભૂત તેવી મિથ્યામતિને અપરાધણ જાણીને ભગવાને ઘરથી બહાર કાઢી. તેથી સંયમગ્રહણ કર્યા પછી સદા શુદ્ધ આત્મામાં સ્થિર થવાની સુંદર મતિમાં જ ભગવાન ઉદ્યમવાળા હતા.

આ રીતે અસંગભાવમાં વર્તતાં ભગવાન જ્યારે ક્ષપકશ્રેણી રૂપ ગજ ઉપર ચઢે છે, ત્યારે ઘરમાં પેઠેલાં કૂતરાંને ઝાલીને જેમ કોઈ બહાર કાઢે તેમ આત્માના નિવાસસ્થાન, સ્વપરિણતિરૂપ ઘરમાંથી ભગવાને પામર જીવોને કૃશ કરી નાખે એવા હાસ્યાદિરૂપ નોકષાયોને બહાર કાઢ્યા.

વળી, ક્ષપકશ્રેણી પર ચઢ્યા પછી આગળ જતાં ભગવાન જ્યારે વીતરાગ પરિણતિમાં પરિણમન પામ્યા ત્યારે ચારિત્રમાં મોહને કરનારા રાગ-દ્વેષરૂપ અવિરતિની પરિણતિ રૂપ યોદ્ધાઓ ઊઠીને નાઠા; કેમ કે તેઓ બોધ પામ્યા કે, હવે આ ઘરમાં અમે રહી શકશું નહીં. તેથી ભગવાનના આત્મરૂપ ગૃહનો ત્યાગ કરીને ભાગવા માંડ્યા.

વળી, નોકષાયની પરિણતિરૂપ જે વેદોદયરૂપ કામના પરિણામો છે, તે સર્વ પણ સંસારી જીવોને કામ્યકર હોય છે. પરંતુ ભગવાનના ક્ષપક શ્રેણીના પરિણામમાં ભગવાને તે સર્વનો ત્યાગ કર્યો.

વળી, ભગવાન સર્વ કામના વગરના થવાથી નિષ્કામી થયા. અને જગતના જીવોને ઉપકાર કરવાની પરિણતિરૂપ કરુણાના સાગર થયા અને મોહનો નાશ કરીને કેવલ્જ્ઞાન પામે છે ત્યારે અનંત ચતુષ્કપદના અનુભવનારા થાય છે. અનંત જ્ઞાન-અનંત દર્શન-અનંત સુખ-અનંત વીર્યરૂપ ચાર સ્થાનને પ્રાપ્ત કરે છે.

અને ભગવાને કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું ત્યારે પોતાના દાનાંતરાય કર્મનો નાશ કરેલો હોવાથી સર્વ જીવોને અભયદાન પદના દાતા બને છે. આથી જ ભગવાન જગતના જીવોને અભયદાન મળે તેવો યોગમાર્ગનો ઉપદેશ આપીને સર્વ જીવોને ભયથી મુક્ત કરાવે તેવો માર્ગ બતાવે છે. અને જેઓ ભગવાનના ઉપદેશને ઝાલીને તેનું અનુસરણ કરે છે. તેઓ ભગવાનની જેમ અભયપદને પામે છે.

વળી, ભગવાને કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું ત્યારે લાભાંતરાય વિઘ્નનો નાશ કરેલો હોવાથી જગતના વિઘ્નના નિવારક એવા પરમ લાભ રસમાં માતા છે. અર્થાત્ જગતના જીવોને પ્રકૃષ્ટ એવા સુખનો લાભ થાય તેવા માર્ગને બતાવનાર છે. જેથી જગતના જીવોને સુખના લાભની પ્રાપ્તિમાં કારણ બને છે.

વળી, ભગવાને પંડિત વીર્યથી વીર્યના વિઘ્નને હણ્યું. આથી જ ભગવાનના વીર્યે ક્ષપકશ્રેણીમાં બાધ કરનારા એવા વીર્યાંતરાયનો નાશ કરીને મોહનો નાશ કર્યો. તેમ મોક્ષપ્રાપ્તિમાં બાધક એવા યોગનો નિરોધ કરીને ભગવાન પૂર્ણરૂપ મોક્ષપદવીને પામનારા થયા. અથવા પૂર્ણ એવા ભાવતીર્થંકરપદના યોગી થયા.

વળી, ભગવાને કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું ત્યારે ભોગાંતરાય-ઉપભોગાંતરાય રૂપ બે વિઘ્નોનું નિવારણ કરીને પૂર્ણ સુખરૂપ ભોગના સુભોગી થયા. **||૪ થી ૯||**

**અવતરણિકા :-**

ગાથા-૪થી ૯ સુધી ભગવાનની સાધના બતાવી અને સાધના દ્વારા ભગવાન દોષરહિત થાય છે તેની સ્તુતિ મુનિજન કરે છે તે બતાવીને તેના દ્વારા તે મહાત્માઓ પણ ભગવાનતુલ્ય થાય છે તે ગાથા ૧૦, ૧૧ દ્વારા સ્પષ્ટ કરે છે –

**ગાથા :-**

**એ અઢાર દૂષણ વર્જિત તનુ, મુનિજનવૃંદે ગાયા;**
**અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિર્દૂષણ મન ભાયા. હો મલ્લિ૦ ૧૦**
**ઇણ વિધ પરખી મન વિસરામી, જિનવર ગુણ જે ગાવે;**
**દીનબંધુની મહેર નજરથી, 'આનંદઘન' પદ પાવે. હો મલ્લિ૦ ૧૧**

**ગાથાર્થ :-**

**આ અઢાર દૂષણથી વર્જિત આત્મારૂપી દેહવાળા ભગવાન, મુનિના સમુદાયથી ગવાયા છે=સ્તુતિ કરાયા છે. વળી, અવિરતિરૂપ દોષનું નિરૂપણ કરનારા=ભગવાન અવિરતિ રૂપ આત્માનો દોષ છે તેનું પારમાર્થિક સ્વરૂપ બતાવનારા છે અને પોતે નિર્દૂષણ છે=અવિરતિના દોષવાળા નથી. માટે મનમાં ભાયા છે=સ્તવનકારશ્રીના મનમાં ગમ્યા છે. ||૧૦||**

**ઈણવિધ પરખી=આ પ્રમાણે ભગવાનને પરખી મન વિસરામી= ભગવાનમાં જેનું ચિત્ત વિશ્રામ પામ્યું છે તેવા યોગી, જે જિનગુણ ગાવે=જે ભગવાનના ગુણ ગાય, દીનબંધુની મહેર નજરથી=દીન એવા સંસારી જીવોના પરમમિત્રતુલ્ય ભગવાનની મહેર નજરથી, તે આનંદઘન પદને પામે છે. ||૧૧||**

**ભાવાર્થ :-**

ભગવાને દીક્ષા ગ્રહણ કર્યા પછી ઉજાગર દશામાં સતત ધ્યાન અને સમતામાં

ઉદ્યમ કરીને પૂર્વમાં વર્ણન કર્યું એમ ૧૮ દોષથી રહિત થયા અને તે દોષરહિત એવા ઉત્તમ દેહવાળા ભગવાનનાં મુનિજનનો સમુદાય તે સ્વરૂપે ગુણગાન કરે છે; કેમ કે જેમ ભગવાને ૧૮ દોષો કાઢ્યા છે તેમ મુનિજનને પણ ૧૮ દોષો કાઢવાનું બળ જોઈએ છે અને તે બળનો ભગવાનના ગુણગાનથી જ તે મહાત્માઓ સંચય કરે છે.

વળી, ભગવાને સાધના કરીને અવિરતિરૂપ દોષનો મૂળથી નાશ કર્યો છે અને યોગ્ય જીવોને તે અવિરતિ દોષનું સ્વરૂપ યથાર્થ બતાવેલ છે. તેથી ક્ષાયિક ભાવના ચારિત્રરૂપ નિર્દૂષણ પરિણામવાળા થયા છે અને યોગ્ય જીવોને માર્ગ બતાવીને નિર્દૂષણ થવાનાં બલવાન કારણ છે તેથી તેવા પરિણામવાળા ભગવાન સ્તવનકારશ્રીના મનમાં ભાયા છે=ગમ્યા છે.

આ પ્રકારે અઢાર દોષથી રહિત અને ક્ષાયિક ભાવના ચારિત્રના પરિણામવાળા ભગવાનને પરખીને જેનું મન તે ભાવમાં જ રાગથી વિશ્રામ પામે છે અને તેના કારણે જેઓ ભગવાનનાં ગુણગાન કરે છે, તેઓ ઉપર "દીનબંધુ" એવા ભગવાનની મહેર નજર પડે છે; કેમ કે ભગવાનના ગુણગાનથી તે મહાત્માનું અંતરંગ વીર્ય ભગવાન સાથે તન્મય ભાવને પામે છે અને એના ફળરૂપે તે મહાત્મા પણ ભગવાનની જેમ આનંદઘનરૂપ મોક્ષપદને પામે છે.

માટે સ્તવનકારશ્રી ભગવાનની સ્તુતિ કરીને આનંદઘન પદની પ્રાપ્તિના વીર્યનો સંચય કરવા માટે ઉદ્યમ કરે છે. **॥૧૦-૧૧॥**

# ૨૦. શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

(રાગ : કાફી; આઘા આમ પધારો પૂજ્ય-એ દેશી)

**ગાથા :-**

**મુનિસુવ્રત જિનરાજ, એક મુજ વિનતિ નિસુણો. (ટેક)**
**આતમતત્ત્વ ક્યું જાણું જગતગુરુ, એહ વિચાર મુજ કહીઓ;**
**આતમતત્ત્વ જાણ્યા વિણ નિરમળ, ચિત્તસમાધિ નવિ લહીઓ.**
**મુનિ૦ ૧**

**ગાથાર્થ :-**

**હે મુનિસુવ્રત જિનરાજ ! મારી એક વિનંતી સાંભળો. હે જગતગુરુ ! હું આત્માનું તત્ત્વ કઈ રીતે જાણું ? તે વિચાર તમે મુજને કહો.**

કેમ આત્મતત્ત્વને જાણવું છે ? તેથી કહે છે –

**આત્મતત્ત્વને જાણ્યા વગર નિર્મળ એવી ચિત્તની સમાધિને લેતું નથી. ॥૧॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી મુનિસુવ્રત સ્વામીને ઉદ્દેશીને કહે છે – હે ભગવન્ ! તમે મારી વિનંતી સાંભળો. મને એવો રસ્તો બતાવો કે હે જગત્ગુરુ ! હું આત્મતત્ત્વને જાણી શકું તેવો માર્ગાનુસારી વિચાર મારામાં પ્રગટ કરો.

આ પ્રકારે ભગવાનને કહીને, ભગવાનના અવલંબન દ્વારા અને ભગવાને કહેલાં શાસ્ત્રવચનના અવલંબન દ્વારા સ્તવનકારશ્રી શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને જાણવા માટે પોતાની ઉત્કટ ઇચ્છાને વ્યક્ત કરે છે.

કેમ શુદ્ધ આત્મતત્ત્વ જાણવાની ઇચ્છા થઈ છે, તેથી કહે છે – આત્માના શુદ્ધ તત્ત્વને જાણ્યા વગર ચિત્ત નિર્મળ થતું નથી અને તેથી સ્વસ્થતારૂપ સમાધિ પ્રાપ્ત કરતું નથી. માટે ચિત્તની સ્વસ્થતા રૂપ સમાધિની પ્રાપ્તિ અર્થે સ્તવનકારશ્રીને આત્માનું પારમાર્થિક સ્વરૂપ જાણવાની અત્યંત ઉત્કંઠા થઈ છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**આત્મતત્ત્વના વિષયમાં કહેનારા શાસ્ત્રવચનને સ્મૃતિમાં લાવીને તેમાં પોતાને શું સંશય થાય છે તે સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**કોઈ અબંધ આતમતત્ત માને, કિરિયા કરતો દીસે;**
**કિરિયા તણું ફળ કહો કુણ ભોગવે, ઇમ પૂછ્યું ચિત્ત રીસે. મુનિ૦ ૨**

**ગાથાર્થ :-**

**કોઈ=શાસ્ત્રને જાણનારા કેટલાક, અબંધ આત્મતત્ત્વને માને છે=જે આત્મા કર્મ ન બાંધતો હોય તેવો ભાવમલથી રહિત પરિણામવાળો આત્મા તેને આત્મતત્ત્વ માને છે અને ક્રિયા કરતો દેખાય છે=આત્મતત્ત્વ જો અબંધરૂપ હોય તો તેના માટે કોઈ ક્રિયા કરવાની ન હોય છતાં અબંધ આતમતત્ત્વને કહેનારા ક્રિયા કરતા દેખાય છે.**

**ત્યાં સ્તવનકારશ્રી પૂછે, ક્રિયા તણું ફળ કહો કોણ ભોગવે ? અર્થાત્ આત્મા અબંધરૂપ હોય તો ક્રિયા તણું ફળ કોણ ભોગવે એમ પૂછ્યું=ક્રિયા કરનારા મહાત્માને પૂછ્યું અને ચિત્ત રિસાય છે=ચિત્ત માનતું નથી. ॥૨॥**

**ભાવાર્થ :-**

આત્માનું પારમાર્થિક સ્વરૂપ બતાવનારા મહાત્માઓ કહે છે કે, જે આત્મા કર્મ ન બાંધતો હોય તેવો આત્મા છે અને તે આત્માનું પારમાર્થિક સ્વરૂપ છે. અને જો આત્માનું પારમાર્થિક તેવું સ્વરૂપ હોય તો તેમ માનનારને કોઈ ક્રિયા કરવી જોઈએ નહીં. પરંતુ 'અબંધ' આત્મતત્ત્વને કહેનારા પણ સંયમની ક્રિયાઓ કરતા દેખાય છે. તેથી સ્તવનકારશ્રી પૂછે છે કે, "જો આપણો આત્મા અબંધ તત્ત્વરૂપ હોય અને આપણે આ ક્રિયા કરીએ છીએ તે ક્રિયાનું ફળ કોણ ભોગવે ? અર્થાત્ નિર્લેપ એવો આત્મા તે ક્રિયાના ફળને ભોગવી શકે નહીં. અને પોતાનો આત્મા ક્રિયા કરતો દેખાય છે. માટે આત્મતત્ત્વનું સ્વરૂપ અને

કરાતી ક્રિયા તે બંનેનો, પરસ્પર વિરોધ છે. તેથી આત્મતત્ત્વને કહેનારા મહાત્માને સ્તવનકારશ્રીએ પૂછ્યું. કેમ પૂછ્યું ? તેથી કહે છે –

ચિત્તને તે વચન બેસતું નથી; કેમ કે ક્રિયા બંધનું કારણ છે અને આત્મા અબંધરૂપ હોય તો આત્મામાં ક્રિયા હોવી જોઈએ નહીં અને ફળનો અર્થી એવો આત્મા ફળના ઉપાયરૂપે ક્રિયા કરે છે. તેથી તે વચન સ્તવનકારશ્રીના ચિત્તમાં સંગત થતું નથી. **॥૨॥**

**અવતરણિકા :-**

**સ્તવનકારશ્રીને આત્માના સ્વરૂપ સાથે દેખાતી ક્રિયાનો વિરોધ દેખાય છે. તે વિરોધને જ વિશેષ રીતે સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**જડ-ચેતન એ આતમ એક જ, સ્થાવર-જંગમ સરિખો;**
**સુખ-દુઃખ-સંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરિખો. મુનિ૦ ૩**

**ગાથાર્થ :-**

**જડ-ચેતન તે આતમ એક જ છે=જડ એવો દેહ અને કર્મ તથા તેનાથી સંયુક્ત એવો ચેતનરૂપ આત્મા એક જ છે. જે સ્થાવર અને જંગમ સરખો દેખાય છે=ચેતન એવો આત્મા સ્થાવરની જેમ અક્રિય દેખાય છે અને જડ એવા દેહાદિને કારણે હાલતાં-ચાલતાં ત્રસ જીવો જેવો જંગમ દેખાય છે.**

**વળી, આત્મા ચેતનરૂપ હોવાથી સુખરૂપ છે અને જડ એવા શરીર સાથે એક થયેલો હોવાથી જડના ઉપદ્રવરૂપ દુઃખને અનુભવે છે. જેથી સુખ-દુઃખના સંકરરૂપ દૂષણ પ્રાપ્ત થાય છે. તે પ્રમાણે ચિત્તમાં વિચારીને આતમતત્ત્વને પરખો=જાણવા યત્ન કરો. ॥૩॥**

**ભાવાર્થ :-**

સંસારમાં પોતાનો આત્મા જડ એવા દેહ અને ચેતનભાવરૂપ પોતે એમ બે સ્વરૂપ, એક આત્મા દેખાય છે અને આત્મા અબંધ સ્વભાવવાળો હોવાથી

આત્મામાં ક્રિયાનો અભાવ પ્રાપ્ત થાય, તેથી સ્થાવરની જેમ ક્રિયા વગરનો આત્મા છે તેમ પ્રાપ્ત થાય અને જડ એવા શરીરને કારણે ત્રસ જીવોની જેમ હરતો-ફરતો દેખાય છે. તેથી સંસારી આત્મામાં સ્થાવર ભાવ જેવો અક્રિય સ્વભાવ અને જંગમભાવ જેવો ત્રસ સ્વભાવ પરસ્પર વિરોધી દેખાય છે.

વળી, આત્મા ચેતન સ્વરૂપ હોવાથી સુખનું વેદન કરનાર છે અને જડના સંયોગથી ઉપદ્રવવાળો હોવાથી દુઃખનું વેદન કરનાર છે. અને સંસારમાં દેખાતા શરીર સ્વજન આદિને પોતાના માનીને જડ-ચેતનરૂપ પોતાના આત્માને સ્વીકારીએ તો સુખ-દુઃખના સંકરની પ્રાપ્તિરૂપ દૂષણ આવે. માટે આત્માને સ્થાવર-જંગમ માનવો પણ સંગત નથી. અને સુખ-દુઃખના સંકરવાળો માનવો પણ સંગત નથી, માટે ચિત્તમાં વિચારીને આત્માના પારમાર્થિક સ્વરૂપને પરખવા યત્ન કરો. **॥૩॥**

**અવતરણિકા :-**

**વળી, અન્ય એવા સાંખ્ય દર્શનવાળા વાદી આતમતત્ત્વને કેવું કહે છે, તે બતાવે છે –**

**ગાથા :-**

**એક કહે નિત્ય જ આતમતત્ત, આતમ દરસણ લીનો;**
**કૃતવિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિહીણો. મુનિ૦ ૪**

**ગાથાર્થ :-**

**એક કહે છે=કેટલાક કહે છે, આતમતત્ત્વ નિત્ય જ છે. અને તે આત્મા પોતાના દર્શનમાં લીન છે. તેને સ્તવનકારશ્રી દોષ બતાવે છે.**

**કૃતવિનાશ=આત્મદર્શનરૂપ કરાયેલા કૃત્યનું કોઈ ફળ ન હોવાથી તે કૃતનો વિનાશ અને અકૃત આગમરૂપ દૂષણ=ચાર ગતિઓના પરિભ્રમણના કારણભૂત કર્મ એકાંત નિત્ય આત્મા નહીં બાંધતો હોવાથી અકૃત એવાં કર્મોના ફળના આગમનરૂપ દૂષણ પ્રાપ્ત થાય છે. તેવું એકાંત નિત્ય આત્માને કહેનારા જોતા નથી. માટે મતિથી હીન છે=યથાર્થ જોવાની નિર્મળ દૃષ્ટિથી રહિત છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીએ આતમતત્ત્વને જાણવાની ઇચ્છા વ્યક્ત કરી. ત્યાં કોઈક કહે છે કે, "આતમતત્ત્વ નિત્ય જ છે." અર્થાત્ ત્રણેય કાળમાં શાશ્વત વર્તનાર છે અને પોતાના આત્માના સ્વરૂપના દર્શનમાં લીન છે. આ પ્રકારે આત્માનું સ્વરૂપ કોઈકે બતાવ્યું.

ત્યાં સ્તવનકારશ્રી કહે છે કે, જો આવું આત્માનું સ્વરૂપ હોય તો પોતાની આત્મામાં લીન થવાની ક્રિયાનું કોઈ ફળ દેખાતું નથી, તેથી આત્માના દર્શનમાં લીન થવાની ક્રિયાના ફળનો વિનાશ પ્રાપ્ત થાય છે. અને આત્મા પોતાના સ્વરૂપના દર્શનમાં લીન હોય તો કર્મબંધની પ્રાપ્તિ અને ચાર ગતિઓનું પરિભ્રમણ આદિ જે સંસારી જીવોમાં દેખાય છે, તે સર્વ નહીં કરાયેલાં કૃત્યોના ફળરૂપે તેને પ્રાપ્ત થયાં છે તેમ માનવાનું દૂષણ આવે; કેમ કે આતમતત્ત્વમાં લીન રહેવાથી સંસારના સર્જનને અનુકૂળ કર્મબંધરૂપ કાર્ય થઈ શકે નહીં. અને સંસારી આત્મામાં પ્રત્યક્ષથી સંસારનું સર્જન દેખાય છે. માટે આત્મદર્શનમાં લીન એવો નિત્ય આત્મા કહેનાર કૃતનાશ-અકૃતાગમના દૂષણને જોતા નથી. માટે તેઓની મતિ વસ્તુને યથાર્થ જોવામાં હીન છે.

આ પ્રકારનું આત્માનું એકાંત નિત્ય સ્વરૂપ સાંખ્યદર્શનકારો માને છે. જે સ્તવનકારશ્રીને ઇષ્ટ નથી. તેથી તે માન્યતામાં શું દોષ આવે છે તે પ્રસ્તુત ગાથામાં સ્તવનકારશ્રીએ બતાવેલ છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**હવે બૌદ્ધ દર્શનવાળા આત્માનું કેવું સ્વરૂપ બતાવે છે, તે સ્તવનકારશ્રી સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**સૌગતમતિરાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;**
**બંધ-મોક્ષ સુખ-દુઃખ નવિ ઘટે, એહ વિચાર મન આણો. મુનિ૦ ૫**

**ગાથાર્થ :-**

**સૌગતમતિરાગી=બૌદ્ધ મતના રાગી તેવા વાદી કહે છે, એ આત્મા ક્ષણિક જાણો.**

તેને સ્તવનકારશ્રી કહે છે –

**બંધ, મોક્ષ, સુખ, દુઃખ ન ઘટે=ક્ષણિક આત્મામાં તે ન ઘટે, તે વિચાર મનમાં આણો. ।।૫।।**

**ભાવાર્થ :-**

બૌદ્ધ દર્શનવાળા કહે છે કે, આત્માને નિત્ય માનો તો પોતાના આત્મા પ્રત્યે સ્નેહ થાય અને આત્મા પ્રત્યે સ્નેહ થાય તો સ્નેહવાળો આત્મા જ સંસારી છે. માટે આત્માને ક્ષણિક સ્વીકારવામાં આવે તો પોતાના આત્મા પ્રત્યે રાગ ન થાય અને રાગ વગરનો આત્મા પ્રતિક્ષણ નાશ પામીને ઉત્તર-ઉત્તર શુદ્ધ સંતાનને કરે છે. અને રાગવાળો આત્મા ઉત્તર-ઉત્તરના અશુદ્ધ સંતાનને કરે છે. જે અશુદ્ધ સંતાન છે તે સંસાર છે અને શુદ્ધ સંતાન છે તે મોક્ષ છે, એમ બૌદ્ધ દર્શનવાળા કહે છે માટે આત્માનું ક્ષણિક સ્વરૂપ છે, તેને સ્તવનકારશ્રી કહે છે –

આત્માને જો એકાંત ક્ષણિક માનીએ તો બંધ-મોક્ષ-સુખ-દુઃખ આત્મામાં ઘટે નહીં; કેમ કે જે આત્મા ક્ષણિક છે, તે જે ક્ષણમાં છે તે ક્ષણમાં રાગ કરે છે, પરંતુ બીજી ક્ષણમાં તે નહીં હોવાથી રાગજન્ય બંધ તેને ઘટે નહીં. અને તેના સંતાનને બંધ થાય છે તેમ કહીએ તો, અન્ય રાગ કરે છે અને અન્યને બંધ થાય છે જે અત્યંત અસંગત છે.

વળી, મોક્ષ પણ ઘટે નહીં; કેમ કે મોક્ષ માટે જે સાધના કરે છે તે બીજી ક્ષણમાં નાશ પામે છે. જેથી જેણે સાધના કરી તેનો મોક્ષ થયો નહીં ને અન્યનો થયો તેમ માનવું પડે. અને તેમ સ્વીકારીએ તો અન્યના પ્રયત્નથી અન્યનો મોક્ષ થાય છે. જે અત્યંત અસંગત છે.

વળી, સંસારી જીવો સુખ માટે પ્રવૃત્તિ કરે છે કે અજ્ઞાનથી કોઈક પ્રવૃત્તિ કરે છે જેના ફળરૂપે દુઃખ પ્રાપ્ત થાય છે તે પણ સંગત થાય નહીં; કેમ કે સુખ માટે

પ્રવૃત્તિ કરનાર બીજી ક્ષણમાં નથી. તેથી પોતાની પ્રવૃત્તિનું ફળ સુખ તેને થાય નહીં. અને અજ્ઞાનથી પ્રવૃત્તિ કરનારને દુઃખ ફળરૂપે મળે છે અને તે પણ ઘટે નહીં; કેમ કે બીજી ક્ષણમાં તે નથી, તેથી તે પ્રવૃત્તિનું ફળ તેને મળે નહીં. અને અન્યની પ્રવૃત્તિથી અન્યને સુખ-દુઃખ થાય છે તેમ માનવું અત્યંત અસંગત છે.

તેમ વિચારીને આત્માને ક્ષણિક માનવો ઉચિત નથી, એમ મનમાં આણો એમ સ્તવનકારશ્રી કહે છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**હવે શાશ્વક મત પ્રમાણે આત્મતત્ત્વનો વિચાર સ્તવનકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**ભૂત-ચતુષ્ક વર્જિત આતમતત્ત, સત્તા અળગી ન ઘટે;**
**અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે? મુનિ૦ ૬**

**ગાથાર્થ :-**

**ભૂત-ચતુષ્ક વર્જિત=પૃથ્વી-પાણી આદિ ભૂતચતુષ્કથી રહિત, અળગી આતમતત્ત્વની સત્તા ઘટતી નથી તેમ ચાર્વાક દર્શન કહે છે.**

તેને સ્તવનકારશ્રી કહે છે –

**આંધળો માણસ ગાડાને જો નજરે ન દેખે તો શકટે શું કીજે !=શકટ શું કરે ? અર્થાત્ પોતાની સત્તા તેને કેવી રીતે દેખાડે ? અર્થાત્ શકટ=ગાડું નથી તેમ સિદ્ધ થાય નહીં. ॥૬॥**

**ભાવાર્થ :-**

ચાર્વાક દર્શનકાર ચાર ભૂતના સમુદાયરૂપ દેહસ્વરૂપ જે આત્મા છે, તેનાથી અન્ય કોઈ આતમતત્ત્વની સત્તા નથી ઘટતી તેમ કહે છે. તે ચાર્વાક દર્શનકાર પદાર્થને વાસ્તવિક જોવામાં અંધતુલ્ય છે; કેમ કે સ્વસંવેદનથી પોતાના શરીર અંતર્ગત જ્ઞાન-સુખ-દુઃખનો આશ્રય એવો આત્મા સકલજનને સિદ્ધ છે.

તેથી જેમ આંધળો માણસ સન્મુખ રહેલા ગાડાને જો નજરથી ન દેખે તો શકટ નથી તેમ કહી શકાય નહીં. તેમ પોતાના પ્રામાણિક અનુભવને જોવામાં

અંધતુલ્ય એવા ચાર્વાકને શરીરથી અતિરિક્ત આત્માની સત્તા ન દેખાય તેમાં આત્મસત્તાનો દોષ નથી, તેના અંધભાવનો જ દોષ છે. ॥૬॥

**અવતરણિકા :-**

**આ પ્રકારે જુદા જુદા વાદીઓના મતો બતાવીને ભગવાનને સ્તવનકારશ્રી પૂછે છે –**

**ગાથા :-**

**એમ અનેક વાદી મતવિભ્રમ, સંકટ પડિયો ન લહે;**
**ચિત્તસમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત્ત કોઈ ન કહે. મુનિ૦ ૭**

**ગાથાર્થ :-**

**એમ અનેક વાદીના મતના વિભ્રમને કારણે સંકટમાં પડેલો એવો હું ચિત્તસમાધિ ન લહે=ચિત્ત-સમાધિને પામતો નથી. તે માટે પૂછું છું. તમારા વગર=ભગવાન વગર તત્ત્વ કોણ કહે=કોઈ ન કહે. ॥૭॥**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી જુદા જુદા આતમતત્ત્વના મતોને સ્તવનકારશ્રીએ બતાવ્યા. તે અનેક વાદીના મતના વિભ્રમમાં સ્તવનકારશ્રી સંકટમાં પડ્યા; કેમ કે એકાંત નિત્યવાદી આદિ મતોમાં તેમને દૂષણ દેખાયાં અને આત્માનું અબંધ સ્વરૂપ માનનાર પણ સિદ્ધ અવસ્થાનું સ્વરૂપ બતાવે છે, છતાં વર્તમાનમાં તેવું સ્વરૂપ પોતાના આત્મામાં દેખાતું નથી. તેથી સ્તવનકારશ્રીને વિભ્રમ થયો કે, આત્માનું સ્વરૂપ કેવું માનવું ?

આ પ્રકારના સંકટમાં પડેલા સ્તવનકારશ્રીને ચિત્તમાં સમાધિ પ્રાપ્ત થતી નથી. તે માટે ભગવાનને પ્રથમ ગાથામાં પૂછે છે કે, હે જગત્ગુરુ ! હું આતમતત્ત્વને કઈ રીતે જાણું ? તે વિચાર મને કહો; કેમ કે તમારા વગર તેનું તત્ત્વ કોઈ કહે તેમ નથી. ॥૭॥

**અવતરણિકા :-**

ભગવાનને સ્તવનકારશ્રીએ આતમતત્ત્વના સ્વરૂપની પૃચ્છા કરી. તેનો જવાબ ભગવાન પાસેથી શું પ્રાપ્ત થાય છે તે બે ગાથાથી સ્પષ્ટ કરે છે –

**ગાથા :-**

**વળતું જગગુરુ ઇણિ પરે ભાખે, પક્ષપાત સબ છંડી;**
**રાગ દ્વેષ મોહ પખ વર્જિત, આતમસું રઢ મંડી. મુનિ૦ ૮**
**આતમધ્યાન કરે જો કોઉ, સો ફિર ઇણમેં નાવે;**
**વાગજાળ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત ચાવે. મુનિ૦ ૯**

**ગાથાર્થ :-**

**વળતું=પ્રશ્નના ઉત્તરરૂપે વળતું, જગત્‌ગુરુ એવા ભગવાન ઈણિ પરે ભાખે=આ પ્રમાણે કહે છે. પક્ષપાત બધાનો છોડીને=આ સર્વ મતોમાંથી કોને માનવું તે બધાનો પક્ષપાત છોડીને, રાગ-દ્વેષ-મોહના પક્ષથી રહિત આતમા સાથે રઢ માંડીને, આતમધ્યાન જો કોઈ કરે, તો ફરી આમાં ન આવે=સંસારના ચકરાવામાં ન આવે. બીજું બધું વાગ્‌જાળ જાણે=વચનનો વિલાસ જાણે. એ તત્ત્વ=ભગવાને બતાવેલ એ તત્ત્વ ચિત્તને ચાવે છે=ચિત્તમાં ગમે છે. ।।૮-૯।।**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીએ ભગવાનને પ્રશ્ન કરેલો કે, હે જગત્‌ગુરુ ! આતમતત્ત્વને હું કઈ રીતે જાણું ? તેનો વિચાર મને કહો. તેનો ઉત્તર આપતાં ભગવાને કહ્યું કે, સંસારમાં સંસારી જીવોને રાગ-દ્વેષ અને મોહનો પરિણામ વર્તે છે. તે પરિણામથી રહિત એવો જ આત્મા છે=રાગ-દ્વેષથી રહિત હોવાથી વીતરાગ છે અને મોહ=અજ્ઞાનથી રહિત હોવાથી કેવલજ્ઞાન-કેવલ દર્શનરૂપ છે. તેવા વીતરાગ સર્વજ્ઞ સ્વરૂપ આત્માનું રઢ મંડીને=આવા જ વીતરાગ સર્વજ્ઞ મારે થવું છે. તેવો દૃઢ સંકલ્પ કરીને જો કોઈ આત્માનું ધ્યાન કરે, તે ફરી આત્મતત્ત્વના વિષયમાં જુદા જુદા વિકલ્પો છે તેમાં ફસાય નહીં. પરંતુ વિચારે કે આ સર્વ

વાણીનો વિલાસ છે; કેમ કે તેઓ આત્મતત્ત્વની પ્રાપ્તિનો વિચાર કર્યા વગર, કોઈ એક એક દૃષ્ટિને સામે રાખીને આત્માના સ્વરૂપને કહી રહ્યા છે.

વળી, 'અબંધ' આતમતત્ત્વને કહેનારા પણ સાધનાની ક્રિયા કરે છે. તેથી મુક્ત આત્માનો અબંધ સ્વભાવ માને છે અને તેની પ્રાપ્તિના ઉપાયરૂપે પોતે સાધના કરે છે. માટે ભગવાને કહ્યું કે, રાગ-દ્વેષ અજ્ઞાનથી રહિત આત્માના સ્વરૂપને લક્ષ્ય કરીને તેવા સ્વરૂપને પ્રગટ કરવા અર્થે ધ્યાન કરવામાં આવે તો તે ધ્યાનથી જ અબંધ એવો આત્મા કંઈક કંઈક પ્રગટ થાય છે. અને અંતે યોગ-નિરોધ કરે છે ત્યારે અબંધ એવા આતમતત્ત્વને સાક્ષાત્ પ્રાપ્ત કરે છે.

માટે વાગ્જાળ જેવા આ મતોનો વિચાર છોડીને આતમતત્ત્વની પ્રાપ્તિનો ઉપાય જે ભગવાને બતાવ્યો છે, તે જ સ્તવનકારશ્રીના ચિત્તમાં ગમે છે. ॥૮-૯॥

**અવતરણિકા :-**

**ગાથા-૮-૯થી સ્તવનકારશ્રીને, ભગવાને આત્માનું સ્વરૂપ બતાવ્યું. તેનાથી શું ફળ પ્રાપ્ત થાય, તે સ્તવનકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**જેણે વિવેક ધરી એ પખ ગ્રહિયો, તે તત્ત્વજ્ઞાની કહીએ;**
**શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, 'આનંદઘન' પદ લહીએ. મુનિ૦ ૧૦**

**ગાથાર્થ :-**

**જિણે=જે પુરુષે, વિવેક ધરી=સૂક્ષ્મ માર્ગાનુસારી પ્રજ્ઞાપૂર્વક, એ પખ ગ્રહિયો=ભગવાને કહ્યો એ પક્ષનો સ્વીકાર કર્યો તે તત્ત્વજ્ઞાની કહીએ.**

**શ્રી મુનિસુવ્રત સ્વામી કૃપા કરો તો આનંદઘન પદ લહીએ=અમે તમારા બતાવેલા આતમતત્ત્વના ભાવનથી આનંદઘનરૂપ મોક્ષને પામીએ. ॥૧૦॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માએ સૂક્ષ્મ પ્રજ્ઞાથી ભગવાનના વચનનો મર્મ જાણ્યો, તેને રાગ-

દ્વેષ-અજ્ઞાનવાળી આત્માની અવસ્થા કર્મજન્ય વિકૃતિરૂપે દેખાય છે. અને ભગવાને કહ્યા પ્રમાણે જે મહાત્મા રાગ-દ્વેષ અજ્ઞાનના વર્જનને અર્થે શક્તિના પ્રકર્ષથી ભગવાને બતાવેલ શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરે છે, જેથી અજ્ઞાનરૂપ મોહ નાશ પામે છે અને તે શ્રુત જ્ઞાનના વચનથી આત્માને ભાવિત કરીને પોતાનામાં વર્તતા રાગ-દ્વેષના પરિણામોને રાગ-દ્વેષના ઉચ્છેદમાં પ્રવર્તાવે છે, અર્થાત્ રાગને વીતરાગ અને વીતરાગના વચનમાં પ્રવર્તાવીને વીતરાગતા આવિર્ભાવમાં પ્રવર્તાવે છે અને દ્વેષને વીતરાગતાના યત્નમાં સ્ખલના કરનારા ભાવોમાં પ્રવર્તાવીને તે સ્ખલનાઓનો પરિહાર કરે છે, તે મહાત્માએ સૂક્ષ્મ પ્રજ્ઞાથી વિવેક ધારણ કરીને ભગવાને કહેલો પક્ષ ગ્રહણ કર્યો છે. તેથી રાગ-દ્વેષ-અજ્ઞાનથી રહિત તેવા પોતાના આત્માને પ્રગટ કરવામાં તેને રઢ લાગી છે. તે મહાત્માને તત્ત્વજ્ઞાની કહેવાય છે; કેમ કે ભગવાને કહેલા પારમાર્થિક તત્ત્વને જાણીને તે મહાત્મા તેને સેવવા માટે જ સદા દૃઢ ઉદ્યમ કરે છે.

આ રીતે વિવેકી એવા તત્ત્વજ્ઞાનીનું સ્વરૂપ બતાવ્યા પછી સ્તવનકારશ્રી કહે છે કે, હે મુનિસુવ્રતસ્વામી ! તમે કૃપા કરો તો તમારી કૃપાના અવલંબનના બળથી હું પણ તત્ત્વજ્ઞાની બની શીઘ્ર આનંદઘન પદને પામું=આનંદઘન સ્વરૂપ મોક્ષને પામું. **॥૧૦॥**

**સારાંશ :-**

પ્રસ્તુત સ્તવનથી સારાંશરૂપે એ પ્રાપ્ત થાય કે, નિશ્ચયનયને પ્રધાન કરનારા આત્માનું 'અબંધ' સ્વરૂપ માને છે. કેટલાક આત્માને એકાંત નિત્ય સ્વરૂપ માને છે. તો કેટલાક આત્માને એકાંત ક્ષણિક સ્વરૂપ માને છે. વળી, ચાર્વાક આત્માનો સર્વથા અપલાપ કરે છે. તે સર્વને સામે રાખીને સ્તવનકારશ્રીએ ભગવાનને આતમતત્ત્વની પૃચ્છા કરેલ છે અને ભગવાને નિશ્ચયનય અભિમત એવા 'અબંધ' તત્ત્વની પ્રાપ્તિનો ઉપાય જ ગાથા ૮-૯માં બતાવેલ છે.

## ૨૧. શ્રી નમિનાથ જિન સ્તવન

(રાગ : આશાઉરી; ધન ધન સંપ્રતિ રાજા સાચો-એ દેશી)

**ગાથા :-**

**ષડ્ દર્શન જિન-અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે;**
**નમિ જિનવરના ચરણઉપાસક, ષડ્ દરશન આરાધે રે. ષડ્૦ ૧**

**ગાથાર્થ :-**

**છ દર્શન જિનરૂપી પુરુષના અંગો=અવયવો ભણીજે=કહેવા જોઈએ. જો કોઈ પુરુષ ષડંગનો ન્યાસ સાધે=છએ અંગોનું ઉચિત સ્થાને યોજન કરે તે પુરુષ નમિ જિનવરના ચરણનો ઉપાસક છ દર્શનને આરાધે. ||૧||**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીએ પુરુષનાં છ અંગોને સામે રાખીને ભગવાનનાં છ અંગો ષડ્દર્શનરૂપ છે તેમ કહેલ છે. જેમ પુરુષના બે પગ હોય, બે હાથ હોય, એક પેટ હોય અને એક ગળા ઉપરનો મસ્તકનો ભાગ હોય અને તે છ અંગોથી તે પૂર્ણ પુરુષની ઉપસ્થિતિ થાય છે. તે ભગવાનનાં છ અંગોને સામે રાખીને ક્યા સ્થાને ક્યું દર્શન છે તે પ્રકારે સ્થાપનાને સાધે=સ્થાપનાનો નિર્ણય કરે છે. તે રીતે નિર્ણય કર્યા પછી નમિ જિનવરના ચરણનો ઉપાસક એવો તે પુરુષ ભગવાનની આરાધના કરે છે. તેથી તે છએ દર્શનની આરાધના કરે છે. આ પ્રકારે સ્તવનકારશ્રીએ કલ્પના કરેલ છે. **||૧||**

**અવતરણિકા :-**

**તે છ અંગોને સ્થાને કયાં કયાં દર્શનો છે, તે સ્તવનકારશ્રી બતાવે છે -**

**ગાથા :-**

**જિન-સુરપાદપ પાય વખાણો, સાંખ્ય-જોગ દોય ભેદે રે;**
**આતમસત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદે રે. ષડ્૦ ૨**

**ગાથાર્થ :-**

**જિનરૂપી કલ્પવૃક્ષના બે પગ તરીકે સાંખ્ય અને યોગ તે બે ભેદ વખાણો=તે બે ભેદ જાણો; કેમ કે આત્માની સત્તાને વિવરણ કરતાં= સ્વીકારતાં એવા તે બંને=સાંખ્ય અને યોગને અખેદથી ભગવાનના બે અંગરૂપે ગ્રહણ કરો. ॥૨॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી ભગવાનરૂપી પુરુષની કલ્પના કર્યા પછી તેના બે પગના સ્થાનીય બે દર્શનો છે તેમ બતાવે છે. એક પગસ્થાનીય સાંખ્ય દર્શન છે અને અન્ય પગસ્થાનીય યોગ દર્શન છે. તેથી જિનરૂપી કલ્પવૃક્ષના તે બે પગો છે. જિનને કલ્પવૃક્ષ કહીને સ્તવનકારશ્રીને એ બતાવવું છે કે જેમ કલ્પવૃક્ષ બધી ઇચ્છાઓ પૂર્ણ કરે છે તેમ જિનની ઉપાસનાથી કલ્યાણની પરંપરા થાય છે. માટે તે કલ્પવૃક્ષ છે અને તે બંને દર્શનો આત્માનો સ્વીકાર કરે છે. માટે ભગવાનના પગના સ્થાને તે બે દર્શન છે.

અહીં વિશેષથી એમ કહી શકાય કે, તે બે દર્શનો જેટલા અંશથી કોઈક નયનું યથાર્થ કથન કરે છે, તે અંશથી જિનવચનને કહેનારાં છે. માટે જિનમાં અંતર્ભાવ પામે છે અને એકાંત દૃષ્ટિથી જે અસંબદ્ધ પ્રલાપ કરે છે તે અંશથી તે મિથ્યા હોવાથી જિનના અંગરૂપ નથી. **॥૨॥**

**અવતરણિકા :-**

**હવે ભગવાનરૂપી પુરુષના બે હાથ સ્થાનીય કયાં દર્શનોની સ્તવનકારશ્રીએ કલ્પના કરી છે તે બતાવે છે –**

**ગાથા :-**

**ભેદ અભેદ સુગત મીમાંસક, જિનવર દોય કર ભારી રે;**
**લોકાલોક આલંબન ભજીયે, ગુરુગમથી અવધારી રે. ષડ્૦ ૩**

**ગાથાર્થ :-**

**ભેદને માનનાર સુગત અને અભેદને માનનાર મીમાંસક ભગવાનના**

**બે કરસ્થાનીય છે. લોકાલોકનું અવલંબન ભજીને=લોકાલોકને જાણનારા ભગવાનનું અવલંબન ભજીને ગુરુગમથી તે બે દર્શનો ભગવાનના શાસનની નયદષ્ટિને કઈ રીતે સ્વીકારે છે તેનું અવધારણ કરવું. ॥૩॥**

**ભાવાર્થ :-**

સુગતદર્શન બૌદ્ધ દર્શન છે અને તે પદાર્થને એકાંતે ક્ષણિક માને છે. તેથી પ્રતિક્ષણ દરેક પદાર્થોનો નાશ થાય છે. તેથી એક જ આત્માનો પણ ક્ષણ-ક્ષણને આશ્રયીને ભેદ સ્વીકારે છે.

મીમાંસક દર્શન દ્રવ્યાસ્તિક નય ઉપર ચાલનારો હોવાથી આત્માનો ક્ષણે-ક્ષણે ભેદ સ્વીકારતો નથી. પરંતુ દરેક આત્માઓને શાશ્વત માને છે. આમ, છતાં મીમાંસક મત સર્વજ્ઞને પણ માનતો નથી. કેવલ વેદને અપૌરુષ્ય સ્વીકારે છે અને વેદને જ પ્રમાણ માને છે અને વેદ વચનાનુસાર હિંસાને કહેનારા યજ્ઞોને માને છે.

તેથી સુગત દર્શન અને મીમાંસક દર્શન જેટલા અંશથી ભગવાને કહેલ નયને અવલંબીને યથાર્થ કહે તેટલા જ અંશથી તે ભગવાનના વચનને અનુરૂપ છે. અન્ય સર્વ તેઓનો અસંબદ્ધ પ્રલાપ છે. સ્તવનકારશ્રીએ તે બે દર્શનોની ભગવાનના બે કરસ્થાનોની કલ્પના કરી છે અને તેનું સ્વરૂપ ગુરુગમથી જાણવું તેવો નિર્દેશમાત્ર કરેલ છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**આ રીતે જિનનાં ચાર અંગો બતાવ્યા પછી પાંચમું કૂખસ્થાને કયું દર્શન છે તે સ્તવનકારશ્રી બતાવે છે –**

**ગાથા :-**

**લોકાયતિક કૂખ જિનવરની, અંશવિચાર જો કીજે રે;**
**તત્ત્વવિચાર સુધારસધારા, ગુરુગમ વિણ કિમ પીજે રે? ષડ્૦ ૪**

**ગાથાર્થ :-**

**લોકાયતિક દર્શન=ચાર્વાક દર્શન=નાસ્તિક દર્શન જિનવરની કૂખ**

**છે. જો અંશનો વિચાર કરીને તેને યોજવામાં આવે. કેમ ભગવાનની કૂખને નાસ્તિક દર્શન તરીકે સ્વીકારે છે ? તેના તત્ત્વના વિચારરૂપ સુધારસની ધારા ગુરુગમ વગર કેવી રીતે પી શકાય અર્થાત્ ગુરુગમથી જાણી શકાય. ।।૪।।**

**ભાવાર્થ :-**

નાસ્તિક દર્શન વ્યવહારનય પર ચાલનાર હોવા છતાં આત્માદિ તત્ત્વનો અપલાપ કરે છે. માટે તેને કલ્યાણના સાધક એવા છ દર્શનમાં "ષડ્દર્શન સમુચ્ચય"માં સ્વીકારેલ નથી. અને અંતે કહેલ છે કે, કેટલાક આચાર્યો નૈયાયિક મત અને વૈશેષિક મતને અભેદ કરે છે. તેથી પાંચ દર્શનોની પ્રાપ્તિ છે. માટે છ દર્શનની સંખ્યા પૂરવા માટે લોકાયત મતનું તેમના મતે ગ્રહણ થાય છે. તેથી ચાર્વાક દર્શન કોઈ અંશથી મોક્ષનું સાધક નથી. જ્યારે અન્ય દર્શન મોક્ષની વાતો કરે છે, મોક્ષ અર્થે મોક્ષમાર્ગનું કથન કરે છે. તેટલા અંશથી તેઓને જિનવચનાનુસાર કહી શકાય. નાસ્તિકદર્શનને કોઈ અંશથી જિનવચનાનુસાર કહેવું તે સંગત જણાતું નથી, છતાં સ્તવનકારશ્રીએ ભગવાનની કૂખના સ્થાને તેમને રાખીને ભગવાનનાં 'છ' અંગોની કલ્પના કરી છે. તે બહુશ્રુતો વિચારે. **।।૪।।**

**અવતરણિકા :-**

**વળી, સ્તવનકારશ્રીએ ભગવાનનાં છ અંગમાં ગળાની ઉપરના ભાગરૂપ મસ્તકસ્થાને જૈન દર્શનની કલ્પના કરી છે તે બતાવે છે –**

**ગાથા :-**

**જૈન જિનેશ્વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે;**
**અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે. ષડ્૰ ૫**

**ગાથાર્થ :-**

**જિનેશ્વરનું=નમિનાથ ભગવાનનું શ્રેષ્ઠ ઉત્તમ અંગ=મસ્તક જૈનદર્શન છે. અને તે અંતરંગ-બહિરંગરૂપ છે. અક્ષર ન્યાસની ધરાનો આરાધક પુરુષ સંગ ધરીને જૈનદર્શનનું આરાધન કરે. ।।૫।।**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીએ જૈનદર્શનને નમિનાથ ભગવાનનાં છ અંગોમાંથી મસ્તકસ્થાને કલ્પના કરેલ છે અને તે ભગવાનનું દર્શન અંતરંગ અને બહિરંગ કલ્પનારૂપ છે. એ પ્રકારની કલ્પના કરેલ છે. અને અક્ષરન્યાસની ધરાથી, જે પુરુષ તેનું આરાધન કરે તે જૈનદર્શનનો આરાધક છે તેવી કલ્પના કરી છે.

આ પ્રકારનું સ્તવનકારશ્રીની કલ્પનાનું તાત્પર્ય બહુશ્રુતો વિચારે; કેમ કે સ્વયં આગળની ગાથામાં જિનવરમાં બધાં દર્શન છે તેમ કહે છે અને પ્રસ્તુત ગાથામાં ભગવાનના ખાલી મસ્તકસ્થાનીય જૈનદર્શન છે તેમ કહે છે. **॥૫॥**

**ગાથા :-**

**જિનવરમાં સઘળાં દર્શન છે, દર્શને જિનવર ભજના રે;**
**સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે. ષડ્૦ ૬**

**ગાથાર્થ :-**

**જિનવરમાં સઘળાં દર્શન છે અને દર્શનમાં જિનવરની ભજના છે અને તેમાં દૃષ્ટાંત બતાવે છે. સાગરમાં સઘળી નદીઓ હોય છે અને નદીઓમાં સાગરની ભજના છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીના વચન અનુસાર જિનવર એવા નમિનાથ ભગવાન્‌માં સઘળાં દર્શન છે; કેમ કે છ અંગોમાં સ્તવનકારશ્રીએ છ દર્શનોને લઈ લીધાં છે. તેથી નમિનાથ ભગવાનમાં સ્તવનકારશ્રીના અભિપ્રાય અનુસાર જૈનદર્શન પણ સર્વદર્શનમાં નથી માત્ર મસ્તક સ્થાનીય છે. અને તે છએ દર્શનોમાં જિનવરની ભજના છે. તે પ્રમાણે જૈનદર્શનમાં પણ જિનવરની ભજના છે. અને તે સ્તવનકારશ્રી દૃષ્ટાંતથી બતાવે છે –

સાગરમાં બધી નદીઓ હોય છે; કેમ કે બધી નદીઓના જલના સમૂહતુલ્ય સાગર છે. અને નદીમાં સાગરનો સમાવેશ થાય નહીં. પરંતુ સાગરના એક અંશનો જ સમાવેશ થાય.

તેમ જિનરૂપી પુરુષમાં છએ દર્શનો સમાવેશ પામે છે અને છએ દર્શનોમાં જિનરૂપી પુરુષ ભજનાથી પ્રાપ્ત થાય છે. આ પ્રકારની સ્તવનકારશ્રીએ કલ્પના કરી છે. તત્ત્વ બહુશ્રુતો વિચારે. ॥૬॥

**ગાથા :-**

**જિનસ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;**
**ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે. ષડ્૦ ૭**

**ગાથાર્થ :-**

**જિનસ્વરૂપને જાણીને જિનને જે આરાધે તે સહી જિનવર હોવે. ભૃંગી=ભમરી ઈલિકાને ચટકો આપે તે=ઈલિકા ભૃંગી થાય=ભમરી થાય એમ જગ જુએ છે. ॥૭॥**

**ભાવાર્થ :-**

જેઓને વીતરાગના પારમાર્થિક સ્વરૂપનો બોધ થયો છે, તેઓને જિન પ્રત્યે રાગ થાય છે અને તેઓને છ દર્શનનો સમ્યગ્ બોધ ભગવાનના શાસનના બોધરૂપ છે. તેથી છ દર્શનના અધ્યયન દ્વારા જેને આ ભગવાન જ સર્વજ્ઞ અને વીતરાગ છે તેવો નિર્ણય થયો છે અને તેવો નિર્ણય કરીને જિન થવાના ઉપાયરૂપ જિનશાસનને આરાધે છે. અર્થાત્ જિને કહેલાં સર્વ અનુષ્ઠાનો સેવે છે. તેઓ તે જિનની આરાધના કરીને જિનતુલ્ય થાય છે.

જેમ કોઈ મહાત્મા ભગવાનના વચનના પરમાર્થને જાણીને વિચારે કે, મારી ભૂમિકા અનુસાર ભગવાનની આજ્ઞા શું છે અને તે આજ્ઞાનું સ્મરણ કરીને શક્તિના પ્રકર્ષથી તે રીતે આરાધના કરે અને સદા તે મહાત્મા જિનવચનને વિશેષ વિશેષ જાણવા યત્ન કરે, જાણીને સ્થિર કરવા યત્ન કરે અને તે મહાત્મા અપ્રમાદભાવથી શક્તિ અનુસાર ઉચિત અનુષ્ઠાન સદા સેવવા યત્ન કરે તો તે મહાત્મા સદા ભગવાનના વચનનું સ્મરણ કરીને સ્વભૂમિકા અનુસાર જિનની આરાધના કરે છે. અને તેના ફળરૂપે ઉત્તર-ઉત્તરની ભૂમિકાને પામીને અંતે જિન થાય છે.

જેમ ભમરી ઇયળોને લાવીને માટીનાં ઘરોને કરીને તેમાં ડંખ દઈને ઇયળને પૂરે છે. ત્યારપછી તે ઘરની આસપાસ સતત ગુંજારવ કરતાં ફરે છે અને ભમરીના ડંખથી વ્યાકુળ થયેલી ઇયળ તે ભમરીના અવાજને સાંભળીને ભયથી સતત ભમરીનું ધ્યાન કરે છે. તેથી તે ઇયળ મરીને તે જ શરીરમાં ભમરીરૂપે ઉત્પન્ન થાય છે. તેથી ભમરીના ધ્યાનથી ઇયળ ભમરીને અનુકૂળ કર્મ બાંધીને જેમ ભમરી થાય છે તેમ જે મહાત્મા સર્વકૃત્યોમાં જિનનું સ્મરણ કરીને જિન વચનાનુસાર સર્વ પ્રવૃત્તિઓ કરે છે. તે સદા જિનના ધ્યાનથી ઉત્તર-ઉત્તરની ભૂમિકાને પ્રાપ્ત કરીને અંતે જિનતુલ્ય થાય છે. ફક્ત નાસ્તિક દર્શનને હેયરૂપે સ્વીકારીને જે જિનની આરાધના કરે છે અને અન્ય દર્શનોમાં જેટલા અંશથી જિનવચનાનુસારિતા છે, તેને યથાર્થ ધારણ કરીને આરાધના કરે છે, તે જિનના સ્વરૂપની આરાધના કરનાર છે. ॥૭॥

**અવતરણિકા :-**

**પૂર્વમાં કહ્યું કે ષડ્દર્શનના અભ્યાસથી જિનના સ્વરૂપને જાણીને જે જિનને આરાધે છે તે જિનતુલ્ય થાય છે. હવે જેમ ષડ્દર્શનના સમુદાયરૂપ ભગવાનનું વચન છે તેમ ચૂર્ણિ આદિ પણ તેનાં અંગો છે. તેથી ચૂર્ણિ આદિથી નિરપેક્ષ ભગવાનના આગમનો બોધ કરીને જિનની ઉપાસના કરનાર જિનનો આરાધક નથી. તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**ચૂરણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે;**
**સમયપુરુષનાં અંગ કહ્યાં એ, જે છેદે તે દુરભવ રે. ષડ્૦ ૮**

**ગાથાર્થ :-**

**ચૂર્ણિ=શાસ્ત્રોના અર્થોનો બોધ કરાવવા અર્થે પૂર્વના ઋષિઓ વડે રચાયેલી ચૂર્ણિ, ભાષ્ય, સૂત્રની નિર્યુક્તિ, વૃત્તિ=ટીકા અને ગુરુપરંપરા તથા સ્વઅનુભવ એ સર્વ શાસ્ત્રપુરુષનાં અંગ કહ્યાં છે. જે છેદે=જે તેનો અપલાપ કરે તે દુર્ભવ્ય છે. ॥૮॥**

**ભાવાર્થ :-**

ભગવાનનું આગમ દ્વાદશાંગીરૂપ છે અને તે દ્વાદશાંગીમાંથી છ દર્શનો ઉત્પન્ન થયાં છે. તેથી ભગવાનનું આગમ છ દર્શન સ્વરૂપ છે અને તે દ્વાદશાંગીના ગંભીર અર્થને સ્પષ્ટ કરવા અર્થે પૂર્વમાં વિશિષ્ટ પુરુષોએ ચૂર્ણિની રચના, ભાષ્યની રચના, સૂત્રો ઉપર નિર્યુક્તિની રચના અને વૃત્તિ=ટીકાઓ કરી છે. તે સર્વથી જ જિનવચનના પરમાર્થનો બોધ થાય છે. વળી, કેટલાક પદાર્થોનો ગુરુપરંપરાથી નિર્ણય થાય છે. વળી, શાસ્ત્રવચનને અનુસરનારી યુક્તિથી અને સ્વઅનુભવથી પદાર્થનો નિર્ણય થાય છે. તેથી ભગવાનના આગમરૂપ પુરુષના અંગભૂત ચૂર્ણિ આદિ સર્વ છે. માટે જેઓ આગમને સ્વીકારે અને ચૂર્ણિ આદિનો અપલાપ કરે તેઓ આગમના વાસ્તવિક પરમાર્થને પ્રાપ્ત કરી શકે નહીં. અને ભગવાનના આગમનો અપલાપ કરનારા એવા તેઓ ભગવાનની આરાધના માટે અયોગ્ય છે. તેથી તેઓ દુર્ભવ્ય છે. માટે કલ્યાણના અર્થીએ ચૂર્ણિ આદિ અનુસાર શાસ્ત્રનો યથાર્થ બોધ કરીને જિનવચનની આરાધના કરવી જોઈએ. જેથી જિનતુલ્ય થઈ શકાય. **॥૮॥**

**અવતરણિકા :-**

**વળી, ભગવાનના શાસનના પરમાર્થને જાણ્યા પછી જિનવચનાનુસાર કઈ રીતે ક્રિયા કરવાથી ક્રિયાઅવંચકની પ્રાપ્તિ થાય, જેથી તે સિવાયની ક્રિયા જિનતુલ્ય થવાનું કારણ નથી તેનો નિર્ણય થાય તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**મુદ્રા બીજ ધારણા અક્ષર, ન્યાસ અરથ-વિનિયોગે રે;**
**જે ધ્યાવે તે નવિ વંચીજે, ક્રિયાઅવંચક ભોગે રે. ષડ્૦ ૯**

**ગાથાર્થ :-**

**જે પુરુષ મુદ્રા, બીજ, ધારણા, અક્ષરન્યાસ અને અર્થના વિનિયોગે ધ્યાવે=જિનનું ધ્યાન કરે, તે ક્રિયા અવંચકના ભોગે=ક્રિયા અવંચકના**

**આભોગથી=ઉપયોગથી, નવિ વંચીજે=ઠગાય નહીં=જિનસ્વરૂપ થવાના યત્નમાં ઠગાય નહીં, પરંતુ ઉચિત યત્ન કરી શકે. ।।૯।।**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્મા જિનવચનાનુસાર ચૂર્ણિ આદિથી અર્થનો નિર્ણય કર્યા પછી સર્વ ઉચિત ક્રિયાઓ કરીને જિનની આરાધના કરે ત્યારે કોઈ અનુષ્ઠાનકાળમાં જિનમુદ્રાના સ્વરૂપનો વિનિયોગ કરે. અર્થાત્ આ જિનની મુદ્રા યોગનિરોધ અવસ્થાને દર્શાવનાર છે, માટે યોગનિરોધ અવસ્થાના ઉપયોગને સ્પષ્ટ કરીને જિનનું ધ્યાન કરે. વળી, ધ્યાનકાળમાં કોઈક મંત્રોનું સ્મરણ કરે. જેમ "ૐ ઋષભાય નમઃ !" ત્યારે તે બીજ અક્ષરોના અર્થોનો વિનિયોગ કરે. અર્થાત્ તે બીજ અક્ષરોના પરમાર્થને જાણીને તેના બળથી જિનનું ધ્યાન કરે અને બુદ્ધિમાં જે સૂત્રાદિ ઉચ્ચારણકાળમાં પૂર્વ પૂર્વના અર્થોની ધારણાપૂર્વક બોલાતાં સૂત્રોના અક્ષરોનો ન્યાસ=જિનપ્રતિમા અને તે બોલાતાં સૂત્રોમાં અર્થોનો વિનિયોગ કરે. જેમ ચૈત્યવંદન કાળમાં 'નમુત્થુણં' આદિ સૂત્રોના અક્ષરોમાં જિનપ્રતિમામાં અને તે સૂત્રોના અર્થોમાં, પૂર્વ-અપર વચનોમાં, ધારણાપૂર્વક જિનના પારમાર્થિક સ્વરૂપને ઉપસ્થિત કરે તે રીતે ચૈત્યવંદનાદિ ક્રિયા દ્વારા જિનનું ધ્યાન કરે તે પુરુષ ચૈત્યવંદનાદિ ક્રિયાના અવંચકના ઉપયોગથી જિનતુલ્ય થવામાં ઠગાય નહીં, પરંતુ અવશ્ય તે તે ક્રિયા સ્વભૂમિકાનુસાર અસંગ પરિણામની પ્રાપ્તિ દ્વારા જિનની આસન્ન-આસન્નતર અવસ્થાને પ્રાપ્ત કરે છે. **।।૯।।**

**અવતરણિકા :-**

**વળી, સ્તવનકારશ્રી પોતાની હૈયાની વ્યથા ભગવાન પાસે વ્યક્ત કરતાં કહે છે –**

**ગાથા :-**

**શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરુ તથાવિધ ન મિળે રે;**
**કિરિયા કરી નવિ સાધી શકીએ, એ વિષવાદ ચિત્ત સઘળે રે.**

**ષડ્૦ ૧૦**

**ગાથાર્થ :-**

**શ્રુત અનુસાર હું વિચારીને બોલું છું. સુગુરુ તેવા પ્રકારના કોઈ મળતા નથી. જેના કારણે ક્રિયા કરીને સાધી શકતા નથી. એ વિખવાદ ચિત્તમાં સઘળો વર્તે છે. ।।૧૦।।**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી વર્તમાનકાળની સ્થિતિ જોઈને ભગવાન પાસે પોતાની હૈયાની વ્યથા વ્યક્ત કરતાં કહે છે. મુદ્રા, બીજ આદિના વિનિયોગથી ધ્યાન કરવામાં આવે તો ક્રિયાઅવંચકની પ્રાપ્તિ થાય. એમ જે મેં કહ્યું છે તે શ્રુત અનુસાર વિચારી હું બોલું છું. પરંતુ તે પ્રકારે સમ્યગ્ યત્ન કરવામાં પ્રબળ સહાયક બને તેવા પ્રકારના સુગુરુ કોઈ મળતા નથી. તેથી હું ભગવાને બતાવેલી ક્રિયા કરીને પણ તે પ્રકારના ક્રિયાઅવંચકને સાધી શકતો નથી અને તેના કારણે ચિત્તમાં સર્વ પ્રવૃત્તિ કરતી વખતે વિખવાદ થાય છે અર્થાત્ ચિત્તમાં પ્રશ્ન ઊભો થાય છે કે, કઈ રીતે ઉચિત ક્રિયા કરીને હું ક્રિયા અવંચકને પ્રાપ્ત કરું ? એ વિખવાદ સંયમની સર્વ ક્રિયા કાળમાં થાય છે. **।।૧૦।।**

**ગાથા :-**

**તે માટે ઊભો કર જોડી, જિનવર આગળ કહીએ રે;**
**સમય-ચરણ-સેવા શુદ્ધ દેજો, જિમ 'આનંદઘન' લહીએ રે.**

**ષડ્૦ ૧૧**

**ગાથાર્થ :-**

**તે માટે=ચિત્તમાં વિખવાદ થાય છે તે માટે, હું બે કર જોડી=બે હાથ જોડીને ઊભો રહેલો એવો હું, જિનવર આગળ કહીએ=જિનવર આગળ કહું છું.**

શું કહું છું ? તે કહે છે –

**સમયચરણસેવા=શાસ્ત્રાનુસારી આપના ચરણની સેવા શુદ્ધ આપજો. જેમ આનંદઘન લહીએ=જેનાથી આનંદઘનરૂપ મોક્ષને હું પ્રાપ્ત કરું. ।।૧૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે, સુગુરુના વિરહને કારણે સ્તવનકારશ્રી વીતરાગતાની નિષ્પત્તિનું કારણ બને તેવી ક્રિયા સાધી શકતા નથી. તેના કારણે ચિત્તમાં વિખવાદ થાય છે. તે વિખવાદને ટાળવા માટે સ્તવનકારશ્રી હાથ જોડીને ભગવાન પાસે ઊભા રહે છે અને ઊભા રહીને ભગવાનની આગળ કહે છે -

હે ભગવન્ ! સમયચરણસેવા=શાસ્ત્રાનુસારી તમારા ચરણની શુદ્ધ સેવા, મને દેજો. જેથી તમારી ભક્તિ કરીને તમારા તુલ્ય થવાને અનુકૂળ એવી અવંચકક્રિયાને હું સાધી શકું અને જેના ફળરૂપે હું આનંદઘન પદને પ્રાપ્ત કરું.

એનાથી એ પ્રાપ્ત થાય કે, વિશેષ સુગુરુના અભાવને કારણે પરમગુરુ એવા તીર્થંકરનું આલંબન લઈને સ્તવનકાર, સુગુરુથી જે માર્ગ પ્રાપ્ત થઈ શકે તે માર્ગ પ્રાપ્ત કરવાની ઉત્કટ ઇચ્છા ભગવાન પાસે પ્રાર્થના કરીને પ્રગટ કરે છે. જે ઉત્કટ ઇચ્છા જ ભગવાનના અવલંબનથી તે પ્રકારની માર્ગાનુસારી બુદ્ધિ આપીને અવંચકક્રિયાને સાધી શકે. જેમ એકલવ્યએ દ્રોણાચાર્યની મૂર્તિનું અવલંબન લઈને ધનુર્વિદ્યાને સાધી. **॥૧૧॥**

## ૨૨. શ્રી નેમિનાથ જિન સ્તવન

(રાગ : મારુણી; વણરા ઢોલા-એ દેશી)

ગાથા :-

**અષ્ટ ભવાંતર વાલહી રે, તું મુજ આતમરામ, મનરા વાલા.**
**મુગતિ-સ્ત્રીશું આપણે રે, સગપણ કોઈ ન કામ. મન૦ ૧**

ગાથાર્થ :-

આઠ ભવાંતરની એવી તમારી ને મારી વાલહી પ્રીતિ એ આતમરામ છે=આત્મસાત્ થયેલી છે. માટે મુક્તિરૂપી સ્ત્રી સાથે આપણે સગપણનું કોઈ કામ નથી. ॥૧॥

ગાથા :-

**ઘર આવો હો વાલિમ ! ઘર આવો, મારી આશાના વિસરામ; મન૦**
**રથ ફેરો હો સાજન ! રથ ફેરો, સાજન મારા મનોરથ સાથ.**
**મન૦ ૨**

ગાથાર્થ :-

ઘર આવો હો વાલમ ઘર આવો=લગ્ન કરવા આવ્યા છો ત્યાંથી પાછા ના ફરો. પરંતુ હે વાલમ ! ઘર આવો. મારી આશાના વિસરામ તમે છો=તમે ઘેર આવો તો જ મારી આશા પૂર્ણ થાય તેમ છે. રથ ફેરો હે સાજન ! રથ પાછો વાળો. પરંતુ મને છોડીને જાવ નહીં. સાજન=નેમનાથ ભગવાન મારા મનોરથ સાથ=મારા મનોરથયુક્ત રથ ફેરવો. ॥૨॥

ગાથા :-

**નારી પખો સ્યો નેહલો રે, સાચ કહે જગનાથ; મન૦**
**ઈશ્વર અર્ધાંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ. મન૦ ૩**

ગાથાર્થ :-

નારી પક્ષનો નેહ શું છે. હે જગતનાથ ! તમે સાચું જાણો. ઈશ્વરે

અર્ધાંગે ધરી છે=નારીને મહાદેવે અર્ધઅંગરૂપે ધરી છે અને તમે મારો હાથ ઝાલતા નથી. ॥૩॥

ગાથા :-

**પશુજનની કરુણા કરી રે, આણી હૃદય વિચાર; મન૦**
**માણસની કરુણા નહિ રે, એ કુણ ઘર આચાર. મન૦ ૪**

ગાથાર્થ :-

હૃદયમાં વિચાર આણીને=લાવીને પશુજનની કરુણા કરી. માણસની કરુણા નહીં ! એ કયા ઘરનો આચાર છે ? ॥૪॥

ગાથા :-

**પ્રેમ-કલ્પતરુ છેદિયો રે, ધરિયો જોગ-ધતુર; મન૦**
**ચતુરાઈ રો કુણ કહો રે, ગુરુ મિલિયો જગસૂર. મન૦ ૫**

ગાથાર્થ :-

કલ્પવૃક્ષ જેવો મારો ને તમારો પ્રેમ તેને તમે છેદિયો અને ધૂતારા એવા યોગને=મારા પ્રેમનો છેદ કરાવે એવા ધૂતારા યોગને, તમે ધારણ કર્યો ? અને જગતના સૂર એવો કોણ ગુરુ મળ્યો ? જેણે તમને આવો માર્ગ બતાવ્યો. તમે કલ્પતરુ છેદિયો તેમાં ચતુરાઈ કોણ કહે ? અર્થાત્ કોઈ ચતુરાઈ નથી. ॥૫॥

ગાથા :-

**મારું તો એહમાં કાંઈ નહિ રે, આપ વિચારો રાજ; મન૦**
**રાજસભામાં બેસતાં રે, કિસડી બધસી લાજ. મન૦ ૬**

ગાથાર્થ :-

મારું તો એહમાં કંઈ નથી=મારું તો એમાં કંઈ નુકસાન નથી. રાજ ! એ આપ વિચારો. રાજસભામાં બેસતાં કેવી લાજ તમારી વાધશે અર્થાત્ તમારી અપકીર્તિ ફેલાશે. ॥૬॥

ગાથા :-

**પ્રેમ કરે જગજન સહુ રે, નિરવાહે તે ઓર; મન૦**
**પ્રીત કરીને છાંડી દે રે, તેસું ન ચાલે જોર. મન૦ ૭**

ગાથાર્થ :-

પ્રેમ કરે જગ જન સહુ રે=જગતના બધા જીવો પ્રેમ કરે છે. નિર્વાહ કોઈક કરે છે. અર્થાત્ તમે પ્રેમ કર્યો પણ નિર્વાહ કરતા નથી. જેથી કરીને છોડી દે તેની સામે જોર ચાલે નહીં. ॥૭॥

ગાથા :-

**જો મનમાં એહવું હતું રે, નિસપત કરત ન જાણ; મન૦**
**નિસપત કરીને છાંડતાં રે, માણસ હુવે નુકસાન. મન૦ ૮**

ગાથાર્થ :-

જો મનમાં એવું હતું=સંબંધ કરીને મારે છોડી દેવું છે એવું હતું, તો નિસપત કરતાં કેમ જાણ્યું નહીં=સંબંધ કરતાં કેમ વિચાર કર્યો નહીં. નિસપત કરીને=સંબંધ કરીને છાંડતાં માણસને નુકસાન થાય=દ્રોહ કર્યો કહેવાય. ॥૮॥

ગાથા :-

**દેતાં દાન સંવત્સરી રે, સહુ લહે વંછિત પોષ; મન૦**
**સેવક વંછિત નવિ લહે રે, તે સેવકનો દોષ. મન૦ ૯**

ગાથાર્થ :-

દાન સંવત્સરી દેતાં, વંછિતનું પોષણ સર્વ જીવો પ્રાપ્ત કરે છે. સેવક એવી હું=રાજુલ, વાંછિત લેતી નથી. એ સેવકનો દોષ છે=મારો દોષ છે. ॥૯॥

ગાથા :-

**સખી કહે એ સામળો રે, હું કહું લક્ષણ સેત; મન૦**
**ઇણ લક્ષણ સાચી સખી રે, આપ વિચારો હેત. મન૦ ૧૦**

ગાથાર્થ :-

સખી કહે છે એ શામળો રે=સખીઓ મશ્કરીમાં કહે છે તે શામળો છે અને હું કહું છું, લક્ષણયુક્ત છે. ઈણ લક્ષણ=સખીએ જે લક્ષણ કહ્યું તે સખી સાચી છે. આપ તે વાત વિચારો અર્થાત્ તમે મારી વાત જૂઠી પાડો છો એ વાત વિચારો. ।।૧૦।।

ગાથા :-

**રાગીશું રાગી સહુ રે, વૈરાગી શો રાગ; મન૦**
**રાગ વિના કિમ દાખવો રે, મુગતિ સુંદરી માગ. મન૦ ૧૧**

ગાથાર્થ :-

રાગીમાં સૌ રાગી, વૈરાગીનો શો રાગ=વૈરાગી પ્રત્યે કેવો રાગ હોય ! અને તમે રાગ વગરના હો તો મુક્તિસુંદરીનો માર્ગ કેમ દાખવો છો ? અર્થાત્ જો તમે વૈરાગી હો તો મુક્તિસુંદરીનો પણ રાગ હોવો જોઈએ નહીં. ।।૧૧।।

ગાથા :-

**એક ગુહ્ય ઘટતું નથી રે, સઘળો જાણે લોગ; મન૦**
**અનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગતરોગ. મન૦ ૧૨**

ગાથાર્થ :-

એ ગુહ્ય=ગંભીર વસ્તુ ઘટતી નથી=વૈરાગી વ્યક્તિ મુક્તિમાં રાગ રાખે તે ગંભીર વસ્તુ ઘટતી નથી. સઘળો લોક જાણે છે, બ્રહ્મચારી ગતરોગવાળા એવા તમે અનેકાંતિકને=વ્યભિચારી એવી મુક્તિસુંદરીને ભોગવશો. ।।૧૨।।

ગાથા :-

**જિણ જોણી તુમને જોઉં રે, તિણ જોણી જુવો રાજ; મન૦**
**એક વાર મુજને જુવો રે, તો સીજે મુજ કાજ. મન૦ ૧૩**

ગાથાર્થ :-

જે જોણીથી=જે દૃષ્ટિથી તમને હું જોઉં છું, તે દૃષ્ટિથી હે રાજ !=સ્વામી તમે મને જુઓ અને એકવાર મને જુઓ તો મારાં કાર્ય સિદ્ધ થાય. ॥૧૩॥

ગાથા :-

**મોહદશા ધરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વવિચાર; મન૦**
**વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર. મન૦ ૧૪**

ગાથાર્થ :-

મોહદશા ધરીને રાજુલે આ ભાવના કરી. ત્યાં ચિત્તમાં તત્ત્વનો વિચાર પ્રાપ્ત કરે છે. "હે પ્રાણનાથ ! તમે નિરધારપૂર્વક=દૃઢ નિર્ણયપૂર્વક વીતરાગતા આદરી છે." ॥૧૪॥

ગાથા :-

**સેવક પણ તે આદરે રે, તો રહે સેવક મામ; મન૦**
**આશય સાથે ચાલીએ રે, એહી જ રૂડું કામ. મન૦ ૧૫**

ગાથાર્થ :-

સેવક પણ તે આદરે=સેવક એવી હું તે આદરું=જે સ્વામી આદરે તે વીતરાગતાને આદરું તો રહે સેવક મામ=સેવકનું સ્વમાન સાચું રહે. આશય સાથે=ભગવાનની જેમ વીતરાગતાના આશય સાથે ચાલીએ. એ જ રૂડું કામ=એ જ મારા માટે સુંદર કામ છે. ॥૧૫॥

ગાથા :-

**ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમનાથ ભરથાર; મન૦**
**ધારણ પોષણ તારણો રે, નવ રસ મુગતાહાર. મન૦ ૧૬**

ગાથાર્થ :-

ત્રિવિધ યોગ ધરી=મન-વચન-કાયાના યોગને ધરીને નેમનાથ

**ભરથારને આદર્યો છે. મારું ધારણ=મારો સ્વીકાર, મારું પોષણ=મારો નિર્વાહ અને મારું તારણ=સંસારસાગરથી તારણ કરનાર એવા નવરસ=શાંતરસના મુક્તાહાર એવા નેમનાથ ભગવાન છે. ||૧૬||**

**ગાથા :-**

**કારણ રૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ-અકાજ; મન૦**
**કૃપા કરી મુજ દીજીએ રે, 'આનંદઘન'પદ રાજ. મન૦ ૧૭**

**ગાથાર્થ :-**

**કારણરૂપી પ્રભુ ભજ્યો રે=કારણ સ્વરૂપે મેં ભગવાનને ભજ્યા છે= સ્તવનકારશ્રીએ મોક્ષના કારણરૂપે નેમનાથ ભગવાનને ભજ્યા છે. અને કાર્ય-અકાર્યને ગણ્યું નથી. માટે કૃપા કરીને મને હે રાજ ! આનંદઘન પદ આપો. ||૧૭||**

**ભાવાર્થ :-**

સામાન્યથી અતિરાગી સ્ત્રીને પતિ પ્રત્યેનો સ્નેહ હોય અને ઘણા ભવનો સ્નેહ ચાલ્યો આવતો હોય અને કોઈક કારણથી તે સ્નેહ તૂટે ત્યારે તે કેવા વિચારો કરે તે સર્વને સામે રાખીને સ્તવનકારશ્રીએ રાજુલના ભાવોને નેમનાથ ભગવાનને ઉપાલંભ આપતા શબ્દોથી અભિવ્યક્ત કરેલ છે.

મોહદશા ધરીને આ રીતે ઉપાલંભ આપતાં-આપતાં ભૂતકાળની ઘણા ભાવોની આરાધનાને કારણે રાજુલના ચિત્તમાં જે પ્રકારનો તત્ત્વનો વિચાર પ્રગટે છે, તે બતાવતાં કહે છે –

હે પ્રાણનાથ ! તમે રાગદશાને ત્યાગ કરીને વીતરાગતા આદરી છે. તે વીતરાગતાને પ્રાપ્ત કરવાનો નિર્ધાર મેં કર્યો છે. અને આ પ્રકારનો નિર્ધાર કર્યા પછી ભગવાનના સેવકભાવને ધારણ કરીને રાજુલ કહે છે કે, હું પણ વીતરાગતાને આદરું, તો સાચો સેવકભાવ રહે અને જે આશયથી નેમનાથ ભગવાન વીતરાગ થવા માટે ચાલ્યા છે તે આશયથી સાથે પોતે ચાલે તો એહ જ રૂડું કામ થાય=મારું સુંદર કામ થાય.

વળી, મારા ભર્તાર એવા નેમનાથ ભગવાનને પૂર્વે પતિ તરીકે ત્રિવિધ યોગથી મેં આદર્યા હતા. હવે સેવકભાવથી મેં ત્રિવિધ યોગથી આદરણ કર્યા છે. તેથી મારું ધારણ=ભગવાન મારો સ્વીકાર કરીને મને દીક્ષા આપશે અને સંયમની ઉચિત પ્રવૃત્તિઓ કરાવીને મારું પોષણ કરશે. અને ચાર ગતિ-આત્મક આ સંસારમાંથી મને તારનારા થશે. જેથી નવમા રસરૂપ જે શાંતરસ છે, તેના મુક્તાહાર મારા માટે નેમનાથ ભગવાન થશે.

હવે સ્તવનકારશ્રી કહે છે કે, હે નેમનાથ ભગવાન ! રાજુલનો આ સંવાદ બતાવીને મેં તમને કારણ રૂપે ભજ્યા છે=મારા મોક્ષના કારણરૂપ ભજ્યા છે. પરંતુ કાર્ય-અકાર્યને મેં ગણ્યું નથી અર્થાત્ રાજુલની આ મોહદશાનું વર્ણન તે તમારી આગળ કરવું તે કાર્ય છે કે અકાર્ય છે તેનો મેં વિચાર કર્યો નથી. પણ તમે મારા મોક્ષના કારણ છો તે માટે મેં ભજ્યા છે. માટે મને કૃપા કરીને આનંદઘન રૂપ મોક્ષનું રાજ્ય આપો. **॥૧ થી ૧૭॥**

# ૨૩. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન-૧

(રાગ : શાન્તિ જિન એક મુજ વિનતિ-એ દેશી)

**ગાથા :-**

**પાસજિન તાહરા રૂપનું, મુજ પ્રતિભાસ કેમ હોય રે;**
**તુઝ મુજ સત્તા એકતા, અમલ વિમલ અકલ જોય રે. પાસ૦ ૧**

**ગાથાર્થ :-**

**હે પાર્શ્વનાથ ભગવાન ! તાહરા રૂપનું=સર્વકર્મરહિત એવી અવસ્થાવાળા ભગવાનના રૂપનું, મુજને કિમ પ્રતિભાસ થાય ? અર્થાત્ સ્તવનકારશ્રી ભગવાનના તે રૂપને જાણવાની જિજ્ઞાસાથી કઈ રીતે ભગવાનનો પ્રતિભાસ થાય એ પ્રકારનો પ્રશ્ન કરે છે. છતાં સામાન્યથી ભગવાનનું સ્વરૂપ કેવું છે તે શબ્દથી વ્યક્ત કરે છે.**

**તમારી અને મારી સત્તામાં એકતા છે=સમાનતા છે. અમલ છે=મલરહિત તમારી-મારી સત્તા છે. વિમલ છે=વિશેષ પ્રકારે નિર્મળ છે. અકળ છે=છદ્મસ્થના જ્ઞાનથી ન કળી શકાય તેવી જોવાય છે. ॥૧॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી પાર્શ્વનાથ જિનને કહે છે કે, તમારું પારમાર્થિક રૂપ અતિરમ્ય છે. છતાં મને તેનો સ્પષ્ટ પ્રતિભાસ થતો નથી, તેથી જ મારું ચિત્ત સદા તમારા સ્વરૂપમાં લીન કરીને હું તમારા તુલ્ય થવા સમર્થ બની શકતો નથી. પરંતુ તેનો મને પ્રતિભાસ કેમ થઈ શકે તે બતાવો. આ પ્રકારે જિજ્ઞાસા કરીને ભગવાનના પારમાર્થિક સ્વરૂપને વિશેષ-વિશેષ જાણવા માટે સ્તવનકારશ્રી ઊહ કરે છે. જેથી પૂર્વ પૂર્વ કરતાં અધિક પરમાત્માના સ્વરૂપને જોઈ શકે તો કંઈક એમાં લીનતા પ્રાપ્ત થાય. અન્યથા પુદ્ગલના રૂપને જોવાની અને તેમાં લીન થવાની દૃષ્ટિ અનાદિથી સુઅભ્યસ્ત થયેલી છે. તેથી ભગવાનના રૂપને જોવાની જિજ્ઞાસા હોવા છતાં વારંવાર ઇન્દ્રિયો જીવને વિષયાંતરમાં લઈ જઈને પરમાત્માના પારમાર્થિક સ્વરૂપના પ્રતિભાસ કરવામાં જીવને અસમર્થ કરે છે. તેથી સ્તવનકારશ્રી ભગવાનના અવલંબનથી ભગવાનના પારમાર્થિક સ્વરૂપને જોવાની ઇચ્છા કરે

છે. આ રીતે ઇચ્છા કર્યા પછી ગાથાના ઉત્તરાર્ધથી શ્રુતના બળથી જે ભગવાનનું સ્વરૂપ કંઈક પોતે જાણ્યું છે તે શબ્દ દ્વારા વ્યક્ત કરીને તેના બળથી ભગવાનના પારમાર્થિક સ્વરૂપને વિશેષ જાણવા અર્થે કહે છે.

તમારી અને મારી સત્તાની એકતા છે. અર્થાત્ જેમ તમારી અરૂપી ચેતના છે તેવી મારી પણ અરૂપી ચેતના છે. તેથી પુદ્ગલના સંગ વગર તમારી સત્તા અને મારી સત્તામાં કોઈ ભેદ નથી. ફક્ત તમારી સત્તા, કર્મ દૂર થવાથી વ્યક્ત થયેલી છે. કેવલજ્ઞાનમાં તમને સ્પષ્ટ દેખાય છે. અને તમારા તુલ્ય મારી સત્તા હોવા છતાં કર્મથી દબાયેલી છે અને મતિજ્ઞાનથી તે સત્તા શ્રુતના અવલંબન દ્વારા કંઈક જણાવા છતાં સ્પષ્ટ દેખાતી નથી. તોપણ પારમાર્થિક તમારી સત્તા ને મારી સત્તામાં સર્વથા સમાનતા છે. વળી, તે સત્તા કર્મમલ વગરની છે. ફક્ત તમારી તે સત્તા કર્મ દૂર થવાથી કર્મમલ વગરની પ્રગટ છે. મારી કર્મમલ વગરની સત્તા શક્તિરૂપે હોવા છતાં અત્યારે વ્યક્ત નથી. પરંતુ તમારી સત્તાનું દર્શન થાય અને તેમાં તન્મયતા આવે તો કર્મમલ દૂર થાય અને કર્મમલ દૂર થાય તો મારી સત્તા વ્યક્ત થાય. માટે તમારા સ્વરૂપના પ્રતિભાસની હું ઇચ્છા કરું છું, એમ સ્તવનકારશ્રી કહે છે.

વળી, સ્ફટિક જેમ નિર્મળ છે, તેમ ભગવાનની અને મારી સત્તા પણ નિર્મળ છે. અર્થાત્ વિમલ છે. અને છદ્મસ્થ જીવોથી કળી શકાય તેવી નથી; કેમ કે છદ્મસ્થનું જ્ઞાન આવરાયેલું છે. અને જે ક્ષયોપશમ ભાવનું જ્ઞાન છે. તે રૂપી દ્રવ્યને જ જોઈ શકે છે. અરૂપી દ્રવ્યનું કંઈક ઝાંખું-ઝાંખું જ્ઞાન કરી શકે છે. તેથી અરૂપી એવી મારી સત્તા અકળ છે.

આથી જ શબ્દોના બળથી પરમાત્માનું કંઈક રૂપ પ્રતિભાસ થયેલું છે, તોપણ સ્તવનકારશ્રી ભગવાનને કહે છે, તમારા રૂપનો મને કેમ પ્રતિભાસ થશે તેમ કહો ? **॥૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે, તમારીને મારી સત્તાની એકતા છે. તેથી હવે કઈ દષ્ટિએ ભગવાનની ને પોતાની સત્તાની એકતા છે અને કઈ દષ્ટિએ ભિન્નતા છે તે સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**મુઝ પ્રવચન પક્ષથી, નિશ્ચય ભેદ ન કોય રે;**
**વિવહારે લખ દેખીએ, ભેદ પ્રતિભેદ બહુ હોય રે. પાસ૦ ૨**

**ગાથાર્થ :-**

**પ્રવચનના પક્ષથી=પ્રવચનના વચનથી મારો નિશ્ચયનયથી કોઈ ભેદ નથી=તમારા ને મારા સ્વરૂપમાં કોઈ ભેદ નથી. વ્યવહારનયથી લાખો ભેદ દેખાય છે, ભેદ-પ્રતિભેદ ઘણા દેખાય છે. ।।૨।।**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી ભગવાનને કહે છે, તમારા પ્રવચનના પક્ષપાતથી જો હું વિચારું તો પ્રવચનમાં બે નયો કહ્યા છે :- (૧) નિશ્ચયનય, (૨) વ્યવહારનય. તે બંને નયથી પદાર્થનું સ્વરૂપ જોવામાં આવે તો યથાર્થ સ્વરૂપનો બોધ થાય અને તે બોધ કરવા અર્થે પ્રથમ નિશ્ચયનયથી જોઈને સ્તવનકારશ્રી કહે છે !

નિશ્ચયનયથી તમારો ને મારો કોઈ ભેદ નથી; કેમ કે નિશ્ચયનય બે દ્રવ્યોનું પરસ્પર સંક્રમણ સ્વીકારતો નથી. તેથી સંસારી જીવો પણ જીવ છે અને કર્મ પુદ્ગલ કે શરીર પુદ્ગલ તે પુદ્ગલ છે. જીવ શરીર બની જતું નથી કે શરીર જીવ બનતું નથી. તેથી શરીરનાં પુદ્ગલોથી અને કર્મનાં પુદ્ગલોથી પૃથક્ એવા પોતાના સ્વરૂપને જોનારી નિશ્ચય દૃષ્ટિથી જોવામાં આવે તો પરમાત્માનું સ્વરૂપ અને પોતાનું સ્વરૂપ સમાન હોવાથી કોઈ ભેદ નથી.

વળી, વ્યવહારનયથી જોવામાં આવે તો સંસારી જીવોના પરસ્પર લાખો ભેદ મળે. તેથી ભગવાનનો અને પોતાનો ભેદ તો છે જ. પરંતુ સંસારી જીવોના પ્રતિભેદો પણ ઘણા છે.

આશય એ છે કે, વ્યવહારનય સંસારી જીવોને કર્મ સાથે અને દેહ સાથે એકમેક સ્વરૂપે દેખાડે છે. અને તે દૃષ્ટિથી વિચારીએ તો પરમાત્મા તુલ્ય કેવલજ્ઞાન, વીતરાગતા આદિ ભાવો પોતાનામાં ક્યાંય દેખાતા નથી. પરંતુ જ્ઞાનની અને અવીતરાગભાવની તરતમતાથી લાખો ભેદો દેખાય છે. તેથી સંસારી જીવોમાં કોઈકને એકદમ અલ્પજ્ઞાન છે. કોઈકને કંઈક અધિક છે, તો

વળી ભગવાનની આગળ ૧૪ પૂર્વધરનું જ્ઞાન પણ અલ્પ જ છે. માટે કર્મયુક્ત આત્મામાં ઘણા ભેદ-પ્રભેદોની પ્રાપ્તિ છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**વળી, નિશ્ચયનયની દૃષ્ટિથી વિચારીએ તો સંસાર અને મોક્ષ પણ નથી અને વ્યવહારનયથી સંસાર અને મોક્ષ છે. તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**બંધન મોખ નહિ નિશ્ચયે, વિવહારે ભજ દોય રે;**
**અખંડિત અબાધિત સોય કદા, નિત અબાધિત સોય રે. પાસ૦ ૩**

**ગાથાર્થ :-**

**નિશ્ચયે=નિશ્ચયનયથી બંધ અને મોક્ષ નથી. વ્યવહારનયથી ભજ=ભજનાથી બેય છે. જ્યારે બંધ છે ત્યારે મોક્ષ નથી અને જ્યારે મોક્ષ હોય ત્યારે બંધ નથી. એ ભજના છે. અખંડિત એવો તે અબાધિત ક્યારેક છે=વ્યવહારનયથી મોક્ષમાં જાય ત્યારે છે અને નિશ્ચયનયથી અખંડિત એવો તે નિત્ય=સંસાર અવસ્થામાં અને મુક્ત અવસ્થામાં સદા, અબાધિત છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

નિશ્ચયનયથી વિચારીએ તો શુદ્ધ આત્માને જોનારી, નિશ્ચયની દૃષ્ટિ સંસાર અવસ્થામાં પણ આત્માને શુદ્ધ જ દેખાડે છે. તેથી સંસાર અવસ્થામાં પણ આત્માને કર્મનો બંધ નથી અને મોક્ષ પણ નથી=કર્મબંધ નથી માટે કર્મથી મુક્ત થવા રૂપ મોક્ષ નથી. પરંતુ આત્મા નિત્ય મુક્ત જ છે અર્થાત્ સદા કર્મથી પૃથક્ જ છે; કેમ કે એક ક્ષેત્રમાં અણુતણુની જેમ રહેલાં કર્મપુદ્ગલો પણ આત્મારૂપ બનતાં નથી અને આત્મા પણ કર્મપુદ્ગલરૂપ બનતો નથી. વસ્તુતઃ આત્મા ને કર્મપુદ્ગલ પોતપોતાના સ્વભાવમાં વર્તે છે. માટે આત્માને બંધ અને આત્માનો મોક્ષ નિશ્ચયનય સ્વીકારતું નથી.

વ્યવહારનય દેખાતા પદાર્થને જોઈને વ્યવહાર કરે છે. તેથી વ્યવહારનય

કહે છે કે, સંસાર અવસ્થામાં કર્મોનો બંધ છે, પરંતુ મોક્ષ નથી. અને મુક્ત અવસ્થામાં બંધ નથી, પરંતુ મોક્ષ છે. આ પ્રકારે બંધ અને મોક્ષની ભજના છે.

વળી, દરેક આત્માઓ અખંડિત એક દ્રવ્ય છે અને વ્યવહારનયની દૃષ્ટિથી અખંડિત એવો આત્મા ક્યારેક અબાધિત છે=કર્મોથી મુક્ત થાય છે ત્યારે અબાધિત છે, સદા અબાધિત નથી અને સંસાર અવસ્થામાં કર્મથી બાધા પામેલ છે. અર્થાત્ કર્મકૃત અનેક પ્રકારના ઉપદ્રવોને પ્રાપ્ત કરે છે.

વળી, નિશ્ચયનયથી અખંડિત એવો આત્મા નિત્ય અબાધિત છે; કેમ કે આત્મદ્રવ્ય સાથે કર્મપુદ્ગલો એકમેક નહીં થતાં હોવાથી આત્માના અવ્યાબાધસુખને તે બાધ કરી શકતાં નથી. માટે આત્મા સદા માટે સર્વ બાધાઓથી પર છે. ॥૩॥

**અવતરણિકા :-**

**ભગવાનની સાથે પોતાનું જે વ્યવહારનયથી અંતર છે, તેને દૂર કરવામાં ભગવાન કઈ રીતે કારણ છે, તે સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**અન્વય હેતુ વ્યતિરેકથી, અંતરો તુઝ મુઝ રૂપ રે;**
**અંતર મેટવા કારણે, આતમસ્વરૂપ અનૂપ રે. પાસ૦ ૪**

**ગાથાર્થ :-**

**વ્યતિરેકથી=ભગવાન અને પોતાના વચ્ચે ભેદ હોવાથી, તમારા અને મારા રૂપમાં જે આંતરું છે, તેનો અન્વયનો હેતુ=તે આંતરાને દૂર કરીને એકતાનો હેતુ, તમે છો=ભગવાન છે.**

**અંતર મેટવા કારણે=તમારા ને મારા વચ્ચે જે અંતર છે, તેને દૂર કરવાને માટે આતમ સ્વરૂપ અનુપ=મારા આત્માનું સ્વરૂપ અનુપ છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

ભગવાનનું આત્મદ્રવ્ય અને પોતાનું આત્મદ્રવ્ય સ્વરૂપથી સર્વથા સમાન

નથી. તેથી તે બંને વચ્ચે વ્યતિરેક છે=ભેદ છે. અને તે ભેદને કારણે જ તમારા અને મારા રૂપમાં આંતરું છે અર્થાત્ તમે પૂર્ણજ્ઞાન સ્વરૂપ, મોહરહિત, અરૂપી ચેતના સ્વરૂપ છો અને હું અલ્પજ્ઞાનવાળો, મોહથી યુક્ત, કંઈક અંશથી રૂપી ચેતનાવાળો છું. મારા ને તમારા વચ્ચે જે આંતરું છે તેને દૂર કરીને અન્વયના હેતુ તમે છો. અર્થાત્ તમારી ઉપાસનાથી જો તમારામાં તન્મયતા આવે તો તમારા જેવી મોહરહિત, પૂર્ણજ્ઞાન સ્વરૂપ, અરૂપી ચેતના મારામાં પણ પ્રગટ થાય. તેથી તમારામાં ને મારામાં સદૃશતારૂપ અન્વયનો હેતુ તમે છો. તમારી ઉપાસનાથી જો મારા ને તમારા વચ્ચે અંતર મટે તો તે અંતર મટવાને કારણે મારા આત્માનું સ્વરૂપ તમારા તુલ્ય અનુપમ બને. અર્થાત્ જેવું તમારું અંતરંગ સ્વરૂપ છે તેવું જ મારું આત્મસ્વરૂપ પ્રગટ થાય. ॥૪॥

**અવતરણિકા :-**

**નિશ્ચયનયથી પોતાનો આત્મા અને પરમાત્માનો ભેદ નથી. અને જે ભેદ દેખાય છે, તે મિથ્યાઆરોપણને કારણે છે, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**આતમતા પરમાત્મતા, શુદ્ધ નય ભેદ ન એક રે;**
**અવર આરોપિત ધર્મ છે, તેહના ભેદ અનેક રે. પાસ૦ ૫**

**ગાથાર્થ :-**

**આતમતા એ જ પરમાત્મતા છે. તે પ્રકારના શુદ્ધ નયથી ભેદ ન=ભેદ નથી. એક રે=એક છે, અવર=કર્મજન્ય એવો આત્મા આરોપિત ધર્મ છે=પરમાત્મા સાથે તેનો જે ભેદ દેખાય છે તે આરોપિત ધર્મ છે. તેના=આરોપિત ધર્મવાળા જીવના ભેદ અનેક છે=અનેક ભેદો છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

જેમ બે સ્ફટિક હોય તો તે બે સ્ફટિકના સ્વરૂપમાં કોઈ ભેદ નથી. તેમ પરમાત્માના અને પોતાના આત્માના સ્વરૂપમાં શુદ્ધ નયને જોનારી દૃષ્ટિથી એકેય ભેદ નથી=સર્વ જીવોના આત્માઓ, શુદ્ધ નયની દૃષ્ટિથી પરમાત્મતુલ્ય છે.

અહીં પ્રશ્ન થાય કે, સંસારી જીવોમાં પરસ્પર જ્ઞાનકૃત, મોહના પરિણામકૃત કે દેહાદિના ભાવોકૃત જે ભેદો પ્રત્યક્ષથી દેખાય છે, તેથી પરમાત્માની સાથે આત્માનો અભેદ કઈ રીતે સ્વીકારી શકાય ? તેથી કહે છે –

પરમાર્થથી બધા આત્માઓ પરમાત્મતુલ્ય જ છે, તોપણ કર્મકૃત, ભાવોનું આત્મામાં આરોપણ કરીને તે આત્માના ધર્મો છે તેમ કહેવાય છે. તેથી સંસારી જીવોમાં દેખાતા ભેદોનું કારણ આરોપિત ધર્મ છે અને તે આરોપિત ધર્મના અનેક ભેદો છે. તેથી સંસારી જીવો બધા સદૃશ્ય દેખાતા નથી. આથી જ સંસારી જીવોમાં કર્મજન્ય મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ આરોપિત ધર્મો છે અને તે ધર્મોની તરતમતાથી તેના અનેક ભેદોની પ્રાપ્તિ છે. આથી જ સંસારવર્તી ચૌદ ગુણસ્થાનકો પણ આરોપિત ધર્મના ભેદથી જ ભેદવાળા છે. વસ્તુતઃ શુદ્ધ આત્માને જેમ કર્મ નથી, કર્મની ઉપાધિરૂપ ભાવો નથી, તેમ ચૌદે ગુણસ્થાનકો પણ નથી અને ચૌદે જીવસ્થાનકો પણ નથી. આ પ્રકારે શુદ્ધ નય કહે છે. તેથી શુદ્ધ નયથી આત્મા જ પરમાત્મારૂપ છે. માટે પરમાત્માના ધ્યાનથી આરોપિત ધર્મોનો નાશ થવાને કારણે પોતાનો આત્મા પણ પરમાત્મતુલ્ય બને છે. ॥૫॥

**અવતરણિકા :-**

**પરમાત્માની સાથે પોતાનો અભેદ કઈ અપેક્ષાએ છે, તે સ્પષ્ટ કરવા અર્થે બ્રહ્માદ્વૈતવાદી જે પ્રકારે બ્રહ્મની સાથે સર્વ જીવોનો અભેદ કરે છે તે ઉચિત નથી, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**ધરમી ધરમથી એકતા, તેહ મુજ રૂપ અભેદ રે;**
**એક સત્તા લખ એકતા, કહે તે મૂઢમતિ ખેદ રે. પાસ૦ ૬**

**ગાથાર્થ :-**

**ધરમથી ધર્મીની એકતા=મારા ધર્મથી ધર્મી એવી મારી જે એકતા છે. તેહ રૂપ મુજ=મારું તમારી સાથે અભેદ છે. એક સત્તા=પરમાત્મા અને મારી એક સત્તા એ રૂપ લખની એકતા=પરમાત્માની એકતા કહે તે**

**મૂઢમતિ ખેદ પામે છે=પરમાત્માની ઉપાસનામાં મિથ્યામતિ ધારણ કરે છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

પરમાત્મારૂપ ધર્મીની અરૂપી જ્ઞાનમય ચેતનારૂપ ધર્મની સાથે એકતા છે એવું જ મારું પણ સ્વરૂપ છે. તેથી મારો આત્મારૂપ ધર્મી પરમાત્માતુલ્ય અનંતજ્ઞાનાદિ અરૂપી ચેતનાવાળો છે, તે રૂપે મારો પરમાત્માની સાથે અભેદ છે. આમ છતાં પરમાત્મદ્રવ્યની સત્તા અને મારા આત્મદ્રવ્યની સત્તા એક નથી. તેથી પરમાત્માની ઉપાસના કરીને મારો આત્મા, પરમાત્મા થશે ત્યારે પણ પરમાત્મામાં પોતે વિલીન થશે નહીં, પરંતુ પરમાત્મા સદૃશ અરૂપી ચેતનાવાળો સિદ્ધ અવસ્થામાં રહેશે.

વળી, બ્રહ્માદ્વૈતવાદી માને છે કે, પરમાત્માની એક સત્તા છે, તેનાથી પૃથક્ સંસારી જીવોની કોઈ સત્તા નથી. તેથી જેઓ સાધના કરીને મુક્ત થાય છે તેઓ બ્રહ્મમાં વિલીન થઈ જાય છે. પોતાની સ્વતંત્ર સત્તાને ધારણ કરતા નથી. તેમ જે કહે છે તે પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોવામાં મૂઢમતિવાળા છે. તેથી પરમાત્માના પારમાર્થિક સ્વરૂપને જાણવામાં ખેદ પામે છે=ભ્રમને ધારણ કરે છે.

અહીં વિશેષ એ છે કે, શુદ્ધ દ્રવ્યાસ્તિકનય ઊર્ધ્વતા સામાન્ય અને તિર્યગ્ સામાન્ય સ્વીકારે છે. અને ઊર્ધ્વતા સામાન્યને જોનારી દૃષ્ટિથી વિચારીએ તો, એક જીવની પૂર્વ-ઉત્તર અવસ્થામાં એકતાની પ્રતીતિ છે. તેથી તે એક જીવ દેવ-નરક આદિ સર્વ ભવોમાં ભિન્ન-ભિન્ન દેખાતો હોવા છતાં એક જ છે; કેમ કે સર્વ ગતિઓમાં આત્મદ્રવ્ય અનુગત છે.

વળી, તિર્યગ્ સામાન્યને જોનારી દૃષ્ટિથી વિચારીએ તો બધા જ જીવ અને અજીવ દ્રવ્યોમાં સત્તા સામાન્ય છે. તેથી સત્તારૂપે બધા સદૃશ છે. અને ઊર્ધ્વતા સામાન્ય તથા તિર્યગ્ સામાન્યની દૃષ્ટિથી વિચારીએ તો એક સત્તાથી અતિરિકત કોઈ વસ્તુ નથી અને એક નયની દૃષ્ટિથી એકાંત ગ્રહણ કરીને બ્રહ્માદ્વૈતવાદ પ્રવર્તે છે. તેથી એકાંત નયની મૂઢમતિવાળા જીવો અનુભવસિદ્ધ દરેક જીવોમાં પરસ્પર ભેદ પણ જોઈ શકતા નથી. તેથી અન્ય નયનો અપલાપ કરે છે. **॥૬॥**

**અવતરણિકા :-**

હવે કઈ રીતે પરમાત્માની ઉપાસના કરવાથી પરમાત્મતુલ્ય થઈ શકાય છે. તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**ગાથા :-**

**આતમધરમ અનુસરી, રમે જે આતમરામ રે;**
**'આનંદઘન' પદવી લહે, પરમ આતમ તસ નામ રે. પાસ૦ ૭**

**ગાથાર્થ :-**

**આત્માના ધર્મોને અનુસરીને=પરમાત્માના આત્મામાં રહેલા શુદ્ધ ધર્મને અનુસરીને જે આતમરામ રમે=પરમાત્માતુલ્ય પોતાના આત્મામાં રમે તે આનંદઘન પદને લહે=આનંદઘન એવા પરમાત્માતુલ્ય પદને પામે, તેનું પરમાત્મા નામ છે=જે આનંદઘન પદને લહે તેનું પરમાત્મા નામ છે. ||૭||**

**ભાવાર્થ :-**

જેઓ પરમાત્મામાં વર્તતાં શુદ્ધ આતમ ધર્મને શ્રુતના બળથી જાણીને, તેના સ્વરૂપમાં જ ચિત્તને વારંવાર સ્થાપન કરે છે અને પરમાત્માના તે સ્વરૂપથી આત્માને ભાવિત કરે છે, તેઓનું ચિત્ત પરમાત્મતુલ્ય અસંગભાવમાં રમે છે. અને જેઓ અસંગભાવરૂપ આતમરામમાં રમનારા છે, તેઓ તે અસંગભાવના પ્રકર્ષથી વીતરાગ થાય છે, અંતે યોગનિરોધ કરે છે, જેના ફળરૂપે આનંદઘન સ્વરૂપ શુદ્ધ આત્માના ફળને પ્રાપ્ત કરે છે. જેઓ આનંદઘન પદને પામે છે, તેનું જ નામ પરમાત્મા છે. અન્ય કોઈ પરમાત્મા નથી અને પાર્શ્વનાથ ભગવાન તેવા પરમાત્મા થયા છે. તેથી તેમના સ્વરૂપને અવલંબીને સ્તવનકારશ્રી તેમના તુલ્ય થવા માટે ભગવાનના સ્વરૂપનું ગુણગાન કરે છે. ||૭||

# ૨૩. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન-૨

**ગાથા :-**

**પ્રણમું પદપંકજ પાર્શ્વના, જસ વાસના અગમ અનૂપ રે;**
**મોહ્યો મન મધુકર જેહથી, પામે નિજ શુદ્ધ સ્વરૂપ રે. પ્ર૦ ૧**

**ગાથાર્થ :-**

**પાર્શ્વનાથ ભગવાનના પદરૂપી કમળમાં હું પ્રણામ કરું છું. જેની વાસના=ભગવાનને પ્રણામ કરવાની વાસના અગમ અને અનુપમ છે.**

કેમ અનુપમ છે ? તેથી કહે છે –

**મોહ પામેલો મનરૂપી મધુકર જેહથી=ભગવાનના ચરણકમળમાં પ્રણામ કરવાની વાસનાથી, નિજ શુદ્ધ સ્વરૂપ પામે છે. માટે ભગવાનને કરાયેલો પ્રણામ અનુપમ છે. ।।૧।।**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી પાર્શ્વનાથ ભગવાનને સિદ્ધ સ્વરૂપે ઉપસ્થિત કરીને કહે છે કે, હે પાર્શ્વનાથ ભગવાન ! તમારા પદરૂપી કમળને હું પ્રણામ કરું છું અર્થાત્ મસ્તકથી તમને પ્રણામ કરું છું, વાણીથી પ્રણામ કરવાનું ઉચ્ચારણ કરું છું અને મનથી તે પ્રણામની ક્રિયા દ્વારા તમારા સ્વરૂપ પ્રત્યેની રાગની વૃદ્ધિના વ્યાપારને કરું છું. જે ભગવાનના ગુણો પ્રત્યેની રાગની વૃદ્ધિના વ્યાપારથી થયેલી વાસના અગમ છે. અર્થાત્ જેનો પરમાર્થ છદ્મસ્થ જીવો જાણી શકે તેમ નથી. યોગીઓને જ તે વાસના સ્વસંવેદનથી જણાય છે. વળી તે પ્રણામની વાસના અનુપમ છે. અર્થાત્ જેની ઉપમા ન આપી શકાય તેવી અનુપમ છે. કેમ અનુપમ છે ? તેથી કહે છે –

તમારા ગુણથી મોહ પામેલો તેવો મારો મનરૂપી મધુકર=મનરૂપી ભમરો તમારા ગુણો પ્રત્યે આવર્જિત થઈને સદા રહે છે. તેના બળથી મારો આત્મા શુદ્ધ સ્વરૂપને પામશે માટે તમને કરાયેલા નમસ્કારની વાસના અનુપમ છે અર્થાત્ તેની કોઈ ઉપમા આપી શકાય તેમ નથી. **।।૧।।**

**અવતરણિકા :-**

ભગવાનના પ્રણામથી કેમ પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થાય છે, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**ગાથા :-**

**પંક કલંક શંકા નહીં, નહિ ખેદાદિક દુઃખ દોષ રે;**
**ત્રિવિધ અવંચક જોગથી, લહે અધ્યાતમ સુખ પોષ રે. પ્ર૦ ૨**

**ગાથાર્થ :-**

**પંક કલંક શંકા નહીં=ભગવાનના સ્વરૂપમાં કાદવના કલંકની શંકા નથી અર્થાત્ કર્મરૂપી કાદવના લેપની શંકા નથી. વળી, ભગવાનના પ્રણામકાળમાં ખેદાદિક દુઃખને દેનારા દોષો નથી=ભગવાનના ગુણોમાં ઉપયુક્ત એવા મારા ચિત્તમાં ખેદ-ઉદ્વેગ આદિ નમસ્કાર ક્રિયાના દોષો નથી, જે દુઃખને દેનારા છે તેનો અભાવ છે. વળી, ત્રિવિધ અવંચકના યોગથી=યોગ અવંચક, ક્રિયા અવંચક, ફલ અવંચક, એ ત્રિવિધ અવંચકના યોગથી મારું મન અધ્યાત્મના સુખના પોષને લહે છે=અધ્યાત્મના ભાવોમાં જવાથી થતા સુખના પોષણને પ્રાપ્ત કરે છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી કહે છે કે, તમારા ચરણકમળમાં જ્યારે હું તમને નમસ્કાર કરું છું, ત્યારે હે પાર્શ્વનાથ ભગવાન ! સર્વ કર્મ રહિત, એવા અરૂપી જ્ઞાનમય ચેતના સ્વરૂપ હું તમને જોઉં છું. એથી તમારામાં કર્મરૂપ કાદવના કલંકની શંકા નથી. તેથી કર્મરહિત શુદ્ધ અવસ્થા રૂપે તમે મારી ભક્તિના વિષય બન્યા છો. વળી, નમસ્કારકાળમાં હું ભગવાનના સ્વરૂપને અત્યંત ઉપસ્થિત કરીને તેમના પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ અર્થે યત્ન કરું છું. તેથી મારી નમસ્કારની ક્રિયામાં ખેદ-ઉદ્વેગ આદિ જે ક્રિયામાં આઠ દોષો છે, તે સર્વનો અભાવ છે. તે

આઠેય દોષો, ભગવાનને નમસ્કારની ક્રિયાને નિષ્ફળ કરનારા હોવાથી દુઃખ રૂપ છે, તેવા ખેદાદિક દોષોથી રહિત તેવું મારું નિર્મળ ચિત્ત છે.

વળી, તમારા પ્રણામ કાળમાં મારામાં ત્રણેય અવંચકયોગો વર્તે છે. અર્થાત્ ગુણવાન એવા ભગવાનને ગુણવાનરૂપે જાણવા સ્વરૂપ યોગ અવંચક વર્તે છે. ગુણવાનને ગુણવાન સ્વરૂપ જાણ્યા પછી તેમના ગુણો પ્રત્યે રાગવૃદ્ધિ થાય તે પ્રકારે વંદનની ક્રિયા કરું છું. તેથી ક્રિયા અવંચક છે. અને ગુણવાન પુરુષ એવા તીર્થંકરોનો જે યોગ છે તેનું ફળ તેમના ઉપદેશનું સમ્યગ્ પરિણમન છે અને સર્વ ઉદ્યમથી ભગવાનતુલ્ય થવાને માટે અપ્રમાદથી યત્ન કરવાનો ભગવાનનો ઉપદેશ છે અને તે પ્રકારના યત્નપૂર્વક હું તમને નમસ્કાર કરું છું. માટે ફલાવંચક યોગને મેં પ્રાપ્ત કર્યો છે. જેનાથી અધ્યાત્મના સુખનું પોષણ થાય તેવો મારો આત્મા થયો છે. માટે તમને ગ્રહણ કરીને હું અવશ્ય નિજસ્વરૂપને પ્રાપ્ત કરીશ. **॥૨॥**

**અવતરણિકા :-**

**ભગવાનને પ્રણામ કરવાથી જે અધ્યાત્મસુખનું પોષણ પ્રાપ્ત થયેલું છે, તેનાથી પોતાનું ચિત્ત કેવું બન્યું છે તે સ્પષ્ટ કરવા અર્થે સ્તવનકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**દુરંદશા દૂરે ટળે, ભજે મુદિતા મૈત્રી ભાવ રે;**
**વરતે નિત્ય ચિત્ત મધ્યસ્થતા, કરુણામય શુદ્ધ સ્વભાવ રે. પ્ર૦ ૩**

**ગાથાર્થ :-**

**દુરંદશા=ખરાબ દશા=મોહને પરવશ એવી જીવની ખરાબ દશા દૂર ટળે છે અને જીવ મુદિતા અને મૈત્રીભાવને ભજે છે. વળી, ચિત્તમાં નિત=હંમેશા મધ્યસ્થતા વર્તે છે. અને કરુણામય ચિત્ત વર્તે છે. તેથી શુદ્ધ સ્વભાવવાળું ચિત્ત વર્તે છે=શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિનું કારણ એવું નિર્મળ ચિત્ત લહે છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

ગુણવાન એવા પાર્શ્વનાથ ભગવાનને કર્મકાય અવસ્થા અને તત્ત્વકાય અવસ્થા રૂપે ઉપસ્થિત કરીને જ્યારે સ્તવનકારશ્રી ભગવાનના ચરણકમળમાં પ્રણામ કરે છે, ત્યારે અનાદિકાળની જે દુર્દશા જીવમાં વર્તે છે અને તેના કારણે સદા મોહવાસિત જે ચિત્ત રહે છે તે દૂર ટળે છે અને ભગવાનનું સ્વરૂપ જ ચિત્તમાં સદા રહે છે. તેથી ભગવાનતુલ્ય થવાના ઉપાયરૂપ ગુણ પ્રત્યેના પક્ષપાતરૂપ, પ્રમોદભાવનારૂપ મુદિતા ચિત્તમાં પ્રગટે છે અને જગતના જીવો પોતાના તુલ્ય હોવાથી બધા જીવોની હિતચિંતારૂપ મૈત્રીભાવ પ્રગટે છે.

વળી, કર્મને પરવશ અયોગ્ય જીવોને જોઈને પણ તેઓ પ્રત્યે દ્વેષ થતો નથી. પરંતુ ચિત્તમાં મધ્યસ્થતા વર્તે છે અને દુઃખી જીવોને જોઈને કરુણા થાય છે અને થાય છે કે "શું કરું કે જેથી આ જીવો ભગવાનના શાસનને પામીને આત્મહિત સાધે" ?

આ પ્રકારની ચાર ભાવનાઓથી ભાવિત પોતાનું ચિત્ત ભગવાનના પ્રણામથી થાય છે. જે આત્માના શુદ્ધ સ્વભાવને પ્રગટ કરવાનું પ્રબળ કારણ બને છે. જેથી તે ભાવોના બળથી પોતે પણ અવશ્ય પરમાત્મતુલ્ય શુદ્ધ ભાવને સ્પર્શ કરશે. **॥૩॥**

**અવતરણિકા :-**

**વળી, ભગવાનના સ્વરૂપને યથાર્થ ઉપસ્થિત કરીને તેમને પ્રણામ કરવાથી પોતાનું ચિત્ત કેવું બને છે, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**નિજ સ્વભાવ સ્થિર કરી ધરે, ન કરે પુદ્‌ગલની ખંચ રે;**
**સાખી હુઈ વરતે સદા, ન કદી પરભાવ પ્રપંચ રે. પ્ર૦ ૪**

**ગાથાર્થ :-**

**પોતાના સ્વભાવને સ્થિર કરીને ચિત્ત તેને ધરે છે=ધારણ કરે છે. અર્થાત્ "આ ભાવને મારે ધારણ કરવો છે", તેવી સ્થિરબુદ્ધિ કરે છે**

**અને મારું ચિત્ત પુદ્ગલની ખંચ કરતું નથી=પુદ્ગલોના સંશ્લેષભાવને પામતું નથી.**

**સાખી હુઈ=સાક્ષી થઈને સદા વર્તે છે=પુદ્ગલના સ્વરૂપ સાથે સાક્ષીભાવથી સદા રહે છે. ક્યારેય પરભાવના પ્રપંચને કરતું નથી. ॥૪॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી ભગવાનની સિદ્ધ અવસ્થારૂપ તત્ત્વકાય અવસ્થાને સ્મૃતિમાં લાવે છે, ત્યારે ભગવાન સર્વ સંગથી પર છે. તેથી જેમ ભગવાન બાહ્ય સંગ વગરના છે. તેમ અંતરંગ પણ કોઈ પદાર્થ પ્રત્યે સંશ્લેષવાળા નથી, તેવી ઉપસ્થિતિ સ્તવનકારશ્રીને થાય છે. અને તેવા ભગવાન પ્રત્યે વધતી જતી ભક્તિથી જ્યારે સ્તવનકારશ્રી તેમને નમસ્કાર કરે છે ત્યારે ભગવાનતુલ્ય પોતાનો સ્વભાવ છે અને તેને મારે પ્રગટ કરવા અર્થે સર્વ ઉદ્યમ કરવો છે, તેવું સ્થિર ચિત્ત સ્તવનકારશ્રીનું થાય છે. તેથી સદા જિનવચનનું સ્મરણ કરીને, જિનવચનાનુસાર, જિનતુલ્ય થવા માટે સ્તવનકારશ્રી યત્ન કરે છે. જેથી સ્તવનકારશ્રીનું ચિત્ત પુદ્ગલની ખંચને કરતું નથી=પુદ્ગલના કોઈ ભાવ તેમના ચિત્તને સ્પર્શતા નથી. પરંતુ અરૂપી ચેતના સદા ભગવાનતુલ્ય પોતાની છે તેની સ્મૃતિ રહે છે અને તેને પ્રગટ કરવા માટે ચિત્ત સદા યત્નશીલ રહે છે. તેથી સ્તવનકારશ્રીનું ચિત્ત પુદ્ગલમાં સાક્ષીરૂપે સદા વર્તે છે, પરંતુ પુદ્ગલના ભાવોને સ્પર્શીને, મોહના ભાવોને કરવામાં પ્રવર્તતું નથી અને તેથી સ્તવનકારશ્રીનું ચિત્ત પરભાવના પ્રપંચને ક્યારેય કરતું નથી અર્થાત્ પર એવા પુદ્ગલોને અવલંબીને થતા રાગ-રતિ, દ્વેષ-અરતિ આદિ ભાવોના પ્રપંચને ક્યારેય કરતું નથી. **॥૪॥**

**અવતરણિકા :-**

**વળી, ભગવાનને પ્રણામકાળમાં ભગવાનના ગુણોને સ્પર્શીને વર્તતું પોતાનું ચિત્ત ક્રમે કરીને કેવી દશાને પામે છે, તે બતાવે છે –**

**ગાથા :-**

**સહજદશા નિશ્ચય જગે, ઉત્તમ અનુભવ રસ રંગ રે;**
**રાચે નહીં પરભાવશું, નિજભાવશું રંગ અભંગ રે. પ્ર૦ ૫**

**ગાથાર્થ :-**

**સહજદશા નિશ્ચય જાગે છે=જીવની સહજદશા નક્કી પ્રગટ થાય છે. જે ઉત્તમ અનુભવના રસના રંગ સ્વરૂપ છે. વળી, તે વખતે જીવ પરભાવમાં રાચતો નથી. પરંતુ નિજભાવનો અભંગ રંગ વર્તે છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

જો ભગવાનના પ્રણામથી ભગવાનના ગુણોમાં લીનતા પ્રગટે તો જીવમાં નિશ્ચય સહજદશા પ્રગટે છે અર્થાત્ નિમિત્તો પ્રમાણે ભાવ કરવાની દશા દૂર થાય છે અને સહજ સર્વ પદાર્થો પ્રત્યે સંશ્લેષ ન પામે તેવી દશા પ્રગટે છે; કેમ કે જિનગુણમાં ઉપયુક્ત ચિત્ત જિનતુલ્ય થવાના વ્યાપારવાળું હોય છે. જે વ્યાપાર જીવની સંશ્લેષ વગરની સહજદશારૂપ છે. વળી, આ પ્રકારનો ભક્તિનો ઉપયોગ જ ઉત્તમ કોટિના આત્મામાં રસના રંગ સ્વરૂપ છે. તેથી સ્તવનકારશ્રીને સદા સ્મૃતિપટમાં પરમાત્માના સ્વરૂપનું જ સ્મરણ રહે છે. જે ઉત્તમ અનુભવના રસ સ્વરૂપ છે. અને તેના કારણે સ્તવનકારશ્રીનું ચિત્ત પરભાવમાં રાચતું નથી. પરંતુ જિનના વચનનું સ્મરણ કરીને જિનતુલ્ય થવાને અનુકૂળ સંયમની સર્વ ક્રિયાઓમાં વર્તે છે, જે નિજભાવના અભંગ રંગ સ્વરૂપ છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**વળી, સ્તવનકારશ્રી ભગવાનના સ્વરૂપને ઉપસ્થિત કરીને પ્રણામ કરે છે. ત્યારે તેમનું ચિત્ત કેવા પ્રકારનું વર્તે છે, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે -**

**ગાથા :-**

**નિજગુણ સબ જિનમાં લખે, ન ચખે પરગુણની રેખ રે;**
**ખીર નીર વિવરો કરે, એ અનુભવ હંસશું પેખ રે. પ્ર૦ ૬**

**ગાથાર્થ :-**

**જિનમાં નિજગુણ સબ=પોતાના બધા ગુણો લખે છે=દેખે છે. અને પરગુણની રેખ ચાખતા નથી=પરગુણની રેખનો અંશ જિનમાં જોતા નથી.**

**ક્ષીર નીર વિવર કરે=જેમ હંસ દૂધ-પાણીનો ભેદ કરે તેમ અનુભવ હંસ=ભગવાનના સ્વરૂપના અનુભવને કરનાર એવો મારો ચિત્તરૂપી હંસ સુપેખ=સુંદર રીતે જુએ છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીને ભગવાનમાં આત્માના બધા ગુણ દેખાય છે; કેમ કે ભગવાન મોહના સાંનિધ્ય વગરના છે. જ્ઞાનાવરણીય આદિ કર્મો વગરના છે. તેથી કેવલજ્ઞાન-કેવલદર્શન સ્વરૂપ દેખાય છે અને સર્વકર્મરહિત હોવાથી અરૂપી ચેતના સ્વરૂપ દેખાય છે. તેથી આત્માથી પર એવા પુદ્ગલના ગુણની રેખા લેશ પણ ભગવાનમાં દેખાતી નથી. અને ભગવાનને તે સ્વરૂપે જોઈને જેમ હંસ ખીરનીરનો ભેદ કરે છે, તેમ ભગવાનના સ્વરૂપના અનુભવને કરનારું હંસ સ્વરૂપ પોતાનું ચિત્ત બને છે. તેથી સ્તવનકારશ્રીનું ચિત્ત પોતાનું જિનતુલ્ય સ્વરૂપ અને પુદ્ગલભાવને સ્પર્શનારું સ્વરૂપ તે બેને પૃથક્ જોઈ શકે છે. તેના બળથી પરભાવને દૂર કરીને સ્વભાવને પ્રગટ કરવા અર્થે ઉદ્યમ કરી શકે છે. તે સર્વનું કારણ ભગવાનને જોઈને ભગવાનના સ્વરૂપની પોતાને જે ઉપસ્થિતિ થઈ છે, તે છે. ॥૬॥

**અવતરણિકા :-**

**ભગવાનની ભક્તિના ફળસ્વરૂપે કેવા પરિણામો પ્રગટે છે, તેને સ્પષ્ટ કરવા અર્થે સ્તવનકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**નિર્વિકલ્પ ધ્યેય અનુભવે, અનુભવ અનુભવની પ્રીત રે;**
**ઓર ન કબહુ લખી શકે, 'આનંદઘન' પ્રીત પ્રતીત રે. પ્ર૦ ૭**

**ગાથાર્થ :-**

**ધ્યેય એવા ભગવાન નિર્વિકલ્પ અનુભવે અનુભવાય છે. તેનું કારણ અનુભવ, અનુભવની પ્રીત છે=પૂર્વ-પૂર્વના અનુભવથી ઉત્તર-ઉત્તરના અનુભવને પ્રગટ કરવાની પ્રીત છે.**

ધ્યેય એવા પરમાત્મા સાથે જે નિર્વિકલ્પ અનુભવ છે, તે કેવો છે, તે સ્પષ્ટ કરતાં કહે છે --

**ઓર=બીજું, કબહુ=કાંઈ લખી શકે નહીં=કહી શકે નહીં. આનંદઘન એવા આત્માની પ્રીત પ્રતીત છે. ।।૭।।**

**ભાવાર્થ :-**

ધ્યેય ભગવાન છે અને તેને આશ્રયીને સ્તવનકારશ્રી તેમનું ધ્યાન કરે છે અને ધ્યેયની સાથે એકાકારરૂપે તે નિર્વિકલ્પ અનુભવ છે અર્થાત્ સર્વ વિકલ્પોથી પર શુદ્ધ આત્મામાં સ્થિર થયેલા ચિત્ત સ્વરૂપ નિર્વિકલ્પ અનુભવ છે. તેવો અનુભવ કઈ રીતે પ્રગટે ? તેથી કહે છે –

અનુભવ, અનુભવની પ્રીતિથી=પૂર્વ-પૂર્વના અનુભવથી ઉત્તર-ઉત્તરના અનુભવની પ્રીતથી એ નિર્વિકલ્પ અનુભવ પ્રગટે છે. તેથી એ પ્રાપ્ત થાય કે, જે મહાત્માઓ ભગવાનના શ્રુતનું અવલંબન લઈને, તેનાથી આત્માને ભાવિત કરે છે અને તેના કારણે ચિત્તમાં જે મોહની કલ્લોલો શાંત થાય છે, તે અનુભવ વસ્તુ છે અને તે અનુભવ ઉત્તર ઉત્તરના અનુભવ પ્રત્યે યત્ન કરાવીને વિશેષ પ્રકારે મોહના કલ્લોલોનો નાશ કરે છે. જેના ફળસ્વરૂપ નિર્વિકલ્પે દશા પ્રગટે છે. જે ધ્યેય એવા પરમાત્માની સાથે એકતાના પરિણામસ્વરૂપ છે. અને તેનું સ્વરૂપ બીજી કોઈ રીતે કહી શકાય તેવું નથી. ફક્ત આનંદઘન એવા પરમાત્માસ્વરૂપ પ્રત્યે પોતાને જે પ્રીતિ વર્તે છે તેની પ્રતીતિ સ્વરૂપ છે. તેથી ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક તેમાં થયેલી તન્મયઅવસ્થા જ ભગવાનતુલ્ય થવાનું એક કારણ છે. **।।૭।।**

# ૨૩. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન-૩

(રાગ : સારંગ; રસિયાની દેશી)

**ગાથા :-**

**ધ્રુવપદ રામી હો સ્વામી હમારા, નિઃકામી ગુણરાય, સુજ્ઞાની;**
**નિજગુણકામી હો પામી તું ધણી, ધ્રુવ આરામી હો થાય.**
**સુજ્ઞાની૦ ધ્રુ૦ ૧**

**ગાથાર્થ :-**

**ધ્રુવપદના રામી તે મારા સ્વામી નિષ્કામી ગુણના રાજા છે. તું ધણી પામી=તમને ધણી તરીકે પામીને, હું નિજ ગુણ કામી થયો છું. ધ્રુવ એવા તમારા સ્વરૂપમાં આરામી થયો છું. ||૧||**

**ભાવાર્થ :-**

ભગવાન પોતાના સ્વામી છે અને તે ધ્રુવપદમાં રમનારા છે=જ્યાંથી ક્યારેય મૃત્યુ નથી તેવા મોક્ષરૂપી ધ્રુવપદમાં રમનારા છે. વળી, ભગવાન સર્વ કામનાઓથી રહિત છે. તેથી નિષ્કામી છે. તેઓ એ રૂપે ગુણના રાજા છે=ગુણોના સ્વામી છે. એવા ભગવાનને ધણી તરીકે પામીને=સ્વામી રૂપે પામીને હું નિજગુણની કામનાવાળો બન્યો છું=ભગવાનતુલ્ય થવા માટે પોતાના ગુણોની કામનાવાળો થયો છું. વળી, જે ભગવાન ધ્રુવપદમાં છે તે ધ્રુવપદમાં હું આરામી થયો છું= વિશ્રાંત થવાની ઇચ્છાવાળો થયો છું. **||૧||**

**અવતરણિકા :-**

**ભગવાન ધ્રુવપદમાં કેવા સ્વરૂપે રહેલા છે, તેને ઉપસ્થિત કરે છે –**

**ગાથા :-**

**સર્વવ્યાપી કહે સર્વ જાણગપણે, પરપરિણમન સ્વરૂપ, સુજ્ઞાની;**
**પર રૂપે કરી તત્ત્વપણું નહિ, સ્વસત્તા ચિદ્રૂપ. સુજ્ઞાની૦ ધ્રુ૦ ૨**

**ગાથાર્થ :-**

**સર્વ જાણગપણે=સર્વ જ્ઞેયને જાણવા રૂપે સર્વવ્યાપી કહે=ભગવાન સર્વવ્યાપી છે તેમ કહેવાય છે. પરપરિણમન સ્વરૂપ પરરૂપે કરી તત્ત્વપણું નથી=સર્વવ્યાપીપણું નથી; કેમ કે સ્વસત્તા ચિદ્રુપ છે=આત્માની શુદ્ધ સત્તા જ્ઞાન સ્વરૂપ છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

કેટલાક દર્શનકારો ભગવાનને સર્વવ્યાપી છે, તેમ કહે છે. તે ભગવાન સર્વ વસ્તુને જાણે છે તે અપેક્ષા એ સર્વવ્યાપી છે. પરંતુ ભગવાનનું પરપરિણામસ્વરૂપ પરરૂપે કરીને સર્વવ્યાપીપણું સ્વીકારીએ અર્થાત્ ભગવાન સર્વ પદાર્થોમાં વ્યાપીને રહેલા છે તેમ સ્વીકારીએ, તો તે ઘટતું નથી; કેમ કે જીવની સ્વસત્તા ચિદ્રૂપ છે. તે ક્યારેય જડસ્વરૂપ બને નહીં. તેથી આત્મા ક્યારેય પરના પરિણામરૂપે પરિણમન પામે નહીં. માટે ભગવાન સંપૂર્ણ જ્ઞાનસ્વરૂપ હોવાથી સર્વ પદાર્થોના જાણનારા છે. તેથી સર્વવ્યાપી છે, તેમ સ્વીકારવામાં કોઈ વાંધો નથી. આ રીતે ભગવાનનું કેવલજ્ઞાન સર્વજ્ઞેયને જાણનાર છે, તે સ્વરૂપે ભગવાનની સ્તુતિ સ્તવનકારશ્રીએ કરી છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**વળી, ભગવાનનું સ્વરૂપ કેવું છે, તેની સ્તુતિ કરતાં કહે છે –**

**ગાથા :-**

**જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા, જલભાજન રવિ જેમ, સુજ્ઞાની;**
**દ્રવ્ય એકત્વપણે ગુણ એકતા, નિજ પદ રમતા હો ખેમ.**
**સુજ્ઞાની૦ ધ્રુ૦ ૩**

**ગાથાર્થ :-**

**જ્ઞેય અનેક=જ્ઞાનના વિષયરૂપ જ્ઞેય અનેક તે અપેક્ષાએ જ્ઞાનની અનેકતા છે=ભગવાનના જ્ઞાનની અનેકતા છે. જેમ જળના ભાજનમાં સૂર્ય દેખાય છે તેમ જ્ઞાનમાં જ્ઞેય દેખાય છે. દ્રવ્યના એકત્વપણાથી=**

**ભગવાનનો આત્મા દ્રવ્યરૂપે એક હોવાને કારણે ભગવાનમાં વર્તતા ગુણોનું એકત્વ છે. અને તેવા ભગવાન નિજપદમાં ક્ષેમપૂર્વક રમતા રહે છે=ઉપદ્રવ વગર સદા રહેલા છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

ભગવાનનું કેવલજ્ઞાન સર્વગુણોને જાણે છે, તેથી જ્ઞાનના વિષયરૂપ જ્ઞેય અનંતા છે. તે અપેક્ષાએ ભગવાનનું જ્ઞાન પણ અનેક છે=ભગવાનના જ્ઞાનમાં અનંતતા છે. આથી જ કેવલજ્ઞાનને અનંત ગુણોથી યુક્ત કહેવાય છે.

જળરૂપી ભાજનમાં જેમ સૂર્ય પ્રતિબિંબિત થાય છે તેમ ભગવાનના જ્ઞાન રૂપી ભાજનમાં જ્ઞેય પ્રતિબિંબિત થાય છે.

વળી, ભગવાનનું જ્ઞાન અનંત જ્ઞેયને વિષય કરનારું હોવાથી ગુણરૂપે અનંત છે. છતાં તે જ્ઞાન કરનારા દ્રવ્યથી ભગવાનનો આત્મા એક છે. તે અપેક્ષાએ તે ગુણોમાં એકતા છે. તેથી ભગવાનનો આત્મા દ્રવ્યરૂપે એક અને જ્ઞાનસ્વરૂપે અનેક સદા પોતાના સ્વરૂપગુણ પદમાં ક્ષેમપૂર્વક રમે છે=ઉપદ્રવરહિત રમે છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**વળી, અન્ય સ્વરૂપે પરમાત્માનું સ્વરૂપ ઉપસ્થિત કરીને સ્તુતિ કરે છે –**

**ગાથા :-**

**પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પર ક્ષેત્રે થયું જ્ઞાન, સુજ્ઞાની;**
**અસ્તિપણું નિજ ક્ષેત્રે તુમે કહ્યો, નિર્મળતા ગુણમાન.**
**સુજ્ઞાની૦ ધ્રુ૦ ૪**

**ગાથાર્થ :-**

**પરક્ષેત્રમાં ગત=રહેલ જ્ઞેયને જાણવે=જાણતું એવું ભગવાનનું જ્ઞાન, પર ક્ષેત્રમાં જ્ઞાન થયું એમ કહેવાય અર્થાત્ ભગવાનનું જ્ઞાન અન્ય ક્ષેત્રમાં છે, તેમ કહેવાય.**

**અસ્તિપણું નિજક્ષેત્રમાં રહ્યું=ભગવાનના આત્મપ્રદેશોમાં ભગવાનનું જ્ઞાન રહ્યું છે. નિર્મળતા ગુણના માનથી=સ્વરૂપથી જણાય છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

ભગવાન સિદ્ધશિલા ઉપર બિરાજમાન છે અને ભગવાનનું જ્ઞાન જગતના સર્વ પદાર્થોને જાણે છે. તેથી ભગવાનના આત્મપ્રદેશોથી પર એવા લોક-અલોકરૂપ ક્ષેત્રમાં ગયેલું ભગવાનનું જ્ઞાન જ્ઞેયને જાણે છે. તે અપેક્ષાએ ભગવાનનું જ્ઞાન ભગવાનના આત્મપ્રદેશથી પર એવા ક્ષેત્રમાં થયેલું છે એમ કહેવાય છે. અર્થાત્ ભગવાનનું જ્ઞાન લોક-અલોક ક્ષેત્રમાં વર્તે છે એમ કહેવાય છે.

વળી, ભગવાનના જ્ઞાનનું અસ્તિપણું ભગવાનના આત્મપ્રદેશરૂપ નિજ ક્ષેત્રમાં રહેલું છે. અને તે જ્ઞાન સર્વકર્મરહિત હોવાથી નિર્મળતા ગુણવાળું છે. અર્થાત્ સંસારી જીવોનું જ્ઞાન પણ અસ્તિરૂપે નિજ ક્ષેત્રમાં રહેલું હોવા છતાં નિર્મળતા ગુણવાળું નથી. જ્યારે ભગવાનનું જ્ઞાન સર્વ કર્મ રહિત હોવાથી નિર્મળતા ગુણવાળું છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**વળી, ભગવાનમાં સિદ્ધ અવસ્થામાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય કઈ અપેક્ષાએ છે, તે સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ, કાળ પ્રમાણે થાય, સુજ્ઞાની;**
**સ્વકાળે કરી સ્વસત્તા સદા, તે પર રીતે ન જાય. સુજ્ઞાની૦ ધ્રુ૦ ૫**

**ગાથાર્થ :-**

**જ્ઞેયના વિનાશમાં=ભગવાનના જ્ઞાનના વિષયરૂપ જગતવર્તી જ્ઞેય પદાર્થોના વિનાશમાં જ્ઞાન વિનશ્વરુ છે=ભગવાનનું કેવલજ્ઞાન તે-તે આકારરૂપે નાશ પામે છે અને કાળ પ્રમાણે થાય છે=જે કાળમાં જે જ્ઞેય, જે આકારે હોય તે આકારે થાય છે.**

**વળી, સ્વકાળમાં સ્વસત્તા સદા કરી રહેલ છે=કેવલજ્ઞાનકાળમાં**

**કેવળજ્ઞાનની સ્વસત્તા સદા સ્થિર રહેલી છે. તે=કેવલજ્ઞાનની સત્તા પર રીતે જાય નહીં=જે રીતે જ્ઞેય નાશ પામે તે રીતે કેવલજ્ઞાનની સત્તા નાશ પામે નહીં. ।।૫।।**

**ભાવાર્થ :-**

ભગવાન સર્વકર્મથી રહિત મોક્ષમાં બિરાજમાન છે તે વખતે તેઓમાં વર્તતું કેવલજ્ઞાન જગતના સર્વ જ્ઞેયને જાણે છે. તેથી વર્તમાનના જ્ઞેય પદાર્થો વર્તમાનમાં જે રૂપે રહેલા છે, તે રૂપે કેવલજ્ઞાનમાં દેખાય છે. ભૂતકાળમાં જે પદાર્થો જે રીતે ભૂતકાળમાં હતા, તે રીતે ભૂતકાળરૂપે વર્તમાનમાં દેખાય છે. અને ભવિષ્યમાં જે પદાર્થો જે રીતે થશે તે રીતે ભવિષ્યરૂપે વર્તમાનમાં દેખાય છે. અને તે દેખાતા પદાર્થો પ્રતિક્ષણ તે તે પર્યાયથી વિનાશ પામે છે. તેથી વર્તમાનમાં દેખાતો જ્ઞેયનો પર્યાય જ્યારે વિનાશ પામે છે ત્યારે ભગવાનનું કેવલજ્ઞાન પણ તે પર્યાયરૂપે જે વર્તમાનમાં હતું તે બીજી ક્ષણમાં નાશ પામે છે. તેથી જે કાળમાં જે જ્ઞેય, જે રીતે વિદ્યમાન છે તે પ્રમાણે ભગવાનનું જ્ઞાન પરિવર્તિત થયા કરે છે. તે અપેક્ષાએ ભગવાનનું કેવલજ્ઞાન પૂર્વના પર્યાયરૂપે વિનાશરૂપ અને ઉત્તરના પર્યાયરૂપે ઉત્પાદરૂપ વર્તે છે.

વળી, કેવલજ્ઞાન કાળમાં કેવલજ્ઞાનની સત્તા કેવલજ્ઞાનની પ્રાપ્તિથી માંડીને સદા વર્તે છે. તેથી તે પરરૂપ થઈને નાશ પામતી નથી. માટે કેવલજ્ઞાન, કેવલજ્ઞાન સ્વરૂપે ધ્રુવ છે. આ રીતે ભગવાનનું કેવલજ્ઞાનનું સ્વરૂપ ઉપસ્થિત કરીને સ્તવનકારશ્રી ભગવાનની સ્તુતિ કરે છે. **।।૫।।**

**ગાથા :-**

**પરભાવે કરી પરતા પામતા, સ્વસત્તા થિર ઠાણ, સુજ્ઞાની;**
**આત્મચતુષ્કમયી પરમાં નહિ, તો કિમ સહુનો રે જાણ.**
**સુજ્ઞાની૦ ધ્રુ૦ ૬**

**ગાથાર્થ :-**

**પરભાવે કરીને=ભગવાનનું કેવલજ્ઞાન પરભાવ રૂપે થાય તો પરતાને પામે. (પરંતુ ભગવાનનું કેવલજ્ઞાન પરભાવરૂપે થતું નથી.) સ્વસત્તા=**

**ભગવાનના જ્ઞાનની સત્તા પોતાનામાં સ્થિર સ્થાને છે=સ્થિર રહેલી છે=ભગવાનના કેવલજ્ઞાનની સત્તા ભગવાનના આત્મપ્રદેશોને છોડીને અન્યત્ર જતી નથી.**

કેમ ભગવાનના કેવલજ્ઞાનની સત્તા ભગવાનના આત્મપ્રદેશોને છોડીને અન્યત્ર જતી નથી ? તેથી કહે છે --

**આત્મચતુષ્કમય એવી ભગવાનના જ્ઞાનની સત્તા=સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ-સ્વભાવમય એવી ભગવાનના જ્ઞાનની સત્તા એ પરમાં=આત્માથી ભિન્ન એવા જ્ઞેય પદાર્થોમાં નથી. તો પ્રશ્ન થાય કે, જો ભગવાનનું કેવલજ્ઞાન, ભગવાનના આત્મપ્રદેશોને છોડીને જ્ઞેય એવા જગતના પદાર્થોમાં પ્રાપ્ત ન થતું હોય તો ભગવાનનું કેવલજ્ઞાન સૌને જાણનારું=જ્ઞેય માત્રને જાણનારું કેવી રીતે થાય ? અર્થાત્ થઈ શકે નહીં. આ પ્રકારની શંકા કરીને પછીની (ઉત્તરની) ગાથામાં ઉત્તર આપશે. ॥૬॥**

**ભાવાર્થ :-**

જો ભગવાનનું કેવલજ્ઞાન, ભગવાનના આત્મપ્રદેશોને છોડીને જ્ઞેય પદાર્થોમાં જાય તો, પરભાવમાં જનારું એવું કેવલજ્ઞાન પરતાને પામે=જે જ્ઞેય પદાર્થમાં જાય તે સ્વરૂપતાને પામે. માટે ભગવાનનું કેવલજ્ઞાન, જ્ઞેયપદાર્થમાં જાય છે તેમ સ્વીકારી શકાય નહીં. તો ભગવાનનું કેવલજ્ઞાન ક્યાં રહે છે ? તેથી કહે છે –

ભગવાનના કેવલજ્ઞાનની સત્તા પોતાના સ્થાનમાં સ્થિર છે=ભગવાનના આત્મપ્રદેશોમાં સ્થિર છે. કેમ ભગવાનના કેવલજ્ઞાનની સત્તા ભગવાનના આત્મપ્રદેશોમાં સ્થિર છે ? તેથી કહે છે –

ભગવાનની કેવલજ્ઞાનની સત્તા સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ અને સ્વભાવમય છે. તેથી તે કેવલજ્ઞાનની સત્તા, ભગવાનના આત્મપ્રદેશોને છોડીને પરમાં પ્રાપ્ત થાય નહીં. અને જો ભગવાનના કેવલજ્ઞાનની સત્તા પર એવા જ્ઞેય પદાર્થમાં પ્રાપ્ત થાય નહીં તો, ભગવાનનું કેવલજ્ઞાન તે સર્વપદાર્થોને કઈ રીતે જાણી શકે ? અર્થાત્ જાણી શકે નહીં. **॥૬॥**

**અવતરણિકા :-**

પૂર્વગાથામાં શંકા કરી કે, જો ભગવાનનું કેવલજ્ઞાન પરવસ્તુમાં ન જતું હોય તો સર્વવસ્તુને કઈ રીતે જાણી શકે ? તેનો ઉત્તર આપતાં કહે છે -

**ગાથા :-**

**અગુરુલઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકળ દેખંત, સુજ્ઞાની;**
**સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ જળ દૃષ્ટાંત. સુજ્ઞાની૦ ધ્રુ૦ ૭**

**ગાથાર્થ :-**

**એક પોતાનો અગુરુલઘુ ગુણ કેવલી જુએ છે, તેથી સકલ દ્રવ્યને જુએ છે; કેમ કે સાધારણ ગુણની=અગુરુલઘુ ગુણ રૂપ સાધારણ ગુણની સર્વદ્રવ્યોમાં સાધર્મ્યતા છે. જેમ દર્પણ અને જળ બેયમાં પ્રતિબિંબિત થવાની સાધર્મ્યતા સમાન છે. ||૭||**

**ભાવાર્થ :-**

આ ગાથામાં અપાયેલો ઉત્તર પૂર્વગાથામાં કરાયેલી શંકા સાથે જોડાતો નથી. તેથી ગાથાનો ભાવાર્થ લખેલ નથી. તત્ત્વ બહુશ્રુતો વિચારે. **||૭||**

**ગાથા :-**

**શ્રી પારસ જિન પારસ રસ સમો, પણ ઇહાં પારસ નાહિ, સુજ્ઞાની;**
**પૂરણ રસિયો હો નિજ ગુણ પરસમાં, 'આનંદઘન' મુજ માંહી.**
**સુજ્ઞાની૦ ધ્રુ૦ ૮**

**ગાથાર્થ :-**

**પારસ જિન પારસ રસ સમાન છે=જેમ પારસ લોખંડને સ્પર્શે તો લોખંડને સુવર્ણ કરે છે, તેમ પારસ જિન જે જીવોને સ્પર્શે છે, તેને જિનતુલ્ય સુવર્ણરૂપે કરે છે. પરંતુ અહીં પારસ નથી=પારસ જિન નથી. પૂરણનો રસિયો=પૂર્ણ ગુણનો રસિયો એવો હું નિજ ગુણમાં પરસણો છું=પ્રસરપણ કરનારો છું; કેમ કે આનંદઘન મારામાં છે. ||૮||**

**ભાવાર્થ :-**

શ્રી પાર્શ્વનાથ ભગવાન પારસ જેવા છે. જેમ પારસનો સ્પર્શ થાય તો લોખંડ સુવર્ણને પામે, તેમ જેના હૈયામાં પાર્શ્વનાથ ભગવાન સાથે તન્મયતારૂપ પાર્શ્વનાથ ભગવાનના સ્વરૂપનો ભાવથી સ્પર્શ થાય તો તેનો આત્મા પારસનાથ ભગવાન જેવો સુવર્ણતુલ્ય બને છે. પરંતુ અહીં=વર્તમાન કાળમાં પારસ નથી=તે પ્રકારના પાર્શ્વનાથ ભગવાનની સાથે તન્મયતાને સ્પર્શ કરીને તદ્દ્તુલ્ય થઈ શકાય તેમ નથી; કેમ કે વર્તમાનકાળમાં તે પ્રકારનું સંઘયણ બળ નહીં હોવાથી જીવો તે પ્રકારે પાર્શ્વનાથ ભગવાનના સ્વરૂપમાં તન્મય થઈને તદ્દ્તુલ્ય થઈ શકતા નથી.

પરંતુ સ્તવનકારશ્રી કહે છે કે, ભગવાનના પૂર્ણગુણનો હું રસિયો છું. તેથી પાર્શ્વનાથ ભગવાનનું અવલંબન લઈને નિજગુણમાં હું પ્રસરપણ કરું છું. કેમ ભગવાનનું અવલંબન લઈને સ્તવનકારશ્રી નિજગુણમાં પ્રસરપણ કરે છે ? તેથી કહે છે –

આનંદઘન સ્વરૂપ પાર્શ્વનાથ ભગવાનનું સ્વરૂપ છે. તેવું સ્વરૂપ મારામાં પણ છે. તેથી હું પાર્શ્વનાથ ભગવાનનું અવલંબન લઈને નિજગુણમાં પ્રસરપણ કરું છું. જેથી ક્રમે કરીને હું પણ પાર્શ્વનાથ ભગવાનતુલ્ય થઈશ. **॥૮॥**

# ૨૪. શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન-૧

**ગાથા :-**

**વીર જિનેશ્વર પરમેશ્વર જયો, જગ જીવન જિન ભૂપ;**
**અનુભવ મિત્તે રે ચિત્તે હિત કરી, દાખ્યું તાસ સ્વરૂપ. વી૦ ૧**

**ગાથાર્થ :-**

**વીર જિનેશ્વર પરમેશ્વર છે. તે જયો=જય પામો. જગના જીવન એવા જિન ભૂપ છે=આત્મગુણોના રાજા છે. અનુભવ નામનો મિત્તે રે=મિત્રએ, ચિત્તમાં હિત કરીને તેમનું સ્વરૂપ બતાવ્યું. ॥૧॥**

**ભાવાર્થ :-**

વીર ભગવાન જિનેશ્વર છે=જિનોમાં ઈશ્વર છે=શ્રુત-અવધિ-મનઃપર્યવ-કેવલી-તીર્થંકર જિન રૂપ પાંચ જિનોમાં તીર્થંકર 'જિન' હોવાથી શ્રેષ્ઠ જિન છે, માટે જિનેશ્વર છે. વળી, આત્માના પરમ ઐશ્વર્ય ગુણવાળા હોવાથી પરમેશ્વર છે. અને તેઓ જય પામો. તેઓ જગતના માટે જીવન છે; કેમ કે તેમના અવલંબનથી જગતના જીવો સુખસમૃદ્ધિને પામીને અંતે તેમના તુલ્ય થાય છે. તેથી જગત માટે જીવન સ્વરૂપ છે.

વળી, જિન ભૂપ છે=આત્મસમૃદ્ધિમાં રાજા છે અને સ્તવનકારશ્રીના અનુભવજ્ઞાનના મિત્રએ સ્તવનકારશ્રીની પ્રત્યે ચિત્તમાં હિતને ધારણ કરીને પરમાત્માનું સ્વરૂપ દેખાડ્યું, અર્થાત્ પરમાત્માની મુદ્રાને જોઈને સ્તવનકારશ્રીને જે પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન થયું તે પૂર્વ અનંતકાળમાં ક્યાંય થયું નહીં; કેમ કે ત્યારે સ્તવનકારશ્રીનો આત્મા બાહ્ય પદાર્થો સાથે મૂઢતાને ધારણ કરનારો હતો. તેથી અનુભવ નામનો મિત્ર તેમનાથી રિસાયો હતો. હવે સ્તવનકારશ્રીને બાહ્ય પદાર્થો પ્રત્યેની મૂઢતા કંઈક અલ્પ થઈ. તેથી રિસાયેલો પણ તે અનુભવ મિત્ર સ્તવનકારશ્રીના હિતને ચિત્તમાં ધારણ કરીને સ્તવનકારશ્રીની યોગ્યતા દેખાવાથી વીર ભગવાનનું સ્વરૂપ દેખાડ્યું, જેથી વીર ભગવાનના સ્વરૂપને જાણીને સ્તવનકારશ્રી કૃતકૃત્ય થાય છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**કઈ રીતે અનુભવમિત્ર ભગવાનનું સ્વરૂપ બતાવે છે, તે સ્તવનકારશ્રી સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**જેહ અગોચર માનસ વચનને, તેહ અતીન્દ્રિય રૂપ;**
**અનુભવ મિત્તે રે વ્યક્તિ શક્તિશું, ભાખ્યું તાસ સ્વરૂપ. વી૦ ૨**

**ગાથાર્થ :-**

**જે વીર ભગવાનનું સ્વરૂપ માનસવચનથી અગોચર છે=મન દ્વારા વચનને અવલંબીને કરાતા વિચારથી જણાય તેવું નથી. તેહ=વીર ભગવાનનું સ્વરૂપ અતીન્દ્રિય રૂપ છે=ઇન્દ્રિયથી દેખાય તેવું નથી. અને અનુભવમિત્રએ વ્યક્તિ અને શક્તિથી=કંઈક તે સ્વરૂપનું વેદન થાય તેવી વ્યક્તિથી અને પોતાના આત્મામાં સંપૂર્ણ પરમાત્મા સ્વરૂપ શક્તિરૂપે છે તે રૂપ શક્તિથી, તેમનું સ્વરૂપ=પરમાત્માનું સ્વરૂપ કહ્યું. ।।૨।।**

**ભાવાર્થ :-**

પરમાત્માનું સ્વરૂપ અનુભવમિત્ર જે સ્તવનકારશ્રીને બતાવે છે, તે મન દ્વારા શબ્દોને અવલંબીને વિચાર કરવામાં આવે તો તે જણાય તેવું નથી; કેમ કે મન દ્વારા પણ દેખાતા પદાર્થોનો જ વિચાર થઈ શકે છે. તેથી ચક્ષુથી દેખાતી ભગવાનની મૂર્તિ કેવા આકારવાળી છે તેનો મનથી વિચાર થઈ શકે. પણ ભગવાનનું અંતરંગ સ્વરૂપ કેવું છે તે મનના વિચારથી દેખાય તેવું નથી, કેમ દેખાય તેવું નથી ? તેથી કહે છે –

ભગવાનનું વીતરાગતા સ્વરૂપ અતીન્દ્રિય છે. તેથી દેખાય તેવું નથી. આથી જ સ્તવનકારશ્રીના આત્માએ ભૂતકાળમાં અનંતી વખત મનુષ્યભવને પામીને ભગવાનની મૂર્તિને જોઈ, તોપણ તે મૂર્તિના દર્શનથી મૂર્તિના આકાર માત્રનો જ મનથી વિચાર કરી શક્યા. પરંતુ ઇન્દ્રિયોથી અતીત એવું પરમાત્માનું સ્વરૂપ જોઈ શક્યા નહીં. તેને કારણે જ અત્યાર સુધી સંસારમાં પરિભ્રમણ કરતા રહ્યા છે. આમ છતાં સ્તવનકારશ્રીના આત્મામાં જે ગાઢ જ્ઞાનાવરણીય

કર્મનો ઉદય હતો, જેના કારણે પરમાત્માનું સ્વરૂપ જોઈ શકાય તેવું ન હતું. તે ગાઢ જ્ઞાનાવરણીય કર્મનો કંઈક ક્ષયોપશમ ભાવ થવાથી ઇન્દ્રિયોને અગોચર તેવું પરમાત્માનું સ્વરૂપ તેમના અનુભવથી કંઈક તેમને વ્યક્ત દેખાય છે.

તેથી 'અનુભવ' નામના મિત્રએ સ્તવનકારશ્રીને પરમાત્માનું સ્વરૂપ કંઈક વ્યક્તિ રૂપે=પ્રગટરૂપે બતાવ્યું અને અનુભવમિત્રએ કહ્યું કે, જેવું કેવલજ્ઞાનમય, નિરાકુળ ચેતનામય એવું ભગવાનનું સ્વરૂપ છે, તેવું જ શક્તિરૂપે તારું સ્વરૂપ છે.

આ રીતે અનુભવમિત્રએ, વીર ભગવાનનું સ્વરૂપ કંઈક અંશથી વ્યક્તિરૂપે અને સર્વથા જિન તુલ્ય પોતાનું સ્વરૂપ છે તે શક્તિરૂપે બતાવ્યું.

તેથી સ્તવનકારશ્રીનો વર્તમાનનો ભવ સફળ બન્યો છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**વળી, કોઈને પ્રશ્ન થાય કે, શાસ્ત્રવચનના અધ્યયનથી પરમાત્માના સ્વરૂપનો બોધ થશે. માટે અનુભવમિત્રથી જ પરમાત્માના સ્વરૂપનો બોધ થાય છે. તેમ કેમ કહી શકાય ? તેથી સ્તવનકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**નયનિક્ષેપે રે જેહ ન જાણિયે, નવિ જિહાં પ્રસરે પ્રમાણ;**
**શુદ્ધ સ્વરૂપે રે તે બ્રહ્મ દાખવે, કેવળ અનુભવ ભાણ. વી૦ ૩**

**ગાથાર્થ :-**

**નયથી, નિક્ષેપાથી જે જણાય નહીં=જે પરમાત્માનું સ્વરૂપ જણાય નહીં અને જે પરમાત્માના સ્વરૂપમાં પ્રમાણ પણ પ્રવેશ પામતું નથી. શુદ્ધ સ્વરૂપે તે=પરમાત્માને બ્રહ્મરૂપે કેવળ અનુભવભાણ=અનુભવમિત્ર જ દેખાડે છે. ।।૩।।**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી કહે છે કે, શાસ્ત્રવચન નયથી, નિક્ષેપાથી, પ્રમાણ વચનથી પદાર્થોના સ્વરૂપનો બોધ કરાવે છે. આમ છતાં જ્યાં સુધી આત્મામાં કર્મની પ્રચુરતા છે, ત્યાં સુધી તે નયવચનો, તે નિક્ષેપાનાં બોધ કરાવનારાં વચનો, તે

પ્રમાણ વચનો માત્ર બાહ્ય પદાર્થોનો બોધ કરાવી શકે છે, પરંતુ પરમાત્માના સ્વરૂપને બતાવી શકતાં નથી, જ્યારે આત્મામાં કર્મમલની લઘુતા થાય છે, તેથી કંઈક નિર્મળ ચક્ષુ પ્રગટેલાં છે, તેવા યોગ્ય જીવોને શાસ્ત્રવચનોના અવલંબનથી ઉપદેશના અવલંબનથી કે પ્રતિમા આદિના કોઈક અવલંબનથી પરમાત્માના સ્વરૂપને દેખાડે તેવું અનુભવજ્ઞાન પ્રગટે છે. તે અનુભવમિત્ર જ કેવળ શુદ્ધ સ્વરૂપે તે બ્રહ્મસ્વરૂપ પરમાત્માને દેખાડે છે. અને તેના કારણે જ સ્તવનકારશ્રીને પરમાત્માની ઉપાસનાની લગન લાગી છે. **II૩II**

**અવતરણિકા :-**

**પરમાત્માના સ્વરૂપને બતાવવા માટે શાસ્ત્ર કારણ હોવા છતાં કર્મની પ્રચુરતાવાળા જીવોને શાસ્ત્રના વચનથી પરમાત્માના સ્વરૂપનો બોધ થતો નથી. પરંતુ કર્મની મંદતાને કારણે થયેલા અનુભવના વચનથી જ થઈ શકે છે. તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**અગમ અગોચર અનુપમ અર્થનો, કોણ કહી જાણે રે ભેદ;**
**સહજ વિશુદ્ધ્યે રે અનુભવ વચણ જે, શાસ્ત્ર તે સઘળો રે ખેદ.**
**વી૦ ૪**

**ગાથાર્થ :-**

**અગમ=જેનો બોધ ન થઈ શકે તેવું, અગોચર=ઈન્દ્રિયોનો અવિષય અનુપમ=જેની ઉપમા ન આપી શકાય તેવા સુંદર અર્થનો=એવા સુંદર પરમાત્માના સ્વરૂપનો કોણ ભેદ કરીને જાણે ?=અન્ય સંસારી જીવો કરતાં અંતરંગ ગુણસંપત્તિથી પરમાત્માનો જે ભેદ છે તે કોણ જાણી શકે ? અર્થાત્ અનુભવમિત્રની સહાય વગર અન્ય કોઈ જાણી શકે નહીં.**

તો કઈ રીતે જાણી શકાય ? તેથી કહે છે –

**સહજ, વિશુદ્ધ=કર્મના વિગમનને કારણે થયેલો સહજ, વિશુદ્ધ એવો અનુભવ, તેનાં જે વચન, તેનાથી તે અનુપમ અર્થ જણાય અને**

**શાસ્ત્ર સઘળાં તે ખેદ છે=શાસ્ત્રઅધ્યયનનો શ્રમ તે સઘળો વ્યર્થ શ્રમ છે અર્થાત્ અનુભવના અભાવમાં શાસ્ત્રોનું અધ્યયન જીવને માત્ર શ્રમ કરવારૂપ ખેદને પ્રાપ્ત કરાવે છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

આત્માનું સ્વરૂપ ઇન્દ્રિયોનો વિષય નહીં હોવાથી, વાણીનો વિષય નહીં હોવાથી અને મનનો વિષય નહીં હોવાથી, અગમ છે. વળી, કોઈ ઇન્દ્રિયોથી આત્માનું સ્વરૂપ દેખાતું નથી. માટે અગોચર છે. આમ છતાં પરમાર્થથી આત્માનું સ્વરૂપ અનુપમ છે. અર્થાત્ જેને ઉપમા ન આપી શકાય તેવું સુંદર છે. તેવા સ્વરૂપને વીર ભગવાને પ્રાપ્ત કર્યું છે અને તેવા સ્વરૂપ રૂપ અર્થને ક્યો પુરુષ ભગવાનની પ્રતિમાને જોવાથી કે સાક્ષાત્ ભગવાનને જોવાથી પણ ભેદ કરીને જાણે ? અર્થાત્ અન્ય પુરુષ કરતાં ભગવાનને ભેદ કરીને કોઈ જાણી શકે નહીં. આથી જ સાક્ષાત્ ચક્ષુથી ભગવાન દેખાય તોપણ તેમના દેહનો આકાર દેખાય, તેમના દેહનાં ઉત્તમ લક્ષણો દેખાય, તેમના દેહની રૂપસંપત્તિ દેખાય પરંતુ અનુપમ એવી પરમાત્માની ગુણસંપત્તિ દેખાય નહીં. તેથી તે અનુપમ ગુણસંપત્તિથી પરમાત્મા અન્ય કરતાં જુદા છે, તે કોઈ જાણી શકે નહીં. પરંતુ જે જીવોનો સહજ વિશુદ્ધ ભાવ પ્રગટ્યો છે, તેના કારણે ભગવાનની મુદ્રાને જોઈને કે અન્ય બાહ્ય નિમિત્તના બળથી અનુભવજ્ઞાન પ્રગટે છે અને તે અનુભવજ્ઞાનના બળથી તે મહાત્મા અનુપમ એવા પરમાત્માના સ્વરૂપને કંઈક જાણે છે અને તેવા સ્વરૂપની પ્રાપ્તિના અર્થી થઈને પરમાત્માની ઉપાસના કરે છે. આવું અનુપમ પરમાત્માનું સ્વરૂપ જેઓને અનુભવમિત્ર મળ્યો નથી, તેઓ કદાચ શાસ્ત્ર અધ્યયન કરે, કદાચ વિદ્વતા પ્રાપ્ત કરે તોપણ તેના માટે સઘળાં શાસ્ત્ર અધ્યયન વ્યર્થ શ્રમરૂપ બને છે. તેઓ અધ્યયનના શ્રમને કરીને અંતે ખેદને જ પ્રાપ્ત કરે છે.

વળી, જ્યારે અનુભવમિત્ર પ્રાપ્ત થાય છે. ત્યારે તે શાસ્ત્રવચનો જ તેને પરમાત્માના વિશેષ સ્વરૂપને બતાવવામાં અત્યંત ઉપકારક થાય છે. માટે પરમાત્માના સ્વરૂપને જાણવા અર્થે બાહ્ય પદાર્થોની મૂઢતાનો ત્યાગ કરીને, અનાદિના પોતાના અનુભવમિત્રને પ્રાપ્ત કરવા યત્ન કરવો જોઈએ. જે અનાદિનો

પોતાનો મિત્ર હોવા છતાં મમતાના સંગને કારણે રિસાઈને દૂર થયેલો છે. તેથી જ આત્માને પરમાત્માનું સ્વરૂપ દેખાતું નથી અને જ્યારે જીવ કંઈક મમતાનો ત્યાગ કરે છે, ત્યારે તેના પ્રત્યે પ્રીતિવાળો એવો અનુભવમિત્ર અગમ-અગોચર-અનુપમ એવા પરમાત્માના સ્વરૂપને બતાવે છે. ॥૪॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે, શાસ્ત્ર-અધ્યયન પરમાત્માના સ્વરૂપને દેખાડવા માટે સમર્થ નથી. અનુભવવચન જ સમર્થ છે. તેથી હવે શાસ્ત્ર પરમાત્માના સ્વરૂપને દેખાડવા માટે કઈ રીતે ઉપયોગી છે અને અનુભવમિત્ર પરમાત્માના સ્વરૂપને દેખાડવા માટે કઈ રીતે ઉપયોગી છે, તે સ્પષ્ટતા કરે છે –**

**ગાથા :-**

**દિશિ દેખાડી રે શાસ્ત્ર સવિ રહે, ન લહે અગોચર વાત;**
**કારજ સાધક બાધક રહિત જે, અનુભવ મિત્ત વિખ્યાત. વી૦ ૫**

**ગાથાર્થ :-**

**સવિ શાસ્ત્ર=બધાં શાસ્ત્ર, દિશા દેખાડીને=આ રીતે પરમાત્મામાં સ્વરૂપને જાણવા યત્ન કરવો જોઈએ એ પ્રકારની દિશા દેખાડીને, રહે છે=વિરામ પામે છે. પરંતુ અગોચર વાતને ન લહે=પ્રાપ્ત કરાવતાં નથી=અનુપમ અગોચર એવા પરમાત્માના સ્વરૂપની વાત કહેતાં નથી. બાધકરહિત, કાર્યનો સાધક જે અનુભવમિત્ર છે. તે વિખ્યાત છે=બાધા વગર પરમાત્માના સ્વરૂપને દેખાડવારૂપ કાર્યનો સાધક જે અનુભવમિત્ર છે તે આત્માને અગોચર એવા પરમાત્માના સ્વરૂપને અવશ્ય બતાવે છે. તે રૂપે અનુભવમિત્ર વિખ્યાત છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

સંસારમાં દરેકનો આત્મા અનાદિનો છે. પ્રાયઃ અનેક જીવો અનંતી વખત મનુષ્યજન્મ પામે છે. શાસ્ત્રો ભણે છે. છતાં શાસ્ત્રવચનથી પરમાત્માનું સ્વરૂપ જીવને પ્રાપ્ત થતું નથી; કેમ કે સર્વ શાસ્ત્રવચનો શબ્દના બળથી પરમાત્માના

સ્વરૂપને જાણવાની દિશા દેખાડે છે. અર્થાત્ કહે છે કે, બાહ્ય પદાર્થોના મમત્વને દૂર કરવા યત્ન કરો અને અંતરંગ નિર્મળ પ્રજ્ઞાના બળથી પોતાના સ્વરૂપનું પર્યાલોચન કરો કે જેથી તે સ્વરૂપ તમારા માટે હિતનું કારણ બનશે. આમ છતાં જ્યારે જીવ પર કર્મો બહુ પ્રચુર છે, ત્યારે તે શાસ્ત્રવચનથી દેખાડાયેલી દિશા અનુસાર તે જીવ યત્ન કરી શકતો નથી. પરંતુ મોહથી આચ્છાદિત નેત્રવાળો તે જીવ જે કાંઈ શાસ્ત્ર-અધ્યયનાદિ કરે છે તે પણ માત્ર બહિર્ છાયાથી કરે છે. અંતરંગ દૃષ્ટિથી શાસ્ત્રની દિશામાં યત્ન કરી શકતો નથી; કેમ કે અંતરંગ મોહઆપાદક કર્મો પ્રચુર છે. તેથી અગોચર એવા પરમાત્માના સ્વરૂપની વાત શાસ્ત્રોના બળથી તે જીવ પ્રાપ્ત કરતો નથી. તો પ્રશ્ન થાય કે, કઈ રીતે પરમાત્માના સ્વરૂપને જીવ જાણી શકે ? તેથી કહે છે –

બાધકરહિત એવા કાર્યનો સાધક અનુભવમિત્ર છે. તેથી જે જીવોમાં ઉત્કટ મૂઢતા કંઈક મંદ થઈ છે, તેઓ બાહ્ય પદાર્થોના મમત્વને છોડીને આત્માના નિરાકુળ ભાવને જોવાને અનુકૂળ યત્નવાળા થાય છે, જેનાથી તેઓનો અનુભવમિત્ર પ્રગટ થાય છે. અને તે અનુભવમિત્ર અવશ્ય અગોચર એવા પરમાત્માના સ્વરૂપનો જીવને બોધ કરાવે છે. તે પ્રકારે જગતમાં વિખ્યાત છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**આ રીતે અનુભવમિત્ર પરમાત્માની પ્રાપ્તિમાં બલવાન કારણ છે, તેમ બતાવીને તે અનુભવમિત્ર જ ખરેખર સર્વોત્તમ મિત્ર છે, તે બતાવવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**અહો ચતુરાઈ રે અનુભવમિત્તની, અહો તસ પ્રીત પ્રતીત;**
**અંતરજામી સ્વામી સમીપ તે, રાખી મિત્તશું રીત. વી૦ ૬**

**ગાથાર્થ :-**

**અહો ! અર્થાત્ હર્ષની વાત છે કે, અનુભવમિત્રની ચતુરાઈ છે. અહો! એમની પ્રીત પ્રતીત છે=તે અનુભવમિત્રની પ્રીતિ પોતાના પ્રત્યે**

**છે, તે પ્રતીત છે. આથી જ અંતરયામી એવા સ્વામીના સમીપ તે પોતાને રાખીને=પોતાના આત્માને રાખીને મિત્તનું કામ કરે છે=મિત્રની રીત અપનાવે છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

જે પુરુષ અતિચતુર હોય છે તે અવશ્ય દુષ્કર કાર્ય પણ સાધી આપે. અનુભવમિત્ર એવો ચતુર છે કે અનંતકાલમાં જે પોતાને ક્યારેય પ્રાપ્ત ન થયું તેવા અંતર્યામી સ્વામીના સમાગમને કરી આપે છે. તેથી અનુભવમિત્રની ચતુરાઈ અતિ આશ્ચર્યકારક છે.

વળી, તે અનુભવમિત્રની પોતાના મિત્ર પ્રત્યે પ્રીતિ પણ પ્રતીત છે. આથી જ મિત્રના હિતને કારણે તેણે પોતાના મિત્રને અંતર્યામી એવા સ્વામીના સમીપમાં લાવીને રાખ્યો. જે કાર્ય કરીને તેણે મિત્રની રીત બરાબર અપનાવી છે; કેમ કે મિત્રનું હિત સાધે તેને જ સાચો મિત્ર કહેવાય અને આ અનુભવમિત્રે સ્તવનકારશ્રીને અંતર્યામી એવા સ્વામી સમીપે પહોંચાડીને સાચી મિત્રતા બતાવી છે.

અહીં અંતર્યામી સ્વામી કહેવાથી એ પ્રાપ્ત થાય કે, ભગવાન જેવા સ્વરૂપવાળા છે તેવું જ પોતાનું અંતરંગ સ્વરૂપ છે અને તેવા અંતરંગ સ્વરૂપમાં રહેનાર એવા પોતાના આત્મારૂપ સ્વામીને અનુભવમિત્રે પ્રાપ્ત કરાવ્યો. તેથી સ્તવનકારશ્રી અનુભવમિત્રના બળથી સદા પરમાત્મતુલ્ય પોતાના આત્માના સ્વરૂપની જ પાસે રહીને પોતાના હિતને સાધે છે. **॥૬॥**

**અવતરણિકા :-**

**વળી, અનુભવમિત્રના ઉપકારને યાદ કરતાં સ્તવનકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**અનુભવ સંગે રે રંગે પ્રભુ મલ્યા, સફળ ફળ્યા સવિ કાજ;**
**નિજ પદ સંપદ જે તે અનુભવે રે, 'આનંદઘન' મહારાજ. વી૦ ૭**

**ગાથાર્થ :-**

**અનુભવના સંગથી રંગે પ્રભુ મલ્યા=વાસ્તવિક સ્વરૂપે પ્રભુ મલ્યા.**

**જેનાથી સર્વ કાર્યો સફળ ફળ્યાં=સફળ થયાં. જે નિજપદ સંપદ=પ્રભુ મલ્યા તેના કારણે નિજપદ સંપદને અનુભવે. તે આનંદઘન રૂપ મહારાજ છે=મહારાજ્ય છે. ॥૭॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી અનુભવના સંગને પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થયા છે; કેમ કે અનુભવના સંગને કારણે જ સ્તવનકારશ્રીને વાસ્તવિક સ્વરૂપે પ્રભુ મલ્યા છે અને મનુષ્યભવને પ્રાપ્ત કરીને જે કાંઈ કરવા જેવું છે તે સર્વ કાર્ય સ્તવનકારશ્રીને સફળ થયાં છે; કેમ કે ચાર ગતિઓની વિડંબણાનો નાશ કરવો તે જ વિવેકી માટે સુંદર કાર્ય છે અને ભગવાનના મળવાથી તે અવશ્ય સિદ્ધ થશે. તેથી સ્તવનકારશ્રીનાં સર્વકાર્યો ભગવાનની પ્રાપ્તિથી સફળ થયાં છે.

જેઓને ભગવાન મલ્યા છે, તેઓ નિજપદની સંપદાને અનુભવે છે=આત્માનું પદ સર્વકર્મરહિત, મોહથી અનાકુળ અવસ્થારૂપ છે, તે નિજપદની સંપદા ભગવાનના મળવાને કારણે તે મહાત્મા અનુભવે છે. જે આનંદઘનરૂપ મહારાજ્યની પ્રાપ્તિ જેવું છે. ॥૭॥

## ૨૪. શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન-૨

(રાગ : ધન્યાસરી)

ગાથા :-

**વીર જિનેશ્વર ચરણે લાગું, વીરપણું તે માગું રે;**
**મિથ્યામોહતિમિર ભય ભાગ્યું, જિતનગારું વાગ્યું રે. વીર૦ ૧**

ગાથાર્થ :-

**વીર જિનેશ્વરને હું ચરણે લાગું=ભગવાનના ચરણે સદા વળગ્યો રહું અને તેના દ્વારા હું વીરપણું માગું છું=વીર ભગવાન જેવા વીર હતા તેવું વીરપણું હું માગું છું. જેના કારણે મિથ્યારૂપ મોહનો અંધકાર, જેનો ભય ભાંગ્યો અને જીતનગારું વાગ્યું="હવે હું કર્મને જીતીશ", તે પ્રકારે જીતનું નગારું વાગ્યું. ॥૧॥**

ભાવાર્થ :-

સ્તવનકારશ્રી 'વીર' શબ્દથી કર્મોની સામે મહાપરાક્રમથી વર્તતા વીર ભગવાનને સ્મૃતિમાં લાવે છે અને કહે છે કે તેવા વીર જિનેશ્વરને હું ચરણે વળગીને રહું; કેમ કે ઉત્તમ પુરુષોના શરણના બળથી મોહનો નાશ કરવાને અનુકૂળ પોતાનું બળ સંચિત થાય છે અને ભગવાનને ચરણે લાગ્યા પછી સ્તવનકારશ્રી ભગવાન પાસે ભગવાન જેવું વીરપણું માંગે છે. અર્થાત્ ભગવાનને કહે છે કે, જે તમે કર્મને નાશ કરવા માટે મહાપરાક્રમ ફોરવ્યું, તેવું વીરપણું તમારી-ભક્તિથી મારામાં પ્રગટે.

આ પ્રકારની માંગણી કર્યા પછી સ્તવનકારશ્રી કહે છે કે, ભગવાનની પ્રાપ્તિથી મિથ્યારૂપ મોહના અંધકારનો જે ભય હતો તે ભાંગ્યો અર્થાત્ અત્યાર સુધી આત્મહિત માટે શું કરવું જોઈએ તે વિષયમાં ગાઢ અંધકાર વર્તતો હતો અને તેના કારણે સંસારમાં સર્વ ઉપદ્રવોની પ્રાપ્તિ હતી. અને તેથી જ આ જીવ ચાર ગતિઓમાં સર્વ પ્રકારની કદર્થના પામ્યો. તે ભય હવે ભાંગ્યો; કેમ કે ભગવાનના અવલંબનથી ભગવાનની જેમ પોતે પણ અવશ્ય મોહનો નાશ કરી

શકશે તેવો સ્તવનકારશ્રીને સ્થિર વિશ્વાસ થયો છે અને તેથી જ ભગવાનને કહે છે કે તમારી પ્રાપ્તિથી મોહને હું જીતીશ. તે પ્રકારનું જીતનું નગારું વાગ્યું છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**ભગવાનની પ્રાપ્તિથી મોહની સામે લડવા માટે પોતે કઈ રીતે સજ્જ થયા છે, તે સ્તવનકારશ્રી વ્યક્ત કરે છે –**

**ગાથા :-**

**છઉમત્થ વીરજ લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગે રે;**
**સૂક્ષ્મસ્થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે. વીર૦ ૨**

**ગાથાર્થ :-**

**છદ્મસ્થ એવો મારો આત્મા વીરજ=વીર્યની લેશ્યાના સંગથી અભિસંધિજ મતિના અંગથી=મોહને જીતવાના સંકલ્પરૂપ મતિની પ્રાપ્તિથી, સૂક્ષ્મ-સ્થૂલ ક્રિયાના રંગથી=અંતરંગ એવી મોહના નાશને અનુકૂળ સૂક્ષ્મક્રિયા અને બહિરંગ એવી સંયમની ઉચિત આચરણારૂપ સ્થૂલ ક્રિયા તેના રંગથી=તેના સેવનના દૃઢ યત્નથી, યોગી એવો પોતાનો આત્મા ઉમંગમાં થયો છે=મોહનાશના ઉત્સાહવાળો થયો છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી ભાવથી વીર પરમાત્માના સ્વરૂપને જાણીને તેમના જેવા થવા માટેના બદ્ધ અભિલાષવાળા થયા છે. તેથી પોતે છદ્મસ્થ હોવા છતાં વીર ભગવાન જેવા મહાવીર્યવાળા થવાની અભિલાષારૂપ લેશ્યાના સંગવાળા થયા છે અને મનમાં ભગવાનતુલ્ય થવાનો દૃઢ સંકલ્પ કર્યો છે તે રૂપ સ્તવનકારશ્રીની અભિસંધિજ રૂપ મતિ પ્રગટી છે. અને તેના કારણે સંયમજીવનની ઉચિત સર્વ ક્રિયાઓ તે રીતે સૂક્ષ્મ ભાવોથી કરે છે કે, જેથી તે સર્વ ક્રિયાઓ અંતરંગ રીતે વીતરાગતુલ્ય થવામાં વ્યાપારવાળી બને છે અને તે અંતરંગ સૂક્ષ્મ ક્રિયાઓને પ્રગટ કરવા માટે તેના ઉપાયરૂપ, ઉચિત બહિર્ આચરણારૂપ સ્થૂલ ક્રિયાઓ

કરે છે. તે ક્રિયાઓમાં સ્તવનકારશ્રીને અત્યંત રંગ લાગ્યો છે. તેથી સ્તવનકારશ્રીનો યોગી એવો આત્મા ઉમંગવાળો થયો છે. અર્થાત્ આ ક્રિયાઓના સેવનના બળથી "અવશ્ય હું મોહને જીતીને વીરભગવાનતુલ્ય થઈશ" એ પ્રકારના ઉમંગવાળો થયો છે. તે ભાવને અભિવ્યક્ત કરીને સ્તવનકારશ્રી વીર ભગવાનની ભક્તિ કરે છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**સ્તવનકારશ્રીએ ભગવાનતુલ્ય થવાના સંકલ્પરૂપ મતિ કરેલ છે અને તેથી ઉમંગપૂર્વક શાસ્ત્રાનુસારી ક્રિયાઓમાં રંગાયેલા છે, તેમ પૂર્વગાથામાં બતાવ્યું.**

**હવે તે પ્રવૃત્તિથી પોતાનું અંતરંગવીર્ય કેવા પ્રકારે ઉલ્લસિત થાય છે, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**અસંખ્ય પ્રદેશે વીર્ય અંસખે, યોગ અસંખિત કંખે રે;**
**પુદ્ગલગણ તેણે લેશુ વિશેષે, યથાશક્તિ મતિ લેખે રે. વીર૦ ૩**

**ગાથાર્થ :-**

**અસંખ્ય પ્રદેશમાં=પોતાના આત્માના અસંખ્ય પ્રદેશમાં, વીર્ય અસંખે યોગ અસંખિત=યોગમાર્ગને અનુકૂળ વીર્યના સ્ફુરણ રૂપ અસંખ્યાતા અંશો સ્વરૂપ યોગમાર્ગના અસંખ્યાતા સંયમસ્થાનોને પોતે કંખે છે. તેના કારણે પુદ્ગલગણ સુવિશેષે પ્રાપ્ત કરે છે=ભગવાનના વચનાનુસાર યોગમાર્ગમાં પોતે પ્રવૃત્તિ કરે છે તેના કારણે કર્મરૂપ પુદ્ગલગણ ક્ષયોપશમ ભાવરૂપે સુવિશેષથી સ્તવનકારશ્રી પ્રાપ્ત કરે છે. તેથી યથાશક્તિ મતિ લેખે લાગે છે=સ્તવનકારશ્રીની યોગમાર્ગને સાધવાની પોતાની શક્તિ અનુસાર મતિ લેખે લાગે છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી વીર ભગવાનને જોઈને વીરતુલ્ય થવા માટે અત્યંત ઉત્સાહિત થયા છે. તેથી વીર થવાને અનુકૂળ તેવી સૂક્ષ્મ ક્રિયા અને ઉચિત આચરણારૂપ

સ્થૂલ ક્રિયા ઉમંગપૂર્વક કરે છે અને તેના કારણે સ્તવનકારશ્રીના અસંખ્યાત આત્મપ્રદેશો છે, તે દરેક આત્મપ્રદેશોમાં મોહની સામે યુદ્ધ કરવા માટે તત્પર થયેલા વીર્યાંશો અસંખ્યાતા ઉલ્લસિત થયા છે. તેથી સ્તવનકારશ્રી યોગના અસંખ્યાતાં સ્થાનોને, ઉત્તર-ઉત્તરના સ્થાનોની પ્રાપ્તિ અર્થે કાંક્ષી રહ્યા છે=ઇચ્છા કરી રહ્યા છે અને તેના કારણે તેમના આત્મામાં રહેલાં મોહઆપાદક કર્મોનાં પુદ્‌ગલો પણ સુવિશેષથી ક્ષયોપશમને પામ્યાં છે અર્થાત્ પૂર્વમાં જે મોહઆપાદક કર્મો, બાહ્ય અનુકૂળ પદાર્થો પ્રત્યે રાગ કરવામાં અને બાહ્ય પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે દ્વેષ કરવામાં આત્માને પ્રવર્તાવતાં હતાં, તે મોહઆપાદક કર્મો હવે વીરતુલ્ય પરાક્રમ ફોરવવામાં રાગ ઉત્પન્ન કરે છે અને વીરતુલ્ય પરાક્રમમાં જે સ્ખલનાઓ થાય છે તેના પ્રત્યે દ્વેષ ઉત્પન્ન કરે છે. જેથી વીતરાગ પ્રત્યેનો રાગ અને અવીતરાગભાવ પ્રત્યેના દ્વેષ રૂપે તે કર્મો પરિણમન પામે છે. અને તેથી સ્તવનકારશ્રી પોતાની શક્તિ અનુસાર સતત વીરતુલ્ય થવા માટે યત્ન કરવાની મતિ ધરાવે છે. જેથી તેમની તે મતિ લેખે લાગે છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**સ્તવનકારશ્રી મોહની સામે લડવા માટે વીર ભગવાનના અવલંબનથી યત્ન કરી રહ્યા છે અને ભક્તિના વશથી ભગવાનને કહે છે કે –**

**ગાથા :-**

**ઉત્કૃષ્ટે વીરજને વેસે, યોગક્રિયા નવિ પેસે રે;**
**યોગતણી ધ્રુવતાને લેશે, આતમશક્તિ ન ખેસે રે. વીર૦ ૪**

**ગાથાર્થ :-**

**ઉત્કૃષ્ટ વીર્યના વેશમાં કર્મોના નાશને અનુકૂળ એવા ઉત્કૃષ્ટ વીર્યના યોગમાં, યોગની ક્રિયા=મન-વચન-કાયાના યત્નરૂપ યોગની ક્રિયા પેસે નહીં=રહે નહીં. યોગ તણી ધ્રુવતાને પોતે અવશ્ય પ્રાપ્ત કરશે=યોગ સેવનને કારણે જે મોક્ષની પ્રાપ્તિ રૂપ ધ્રુવતા છે તેને પોતે પ્રાપ્ત કરશે અને તેવો નિર્ણય થવાને કારણે આતમશક્તિ=મોહની સામે લડવાની આતમશક્તિ ન ખેસે રે=ખસતી નથી. ॥૪॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી ભગવાનને કહે છે કે, તમારી જેમ મારામાં તમારા અવલંબનથી ઉત્કૃષ્ટ વીર્ય પ્રગટ થશે. ત્યારે હું પણ તમારી જેમ યોગ નિરોધને પ્રાપ્ત કરીશ અને ત્યારે મન-વચન-કાયાની ક્રિયારૂપ જે યોગ તે મારામાં પેસશે નહીં. અર્થાત્ અત્યારે જે કર્મબંધના કારણરૂપ મન-વચન-કાયાના યોગો પ્રવર્તે છે તે યોગ-નિરોધકાળમાં રહેશે નહીં. જેના કારણે પૂર્ણયોગના સેવનના ફળરૂપે મારો આત્મા ધ્રુવતાને પ્રાપ્ત કરશે=મોક્ષમાં સદા શાશ્વત ભાવરૂપે રહેવા રૂપે ધ્રુવતાને પ્રાપ્ત કરશે. આ પ્રકારે ભગવાનને જોવાથી સ્તવનકારશ્રીને વિશ્વાસ પેદા થયો છે. તેથી કહે છે, મોહની સામે લડવા માટેની મારી આતમશક્તિ ખસતી નથી=પીછેહઠ કરતી નથી. **॥૪॥**

**અવતરણિકા :-**

**ભગવાનના અવલંબનથી કર્મોનો નાશ કરીને પોતે કઈ રીતે ધ્રુવપદને પામશે, તે સ્પષ્ટ કરવા અર્થે સ્તવનકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**કામ વીર્ય વશે જેમ ભોગી, તેમ આતમ થયો ભોગી રે;**
**શૂરપણે આતમ ઉપયોગી, થાય તેહણે અયોગી રે. વીર૦ ૫**

**ગાથાર્થ :-**

**જેમ ભોગી એવા સંસારી જીવ કામ વીર્યના વશે ભોગમાં પ્રવૃત્તિ કરે છે, તેમ પોતાનો આત્મા ભોગી થયો=અત્યાર સુધી ભોગી થયો. હવે શૂરપણે=પરાક્રમપૂર્વક આત્માના ઉપયોગવાળો થાય, તેહણે અયોગી થાય=યોગનિરોધવાળી અવસ્થાને પ્રાપ્ત કરે. ॥૫॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવ કામવીર્યને વશ થઈને અપ્રમાદભાવથી સદા ભોગમાં યત્ન કરે છે તેમ સ્તવનકારશ્રીનો આત્મા પણ અત્યાર સુધી ભોગી થયો હતો. તેથી તેનું જે કાંઈ વીર્ય હતું, તે કર્મથી પરતંત્ર થઈને ભોગ માટે વર્તતું હતું. હવે વીર

ભગવાનને જોઈને નિર્મળ બુદ્ધિ પ્રગટ થયેલી હોવાથી સ્તવનકારશ્રી વિચારે છે કે, શૂરવીરપણાથી આત્માને ઉપયોગી થાય તેવું મારું વીર્ય હું પ્રવર્તાવું તો ક્રમે કરીને સર્વયોગનો નિરોધ કરીને અયોગી અવસ્થારૂપ ચૌદમા ગુણસ્થાનકને અવશ્ય હું પ્રાપ્ત કરું. જેથી ધ્રુવતારૂપ મોક્ષપદની પ્રાપ્તિ થાય. આ પ્રકારનો સ્થિર વિશ્વાસ હોવાથી ભગવાનનું અવલંબન લઈને મોહના નાશ માટે, શૂરપણાથી પોતાનું વીર્ય ઉલ્લસિત કરવા માટે સ્તવનકારશ્રી યત્ન કરે છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**વીર ભગવાનને જોઈને, ખરેખર આત્માને ક્યાં વીરપણું દેખાડવા જેવું છે, તેને સ્તવનકારશ્રી સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**વીરપણું તે આતમઠાણે, જાણ્યું તુમચી વાણે રે;**
**ધ્યાન વિનાણે શક્તિ પ્રમાણે, નિજધ્રુવપદ પહિચાણે રે. વીર૦ ૬**

**ગાથાર્થ :-**

**વીરપણું તે આત્માના સ્થાને છે=બાહ્યશત્રુના નાશમાં વીરપણું નથી, પરંતુ અંતરંગ શત્રુનો નાશ કરીને આત્માને સુરક્ષિત કરવામાં વીરપણું છે. તે તમારી વાણીથી મેં જાણ્યું છે.**

કઈ રીતે આત્માના સ્થાનમાં વીરપણું પ્રવર્તાવવું જોઈએ ? તેથી કહે છે –

**ધ્યાન-વિજ્ઞાન-શક્તિ પ્રમાણે વીરપણું ફોરવવાથી આત્માના સ્થાનમાં વીરપણું પ્રાપ્ત થાય.**

કોણ તેવું વીરપણું ફોરવે ? તેથી કહે છે –

**જે પોતાના ધ્રુવપદને પહિચાણે તે તેવું વીરપણું ફોરવે. ॥૬॥**

**ભાવાર્થ :-**

સંસારમાં ઘણા બલિષ્ઠ જીવો શત્રુનો નાશ કરવામાં 'વીર' હોય છે. તો પણ તે બાહ્યથી 'વીર' હોવા છતાં અંતરંગ રીતે તો મોહને પરવશ જ હોય છે. તેથી તેઓનું વીરપણું નિષ્ફળ છે. પરંતુ અંતરંગ શત્રુરૂપ મોહનો નાશ કરીને

પોતાના આત્માનું રક્ષણ કરવું તે જ સાચું વીરપણું છે. તે ભગવાનની વાણીથી સ્તવનકારશ્રીએ જાણ્યું; કેમ કે ભગવાને પણ ધ્યાન-વિજ્ઞાન આદિમાં પ્રયત્ન કરીને અંતરંગ મોહનો જય કર્યો માટે 'વીર' કહેવાયા. તેથી સ્તવનકારશ્રી કહે છે કે મારે પણ વીરતુલ્ય થવા માટે સદા વીરનું ધ્યાન કરવું જોઈએ અને વીર ભગવાનના પારમાર્થિક સ્વરૂપને જાણવા માટે વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. જેથી શક્તિ અનુસાર વીર ભગવાનનાં વચનોને જાણીને, વીર થવાના ઉપાયોને સેવવા જોઈએ અને તે પ્રમાણે પ્રયત્ન કરવાથી આત્માના સ્થાનમાં વીરપણું પ્રાપ્ત થાય છે=મોહથી આત્માનું રક્ષણ કરવામાં વીરપણું પ્રાપ્ત થાય છે. આવો યત્ન કોણ કરી શકે ? તેથી કહે છે.

જે મહાત્મા પોતાના ધ્રુવપદને જાણે, તે મહાત્મા જ પોતાના ધ્રુવપદની પ્રાપ્તિ અર્થે મોહનો નાશ કરવા માટે વીરપણું આપી શકે; કેમ કે પોતાનું ધ્રુવપદ મોક્ષ છે અને તેની પ્રાપ્તિમાં બાધક કર્મો છે, અને તે કર્મોની વ્યુત્પત્તિનું બીજ મોહ છે. અને તેનો નાશ કરવામાં આવે તો કર્મનાશ થાય અને કર્મનાશ થાય તો શાશ્વત એવું મોક્ષપદ પ્રાપ્ત થાય, તેવા નિર્ણયવાળા યોગી આત્માના રક્ષણ માટે મોહની સામે યુદ્ધ કરવામાં વીરપણું દેખાડી શકે. **॥૬॥**

**અવતરણિકા :-**

**કઈ રીતે ધ્યાન-વિજ્ઞાન દ્વારા, મોહના નાશ માટે વીરપણું બતાવી શકાય ? તે સ્પષ્ટ કરીને સ્તવનકારશ્રી ભગવાનની સ્તુતિ કરે છે –**

**ગાથા :-**

**આલંબન સાધન જે ત્યાગે, પરપરિણતિને ભાગે રે;**
**અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, 'આનંદઘન' પ્રભુ જાગે રે. વીર૦ ૭**

**ગાથાર્થ :-**

**જેઓ ત્યાગમાં આલંબન લે છે અને ત્યાગને સાધન=સાધવા માટે યત્ન કરે છે અને જે પરપરિણતિને ભાંગે છે=કર્મજન્ય આત્માની પરપરિણતિને દૂર કરે છે.**

કઈ રીતે દૂર કરે છે ? તેથી કહે છે –

**અક્ષય એવા દર્શન, જ્ઞાન અને વૈરાગ્યથી પરપરિણતિને ભાંગે છે. તેનો આનંદઘન પ્રભુ જાગે છે. ॥૭॥**

**ભાવાર્થ :-**

જેઓએ વીર ભગવાનને મહાપરાક્રમવાળા જોઈને તેમના તુલ્ય થવાનો સંકલ્પ કર્યો છે, તે મહાત્મા વીર ભગવાનની જેમ ત્યાગમાં આલંબન લે છે= ત્યાગનું આલંબન લે છે અને તે આલંબન દ્વારા અંતરંગ રીતે સંગભાવના ત્યાગને સાધવામાં યત્ન કરે છે. અને તેના દ્વારા આત્મામાં અનાદિકાળથી વર્તતી જે પરપરિણતિ છે તેને ભાંગે છે. અર્થાત્ નાશ કરે છે. કઈ રીતે નાશ કરે છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

ક્ષય ન પામે તેવા આત્માના પારમાર્થિક સ્વરૂપનું દર્શન, આત્માના પારમાર્થિક સ્વરૂપનું સૂક્ષ્મજ્ઞાન અને સંસારના ભાવો પ્રત્યે વૈરાગ્યને કેળવીને તે મહાત્મા પરપરિણતિને ભાંગે છે અને તેના કારણે તે મહાત્મામાં રહેલ આનંદઘન સ્વરૂપ જાગે છે. તેથી પરમાત્મતુલ્ય આનંદઘન પદમાં તન્મય થઈને તે મહાત્મા પણ ક્રમે કરીને પરમાત્મતુલ્ય થાય છે. ॥૭॥

## ૨૪. શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન-૩

(રાગ : પંથડો નિહાળું રે બીજા જિનતણો-એ દેશી)

**ગાથા :-**

**ચરમ જિણેસર વિગત સ્વરૂપનું રે, ધ્યાવું કેમ સ્વરૂપ ?**
**સાકારી વિણ ધ્યાન ન સંભવે રે, એ અવિકાર અરૂપ. ચરમ૦ ૧**

**ગાથાર્થ :-**

**ચરમ જિનેશ્વર=ચરમ તીર્થંકર વિગત સ્વરૂપનું=વિશેષરૂપે પ્રાપ્ત થયેલા સ્વરૂપનું, કેમ સ્વરૂપે ધ્યાવું=કયા સ્વરૂપે ધ્યાવું ?**

**સાકારી વિણ=આકાર વગર=મૂર્તિના આકાર વગર તે અવિકાર=સંપૂર્ણ મોહના વિકાર વગરના, અરૂપ=રૂપ વગરના, એવા પરમાત્માનું ધ્યાન સંભવે નહીં. ॥૧॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી ચરમ જિનેશ્વર એવા વીર ભગવાનનું વિશેષ પ્રકારનું જે સ્વરૂપ છે કે, જે સિદ્ધ અવસ્થામાં વર્તે છે, તે મોહથી અનાકુળ એવી અરૂપી ચેતના સ્વરૂપ છે. તેને સ્મૃતિમાં લાવીને કહે છે કે, “તેવા સ્વરૂપનું હું કેવી રીતે ધ્યાન કરું?” અર્થાત્ તે સ્વરૂપ કોઈ ઇન્દ્રિયથી ગ્રહણ થતું નથી. ફક્ત શાસ્ત્રવચન દ્વારા મોહથી અનાકુળ એવી અરૂપી ચેતના છે, એટલી જ ઉપસ્થિતિ થાય છે. તેથી તેવા સ્વરૂપમાં હું કઈ રીતે એકાગ્ર થઈ શકું ? અર્થાત્ થઈ શકું નહિ. કેમ થઈ શકું નહીં ? તેથી કહે છે –

સાકારી એવી જિનપ્રતિમા વગર વિકાર વગરની અરૂપી ચેતના, તેનું ધ્યાન સંભવે નહીં. તેથી યોગનિરોધના આકારવાળી જિનપ્રતિમાને જોઈને આ જિનની અવસ્થા સિદ્ધ પ્રાપ્તિનું અનન્ય કારણ છે અને તે વખતે ભગવાન સર્વથા વિકાર વગરના હતા અને અરૂપી એવા આત્મસ્વરૂપમાં લીન હતા. આથી જ યોગનિરોધના ઉત્તરમાં અરૂપી એવો આત્મા, રૂપી એવા સર્વ કર્મનો નાશ

કરીને શુદ્ધ અરૂપી અવસ્થાને પ્રાપ્ત કરે છે. તેવા ભગવાનની ઉપસ્થિતિ કરવા માટે આકારવાળી એવી પ્રતિમા જ આલંબન છે. ॥૧॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે, સાકાર આલંબન વગર અવિકારી અરૂપ એવા પરમાત્માનું ધ્યાન કેમ સંભવે ? અને મોક્ષની પ્રાપ્તિનું કારણ તો અવિકારી અરૂપી એવા આત્માનું ધ્યાન જ છે. તેથી હવે પ્રથમ સાકાર ધ્યાન આવે છે અને પછી નિરાકાર ધ્યાન આવે છે, તે બતાવવા માટે કહે છે –**

**ગાથા :-**

**આપ સરૂપે રે આતમમાં રમે રે, તેહના ધુર બે ભેદ;**
**અસંખ ઉક્કોસે રે સાકારી પદે રે, નિરાકારી નિરભેદ. ચરમ૦ ૨**

**ગાથાર્થ :-**

**આપ સ્વરૂપે આત્મામાં રમે તેવા ધ્યાનના મુખ્ય બે ભેદ છે :- (૧) અસંખ્ય ઉત્કૃષ્ટથી સાકારી પદે ધ્યાન છે. (૨) નિર્ભેદથી નિરાકારી ધ્યાન છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

આત્મા વીતરાગના વચનને અવલંબીને જે અંશથી વીતરાગ પ્રત્યેના રાગથી ઉપયોગપૂર્વક કોઈ પણ અનુષ્ઠાન સેવે છે, ત્યારે આત્મા પોતાના સ્વરૂપમાં રમે છે અને આત્માના સ્વરૂપમાં રમણતાના મુખ્ય બે ભેદ છે :-

(૧) સાકાર ધ્યાન (૨) નિરાકાર ધ્યાન.

**(૧) સાકાર ધ્યાન :** સાકાર ધ્યાનમાં ઉત્કૃષ્ટથી અસંખ્યાતા ભેદો પડે છે અને આ ધ્યાન પ્રથમ ભૂમિકામાં એકાગ્રતાવાળું ન હોય તોપણ એકાગ્રતાને અભિમુખ માનસવ્યાપારરૂપ હોય તો તે ધ્યાનના હેતુરૂપે છે. અને એકાગ્રતાવાળું બને ત્યારે ધ્યાનરૂપ છે.

આ પ્રકારના ધ્યાન અર્થે કોઈ મહાત્મા ભગવાનની પ્રતિમાને અવલંબીને વિચારે કે, “ભગવાન પુણ્યના પ્રકર્ષવાળા છે, તેના કારણે આઠ પ્રાતિહાર્યની

શોભાથી શોભાયમાન છે. જેમનું અદ્‌ભુત રૂપ છે, સમોસરણમાં બેસીને જગતના જીવો પર ઉપકાર કરી રહ્યા છે." ઇત્યાદિ સ્વરૂપે ચિંતન કરે અને તેના કારણે ભગવાનના આત્મામાં વર્તતા વીતરાગતાદિ ભાવો પ્રત્યે રાગની વૃદ્ધિ થાય તે રીતે ચિત્તને પ્રવર્તાવે તો તે સાકાર ધ્યાન છે. તે સાકાર ધ્યાન તરતમતાથી ઘણી ભૂમિકાવાળું છે.

(૨) **નિરાકાર ધ્યાન :** સાકાર ધ્યાનના બળથી જ્યારે યોગીને ભગવાનમાં વર્તતા વીતરાગતા આદિ ભાવોનો સ્પષ્ટ-સ્પષ્ટતર બોધ થાય છે ત્યારે તે યોગી વીતરાગતા આદિ ભાવોને પોતાના આત્મામાં જોવા માટે ઉપર્યુક્ત બને છે. ત્યારે પરમાત્માની સાથે પોતાનો તે સ્વરૂપે અભેદ છે. તે રીતે ઉપસ્થિતિપૂર્વક પરમાત્મામાં વર્તતા પરમાત્મભાવમાં તન્મય થવા યત્ન કરે છે, ત્યારે નિરાકાર એવું શુકલધ્યાન પ્રગટે છે, જે પ્રકર્ષને પામીને ક્ષપકશ્રેણીની પ્રાપ્તિ દ્વારા જીવને ભગવાનતુલ્ય બનાવે છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે, નિરાકાર ધ્યાન ભગવાન સાથે અભેદબુદ્ધિ સ્વરૂપ છે. તેને જ વિશેષથી સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**ગાથા :-**

**સુખમ નામકરમ નિરાકાર જે રે, તેહ ભેદે નહિ અંત;**
**નિરાકાર જે નિરગતિ કર્મથી રે, તેહ અભેદ અનંત. ચરમ૦ ૩**

**ગાથાર્થ :-**

**સૂક્ષ્મ નામકર્મ=સૂક્ષ્મ નામકર્મને કારણે થયેલા સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો જે નિરાકાર છે, તેહના ભેદમાં ધ્યાન કરવાથી અંત નથી=સંસારનો અંત નથી. જે નિર્ગત કર્મથી=જે સિદ્ધના આત્માઓ કર્મ દૂર થવાથી નિરાકાર છે, તેહના અભેદથી=તેની સાથે અભેદથી ધ્યાન કરવાને કારણે અનંત=અંત વગરનો એવો મોક્ષ પ્રાપ્ત થાય છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

સંસારવર્તી જીવોમાં સૂક્ષ્મ નામકર્મવાળા એકેન્દ્રિય જીવો છે. જેઓ દેહધારી હોવાથી પુદ્ગલના આકારવાળા છે. તોપણ તેઓનો દેહ સૂક્ષ્મ નામકર્મને કારણે ઇન્દ્રિય અગોચર બને છે. તે અપેક્ષાએ તેઓ પણ નિરાકાર છે. તેવા નિરાકારનું ધ્યાન કરવામાં આવે તો તેનાથી સંસારનો અંત થાય નહીં. પરંતુ જેઓ કર્મથી નિર્ગત છે=કર્મરહિત થયા છે, તેના કારણે પુદ્ગલના સંગ વગરના હોવાથી અરૂપી ચેતના સ્વરૂપ છે, માટે નિરાકાર છે. તેમની સાથે અભેદ બુદ્ધિથી ધ્યાન કરવામાં આવે તો અંત વગરના તેવા મોક્ષની પ્રાપ્તિ થાય અને ભવનો અંત થાય. ॥૩॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે, ભગવાન નિરાકાર અને કર્મથી રહિત છે. ત્યાં શંકા થાય કે, સિદ્ધ અવસ્થામાં રહેલા ભગવાનનું કોઈ સ્વરૂપ નથી ? માટે નિરાકાર છે તેનું સમાધાન કરતાં કહે છે –**

**ગાથા :-**

**રૂપ નહિ કહિયે બંધન ઘટ્યું રે, બંધન મોક્ષ ન કોય;**
**બંધ મોખ વિણ સાદિ અનંતનું રે, ભંગ સંગ કેમ હોય? ચરમ૦ ૪**

**ગાથાર્થ :-**

**બંધન ઘટ્યું કહિયે=મોક્ષમાં જાય છે ત્યારે કર્મનું બંધન ઘટ્યું, રૂપ નથી=મોક્ષમાં ગયેલા સિદ્ધના જીવોનું કોઈ સ્વરૂપ નથી એમ કહીએ, તો બંધનનો મોક્ષ ન કોય=કોઈને બંધનથી મોક્ષ થાય નહીં. વળી સિદ્ધમાં જીવનું કોઈ સ્વરૂપ નથી એમ માનીએ તો સાદિ અનંતના ભંગનો સંગ=સિદ્ધના આત્માનો સાદિ અનંતના ભંગનો સંગ, જે શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે, તે કિમ હોય ? અર્થાત્ હોઈ શકે નહીં. ॥૪॥**

**ભાવાર્થ :-**

કોઈક એમ કહે કે, ભગવાન નિરાકાર છે. તેથી તેમનું કોઈ સ્વરૂપ નથી.

પરંતુ નિઃસ્વરૂપ છે. અર્થાત્ સ્વરૂપ વગરના છે. ફક્ત બંધન ઘટ્યું છે. તેને સ્તવનકારશ્રી કહે છે –

જો ભગવાનનું સિદ્ધ અવસ્થામાં કોઈ સ્વરૂપ ન હોય તો તે સ્વરૂપનું ધ્યાન કરીને જે જીવો બંધનથી મોક્ષ પામે છે, તે કોઈ પામી શકે નહીં; કેમ કે સિદ્ધઅવસ્થામાં આત્માનું કોઈ સ્વરૂપ ન હોય તો તે સ્વરૂપનું ધ્યાન કરનાર પણ કોઈ પ્રાપ્ત થાય નહીં. અને તે સ્વરૂપનું ધ્યાન કરનાર પ્રાપ્ત થાય નહીં તો બંધનથી મોક્ષ પણ કોઈને થાય નહીં. વળી સિદ્ધમાં જીવોનું કોઈ સ્વરૂપ ન હોય તો શાસ્ત્રમાં જે કહ્યું છે કે, સિદ્ધના જીવો સાદિ અનંત ભાંગે રહે છે તે સંગત થાય નહીં, માટે મોક્ષમાં આત્માનું કોઈક સ્વરૂપ છે. પરંતુ સર્વથા સ્વરૂપ વગરના સિદ્ધના આત્મા નથી, તેમ પ્રાપ્ત થાય. અને તેમ સ્વીકારીએ તો જે સ્વરૂપવાળા સિદ્ધના જીવો છે, તે સ્વરૂપથી તેમનું ધ્યાન કરીને યોગીઓ બંધનથી મુક્ત થાય છે. તેથી સિદ્ધના જીવોનો સાદિ અનંત ભાંગો, જે શાસ્ત્રમાં સ્વીકાર્યો તે સંગત થાય. ॥૪॥

**અવતરણિકા :-**

**સિદ્ધનું સ્વરૂપ દેખાતું નથી. તેથી તેમનું ધ્યાન કઈ રીતે થઈ શકે ? તે પ્રકારની શંકા કરે છે –**

**ગાથા :-**

**દ્રવ્ય વિના તેમ સત્તા નવી લહે રે, સત્તા વિણ સ્યો રૂપ?**
**રૂપ વિના કેમ સિદ્ધ અનંતતા રે, ભાવું અકલ સરૂપ. ચરમ૦ ૫**

**ગાથાર્થ :-**

**જેમ દ્રવ્ય વગર સત્તા નવિ લહે=સત્તાનું જ્ઞાન પ્રાપ્ત થાય નહીં=દ્રવ્યને જોયા વગર દ્રવ્યની સત્તાનું જ્ઞાન થાય નહીં અને સત્તા વગર=સત્તાને જોયા વગર રૂપ શ્યો=રૂપનું જ્ઞાન કઈ રીતે થાય ? અને રૂપ વગર=રૂપના જ્ઞાન વગર અનંત સિદ્ધનું અકળ સ્વરૂપ કેમ ધ્યાવું=કેવી રીતે ધ્યાન થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં. ॥૫॥**

**ભાવાર્થ :-**

જેમ કોઈ દ્રવ્ય દેખાતું ન હોય તો તેની સત્તા પણ દેખાય નહીં અને સત્તા દેખાય નહીં તો રૂપ પણ દેખાય નહીં. તેમ સિદ્ધના આત્માનું દ્રવ્ય છદ્મસ્થને દેખાતું નથી. તેથી તેમની સત્તા પણ છદ્મસ્થ કોઈ ગ્રહણ કરી શકતું નથી; કેમ કે દ્રવ્ય દેખાય નહીં તો તેની સત્તા પણ દેખાય નહીં અને સિદ્ધના આત્માની સત્તા દેખાય નહીં તો તેમનું રૂપ કઈ રીતે દેખાય ? અર્થાત્ દેખાય નહીં અને જો સિદ્ધના આત્માનું સ્વરૂપ દેખાય નહીં તો તેઓનું અકળ સ્વરૂપ છે તેમ માનવું પડે. અર્થાત્ કોઈ રીતે કળી શકાય તેવું સ્વરૂપ નથી, તેમ માનવું પડે. અને તેમ સ્વીકારીએ તો અનંત સિદ્ધના તે અકળ રૂપનું ધ્યાન કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં. માટે સિદ્ધમાં રહેલા વીર ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવું અશક્ય છે. આ પ્રકારે શંકા કરીને તેનું સમાધાન આગળની ગાથાથી કરે છે. **॥૫॥**

**ગાથા :-**

**આતમતા પરિણતિ જે પરિણમ્યા રે, તે મુજ ભેદાભેદ;**
**તદાકાર વિણ મારા રૂપનું રે, ધ્યાવું વિધ પ્રતિષેધ. ચરમ૦ ૬**

**ગાથાર્થ :-**

**આતમતા પરિણતિરૂપે જે પરિણમ્યા=ભગવાન સાધના કરીને મુક્ત થયા ત્યારે આતમતા પરિણતિ રૂપે જે પરિણમ્યા, તે પરિણતિ મારામાં ભેદાભેદ રૂપે છે=કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે. તદાકાર વિણ=સિદ્ધમાં રહેલા પરમાત્માના આકારના જ્ઞાન વગર, મારા રૂપનું રે=પરમાત્મા સ્વરૂપ મારા રૂપનું વિધ પ્રતિષેધ=વિધિ અને પ્રતિષેધથી હું ધ્યાવું છું. ॥૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં શંકા કરી કે, મોક્ષમાં ગયેલો ભગવાનનો આત્મા દેખાતો નથી. તેથી તેમનું રૂપ પણ દેખાતું નથી. તેથી અકળ એવા તેમના સ્વરૂપનું ધ્યાન કેવી રીતે કરી શકે ? તેથી હવે ભગવાન નહીં દેખાવા છતાં કઈ રીતે ભગવાનનું

ધ્યાન કરી શકાય ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

ભગવાન સાધના કરીને મોક્ષમાં ગયા ત્યારે આતમતાની પરિણતિરૂપે પરિણમન પામ્યા. તે પરિણતિ ભગવાનમાં સિદ્ધ અવસ્થામાં વિદ્યમાન છે, તેવી પરિણતિ મારામાં પણ કથંચિત્ છે; કેમ કે નિશ્ચયનયથી સિદ્ધના જેવું જ મારું સ્વરૂપ છે અને વ્યવહારનયથી તેવું સ્વરૂપ મારું નથી પરંતુ કર્મવાળુ મારું સ્વરૂપ છે. માટે પરમાત્માની પરિણતિ મારામાં કથંચિત્ ભેદરૂપે છે અને કથંચિત્ અભેદરૂપે છે. માટે ભગવાનના આકારના જ્ઞાન વગર પણ મારા રૂપનું હું ધ્યાન કરું છું. કઈ રીતે ધ્યાન કરું છું ? તો કહે છે –

વિધિ અને પ્રતિષેધથી ધ્યાન કરું છું. ભગવાનનું જેવું સ્વરૂપ છે, તેવું જ મારું સ્વરૂપ છે. એ રૂપે વિધિથી અને વર્તમાનમાં જે મારું કર્મ રૂપે સ્વરૂપ દેખાય છે, તે મારું સ્વરૂપ નથી તે પ્રકારના પ્રતિષેધથી હું પરમાત્માના સ્વરૂપનું ધ્યાન કરું છું; કેમ કે પરમાત્માના સ્વરૂપતુલ્ય જ મારું સ્વરૂપ હોવાથી પરમાત્માનો પોતાનામાં નિશ્ચયનયથી અભેદ દેખાય છે, તે અભેદને સ્મૃતિમાં લાવીને હું વિચારું છું કે, 'આ જ મારું સ્વરૂપ છે.' તેથી તે સ્વરૂપનું હું વિધિથી ધ્યાન કરું છું.

પરમાત્મા સાથે વ્યવહારનયથી જે મારો ભેદ છે. અર્થાત્ વ્યવહારનયથી હું કર્મવાળો છું અને ભગવાન કર્મ વગરના છે એ રૂપ જે ભેદ છે, તેને સ્મરણ કરીને "મારું સ્વરૂપ નથી", એ પ્રકારના પ્રતિષેધથી હું મારા આત્માનું ધ્યાન કરું છું. **॥૬॥**

**અવતરણિકા :-**

**ભગવાન સાક્ષાત્ નહીં દેખાવા છતાં દૂર રહેલા પણ પરમાત્માનું ધ્યાન વિધિ-પ્રતિષેધથી કરી શકે છે. આમ છતાં પ્રકર્ષવાળું પરમાત્માનું ધ્યાન સ્તવનકારશ્રી, આ ભવમાં કરી શકતા નથી. તેથી કહે છે –**

**ગાથા :-**

**અંતિમ ભવગહણે તુજ ભાવનું રે, ભાવશું શુદ્ધ સ્વરૂપ;**
**તઈએ 'આનંદઘન' પદ પામશું રે, આતમરૂપ અનૂપ. ચરમ૦ ૭**

**ગાથાર્થ :-**

**અંતિમ ભવગ્રહણમાં તુજ ભાવનું=તમારા સ્વરૂપનું શુદ્ધ સ્વરૂપ ભાવશું. તઈએ=ત્યારે આતમરૂપ અનૂપ એવા આનંદઘન પદને પામશું. ॥૭॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી ભગવાન પાસે ભક્તિથી કહે છે કે, આ ભવમાં તો તમારું ધ્યાન વિધિ-પ્રતિષેધથી મારામાં કરું છું. પરંતુ તે ધ્યાન ક્ષપકશ્રેણીનું કારણ બને તેવું પ્રકર્ષવાળું થઈ શકતું નથી. તોપણ અત્યારના કરાયેલા મારા ધ્યાનના પ્રયત્નથી જ્યારે શક્તિનો સંચય થશે ત્યારે સંસારના અંતિમ ભવનું ગ્રહણ થશે. અને સંસારના અંતિમભવના ગ્રહણકાળમાં તમારા ભાવનું જે શુદ્ધ સ્વરૂપ છે, તેને અમે ભાવશું. અને તેના બળથી જ ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરશું. ત્યારે તમારા જેવું અનુપમ આતમરૂપ સ્વરૂપ આનંદઘન પદ અમે પામશું.

માટે વર્તમાનમાં તમારી ભક્તિરૂપે કરાયેલ ધ્યાનનો પ્રયત્ન અમારા અંતિમ ભવની પ્રાપ્તિનું કારણ બનશે, એ પ્રકારના વિશ્વાસથી સ્તવનકારશ્રી ભગવાનની ભક્તિ કરે છે. **॥૭॥**

અમિય ભરી મૂરતિ રચી રે,
ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે,
નિરખત તૃપ્તિ ન હોય. વિમળ જિન૦

અમૃતથી ભરાયેલી મૂર્તિની રચના કરાયેલી છે.
જેને માટે કોઈ ઉપમા જગતમાં નથી.
ભગવાનની મૂર્તિ શાંતરસ રૂપ અમૃતને ઝીલતી દેખાય છે.
જેને જોવાથી સ્તવનકારશ્રીને તૃપ્તિ થતી નથી.
અર્થાત્ સતત તેને જોવાનો અભિલાષ થયા કરે છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : (૦૭૯) ૩૨૯૧૧૪૭૧
E-mail : gitarthganga@yahoo.co.in

DESIGN BY
9824048680
9428500401